Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ગ્રંથમાળા, અંક ૧૧

गीताचारित्र्यम्

[जनसेवाशास्त्रम्]

(ગુજરાતી અનુવાદ સાથે : પ્રથમ ભાગ)

२०ग
२५

-: લેખક :-

નરોત્તમ મોતીરામ શાસ્ત્રી

પુરાણરત્ન, શુદ્ધાદ્વૈતભૂષણ

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ : કપડવંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

n. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तकालय

विषय संख्या 20 ग

पुस्तक संख्या 25

आगत पञ्जिका संख्या 32,203

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कृपया १५ दिन से अधिक समय तक पुस्तक अपने पास न रखें।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ગ્રંથમાળા, અંક ૫૮

गीताचारित्र्यम्

[जनसेवाशास्त्रम्]

(ગુજરાતી અનુવાદ સાથે : પ્રથમ ભાગ)

CHECKED 1973
Initial ......

-: લેખક :-

નરોત્તમ મોતીરામ શાસ્ત્રી

પુરાણરત્ન, શુદ્ધાદ્વૈતભૂષણ

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ : કપડવંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
કંચનલાલ મ. શાહ
મંત્રી, શુદ્ધાદ્વૈત સંસદ
૨૦૨૪, ગાંધી ચોક
કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક સં. २०११
આગત २५
તિથિ ३२-१-०१
ગુરુકુલ કાંગડી

શાકે ૧૮૮૧

પહેલી આવૃત્તિ ** વિ. સં. ૨૦૧૫
પ્રત ૧૨૫૦ * ઈ. સ. ૧૯૫૯

કિં. રૂ. ત્રણ

મુદ્રક :
મુકુંદકુમાર કેશવરામ શાસ્ત્રી
કલા પ્રિન્ટરી, શાકમાર્કેટ,
માણેકચોક, અમદાવાદ–૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમુખ

મહાત્મા ગાંધીજીનું સમસ્ત જીવન શ્રીમદ્ ભગવદ્‌ગીતાના પ્રયોગરૂપ છે અને તેથી અખિલ વિશ્વને પ્રેરણા આપી ઉન્નત માર્ગે લઇ જનારું છે. ગાંધીજીની આત્મકથા ઉપરાંત તેમનું જીવનચરિત જગતની અનેક ભાષાઓમાં લખાયેલું છે. સંસ્કૃતમાં પણ શ્રી ભગવદાચાર્યજીએ **ભારતપારિજાત** એ ગ્રન્થમાં ગાંધીજીના જીવનનો પરિચય કરાવ્યો છે, અને તેનું હિન્દી ભાષાન્તર પણ આપેલું છે.

આ **ગીતાચારિત્ર્ય** ગ્રન્થમાં શ્રી નરોત્તમ શાસ્ત્રીએ અદ્‌ભુત રીતે ગાંધીજીનું જીવનચરિત આલેખ્યું છે. ગાંધીજીએ ગીતાનો ઉપદેશ જીવન પર્યન્ત વિચાર્યો અને આચારમાં મૂક્યો, અને પોતે ગીતાનું મૂર્તસ્વરૂપ બન્યા. તેથી શાસ્ત્રીજીએ ગ્રન્થને જે નામ આપ્યું છે તે બહુ ઉચિત અને અર્થપૂર્ણ છે.

આ ગ્રન્થના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. આ પ્રથમ ભાગમાં ગાંધીજીનાં પહેલાં ૩૫ વર્ષોની હકીકત આપવામાં આવેલી છે. પાંત્રીસમે વર્ષે ગાંધીજીએ પૂર્ણ બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો અને માનવસમાજની સેવાનો આરંભ કર્યો. ગાંધીજીના જીવનમાં આ વર્ષ બહુ મહત્ત્વનું છે અને ભવિષ્યના કાર્યની ભૂમિકા રચનારું છે. શાસ્ત્રીજીએ ગાંધીજીના જીવનની સૂક્ષ્મ બાબતો પણ વિચારેલી છે અને મનોહર શૈલીમાં વર્ણવેલી છે. ગાંધીજીના અને તેમના પટ્ટશિષ્યોના સમાગમમાં આવવાનો વિરલ લાભ શાસ્ત્રીજીને મળ્યો છે, તેથી આ ગ્રન્થમાં પદે પદે ચેતના પ્રકાશી રહી છે.

ગાંધીજીનું વર્ણન કરતાં કરતાં યોગ્ય સ્થળોએ ગીતાના શ્લોકો પણ શાસ્ત્રીજીએ વણી દીધા છે અને ચરિત્રને રસિક બનાવ્યું છે, એટલું જ નહિ, પણ શ્રીવલ્લભાચાર્યના ગ્રન્થોમાંથી ભવ્ય ઉપદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનારાં વાકયો પણ એવી સુન્દર રીતે વણી દીધાં છે કે વાચક રસમાં ડૂબી જાય છે અને ગાંધીજીની મૂર્તિને શ્રી વલ્લભાચાર્યમાં અને શ્રીકૃષ્ણમાં લીન થતી જુએ છે. આચાર્ય અને શિષ્યના સંવાદરૂપે આ ચરિતનું નિરૂપણ થવાથી આખું ચરિત જાણે કે મહાભારતનું કોઈ આખ્યાન ન હોય એમ લાગે છે. આ યોજનામાં ખરેખર શાસ્ત્રીજીની મૌલિકતા છે.

સત્યાગ્રહની મીમાંસા કરતાં શાસ્ત્રીજીએ સત્યનું જે લક્ષણ આપ્યું છે તે બહુ વાસ્તવિક છે. શાસ્ત્રીજી કહે છે કે **शुद्धचित्तनानुभूतं तत्सत्यमभिधीयते ।** કવિકુલગુરુ કાલિદાસે શકુન્તલામાં જેમ કહ્યું કે **सतांहि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः**, તેમ શાસ્ત્રીજીએ પણ શુદ્ધચિત્તના અનુભવને સત્ય માન્યું છે. તૃષ્ણાનું લક્ષણ આપતાં શાસ્ત્રીજી યોગ્ય રીતે કહે છે કે **स्वोपयोगाधिकाशा या तृष्णा सा कथिता बुधैः ।** આપણને જેટલી જરૂર હોય તેના કરતાં વધારે વસ્તુની આશા એ તૃષ્ણા કહેવાય છે. શાસ્ત્રીજીએ ગાંધીવાદને કેવી સરસ રીતે સમજાવ્યો!

લોકમાન્ય ટિળકનો પરિચય કરાવતાં શાસ્ત્રીજી કહે છે કે **स्वातन्त्र्यं तु मनुष्याणां जन्मसिद्धं वशास्थितम् । राज्यं प्रजावशस्थं च पराधीना न मानवाः ॥** લોકમાન્યનો અભિપ્રાય શાસ્ત્રીજીએ કેવો સરસ વર્ણવ્યો છે! આગળ ચાલતાં શાસ્ત્રીજી સજ્જનનું લક્ષણ આપતાં કહે છે કે **बहिरन्तःसमाकारः सज्जनो भविता गुणी ।** વિચાર, વાણી અને વર્તનમાં જે એકસરખો રહે તે સજ્જન કહેવાય છે. આવા સજ્જન ગાંધીજી છે એમ શાસ્ત્રીજી ભવિષ્યવાણીમાં કહે છે. પણ શાસ્ત્રીજીની અપૂર્વ શક્તિ તો 'ગાંધી' શબ્દની વ્યુત્પત્તિ આપવામાં પ્રકટ થઇ છે. તેઓ કહે છે કે **स्वभावजसुगन्धेन पृथिवी पूरिता यतः । गुणमाल्यैश्च धूपेन तस्माद् "गाँधी"ति कथ्यते ॥** કેવી સરસ આ વ્યુત્પત્તિ! નાસ્તિક અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસ્તિકનું લક્ષણ આપતાં શાસ્ત્રીજી કહે છે કે **मायाधीना नास्तिकाः स्युरास्तिका भगवत्पराः।** શાસ્ત્રીજીની રસિક અને અસાધારણ શક્તિનાં બીજાં ઘણાં દૃષ્ટાન્તો આપી શકાય એમ છે.

આ પ્રમાણે ત્રણ અધ્યાયમાં ગાંધીજીનાં પાંત્રીસ વર્ષોનું ચરિત્ર રસમય શૈલીમાં રચી અને ગુજરાતી ભાષાન્તર કરી શાસ્ત્રીજીએ સંસ્કૃત સાહિત્યની, રાષ્ટ્રની અને સમસ્ત માનવસમાજની અપૂર્વ સેવા કરી છે. શાસ્ત્રીજીની સંસ્કૃત શૈલી એટલી બધી નૈસર્ગિક છે કે નાનાં બાળકો પણ સરળતાથી મોઢે કરી ગાન કરી શકે એમ છે. આપણી શાળાઓ પાઠશાળાઓ અને વિદ્યાલયોમાં આ ગ્રન્થ પાઠ્યપુસ્તક તરીકે જો રાખ્યો હોય તો સંસ્કૃતના જ્ઞાન સાથે ચારિત્ર્યનું ઘડતર પણ થઈ શકે છે. શિક્ષણનું મુખ્ય પ્રયોજન ચારિત્ર્યસિદ્ધિ છે. એ બાબતમાં સદ્‌ભાગ્યે બે મત નથી. આ પ્રયોજન **गीताचारित्र्य**થી સિદ્ધ થવાનો સંભવ છે. આશા છે કે આપણા શિક્ષક બન્ધુઓ આ ગ્રન્થનો સદુપયોગ કરી શાસ્ત્રીજીના પરિશ્રમને સફલ બનાવશે.

આ ગ્રન્થ વાંચી મને ઘણો આનન્દ થયો છે અને કેટલુંક નવું જાણવાનું પણ મળ્યું છે. આવો મહત્ત્વનો ગ્રન્થ રચી શાસ્ત્રીજી આપણા અભિનન્દનના વાસ્તવિક અધિકારી બન્યા છે. ગ્રન્થના બીજા બે ભાગો જલદી પ્રસિદ્ધ થાય તો પ્રજાને બહુ લાભ થશે.

શાકુન્તલ,
ખારીવાવ રોડ, વડોદરા
ભાદ્રપદ કૃષ્ણ ૧૧, સં. ૨૦૧૫
તા. ૨૮-૯-૧૯૫૯

ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાદર

વે. શા. સં. શાસ્ત્રીજી નરોત્તમ મોતીરામ પુરાણીને સ્વયં-પ્રેરણાથી ઉદ્ભવેલા આ 'ગીતાચારિત્ર્ય'માં એમણે શ્રી ગાંધીજીના રાષ્ટ્રને સ્વતંત્ર કરવાને માટે કરેલા સામાન્ય તપની પૂર્વભૂમિકાથી લઇ છેક પૂર્વ આફ્રિકામાં હિંદીઓના સ્વાભાવિક હક્કોના રક્ષણુની આદર્શ લડતોથી લઇ રચાતા ઇતિહાસને ગીતાના તત્ત્વજ્ઞાનની સાથે કેવી રીતે સંગત થઈ રહ્યો છે એ બતાવવાનો એક અદ્ભુત પ્રયત્ન કર્યો છે. જૂની પૌરાણિક પદ્ધતિનો એમણે સંસ્કૃત કવિતામાં પુનરુદ્ધાર કર્યો છે. એથી જ ગુરુ–શિષ્યના સંવાદમાં ભવિષ્યકથનની રીતનો એમણે સમાદર કર્યો છે. શાસ્ત્રીજી શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના સિદ્ધાંતોથી પૂરા રંગાયેલા હોઈ શ્રીવલ્લભાચાર્યજીના તત્ત્વજ્ઞાનની અને અનુગ્રહ–પુષ્ટિમાર્ગની રેખાઓ અત્રતત્ર સ્પષ્ટ રીતે ઊપસેલી જોવા મળે છે.

શ્રીગાંધીજીના સત્યાગ્રહને આમાં સર્વત્ર મૂર્ત કરવાનો એમનો ભગીરથ પ્રયત્ન પણ વાચકોને સ્પષ્ટ થઇ રહે છે અને એથી જ આ ગ્રંથનું બીજું નામ 'સત્યાગ્રહસંહિતા' રાખ્યું છે તેની પણ સાર્થકતા મળી રહે છે.

શાસ્ત્રીજીએ ગીતાના ૧૮ અધ્યાયને અનુસરી ૧૮ અધ્યાય આ શાસ્ત્રના બતાવ્યા છે, જેમાં ઉપોદ્ઘાતરૂપે એક અધ્યાય શરૂમાં વધારે છે, જેને એમણે 'ઉપોદ્ઘાત–અધ્યાય' કહ્યો છે. ભાષા સંસ્કૃત સરળ અને પ્રાસાદિક છે અને પૌરાણિક શૈલીએ પ્રવાહમાં દોડતી ઊછળતી આગળ ચાલી જાય છે; છતાં પૌરાણિક પદ્ધતિમાં વ્યાકરણની પરવા ઓછી હોય છે એવું આમાં નથી. વ્યાકરણની દૂષિતતા ન આવે એની શાસ્ત્રીજીએ સતત ચીવટ રાખી છે. અને આ નવા યુગમાં પણ પુરાણી પદ્ધતિએ સંસ્કૃત ભાષા જીવંત સ્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચવી શકે એમ છે એ આ ગ્રંથની રચનાથી શાસ્ત્રીજીએ સ્પષ્ટ સિદ્ધ કરી બતાવ્યું છે. શ્લોકોના શ્લોકો સળંગ પ્રવાહમાં વધ્યે જાય છે અને જરા જેટલી પણ ભાષામાં કૃત્રિમતા જણાતી નથી.

શાસ્ત્રીજીએ સત્યાગ્રહના આરંભથી લઇ વર્તમાન ઇતિહાસને પણ પ્રામાણિક સ્વરૂપમાં રજૂ કરવાનો સમર્થ પ્રયત્ન કર્યો છે. પૂર્વ આફ્રિકાની લડતના ઇતિહાસથી લઇ વર્તમાન સમય સુધીના ઇતિહાસના ગ્રંથો, વર્તમાનપત્રોની હકીકતો, પત્રો વગેરેની હકીકતો પણ અભ્યાસવૃત્તિથી લક્ષ્યમાં લઇ આ ગ્રંથરચનામાં આગળ વધ્યા છે અને એવી રીતે એમાંની ઐતિહાસિક વિગતો શ્રદ્ધેય સ્વરૂપમાં આપી શક્યા છે. ગાંધીજીના જીવનના પ્રસંગ કોઇ કાલ્પનિક વાતો નહિ પણ ખરેખરા બનાવો છે, એ વસ્તુ મૂર્ત કરી આપીને શાસ્ત્રીજીએ આ રચનાને 'ઇતિહાસ' થવાને પણ પાત્ર બનાવી છે. ગુજરાતી અનુવાદ સાથેના આ ગ્રંથમાં અહીં માત્ર ૩ અધ્યાય જ આપ્યા છે. હજી ૧૫ અધ્યાય બાકી છે, તૈયાર થયેલા સાનુવાદ પડયા છે.

આવો ભગીરથ પ્રયત્ન કરવાને માટે, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની વિશ્વવ્યાપકતા સાથે એકરૂપતા સમજવામાં સરળતા સાધી આપવા માટે અને જન્મથી વૈષ્ણવી સંસ્કારોમાં ઊછરેલા અને પોતાનામાં વૈષ્ણવી દીનતાને મૂર્ત કરવાની શક્તિ ગાંધીજીમાં હતી તેનો પ્રામાણિક ખ્યાલ વાચકોને આવે તેવો પ્રયત્ન કરવા માટે શાસ્ત્રીજીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા થોડા છે. એમના આ ગ્રંથના પ્રત્યેક શબ્દ સાથે સૌથી પ્રથમ પરિચય સાધવાનો મને યોગ મળ્યો હોઇ હું આ વાતની સાક્ષી પૂરી કરી શકું એમ છું કે શાસ્ત્રીજીએ આ ગ્રંથમાં પોતાના પ્રાણ એકતાર કરી દઇ ભાગવત સિદ્ધાંતોની વિશ્વવ્યાપકતા પુરવાર કરી આપી છે. આનો સમાદર એના સાચા ઉપભોક્તાઓ કરશે જ એવી શ્રદ્ધા છે.

અમદાવાદ–૬, તા. ૨૮–૯–૫૯ કેશવરામ કા. શાસ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

પ્રાચીન પરંપરામાં ઊછરેલા એવા સુપ્રસિદ્ધ સાંપ્રદાયિક વિદ્વાન શ્રી નરોત્તમ મોતીરામ પુરાણી પુરાણરત્ન, સંપ્રદાયના સાહિત્ય-પ્રેમીઓથી અજ્ઞાત નથી. તેમણે આજ સુધી પ્રાચીન મર્યાદા સાચવતાં અને તેનું યથાર્થ પાલન કરતાં બચત સમયમાં સાંપ્રદાયિક અનેક ગ્રંથો લખ્યા છે. તે ગ્રંથો સંપ્રદાયના સાહિત્યવર્તુલમાં માનવંત સ્થાન ધરાવે છે, પણ જ્યારે તેમણે મને ગીતાચારિત્ર્ય અથવા જનસેવાશાસ્ત્ર નામનો પોતાનો હસ્તલિખિત ગ્રંથ બતાવ્યો ત્યારે મારા મનમાં સ્વાભાવિક આશ્ચર્ય સાથે વિશેષ માનની વૃત્તિ પ્રગટ થઇ, કારણ કે તેમના જેવા આરૂઢ ધર્મવેત્તા પોતાના ક્ષેત્રમાંથી કેવી રીતે વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ કરી શકયા !

હાલ શાસ્ત્રીજીની ઉંમર ૬૫ વર્ષની છે. શરીર અને મન પણ પ્રથમ જેવું સશક્ત નથી, તેમ છતાં તેમણે પોતાના પૈસે આ ગ્રંથનો પ્રથમ ભાગ છપાવવો શરૂ કર્યો તેમાં તેમની ત્યાગવૃત્તિનાં દર્શન થાય છે. તેમની ઇચ્છા કોઈ સુપ્રસિદ્ધ સંસ્થાને આ ગ્રંથ સોંપવાની હતી અને તે માટે તેમણે થોડોએક પ્રયત્ન પણ કર્યો હતો, પણ સફળતા ન સાંપડી. તેનું કારણ એ છે કે કોઈ અમૂલ્ય વસ્તુનું મૂલ્યાંકન કોઇ મોટી સંસ્થા તરફથી ન થાય ત્યાંસુધી તે વસ્તુની કદર આમ જનતા કે સંસ્થાઓ ભાગ્યેજ કરે છે; જેમ કે આપણા સુપ્રસિદ્ધ ભારતીય કવિ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની કદર ગીતાંજલિના 'નોબલ પ્રાઇઝ' પછી પ્રજાએ કરી.

આ ગીતાચારિત્ર્ય ગ્રંથની રચના આજની પ્રવાહી જનતાને સેવામાર્ગે વાળવા માટે છે. આજે સેવા શબ્દ એટલો સહેલો થઇ ગયો છે કે ભારે સ્વાર્થ સાધવા છતાં મોટા માણસોની સેવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ માનનીય નિષ્કામ અને નિર્ગુણ ગણાય છે, તે વખતે સેવા એ શી વસ્તુ છે અને તે કોણે સાધ્ય કરી તે આ ગ્રંથ દ્વારા બતાવવાનો લેખકનો ઉદ્દેશ છે. એ વાત તો સુપ્રસિદ્ધ છે કે ભગવત્સેવાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ શ્રીમદ્દ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ બતાવ્યું છે (જેનું વર્ણન આ ગ્રંથના લેખકે પોતાના 'સેવાસર્વસ્વ' નામના ગ્રંથમાં કર્યું છે), તેવી રીતે જનસેવાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ મહાત્મા ગાંધીજીએ બતાવ્યું છે (તે માટે આ લેખકે આ 'ગીતાચારિત્ર્ય'ની રચના કરી છે). આ બન્ને મહાપુરુષોએ પોતાના જીવનમાં ગીતાને મહત્તા આપી છે અને તે દ્વારા પોતાના જીવનનું ઘડતર કર્યું છે. મહાત્માજીનું બાહ્ય આચરણ ચાલુ વૈષ્ણવ જેવું ન હતું, પણ તેમની ગળથૂથીમાં વૈષ્ણવી સંસ્કાર રેડાયા હતા તેથી તેઓશ્રી વૈષ્ણવ હતા. અને એ ગળથૂથીના સંસ્કારબીજ દ્વારા પોતાના જીવનવૃક્ષને સેવારસથી ફૂલ્યું ફાલ્યું એમેઓશ્રીએ કર્યું હતું, આ વાત લેખકે આ ગ્રંથમાં સરસ રીતે બતાવી છે.

આ 'જનસેવાશાસ્ત્ર' નામના સુંદર ગ્રંથમાં ચારિત્ર્ય, શ્રમ, પરોપકાર, ત્યાગ, સંયમ વગેરે દૈવી ગુણપુષ્પોની ખિલવણી સુંદર રીતે કરવામાં આવી છે. તેનો જે કોઈ આશ્રય લેશે તેને તે પુષ્પોની મીઠી સુવાસનો લાભ અવશ્ય મળશે. બાળકો ને વિદ્યાર્થીઓના ઘડતરમાં આ સુવાસની ખાસ જરૂર છે; તેમણે તો હંમેશાં આવા ગ્રંથો વાંચવા જોઈએ.

આ દૃષ્ટિએ આ ગ્રંથ અમૂલ્ય છે અને તે સંસદ દ્વારા પ્રગટ થાય તેવી શાસ્ત્રીજીની ઇચ્છા હતી, આથી સં ૨૦૧૪ ના ભાદરવા સુદ ૧૫ નડિયાદમાં શ્રીશુદ્ધાદ્વૈત સંસદની કારોબારી સભા મળી તેણે આ ગ્રંથના પ્રકાશક થવાની સંમતિ આપી અને ઠરાવ કર્યો અને ભવિષ્યમાં આ તથા શાસ્ત્રીજીના પ્રગટ કરેલા સેવાસર્વસ્વ વગેરે ગ્રંથોની આવકમાંથી આ ગ્રંથના બીજા ભાગો કરવા. તેથી આ ગ્રંથનો પ્રથમ ભાગ પ્રગટ કરતાં આનંદ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકી રહેલો અપ્રસિદ્ધ ગ્રંથ ત્રણ કે ચાર ભાગોમાં જેમ જેમ આર્થિક રીતે અનુકૂળતા મળતી જશે તેમ પ્રગટ થશે, પણ તે સાથે અમે સર્વ રાષ્ટ્રપ્રેમી સજ્જનો તથા વૈષ્ણવોને જણાવીએ છીએ કે ભારતીય સંસ્કૃતિ અને મહાત્માજીના આધ્યાત્મિક જીવનનું દર્શન કરાવનાર આ મહા ગ્રંથ પ્રગટ કરવા પોતાનાથી બનતી મદદ કરે અને તે દ્વારા પુષ્ટિમાર્ગના વિશ્વમાન્ય સિદ્ધાંતોનો પ્રચાર કરવાની સુલભતા કરી આપે.

સંસદને આ ગ્રંથ પ્રકાશન માટે સોંપાયા પછી અમને માનનીય શ્રી મોરારજીભાઇ દેસાઇ, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી શ્રીપાદ દામોદર સાતવળેકર વગેરે મહાપુરુષોના અભિપ્રાયો આ ગ્રંથ માટે મળ્યા છે તે માટે અમો તેમનો આભાર માનીએ છીએ તથા જાણીતા સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રો. શ્રી ગોવિંદલાલ હ. ભટ્ટ જેઓ પ્રાચ્ય વિદ્યામંદિર–વડોદરામાં રાસાયણ સંશોધન સમિતિના મુખ્ય સંચાલક છે તથા સંસદના પ્રમુખ છે તેમણે આ ગ્રંથનો ઉપોદ્‌ઘાત લખી આપ્યો છે તે માટે તેમનો ઉપકાર માનું છું. વળી આ ગ્રંથના લેખકને મહાજન પુસ્તકાલય તરફથી ગ્રંથ લેખન માટે પુસ્તકો આપવા માટે તે સંસ્થાના સંચાલક શ્રી વાડીભાઇ ડૉકટરનો તથા આ ગ્રંથનાં પ્રૂફ વગેરે જોવા માટે જાણીતા સાક્ષર પ્રો. શ્રી કેશવરામ કા. શાસ્ત્રીનો આભાર માનું છું.

સં. ૨૦૧૫ આશ્વિન સુદિ ૧
શનિવાર, તા. ૩–૧૦–૫૯

(ડૉ.) ચિમનલાલ મ. વૈદ્ય
મંત્રી, શ્રી શુદ્ધાદ્વૈત સંસદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતના નાણાપ્રધાન માન. શ્રી મોરારજી દેસાઈનો અભિપ્રાય

શ્રી. નરોત્તમ શાસ્ત્રીએ રચેલું આ પુસ્તક સાહિત્યક્ષેત્રે નવી જ ભાત પાડે છે. ગીતાના ઉપદેશ મુજબ પોતાના જીવનને ઘડવાનો ગાંધીજીએ પુરુષાર્થ કર્યો. ગીતાના મૂળને કાયમ રાખી એમાં ગાંધીજીના આ પુરુષાર્થને વણી લેવા લેખકે પ્રયાસ કર્યો છે. પુસ્તક મૂળ સંસ્કૃતમાં લખાયું છે અને તેનું ભાષાંતર સાથે સાથે આપવામાં આવ્યું છે એટલે ગાંધીજીના જીવનની ક્રિયા પ્રક્રિયા સમજવામાં ખૂબ સરળતા થઈ છે. પુસ્તકનું એક નામ 'જનસેવાશાસ્ત્ર' આપવામાં આવ્યું છે; આ નામ સાર્થક બનો એવી મારી શુભેચ્છા છે.

(સહી) મોરારજી દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુકત પ્રાંતના ભૂતપૂર્વ રાજપાલ શ્રી. કનૈયાલાલ મુનશીનો અભિપ્રાય

પૂ. મહાત્મા ગાંધીજી ગીતાજીની જીવંત મૂર્તિ હતા. એમણે એમનું જીવન તેને ધાટે ઘડયું હતું.

શ્રી. નરોત્તમ શાસ્ત્રીએ એ જીવન કેવી રીતે એ ધાટે ઘડાયું તે આ પુસ્તકમાં સ્પષ્ટ કર્યું છે.

ગીતાજી વાંચવી એક વાત છે, તેનું પારાયણ કરવું બીજી વાત છે, પણ તેનાં સૂત્રોને આચરણમાં આણવાં એ ભગીરથ કામ છે.

એ ભગીરથ કાર્ય ગાંધીજીએ કેવી રીતે કર્યું તેનું આ પુસ્તકમાં દર્શન થાય છે.

ભારતીય વિદ્યાભવન
તા. ૨૫–૪–૧૯૫૯

લિ.
(સહી) કનૈયાલાલ મુનશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય મંડળના અધ્યક્ષ વે. શા. સં., પં. શ્રીપાદ દામોદર સાતવળેકરજીનો અભિપ્રાય

શ્રી. પં. નરોત્તમ મોતીરામ શાસ્ત્રી-રચિત **ગીતાચારિત્ર્ય** અથવા **જનસેવાશાસ્ત્ર** મેને દેખા. શ્રીમદ્ ભગવદ્‌ગીતાકો જન-સેવાકા શાસ્ત્ર બનાનેકા યહ પ્રયત્ન ઉત્તમ રીતિસે યશસ્વી સિદ્ધ હુઆ હૈ. સચમુચ શ્રીમદ્ ભગવદ્‌ગીતા જનસેવા યા વિશ્વરૂપ સેવાકા હી શાસ્ત્ર હૈ, ઉસકો ઇસ સેવા કરનેકે શાસ્ત્રકે રૂપમેં સંસ્કૃતમેં તથા ગુજરાતી ભાષામેં શાસ્ત્રીજીને જનતાકે સામને રખા યે ઇનકે જનતા પર બડે ઉપકાર હૈં. યહ ગીતાચારિત્ર્ય ગ્રંથ લોકપ્રિય બનેગા યહ મેરા વિશ્વાસ હૈ.

૨૧-૫-૧૯૫૯
પારડી, જિ. સુરત

(શ્રી.) દા. સાતવળેકર
અધ્યક્ષ, સ્વાધ્યાય મંડળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીનો અભિપ્રાય

तज्जीवनं प्रतिपदं जनतोपयुक्तं
युक्तं गुणैर्गुणिजनैरथवा नियुक्तम् ।
शान्तिः सुखं सततचिन्तनमात्मतृप्तिः
लोके कथं सपदि लोचनगोचरा स्यात् ॥
इत्थं विचिन्त्य निजजीवननीतिरीति-
प्रीत्यानयेन विनयेन च संयमेन ।
त्यागेन मानमदसम्पदसंग्रहेण
सत्ये नियोज्य भुवि कोप्यभवन्महात्मा ॥

ગુજરાતી

वरं जन्म सर्वप्राण्युपजीवनम् એ જ શ્રેષ્ઠ જન્મ જે સર્વ જીવના જીવનમાં ઉપયોગી બને.—

એ ભારતીય સંસ્કૃતિનું જીવનપ્રતીક છે. માત્ર શબ્દગત બને તો પ્રેરક ન બને, પણ સ્વગત બને તો જ જગતપ્રેરક બને અને સમાજની સમતુલા સચવાય અને વિશ્વશાંતિ સ્થપાય.

મહાત્માજીનું જીવન વિશ્વશાંતિ વિશ્વશુદ્ધિ વિશ્વપ્રીતિને ઘડવા માટે હતું. સંપૂર્ણ વિશ્વ એમનો દેશ હતું અને વિશ્વના દુઃખના ભાગીદાર ન થવું પરંતુ એકલા આગવું ભોગવવું અને સુખના હક્કદાર ન થવું એ જીવનનો ઉદ્દેશ હતો.

એવા પુણ્યશ્લોકને લોકશોક નિવારવા શ્લોકબદ્ધ કરી લોકહિત સાધવા શાસ્ત્રીજી શ્રીનરોત્તમભાઈએ આવશ્યક સેવા આદરી છે.

તેઓની કાવ્યની શૈલીમાં સંતજીવન-કાર્યને ઉતારવાની રીતિ સ્વયંપ્રભા છે. રસિકને આ કાવ્ય નવજીવનપ્રદ થશે.

મુંબાઇ; ૧૧-૭-૫૯ (સહી) કૃષ્ણશંકર શાસ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લેખકના અન્ય પ્રકટ ગ્રંથો

(૧)	સેવાસર્વસ્વ	પૃષ્ઠ ૩૨૪	૩-૦-૦
(૨)	વાટિકાવિનોદ	,, ૧૦૮	૧-૮-૦
(૩)	સેવાસર્વસ્વ (સંક્ષિપ્ત)	,, ૨૦૮	૨-૦-૦
(૪)	સેવાપ્રકાર (પદ્યમાં)	,, ૪૮	અપ્રાપ્ય
(૫)	હૃદયોદ્‌ગારશતક (સંસ્કૃત સાથે) (શિખરણી છંદમાં સમશ્લોકી ભાષાંતર)	,, ૪૮	અમૂલ્ય
(૬)	ગીતાચરિત્ર્ય ભાગ ૧ લો	,, ૨૧૬	૩-૦-૦

અપ્રકટ ગ્રંથો

(૭) ગીતાચારિત્ર્ય મૂળ સંસ્કૃત સાથે ગુજરાતી ભાષાંતર ભાગ ૨-૪ (સંપૂર્ણ ગીતા)

(૮) શ્રીસુબોધિનીતત્ત્વવચનો (પ્રથમસ્કંધમાંથી)

(૯) શ્રીપુરુષોત્તમસહસ્ત્રનામ (ગુજરાતી પદ્ય ચંદ્રાવળામાં)

(૧૦) ત્રિવિધલીલાનામાવલિ ,, ,, ,,

(૧૧) ષોડશ ગ્રંથો (ભજનમાં ગુજરાતી)

મળવાનું સ્થળ:—

શ્રી શુદ્ધાદ્વૈત સંસદ : : કપડવંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. શ્રી. વિનોબાજીના આશીર્વાદ

गीताचारित्र्यं जनसेवाशास्त्रमिदं महात्मनो राष्ट्रपितुः सर्वमानवोपयोगि सेवामार्गप्रदर्शकं गीताशास्त्रोपदेशानुसारि चेति श्रेयोमार्गप्रदर्शकं स्यादित्यस्माकमाशीर्वादः ॥

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સર્વ માનવોને ઉપયોગી, સેવામાર્ગ બતાવનારું અને ગીતાશાસ્ત્રના ઉપદેશને અનુસરતું 'ગીતાચારિત્ર્ય' નામનું આ જનસેવાશાસ્ત્ર શ્રેયોમાર્ગ બતાવનારું થાઓ - એવાં અમારા આશીર્વાદ છે.

ડૉ. રામાનંદ મહાવિદ્યાલય,
મિરઝાપુર
અમદાવાદ
તા. ૨૦-૧૨-૫૮

વિનોબાના જય જગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક–વક્તવ્ય

શ્રીવૈષ્ણવકુલાચારસંપન્ન નાથજી શાસ્ત્રી નામના વિદ્વાનના પુત્ર સદ્દગત મોતીરામ શાસ્ત્રીને ત્યાં જન્મ થયો. નવાબી રાજ્યના વાડાસિનોર તાબાના વીરપુર ગામમાં નવાબી દોરનો બાલ્યાવસ્થાથી અનુભવ થવાથી સદ્દગત મોહનલાલ પંડયા વીરપુર આવેલા તેમના વ્યાખ્યાનથી તેમજ શ્રીમહાત્માજી આફ્રિકાથી આવ્યા બાદ— ગોધરા હોમરૂલ લીગમાં દર્શન થતાં સદ્દભાવ થયો; અમદાવાદ મહા-સભામાં પ્રત્યક્ષતા થોડી દૂરથી અનુભવી. નવજીવનના અભ્યાસથી ગીતા-જીવન જીવનારાનું ગીતાનુકૂલ જીવન લખવા ઈચ્છા થઈ અને તે તેમના નિર્વાણ બાદ ઉત્કટ થઇ તેથી ગીતા પ્રમાણે અભ્યાસ જીવનનો કરી એક અધ્યાય લખ્યો, એવામાં શ્રી વિનોબાજી કપડવંજ પધાર્યા. તેમની કલાકની મુલાકાતે પ્રોત્સાહન મળતાં આગળ લખતો ગયો. વચ્ચે "આને કોણ વાંચશે" એ વિચારે આ વૃત્તિ મંદ પડી. ફરી સ્નેહી પ્રોફેસરોના પ્રોત્સાહનથી આગળ લખી શ્રી વિનોબાજીની ભવિષ્યવાણી પ્રમાણે "તમો આ લખાણ સાત વર્ષે પૂરું કરશો." તેથી ૧૯૪૯ થી આરંભેલું આ સમગ્ર 'ગીતાચારિત્ર્ય' લખતાં ૧૮ મી જૂન ૧૯૫૬ ને દિન સંસ્કૃત વિભાગ પૂરો કર્યો. ઈશ્વરના આદેશને–સ્વપ્નને માનતો હોવાથી તે જ રાત્રે સ્વપ્ન આવ્યું કે આનું ગુજરાતી કરો, તે શ્રીમહાત્માજી અને મહાદેવભાઇએ રૂબરૂ કહ્યું. સવારના છ વાગ્યા-માં આ સ્વપ્ન પ્રમાણે તુરત શરૂ કરી ૨ જી જાન્યુઆરી ૧૯૫૭ ના રોજ ગુજરાતી ભાષાન્તર અઢાર અધ્યાય પૂરું કર્યું. કાકાસાહેબના દૃષ્ટિપથમાં પડ્યું, પણ વખત ન હોવાથી તેમણે જોયું નહિ અને છપાવવાનો આશ્રય ન મળ્યો. તેથી उत्पत्स्यते मम च कोपि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

समानधर्मा कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी। કાલ અમાપ છે, પૃથ્વી મોટી છે, કોઇપણ આને અપનાવશે, આ ન્યાયે શાંતિ મેળવી ગૃહસ્થોની સહાય ન મળવાથી આ લેખ અજ્ઞાત રહત, પણ કપડવંજના શાહ છોટાલાલ ઝવેરભાઇના પૌત્રો શાહ પૂંજાલાલ ઓચ્છવલાલ અને શાહ બાબુભાઇ અંબાલાલની ઉદાર સહાયથી ઉધાર રકમ મળવાથી આ જાત ઉપર બોજો વહોરી છપાય છે. તેમાં પહેલો ભાગ પૂર્ણ થાય છે. આગળ ૪ થી ૮, ૯ થી ૧૨, ૧૩ થી ૧૬ અને ૧૭–૧૮ એમ પાંચ ભાગો તૈયાર છે. તેમાં નવ અધ્યાય સુધી આફ્રિકા સત્યાગ્રહ, ૧૦ મામાં વિભૂતિયોગ સંગીઓનું સેવાયોગમાં ઝંપલાવવું–વિશ્વરૂપદર્શન અને ભારતમાં આગમનથી ભારતના રાજકીય ક્ષેત્રમાં ચંપારણ્ય સત્યાગ્રહ–ખેડા સત્યાગ્રહથી આરંભી યાવત્પ્રસંગોના અભ્યાસ સાથે તેના ગીતાના અધ્યાયયોગો સાથે મેળ સાધી કર્મસંન્યાસયોગ જ્ઞાન–અક્ષરબ્રહ્મ ગુહ્યયોગ–વિભૂતિયોગ ને વિશ્વદર્શનયોગમાં જલિયાનવાળાબાગની કત્લેઆમનું વર્ણન અને પ્રભુ-પ્રાર્થના, ૧૨ થી ૧૬ જેલનિવાસ ઉપવાસ વગેરે સત્યાગ્રહના યાવત્પ્રસંગો, ૧૭–૧૮ નવાખલીગમન અને નિર્વાણ વગેરે જન્મથી અવસાન સુધી ગીતાના મેળ સાથેના બધા પ્રસંગો લખ્યા છે. કોઇ સજ્જન જો આને અપનાવશે અગર જો કોઈ સંસ્થા જવાબદારી લઇ આને પૂર્ણ કરવા ઇચ્છા રાખશે અગર યુનિવર્સિટી કે વિભાગો જો વિદ્યાર્થીઓના જીવન માટે આ સ્વીકારવા તત્પર હશે તો બધાં જ પુસ્તકો સ્વાધીન કરીશ. મહાત્માજીના સ્વપ્નઆદેશથી આમાં દશ વર્ષનો પરિશ્રમ અને અનેક ગ્રન્થોનું વાચન છે. પ્રભુઇચ્છા પ્રમાણે આનો ઉપયોગ થશે. સેવા શબ્દ વેદભાષ્યથી ભારતને બતાવનાર શ્રી વલ્લભાચાર્યજી છે 'અને વૈષ્ણવ કુલમાં જન્મેલાં શ્રીપૂતળીબાઇ જેવાં સતી માતાના ગર્ભે રહેલા મહાત્માજીએ માનવતાના આદર્શ માટે તે જનસેવા અર્થે જગતને બતાવ્યો, આચરણમાં મૂકયો, સર્વ જનોના માન્ય શ્રી ગીતાજીના સિદ્ધાંતોને સર્વમાનવ ઉપયોગી થાય એ રીતે જો જીવનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકયા હોય તો તે એક અદ્વિતીય પુરુષ શ્રી ગાંધીજીએ મૂકયા છે. આ નાનપણના નિશ્ચય ને જગત સમક્ષ મૂકવાની તમન્નાએ પરિશ્રમ દ્રવ્ય વ્યય અને ઉજાગરો વેઠી આ વસ્તુ જગતના સાક્ષરો આગળ મૂકૂં છું, કારણ તમામ માનવને ઉપયોગી થાય તેવું જીવન મહાત્માજી સિવાય અન્યનું નથી. પોતાના જાતીય અને સંપ્રદાયસંસ્કારો પાળતાં આ સિદ્ધાંતો જીવનમાં મૂકી શકાય છે, એ બુદ્ધિએ જનસેવા વિશેનું શાસ્ત્રીય પુસ્તક ન હોવાથી તથા મહાત્માજીના આધ્યાત્મિક જીવન પરત્વે ન લખાયેલું હોવાથી ગીતાનુકૂલ જીવન અનુભવમાં આવતાં આ પહેલો ભાગ પ્રકટ કર્યો છે. બાકીના જે માગશે તેને આપી દઇશ, કારણ શારીરિક અસ્વાસ્થ્ય અને અવસ્થાથી હું અકિંચિત્કર બન્યો છું. છેવટે "**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** એ ન્યાયે આને જનતા-હૃદયના ભગવાનના ચરણોમાં સોંપી હું શાન્તિ લઇશ.

શ્રી હરિભાઈ માણેકલાલ દેશાઇના સહકારથી શ્રી દેવદાસ ગાંધીનો મેળાપ કપડવંજમાં થયો. પાંત્રીસ વર્ષના કપડવંજ–નિવાસમાં હરિભાઇના હૃદય સંસ્કારથી હૃદય મુગ્ધ બન્યું અને એમની અનુપસ્થિતિ સમયે આ પ્રારંભ થયો તેમનું સ્મરણ તાજું કરી કૃતાર્થ થાઉં છું.

વીરપુર
તા. ૬–૯–૫૮
જન્માષ્ટમી

નરોત્તમ મોતીલાલ શાસ્ત્રી

તા. ક. : मंगलाद्यानि मंगलान्तानि शास्त्राणि એ શ્રી પતંજલિ મુનિના વાકય પ્રમાણે પ્રભુકૃપાથી આ **ગીતાચારિત્ર્યનો** આરંભ શ્રી વિનોબાજીના શુભાશીર્વાદથી ૧૬–૨–૧૯૪૯માં થયેલો તે છપાયા પછી તેની સમાપ્તિ પણ શ્રી વિનોબાજીના શુભાશીર્વાદ સાથે થાય છે. તા. ૨૦–૧૨–૫૮, એ ઈશ્વરપ્રેરણાનું શુભ ફલ છે. અને સંતોના શબ્દો સત્ય હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરમાં બીજ વાવ્યા પછી અન્ન મનુષ્યના મુખમાં પેસતાં અનેકના પરિશ્રમો હોય છે, તે પ્રમાણે આ વિષયમાં પણ અનેક વ્યક્તિઓનો સહકાર છે તેમનું સ્મરણ ન કરું તો અકૃતજ્ઞ કહેવાઉં, તેથી સ્વપ્નદ્વારા પ્રેરણા આપનાર શ્રી મહાત્માજી, પૂજ્ય સંત શ્રી વિનોબાજી, શ્રી નરહરિભાઈ, શ્રી શંકરલાલ પરીખ, પૂજ્ય હરિભાઈ, શ્રી દેવદાસ ગાંધી, તુરતમાં શ્રી નારાયણ દેસાઇ, શ્રી શાન્તિલાલભાઈ ગાંધી, શ્રી માણેકલાલભાઈ દેસાઇ, શ્રી ચન્દ્રકાન્ત પરીખ, શ્રી મોહનભાઈ પરીખ, શ્રી નર્મદાશંકર ત્રિભુવન પાઠક, અને હવે પછી જે ભાઈઓનું પ્રોત્સાહન મળે તેમના ઋણનું સ્મરણ કરી વિરમું છું.

કપડવંજ, ૨૫-૧૨-૫૮ નરોત્તમ મોતીરામ શાસ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પૃષ્ટ ૧–૪ મંગલાચરણ : ગ્રંથલેખનહેતુ
,, ૪–૬ કથાપ્રસંગ : ગુરુશિષ્યસંવાદ
,, ૬–૮ સત્યાગ્રહનું સ્વરૂપ, મનુષ્યનાં દશ લક્ષણ, દશ ત્યાજ્ય અપલક્ષણ
,, ૯–૨૩ ભવિષ્યકથન અને જ્યોતિષફલાદેશ
,, ૨૪–૨૭ આદર્શસ્વીકાર અને માનવચારિત્ર્ય પૂર્ણ થવા ઉપાય
,, ૨૮–૪૨ કુલપરંપરા અને બાલ્યાવસ્થા, અભ્યાસ
,, ૪૩–૫૩ મહાત્માજીનું વિલાયતગમન, બારિસ્ટરપદપ્રાપ્તિ. પતનપ્રસંગોમાં ચારિત્ર્યરક્ષણ
,, ૫૪–૬૦ ભારતઆગમન, વકીલાત, છેવટ આફ્રિકા જવું
,, ૬૧–૬૬ આફ્રિકામાં ભારતીય જનોના અપમાનનો અનુભવ, રસ્તામાં અપમાનથી દુઃખ સહન કરવું
,, ૬૭–૯૪ ગીતાઆરંભ, પ્રથમ અધ્યાયના વિષાદયોગ પ્રમાણે દેશબન્ધુઓના અપમાનથી ખેદ સાથે ગિરિમિટિયા દુઃખનિવારણ માટે ભારત આવવું.
,, ૯૫–૧૦૯ ભારતમાં પર્યટન, ગીતા બીજા અધ્યાયનું સાંખ્ય જીવનમાં ઉતારી દુઃખ સહન કરી લોકમત કેળવવો.
,, ૧૧૦–૧૨૮ તે ફરી આફ્રિકા પત્નીપુત્ર સાથે જઈ પરદેશીય આચારો સ્વીકારી તેનો ત્યાગ, સરળ જીવન સાંખ્ય યોગ પ્રમાણે.
,, ૧૨૯–૧૪૬ સાંખ્યયોગપૂર્ણતા, સત્ય અહિંસાનો સ્વીકાર, સેવાયજ્ઞનો આરંભ સ્થિતપ્રજ્ઞની દશા.
,, ૧૪૭–૧૫૩ સ્વાશ્રય સિદ્ધાંત સ્વીકારી સરળ જીવન, કર્મયોગનો આરંભ.
,, ૧૫૪–૧૬૦ સંયમી જીવન, બોર યુદ્ધમાં ઘાયલની સેવા, અનાસક્તિ સાથે કર્મયોગ.
,, ૧૬૧–૧૮૫ કર્મયોગસમાપ્તિ સાથે મેળ સાધી સર્વધર્મસમન્વય જ્ઞાને જનસેવાસ્વીકાર અને ૩૫ વર્ષની વયે પૂર્ણબ્રહ્મચર્યસ્વીકાર–**પ્રથમ ભાગ સમાપ્તિ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૧ સં.	गीताचरित्र्यम्	गीताचारित्र्यम्
૫	૧ સં.	प्रमाहिंसे	प्रेमाहिंसे
૮	૩ ગુજ.	૩૫	ઉપ
૮	૯ ગુજ.	સવાંગ પૂર્ણ	સર્વાંગ પૂર્ણ
૯	૪ ગુજ.	યાદવાએ	યાદવોએ
૧૦	૨ ગુજ.	સ્થરણ	સ્મરણ
૧૧	૫ ગુજ.	મારી	તારી
૧૩	૫ ગુજ.	વર્ષ પહેલાં કહેશે.	વર્ષ પહેલાં) કહેશે.
૧૩	૬ ગુજ.	સત્યાયાર્ય	સત્યાચાર્ય
૧૬	૨ સં.	किश्चिच्छयाम	किंश्चिच्छयाम
૧૬	૧૦ સં.	पितृनाशोः	पितृनाशो
૨૩	૬ સં.	सवं	सर्वं
૨૬	૧૨ ગુજ.	થસે	થશે.)
૨૮	૮ ગુજ.	તેમને પુત્ર થયો તેનુ" તેનુ રહિદાસ	તેમને પુત્ર થયો તેનુ" રામજી નામ પાડ્યું, તેને પુત્ર થયો "તેનું રહિદાસ નામ પાડ્યું.
૨૮	૯ ગુજ.	લાલજી	રામજી
૨૮	૯ ગુજ.	અધિકારી થયા.	એ શબ્દો પછી "રહિદાસ પણ પિતાની જગા એ નિમાયાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ	લીટી		અશુદ્ધ	શુદ્ધ
૨૯	૭	सं.	कायं	कार्यं
૩૧	૭	सं.	नृपापित:	नृपार्पितः
૪૦	૫	सं.	गिर्णयुः	निर्णयः
૪૧	૪	ગુજ.	રામ નાનો	રામ નામનો
૪૧	૮	ગુજ.	જન	જૈન
૪૫	૪	सं.	अननैवा	अनेनैवा
૪૫	૯	सं.	नृत्य	नृत्यं
૪૫	૯	ગુજ.	ટાપટાપ	ટાપટીપ
૪૭	૧૦	ગુજ.	યુવાત	યુવતિ
૫૨	૧૧	सं.	प्रदर्शन	प्रदर्शने
૫૩	૧૧	ગુજ.	હ્વાઇટને	હ્વાઇટનો
૫૪	૧૧	ગુજ.	૭૯	પછી ૮૦–૮૧
૫૭	૬	सं.	श्रवणादा	श्रवणादौ
૬૭	૪	ગુજ.	સંસ્કાર પામેલા	સંસ્કાર પામેલા)
૬૯	૧૧	सं.	भीमाजुन	भीमार्जुन
૭૦	૬	ગુજ.	૨૬૫	૨૬૪–૨૬૫
૭૧	૨	सं.	सव	सर्व
૭૧	૩	सं.	मपूणं	मपूर्णं
૭૧	૧૨	ગુજ.	સિંહનાદે	સિંહનાદ
૭૪	૬	सं.	र्युद्ध	र्युद्धे
૭૫	૨	सं.	पाथ	पार्थ
૭૫	૮	सं.	अजुन	अर्जुन
૭૫	૧૪	ગુજ.	સંબધના	સંબંધની
૭૬	૪	सं.	महात्मनोः	महात्मना
૭૬	૩	ગુજ.	સસુદાયને	સમુદાયને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ	લીટી		અશુદ્ધ	શુદ્ધ
૭૯	૫	ગુજ.	સંયમથા	સંયમથી
૮૫	૧૦	ગુજ.	હે અધર્મથી	(હે કાઢી નાંખવો) અધર્મથી
૮૯	११	सं.	समन्ववान्	समन्वयात्
૯૧	११	सं.	शोकयुक्तं	शोकयुक्तो
૯૪	७	सं.	कृष्णाजुन	कृष्णार्जुन
૯૮	૩	ગુજ.	ઇન્દ્રિયસ્વામી	ઇન્દ્રિયસ્વામીને
૧૦૦	૪	ગુજ.	રાજાનું	રાજાનું
૧૦૫	૫	ગુજ.	ગાણ છે	ગૌણ છે
૧૦૭	२	सं.	"गोखले" उप	"गोखले" ग्रुप
૧૦૮	૬-૦	ગુજ.	સુબ્રહ્મણ્યમ્ મહાશયોએ	સુબ્રહ્મણ્યમ્ વગેરે
૧૧૦	५	सं.	संम्रान्ता	संभ्रान्ताः
૧૨૦	८	सं.	निमित्तना	निमित्तना
૧૨૩	३	सं.	भवाजुन	भवार्जुन
૧૨૭	८	सं.	स्वादार्य	स्यादार्य
૧૨૮	૬	ગુજ.	તારા બુદ્ધિ મોહરૂપ	તારી બુદ્ધિ મોહરૂપ
૧૨૮	૮	ગુજ.	સાંળળવા	સાંભળવા
૧૩૦	१	सं.	आचाय	आचार्य
૧૩૧	६	सं.	प्रज्ञः तदो	प्रज्ञस्तदो
૧૩૮	૧૧	ગુજ.	વિષયોમાંથા	વિષયોમાંથી
૧૪૧	૮	ગુજ.	સયમી	સંયમી
૧૪૨	૧૬	ગુજ.	મર્યાદા	મર્યાદા
૧૪૪	૧૬	ગુજ.	પામ્વા	પામ્યા
૧૪૭	૨	ગુજ.	બોલ્ા	બોલ્યા
૧૫૧	५	सं.	तथासक्ति	तथाशक्ति
૧૫૫	૩	ગુજ.	પ્રીત્યર્થ કર્મ	પ્રીત્યર્થ કર્મ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ	લીટી		અશુદ્ધ	શુદ્ધ
૧૬૨	૭	સં.	कम	कर्म
૧૬૨	૯	ગુજ.	પુરૂષતે	પુરુષને
૧૬૫	૮	સં.	नभविष्यघथातथम्	नाभविष्यद्यथातथम्
૧૬૭	૬	ગુજ.	બને છે.) ૨૬	બને છે) માટે યોગ્ય આચરણથી લોકોનું કામ સહન કરવું ૨૬
૧૬૮	૮	સં.	स्वानाममन्तयनति	स्वेषाममन्यन्ताति
૧૭૦	૬	સં.	निममो	र्निर्ममो
૧૭૦	૮	ગુજ.	પ:તે	પોતે
૧૭૧	૩	સં.	भारतार्थ	भारतार्थं
૧૭૨	૧	ગુજ.	અકઠુ	એકઠું
૧૭૪	૧૩	ગુજ.	દીધુ-	દીધું, સંગીઓને પણ ઇન્દ્રિય વિજય કરાવ્યો.
૧૭૮	૧	ગુજ.	વરી	વૈરી
૧૮૨	૧૧	ગુજ.	ઇશ્નર	ઈશ્વર
૧૮૩	૧	સં.	सुविंशुद्ध	सुविशुद्धं
૧૮૩	૭	ગુજ.	સંમય	સંચય

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गीताचरित्र्यम् ।

[सत्याग्रहसंहितास्थम्]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उपोद्घाताध्यायः

सत्यं ज्ञानमनन्तं यत्पूर्णं ब्रह्म सनातनम् ।
कृष्णरामस्वरूपेणोपदेशादर्शसिद्धये ॥ १
मनुष्यत्वं पुरस्कृत्य जनानां धर्महेतवे ।
नमामि रामं कृष्णं च प्रकटं पुरुषोत्तमम् ॥ २
वल्लभं शारदां व्यासं विघ्नेशं वाल्मिकिं मुनिम् ।
तुलसीसूरदासादीन्भक्तान्वन्दे कवीनहम् ॥ ३
अखण्डब्रह्मचारी यो वेणुनादेन मोहनः ।
गोपीनां च श्रुतीनां च तं वन्दे मोहनं हरिम् ॥ ४
युद्धस्य सारथीभूतं भीष्मस्यापि भयप्रदम् ।
अशस्त्रधारिणं ध्यात्वा मोहनं तं जगद्गुरुम् ॥ ५

ઉપોદ્ઘાત અધ્યાય

ઉપક્રમ—સત્યરૂપ, જ્ઞાનપૂર્ણ, અનંત, સનાતન, પૂર્ણબ્રહ્મસ્વરૂપ જે મનુષ્યોના આદર્શ અને ઉપદેશસિદ્ધિને માટે રામ અને કૃષ્ણસ્વરૂપે પૂર્ણ માનવતા પ્રકટ દેખાડીને મનુષ્યોના ધર્મસિદ્ધિના હેતુ માટે અવતરેલા છે, એવા પ્રકટ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને અને રામને પ્રણામ કરું છું. ૧–૨

શ્રી વલ્લભાચાર્યજીને, સરસ્વતી દેવીને, વ્યાસ મુનિને, વિઘ્ન હરનાર દેવને, વાલ્મીકિ મુનિને, શ્રી તુલસીદાસ સૂરદાસ વગેરે ભક્તકવિઓને વંદન કરું છું. ૩

[૧]અખંડબ્રહ્મચારી છતાં વેણુનાદથી ગોપીઓને અને વેદશ્રુતિઓને મોહ આપનાર શ્રીકૃષ્ણને વંદન કરું છું કે જેમણે [૨]યુદ્ધના સારથિ બની ભીષ્મને (ભયંકરને) પણ ભય આપ્યો, શસ્ત્રનો ત્યાગ કરતાં છતાં ભયંકરને ડરાવનાર જગદ્ગુરુ મોહનને (કૃષ્ણને) પ્રણમું છું. ૪–૫

(૧. ૨. શ્લેષ અલંકારથી આ શબ્દો મહાત્માજીમાં પણ ઘટે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्याग्रहकथां वक्ष्ये गीताचारित्र्यसंयुताम् ।
तथा मोहनमाहात्म्यं प्रमाणैः कल्पनाबलात् ॥ ६
किं तत्सत्यं किं स्वरूपं व्याख्या तस्यास्ति कीदृशी ।
कृतः केन तदाचारः प्रमाणं तत्र किं स्मृतम् ॥ ७
एतत्सर्वं समालोच्य शास्त्राभ्यासपुरःसरम् ।
गीताचारित्र्यसिद्धान्तां वक्ष्ये सत्यस्य संहिताम् ॥ ८
क्वाहं मन्दमतिः क्वासौ सत्याग्रहमहोदधिः ।
तथापि वर्णये किञ्चिन्मोहनस्य कृपाबलात् ॥ ९
सत्यं वक्ष्ये चरित्रं च तथाप्यत्र चमत्कृतौ ।
प्रसंगपुष्टिहेत्वर्थं करिष्ये कल्पनां क्वचित् ॥ १०
पूर्वं प्रमाणजनका कल्पना क्रियते मया ।
आचार्यस्य च शिष्याणां संवादोऽप्यत्र कल्पितः ॥ ११

ગીતાચારિત્ર્ય (ચારિત્ર્યમાં ઉતારેલી ગીતા) સાથે સત્યાગ્રહની કથા કહીશ તથા (ગીતાને જીવનમાં ઉતારનાર) શ્રી મોહનનું માહાત્મ્ય કલ્પના અને પ્રમાણથી કહીશ. ૬ એ સત્ય શું? તેનું સ્વરૂપ કેવું? તેની વ્યાખ્યા કયા પ્રકારે છે? એ સત્યને આચરણમાં કોણે મૂકયું? તેમાં શું પ્રમાણ? વગેરે સર્વની શાસ્ત્ર–અભ્યાસ પૂર્વક સમાલોચના કરીને, **સત્યસંહિતા** સાથે સિદ્ધાન્તાનુસાર–સત્યાગ્રહસંહિતા સાથે **ગીતાચારિત્ર્ય** યથામતિ કહીશ. ૭–૮

મન્દબુદ્ધિવાળો હું કયાં અને આ સત્યાગ્રહરૂપ મહાસાગર કયાં! છતાં મોહન (શ્રીકૃષ્ણ અને શ્રીમહાત્માજી) ના કૃપાબળથી કંઈક કહીશ. શ્રીમોહનના ચારિત્ર્યમાં તથા સત્યાગ્રહપ્રયોગમાં હું સંપૂર્ણ સત્યને અનુસરીશ, છતાં પ્રસંગને ચમત્કારિક અને સંપૂર્ણ બનાવવા (તેની ગૂંથણીમાં) કલ્પના પણ કરીશ. ૯–૧૦

આરંભમાં પ્રમાણ ઉત્પન્ન કરનારી હું કલ્પના કરું છું: આચાર્ય અને શિષ્યનો સંવાદ પણ કલ્પિત છે. ૧૧ સત્યાચાર્યની કથામાં સત્યસંહિતા અને મહાત્માજીનો જીવનકલાદેશ એ પ્રમાણભૂત છે **અને**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्याचार्यकथाभागे प्रमाणं सत्यसंहिता ।
कृष्णनारदसंवादस्तत्सत्यार्थत्वकल्पितः ॥ १२
करकमले संयोज्य प्रेम्णा प्रणतिं विधाय चरणेषु ।
याचे कृपां सुविदुषां क्षन्तव्यं चात्र दोषजनकं यत् ॥ १३
दोषो यदि स्यात्मम भाग्यभागभाग्
गुणो यदि स्यात्सकलो महात्मनः ।
विचार्य तन्मेऽल्पगुणं परिश्रमं
स्यात्सत्फलस्तद्विदुषां कृपाबलात् ॥ १४

कथाप्रसंगः

व्यास उवाच

वाराणस्यां महापुर्यां विश्वविद्यालये शुभे ।
धीरः शान्तो महाज्ञानी सर्वभाषाविशारदः ॥ १५
आचार्यः स्वसमान् शिष्यान् विधातुं कृतनिश्चयः ।
छात्राणामुपदेशाय पूर्णमानुष्यसिद्धये ॥ १६
व्याख्यानं कृतवान्श्रीमानाचार्यः शिष्यसंनिधौ ।
मानुष्यगुणपूर्णा मे शिष्या भवथ सज्जनाः ॥ १७

નારદ અને શ્રીકૃષ્ણનો સંવાદ કલ્પિત છે. ૧૨ બન્ને કરકમલ જોડીને પ્રેમપૂર્વક પ્રણામ કરીને વિદ્વાનોની કૃપા માગું છું કે આમાં કાંઇ દોષ જણાય તો ક્ષમા કરશો. ૧૩ આમાં જો કાંઈ દોષ હોય તો મારા ભાગે છે, ગુણ હોય તો શ્રીમહાત્માજીના છે. આ વિચારપૂર્વક મારા અલ્પગુણોવાળો પણ પરિશ્રમ વિદ્વાનોના કૃપાબલથી સફળ થાઓ. ૧૪

કથા–પ્રસંગઃ ગુરુ–શિષ્યસંવાદ

વ્યાસ કહે છે: શ્રી કાશી (બનારસ–વારાણુસી) નગરીમાં શ્રીવિશ્વવિદ્યાલયમાં ધીર શાન્ત મહાજ્ઞાની. સર્વ ભાષાઓના અભ્યાસી વિદ્વાન આચાર્ય (કુલપતિ) હતા. તે પોતાના સર્વ શિષ્યોને પોતાના સમાન બનાવવાનો નિશ્ચય કરીને તેઓના પૂર્ણ માનવતાના ગુણોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्यं नीतिर्दया प्रमाहिंसे निर्भयता क्षमा ।
औदार्यं धैर्यशौर्ये च तैर्नरा दशलक्षणाः ॥ १८

कामः क्रोधस्तथा लोभः स्वार्थो द्वेषप्रमादकौ ।
शाठ्यं जाड्यं मदो मोहस्त्याज्यास्ते दश मानवैः ॥ १९

रहिता दशभिश्चेत्थं युताश्च दशभिर्गुणैः ।
भविष्यन्ति भवन्तश्चेन्मानुषं जन्म सत्फलम् ॥ २०

उत्थाय नमनं कृत्वा तत्रैकः शिष्य उत्तमः ।
प्रश्नं चकार विधिवद्धर्मस्य ज्ञानहेतवे ॥ २१

शिष्य उवाच

भगवन्मानवो धर्मः कथितो भवता यथा ।
कलावाचरणायायमशक्यः सर्वथा जनैः ॥ २२

कथमाचरणीयः स्यादादर्शं तस्य नो वद ।
येनैवाचरितः पूर्णो धर्मोऽयं दशभिर्गुणैः ॥ २३

સિદ્ધિ માટે ઉપદેશમાં વ્યાખ્યાન કરતા હતા કે હે શિષ્યો, તમો સર્વ પૂર્ણ માનવતાના ગુણવાળા સજ્જન બનો. ૧૫–૧૬–૧૭ સત્ય, નીતિ, દયા, પ્રેમ, અહિંસા, નિર્ભયતા, ક્ષમા (સહનશીલતા), ઉદારતા, ધૈર્ય (ધીરજ), શૌર્ય (પરાક્રમ) આ દશ મનુષ્યોનાં લક્ષણ છે. કામ (વસ્તુઓના ભોગ–ઇચ્છા), ક્રોધ (આવેશ), લોભ (વધારે મેળવવાની ઇચ્છા), સ્વાર્થ (પોતાનું સારું બનાવવાની ઇચ્છા), દ્વેષ (ઈર્ષ્યા), પ્રમાદ (આળસ), શઠતા (લુચ્ચાઈ), જડતા (મૂર્ખાઇ), મદ (અહંકાર), મોહ (સ્વાર્થી પ્રેમ) આ દશ દોષોનો ત્યાગ કરવો. ૧૯ આ દશ ઉપર્યુક્ત ગુણવાળા અને દશ ત્યાગ કરવા યોગ્ય દોષો રહિત તમો જો થશો તો માનવજન્મ સફલ થયો ગણાશે. ૨૦

એક હોશિયાર શિષ્ય ઊભો થઇ પ્રણામ કરી, વિધિપૂર્વક માનવધર્મના જ્ઞાનની સિદ્ધિ માટે પ્રશ્ન કરવા લાગ્યો. ૨૧

શિષ્ય કહે છે : પ્રભો, આપે કહ્યો તે પ્રમાણેનો માનવધર્મ આ કલિયુગમાં મનુષ્યોએ આચરણમાં મૂકવો અશક્ય છે, માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आचार्य उवाच

सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रविः ।
तद्वत्सत्याग्रहश्चेत्स्यात्सुलभः सर्वथा भवेत् ॥ २४

शिष्य उवाच

सत्याग्रहः क्व उत्पन्नः केनैवाचरितः कथम् ।
कस्मिन्युगे कदा कुत्र सर्वं वद सुविस्तरम् ॥ २५

आचार्य उवाच

कर्मण्येकं मनस्येकं वचस्येकं महात्मनाम् ।
इति वाक्यानुसारेण प्रत्यक्षे च परोक्षके ॥ २६
शुद्धचित्तेनानुभूतं तत्सत्यमभिधीयते ।
स्वार्थेनैव प्रलोभेन कामेनाऽपि भयेन वा ॥ २७

જેણે પૂર્ણરૂપ આ ધર્મ આચરણમાં મૂકયો હોય એવો એક આદર્શ (દશલક્ષણવાળો દોષોનો ત્યાગ કરી દશ ગુણોના પાલનપૂર્વક જેણે માનવધર્મ જીવનમાં ઉતાર્યો હોય તેવો દાખલો) અમને કહો. ૨૨–૨૩

આચાર્ય કહે છે : સત્યથી પૃથ્વી ધારણ કરાય છે. સત્યથી સૂર્ય તપે છે. તે પ્રમાણે સત્યનો આગ્રહ હોય તો સર્વ રીતે આ ધર્મપાલન સુલભ છે. ૨૪

શિષ્ય કહે છે : આ સત્યાગ્રહ કયાં ઉત્પન્ન થયો, તેનું આચરણ કોણે કેવી રીતે કર્યું, કયા યુગમાં (કયા સમયે) કયા સ્થાને કઈ રીતે, આ સર્વ વિસ્તારથી કહો. ૨૫

સત્યાગ્રહનું સ્વરૂપ અને પરંપરા

આચાર્ય કહે છે : મહાપુરુષોને બોલવામાં મનમાં અને આચરવામાં એક જ પ્રકાર હોય છે. (દુરાત્માને મનમા બોલવામાં આચવામાં જુદું હોય છે.) એ વચન પ્રમાણે લોકોના સમીપમાં કે એકાન્તમાં (પ્રત્યક્ષ કે પરોક્ષમાં) શુદ્ધ ચિત્તે જે એક વસ્તુનો સાચો અનુભવ તેનું નામ સત્ય! સ્વાર્થથી–પ્રલોભનથી (લોભથી) કામનાથી કે ભયથી સત્યને અવળી રીતે રજૂ કરવામાં આવે તેનું નામ અસત્ય છે. ૨૬–૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विपरीतं भवेत्सत्यं तदसत्यं न संशयः ।
सत्यं चेत्प्रतिकूलं स्यात् कष्टदं वा भयावहम् ॥ २८
विरुद्धाश्च भवेयुश्चेत्तत्र सर्वेऽपि मानवाः ।
तथापि दृढता तत्र सत्याग्रह इति स्मृतः ॥ २९
अहिंसा सत्यमस्तेयं कामक्रोधविवर्जनम् ।
निर्लोभिता जगत्प्रेम वैराग्यमपरिग्रहः ॥ ३०
सत्याग्रहस्य चाङ्गानि प्रेम्णस्त्यागस्य पूर्णता ।
मनसा वचसा वापि जन्तोः क्वचन कर्मणा ॥ ३१
दुःखप्रदो बुद्धिपूर्वं न स्यात्सोऽयमहिंसकः ।
सत्यं व्याख्यातपूर्वं तु काम इच्छासमुद्भवः ॥ ३२
कामापूर्तिविकारस्तु क्रोध इत्यभिधीयते ।
ग्रहणं स्वोपभोगार्थं परोक्षे परवस्तुनः ॥ ३३
स्तेयं तत्कथितं शास्त्रे ह्यस्तेयं तद्विसर्जनम् ।
स्वोपयोगाधिकाशा या तृष्णा सा कथिता बुधैः ॥ ३४

સત્ય પ્રતિકૂલ (ન બની શકે–શ્રમ પડે તેવું) હોય, કષ્ટદાયી હોય, ભય ઉપજાવે તેવું હોય. બધા મનુષ્યો વિરોધી થાય તોપણ તેને ઓળખી તેમાં દૃઢ રહેવું એનું નામ સત્યાગ્રહ છે. ૨૮–૨૯ અહિંસા, સત્ય, ચોરી ન કરવી, કામત્યાગ, ક્રોધત્યાગ, નિર્લોભતા, જગતના સર્વ માનવો પ્રતિ પ્રેમ, અપરિગ્રહ (વધારે પડતું ન લેવું) વૈરાગ્ય એ સત્યાગ્રહનાં અંગો છે. અને પ્રેમપૂર્વક ત્યાગ એ જ પૂર્ણ ત્યાગ ગણાય છે. ૩૦ મન વાણી અને કર્મથી કોઈપણ માણસને બુદ્ધિપૂર્વક જે દુઃખ આપતો નથી તે ખરો અહિંસક છે. ૩૧ સત્યની વ્યાખ્યા ઉપર કહી છે. ઇચ્છાથી ભોગવવાની વૃત્તિ થવી એનું નામ કામ. કામ (ઇચ્છા) પૂર્ણ ન થાય તેથી આવેશ આવી વિકાર થાય તે ક્રોધ. ૩૨ પોતાના ઉપભોગને માટે પરાઇ વસ્તુને તેની ગેરહાજરીમાં ખાનગી લેવી તેનું નામ સ્તેય (ચોરી). તે ન કરવું તે અસ્તેય. ૩૩ પોતાની જરૂરિયાત કરતાં વધારે મેળવવાની આશા તે તૃષ્ણા. તૃષ્ણાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तृष्णासमुद्भवो लोभो निर्लोभो लोभवर्जनम् ।
समत्वं सर्वभूतेषु स्वात्मानमवलोकयन् ॥ ३५
सर्वत्र प्रीतियुक्तो यः स शुद्धं प्रेमभाजनम् ।
आसक्तिर्भोग्यकामेषु मोहनामा महारिपुः ॥ ३६
त्याज्यभावेन याऽप्रीतिर्वैराग्यं तत्सुनिश्चितम् ।
ग्रहणं वस्तुमात्रस्य यावदर्थमयाचितम् ॥ ३७
अपरिग्रह इत्युक्तो कामलोभविवर्जितः ।
एते गुणाः स्वभावस्थाः सत्याग्रहपरस्य हि ॥ ३८
इति वः कथिता व्याख्या सत्याग्रहसमुद्भवा ।
पूर्णः सत्याग्रहः सोऽयं सर्वाङ्गैः संयुतो भवेत् ॥ ३९
कृतः सत्याग्रहः सत्ये हरिश्चन्द्रेण धीमता ।
प्रह्लादेनापि भक्तेन जनके चक्रवर्तिनि ॥ ४०
शुक्राचार्ये च बलिना स्वोक्तनिर्वाहसिद्धये ।
विभीषणेन त्रेतायां रावणे स्वसहोदरे ॥ ४१

ઉત્પન્ન થયેલો વિકાર તે લોભ. લોભત્યાગ તે નિર્લોભતા. ૩૪ સર્વ પ્રાણીમાત્રમાં પોતાના જ આત્માને જોવો અને તેથી સમાન પ્રીતિ કરવી તેનું નામ પ્રેમ. (શુદ્ધપ્રેમી સર્વપ્રેમી વિશ્વપ્રેમી હોય છે.) ૩૫ ભોગ્ય (ભોગવવા લાયક) વસ્તુઓમાં આસક્તિ તે મોહ, અને મોહ-રૂપ શત્રુના ત્યાગની ભાવનાથી અપ્રીતિ એ વૈરાગ્ય ગણાય. ૩૬ જરૂ-રિયાત વસ્તુ માત્ર જોઈતી જ માગ્યા વિના મળે તે ગ્રહણ કરવી, કામ-લોભરહિત વૃત્તિવાળા થવું એ અપરિગ્રહ. એ સત્યાગ્રહીના સ્વાભાવિક ગુણો હોય. આ પ્રમાણે મેં તમોને સત્યાગ્રહની વ્યાખ્યા કહી. સર્વાંગપૂર્ણ હોય તો જ તે શુદ્ધ સત્યાગ્રહ કહેવાય. ૩૭–૩૮–૩૯ સત્યયુગે હરિશ્ચન્દ્ર રાજાએ સત્યાગ્રહ કર્યો. તેમજ ચક્રવર્તી એવા પોતાના પિતા સામે પ્રહ્લાદજીએ સત્યાગ્રહ કર્યો. પોતાના વચનને નિભાવવા શ્રીબલિરાજાએ શુક્રાચાર્ય સામે સત્યાગ્રહ કર્યો (અને વામનને દાન આપ્યું.) ત્રેતાયુગમાં વિભીષણે પોતાના મોટા ભાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भरतेनैवाचरितः कैकेय्यीं मातर प्रति ।
जरासंधे नृपतिभिः कंसं प्रति च यादवैः ॥ ४२
पितामहेन भीष्मेण द्वापरे ब्रह्मचारिणा ।
चरितस्तत्प्रतिज्ञाय श्रीकृष्णेनानुमोदितः ॥ ४३
कलौ प्राप्ते महायोगी नारदो मुनिसत्तमः ।
तीर्थयात्राप्रसंगेन भारतं समुपागतः ॥ ४४
पृथिव्यां मानवान्दृष्ट्वा भिन्नमार्गव्यवस्थितान् ।
मनुष्यत्वेन रहितान्निमग्नान्स्वार्थकामयोः ॥ ४५
शोकसागरसंमग्नो मनसीदमचिन्तयत् ।
आदर्शो मानवत्वस्य न कोऽप्यत्र विलोक्यते ॥ ४६
यं दृष्ट्वा मानवं धर्ममाचरेयुः कलौ जनाः ।
अहिंसा सत्यमस्तेयं समत्वं प्रेम जन्तुषु ॥ ४७
ब्रह्मचर्यं तथा नीतिर्विषयेषु विरागिता ।
भगवन्नामशरणं पृथिव्याः किं पलायितम् ॥ ४८

રાવણ સામે સત્યાગ્રહ કર્યો. ૪૦–૪૧ શ્રીભરતજીએ પોતાની કૈકેયી માતા સામે સત્યગ્રાહ કર્યો. (રામને છોડી રાજ્ય ન લીધું.) બધા રાજાઓ ૨૦૮૦૦ વીસહજાર આઠસોએ જરાસંધ સામે સત્યાગ્રહ કર્યો, કેદ સ્વીકારી. યાદવાએ કંસ સામે કર્યો, ૪૨ દ્વાપરયુગમાં બ્રહ્મચારી પિતામહ ભીષ્મે સત્યાગ્રહ કર્યો અને ભગવાન શ્રીકૃષ્ણે તેને અનુમોદન આપ્યું. ૪૩

કથારંભ: કલિયુગમાં આ સત્યાગ્રહ દુર્લભ છે. આવું જાણનારા ત્રિકાલજ્ઞ નારદ મુનિ તીર્થયાત્રાપ્રસંગે ભારતમાં આવ્યા. ૪૪ પૃથ્વીમાં આવી તેમણે જોયું કે જુદા જુદા માર્ગમાં ગોઠવાયેલા સ્વાર્થકામ અને દંભમાં દબાયેલા મનુષ્યો માનવધર્મથી રહિત થયા છે. આ વિચાર કરતાં કરતાં શ્રીનારદમુનિ શોકસાગરમાં ડૂબવા લાગ્યા કે તમામ મનુષ્યમાત્રને આદર્શરૂપ બને એવો એક પણ પુરુષ આ જગતમાં નથી કે જેને જોઇને કલિયુગના માનવો માનવધર્મ પાળી શકે! ૪૪–૪૫–૪૬ અહિંસા, સત્ય, અસ્તેય, સમાનતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एकान्ते मानवं धर्ममाचरन्ति महानराः ।
आदर्शाय मनुष्याणां न संपूर्णः कदाचन ॥ ४९
तादृशः पुरुषो भूयात्कलौ नैवेति शङ्कया ।
नारदो भगवल्लोकं वैकुण्ठं संजगाम हि ॥ ५०
तत्रासौ द्वारपालेन विजयेन प्रवेशितः ।
लक्ष्म्या सह स्थितं देवं रत्नसिंहासने शुभे ॥ ५१
पीताम्बरं घनश्यामं श्रीकृष्णं पुरुषोत्तमम् ।
चतुर्भुजं शङ्खचक्रगदापद्मादिशोभितम् ॥ ५२
आनन्दपूर्णं देवेशं दृष्ट्वा हर्षमुपागतः ।
साष्टाङ्गप्रणिपातेन नमश्चक्रे स्वभावतः ॥ ५३
अश्रुपूर्णं विह्वलाक्षं नारदं ब्रह्मचारिणम् ।
परोपकरणार्थाय कटिबद्धमुपस्थितम् ॥ ५४
स्वकराभ्यां समुत्थाप्य देवो नारायणः स्वयम् ।
कृपापूर्णास्यनयनो नारदं मुनिमब्रवीत् ॥ ५५

પ્રાણીમાં પ્રેમ, બ્રહ્મચર્ય, નીતિ, વિષયોમાં વિરાગ, ભગવાનનું નામ-સ્મરણ, આ બધું શું પૃથ્વીમાંથી જતું રહ્યું? ૪૭–૪૮ એકાન્તમાં કદાપિ કોઇ મહાત્માઓ માનવધર્મનું આચરણ કરતા હોય, પણ સામાન્ય જનસમાજને તે આદર્શરૂપ સંપૂર્ણ ન હોઇ શકે. ૪૯ આવો પુરુષ બધા માનવોને માનવધર્મ આચરી શીખવે એવો પૃથ્વીમાં ઉત્પન્ન થાય કે ન થાય, એ શંકાથી તેવા પુરુષની ઉત્પત્તિ માટે શ્રીનારદ વૈકુંઠ લોકમાં ગયા. શ્રી વૈકુંઠમાં વિજય નામના દ્વાર-પાલે નારદજીને પ્રવેશ કરાવ્યો તો તેમણે રત્નસિંહાસન ઉપર વિરા-જેલા ચાર–ભુજાવાળા, શંખ ચક્ર ગદા પદ્મને ધારણ કરનારા, પીતાંબર પહેરેલા શ્રી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આનન્દઘનને જોયા. દર્શનથી ખૂબ હર્ષ પામ્યા અને સ્વાભાવિક રીતે જ શ્રીકૃષ્ણને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પરોપકાર માટે કટિબદ્ધ થયેલા આંખમાં અશ્રુવાળા વિહ્વળ બનેલા શ્રીનારદને પોતાના કરકમલથી બેઠા કરી (ઉઠાડી) કૃપાકટાક્ષે નેત્રો પૂર્ણ ભરીને પ્રસન્નમુખવાળા શ્રીકૃષ્ણ નારદને કહેવા લાગ્યા. ૫૦–૫૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीभगवानुवाच

धन्योऽसि नारद त्वं तु लोकानुग्रहकारकः ।
हृदयं ते परिज्ञातं मयान्तर्यामिभावतः ॥ ५६
आदर्शाय मनुष्याणां सत्यस्याचरणाय च ।
प्रेम्णः प्रतिकृतिं वत्स महात्मानं त्वमिच्छसि ॥ ५७
यस्योपदेशाचरणे दृढतामनुभाव्य च ।
शिक्षेयुर्मानवं धर्मं पूर्णं प्राकृतिका जनाः ॥ ५८
मा चिन्तां कुरु देवर्षे तत्सर्वं विहितं मया ।
गीताया उपदेशाय तथैवाचरणाय च ॥ ५९
तादृशः पुरुषो लोके वैक्रमे चोनविंशके ।
सपादे शतकेऽब्दे च भारते भविता महान् ॥ ६०
पूर्वं गाङ्गाधरिर्ज्ञानी तिलकान्वयजो द्विजः ।
बालनामा महाबुद्धिर्लोकमान्यो भविष्यति ॥ ६१
मदुक्तगीतास्वारस्यं कर्मयोगं प्रवर्तयन् ।
स्वातन्त्र्योद्‌घोषणं कृत्वा भूमिशुद्धिं करिष्यति ॥ ६२

તિલકમહારાજનું ગીતાજીવન-યોગશાસ્ત્ર

ભગવાન કહે છે : નારદ, તને ધન્ય છે ! લોકના પ્રતિ કૃપા કરવાવાળો તું છે, મેં અંતર્યામી તરીકે તારું હૃદય તપાસ્યું છે. મનુષ્ય માત્રને સત્યના આચરણ માટેના આદર્શરૂપ એક પ્રેમમૂર્તિ મહાપુરુષને ઉત્પન્ન થવા માટે મારી અભિલાષા છે કે જેના ઉપદેશ અને આચરણને લક્ષ્યમાં રાખી સામાન્ય માણસો પૂર્ણ માનવતાને શીખી શકે. ૫૬–૫૭–૫૮ હે દેવર્ષિ, ચિન્તા ન કરીશ, તારી ઇચ્છા પ્રમાણે નિર્માણ મેં કર્યું છે. વિક્રમ સંવતના સવા ઓગણીસસો (૧૯૨૫) વર્ષે ગીતાના ઉપદેશ અને આચરણને જીવનમાં પૂર્ણપણે ઉતારી શકે તેવો મહાપુરુષ ઉત્પન્ન થવાનો છે. ૫૯–૬૦ તે પહેલાં ચૌદ વર્ષ પૂર્વે) ગંગાધર નામના બ્રાહ્મણને ત્યાં બાલ નામનો મહાજ્ઞાની પુરુષ ઉત્પન્ન થશે અને તે લોકને માન્ય હોવાથી લોકોએ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वशास्त्रार्थसंदोहं गीतायां संचितं मया ।
तद्व्याख्यानेन लोकेभ्यः कर्म ज्ञानं प्रदास्यति ॥ ६३
स्वातन्त्र्यं तु मनुष्याणां जन्मसिद्धं वशस्थितम् ।
राज्यं प्रजावशस्थं च पराधीना न मानवाः ॥ ६४
स्वराज्यं चेद्वशस्थं स्यात् स्वाराज्यं प्राप्नुयुस्तदा ।
इति स्वातन्त्र्यमार्गेषु मनुष्यान्योजयिष्यति ॥ ६५
गीतायाः कर्मयोगस्याचार्यो गङ्गाधरात्मजः ।
बालः प्रथयिता गीताशास्त्रं तत्कर्मयोगजम् ॥ ६६
तदा मदंशजनितो मद्भक्तस्य पुरे कुले ।
मानुष्यगुणपूर्णोऽयं महात्मा संभविष्यति ॥ ६७
गीतावाक्यानि सर्वाणि चारित्र्ये स्थापयिष्यति ।
सोऽयं पूर्णो मनुष्यः स्यादिति मे शुभवाञ्छना ॥ ६८

હશે તે 'લોકમાન્ય' સંજ્ઞાને ધારણ કરશે. મારા ગીતાના ઉપદેશને સમજી ગીતારહસ્ય અથવા કર્મયોગ શાસ્ત્ર રચી, કર્મયોગને ગીતા અનુકૂળ બનાવશે. મનુષ્ય (પરતંત્ર પ્રાણી નથી) સ્વતંત્ર રહેવા લાયક છે, એ પ્રમાણે સ્વાતંત્ર્યની ઘોષણા કરશે. ભૂમિશુદ્ધિ કરી, સર્વ શાસ્ત્રોના સારરૂપ ગીતાઉપદેશને કર્મપરાયણ બનાવી તેના વ્યાખ્યાનથી મનુષ્યોને સાચું કર્મયોગનું જ્ઞાન આપશે. ૬૧-૬૨-૬૩ સ્વતંત્ર રહેવું એ મનુષ્યોનો જન્મસિદ્ધ હક્ક છે, રાજ્ય પ્રજાને અધીન હોવું જોઇએ, એક અગર અમુક મનુષ્યોને અધીન પ્રજા પરાધીન ન હોવી જોઇએ, આ વાદને જાહેર કરશે. ૬૪ સ્વરાજ્ય (પોતાના દેશમાં પોતાનું રાજ્ય) હોય તો જ સ્વારાજ્ય=મોક્ષને મેળવવા મનુષ્ય અધિકારી છે, મોક્ષ પામી શકે છે; એ પ્રમાણે સ્વાતંત્ર્યના માર્ગે મનુષ્યોને જોડશે. તે ગંગાધરનો પુત્ર બાલ ગીતાના કર્મયોગનો આચાર્ય બની કર્મયોગને સિદ્ધાન્તરૂપે સિદ્ધ કરશે. ૬૫-૬૬ ત્યાર પછી મારા અંશરૂપ એવો મહાપુરુષ મારા ભક્તના (સુદામાજીના) નગરમાં અને ભક્તોના કુલમાં સર્વ મનુષ્યોને આદર્શરૂપ એવો માનવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यथा श्रीरामचरितं मुनिवाल्मीकिना कृतम् ।
जन्मतः पूर्वमेवास्य सत्याचार्यो वदिष्यति ॥ ६९
मदिच्छया कलियुगे नृपविक्रमसंनिधौ ।
सत्याचार्याभिधो विद्वान् कालज्ञान्यागमिष्यति ॥ ७०
पूर्वापरं चरित्रं तु विक्रमाय वदिष्यति ।
कार्यं कृतं मया पूर्वं निमित्तं भव नारद ॥ ७१

आचार्य उवाच

भगवद्वचनैरेवं संतुष्टो नारदो मुनिः ।
सत्याचार्यस्य हृदयं काले प्राप्ते प्रविष्टवान् ॥ ७२
गणितज्ञो महाप्राज्ञो ज्योतिःशास्त्रविशारदः ।
महायोगो महाज्ञानी देवतागुरुभक्तिमान् ॥ ७३
सर्वसिद्धान्तवेत्ता च तत्त्ववित्तत्त्वबोधकः ।
भूतं भव्यं वर्तमानं प्रत्यक्षं वेत्ति बुद्धिमान् ॥ ७४
सत्याचार्यो महाविद्वान् तपस्वी ब्राह्मणोत्तमः ।
विक्रमस्य महाराज्ञः सभायां दैवयोगतः ॥ ७५

ધર્મથી પૂર્ણપુરુષ ઉત્પન્ન થશે. ગીતાનાં સર્વ વચનોને પોતાના આચરણમાં અને ચારિત્ર્યમાં ઉતારશે–મૂકશે. એ પુરુષ પૂર્ણ મનુષ્ય થશે એવી મારી શુભેચ્છા છે. ૬૭–૬૮ જેમ શ્રીરામચંદ્રના જન્મ પહેલાં વાલ્મીકિ મુનિએ તેમનું ચરિત્ર (શ્રીરામાયણ) રચ્યું છે, તેમ આ પુરુષનું ટૂંકું ચરિત્ર સત્યાચાર્ય નામના ભવિષ્યવેત્તા (બે હજાર વર્ષ પહેલાં કહેશે). ૬૯ મારી ઇચ્છાનુસાર કલિયુગમાં વિક્રમ રાજા પાસે સત્યાચાર્ય નામનો વિદ્વાન આવશે, તે ત્રિકાલજ્ઞ હોવાથી પૂર્વાપરચરિત્ર વિક્રમ પાસે સર્વનું કહેતાં આ પુરુષનું પણ કહેશે. આ સર્વ નિર્માણ થયું છે, માટે હે નારદ, તું નિમિત્તરૂપ બન. ૭૦–૭૧

આચાર્ય કહે છે : આ પ્રમાણે ભગવાનના વચનથી સંતુષ્ટ થયેલા નારદ મુનિએ પ્રભુની ઇચ્છા પ્રમાણે યોગશક્તિથી સમય આવતાં સત્યાચાર્યના હૃદયમાં પ્રવેશ કર્યો. અને તે પ્રમાણે નારદના પ્રેરણાબલથી મહાબુદ્ધિમાન અને ગણિત ફલાદેશ સાથે સંપૂર્ણ જ્યોતિષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कदाचिदागतः श्रीमान्नारदप्रेरणाबलात् ।
समागतं तथा दृष्ट्वा पूजां कृत्वा यथाविधि ॥ ७६
महाराजो विक्रमश्च प्रश्नं चक्रे महामुनिम् ।

विक्रम उवाच

भविष्यं सर्वभूतानां वद मां मुनिसत्तम ।
तत्र पूर्णो मनुष्यः स्यात्कलौ नैवेति वा वद ॥ ७७

सत्याचार्य उवाच

महाराज भवत्स्नेहात्प्रकाशं क्रियते मया ।
भविष्यं जायमानानां सर्वेषां जगतो नृणाम् ॥ ७८
भूता भवन्ति सर्वत्र भविष्यन्त्यथवा नराः ।
पूर्णः सर्वगुणैरेको भविता मनुजेश्वरः ॥ ७९
पञ्चविंशाधिके प्राप्ते संवदेकोनविंशके ।
शतके भवतश्चात्र मासे भाद्रपदेऽसिते ।
द्वादश्यां भविता श्रीमान्पूर्णमानवविग्रहः ॥ ८०

શાસ્ત્રને જાણનાર, મહાયોગી મહાજ્ઞાની, દેવગુરુમાં ભક્તિમાન, તત્ત્વ-ચિન્તક, સર્વ સિદ્ધાન્તને જાણનાર, ભૂત ભવિષ્ય અને વર્તમાનના બનાવોને પ્રત્યક્ષ કરાવનાર, તપસ્વી સત્યાચાર્ય નામના ઉત્તમ બ્રાહ્મણ કોઈ સમયે વિક્રમ મહારાજની સભામાં આવ્યા. તેમની વિધિ પ્રમાણે પૂજા કરી મહારાજ વિક્રમ પ્રશ્ન કરવા લાગ્યા. ૭૨–૭૬

વિક્રમ કહે છે : આપ મનુષ્યોના ભૂતકાલને અને ભવિષ્યને જાણો છે તો માનવગુણથી પૂર્ણ એવા પુરુષ કલિયુગમાં ઉત્પન્ન થશે કે નહિ તે કહો. ૭૭

સત્યાચાર્ય કહે છે: મહારાજ, આપના સ્નેહથી ઉત્પન્ન થનારા જગતના સર્વ મનુષ્યોનું ભવિષ્યફલ હું કહું છું. અને તે પ્રમાણે ઉત્પન્ન થયેલા થતા અને થનારા તમામ મનુષ્યોમાં સર્વ માનવ-ગુણોથી પૂર્ણ એક પુરુષ થશે. ૭૮–૭૯ આપના સંવત્સરના ઓગ-ણીસસો પચીસમા વર્ષે ભાદરવા વદિ બારસને દિવસે પૂર્ણમનુષ્યાવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बुधे भृगौ भूमिसुते च लग्ने
मन्देलिगे मेषगते सुरेज्ये ।
कन्यादिनेशे मृगनार्धचन्द्रे
राहौ कुलीरे तुललग्ननामा ॥ ८१
कुञ्जरांशे पूर्वभागे तुलालग्नस्य जातके ।
वैश्यजन्मा सुखी जातो विष्णुभक्तमताश्रयी ॥ ८२

॥ महात्मनो जन्मलग्नम् ॥



नानाज्ञातिजनाकीर्णे पश्चिमप्रान्तदेशगे ।
नगरे जननं चास्य पुण्यक्षेत्रे भविष्यति ॥ ८३

તાર (માનવ છતાં પૂર્ણગુણસંપન્ન) માનવદેહધારી થશે. ૮૦ જન્મકુંડલીમાં તુલાલગ્ન હશે. અને લગ્ને બુધ મંગળ શુક્ર રહેશે. વૃશ્ચિકમાં ધનભવનમાં શનિ હશે. સાતમા સ્થાનમાં પત્નીભવનમાં દેવગુરુ મેષ લગ્નમાં હશે (જે પતિવ્રતાપતિ થવાનો યોગ છે). બારમા સ્થાનમાં કન્યાનો સૂર્ય, અગિયારમે સિંહના ચન્દ્ર, દશમે રાજ્ય-ભવનમાં કર્કનો રાહુ (આ જેલયાત્રાનો યોગ છે), આ પ્રમાણે ગ્રહો રહેશે. તુલાલગ્નના કુંજરાંશમાં પૂર્વ ભાગમાં આ તુલા લગ્નમાં જન્મેલો બાળક વૈશ્ય જાતિમાં જન્મેલો, વિષ્ણુની ભક્તિના માર્ગ અને મતના આશ્રયી કુલમાં થશે. ૮૧-૮૨ ભારતના પશ્ચિમ પ્રાન્તના પવિત્ર નગરમાં જુદી જુદી જાતોથી વસાયેલામાં આ પુરુષનો જન્મ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जातको दीर्घजीवी च प्रसन्नमुखनेत्रवान् ।
समाङ्गः समदेही च किञ्चिच्छ्यामशरीरवान् ॥ ८४
सात्त्विको धर्मशीलश्च साक्षात्सत्त्वशरीरभाक् ।
देशभाषा-देवभाषा-नीचभाषाविशारदः ॥ ८५
मृदुभाषी सत्यभाषी सारभाषी भवेन्नरः ।
सत्याग्रही प्रेममूर्तिस्तथाऽहिंसापरायणः ॥ ८६
आगामिसूचनाबुद्धिः परेषां बुद्धिदायकः ।
माता गुणवती साध्वी मध्यायुर्वर्तिका भवेत् ॥ ८७
स्वपिता राजमन्त्री च राजन्यजनमित्रवान् ।
षोडशाब्दे पितृनाशो: द्वाविंशे मातृनाशनम् ॥ ८८
विंशे पूर्वे तथाकाले विदेशे पठनं भवेत् ।
नीतिशास्त्रप्रसङ्गादिर्बुद्धिमेति पदे पदे ॥ ८९

તે લાંબું જીવનારો, પ્રસન્ન મુખ નેત્રવાળો, સમાન અંગ અવયવો-વાળો, સહેજ (ગૌર) શ્યામવર્ણવાળો, ધર્મનિષ્ઠ, સાત્ત્વિક સ્વભાવ-યુક્ત, સાદા જીવનવાળો આ પુરુષ સ્વદેશભાષા (ગુજરાતી), દેવભાષા (સંસ્કૃત), નીચભાષા (અંગ્રેજી)માં પ્રવીણ, મીઠું કોમળ બોલનાર, સત્ય અને સારરૂપ વાણીવાળો, સત્યનો આગ્રહી, પ્રેમનું સ્વરૂપ અને અહિંસાપરાયણ થશે. ૮૩-૮૪-૮૫-૮૬ આગામી (ભવિષ્યની) સૂચનાવાળી બુદ્ધિવાળો, બીજાં અનેક જનોનો સત્ય સલાહકાર થશે. એની માતા ગુણવાળી સતી મધ્યમ-આયુષ્યવાળી હશે. તેના પિતા રાજ્યના મંત્રી સરકારી પુરુષોના પ્રીતિપાત્ર હશે. સોળમે વર્ષે પિતાનો અને બાવીસમે વર્ષે માતાનો નાશ થશે. આ પુરુષ વીસમા વર્ષ પહેલાં પરદેશ જશે અને નીતિશાસ્ત્રના પ્રસંગોમાં જીવનમાં પગલે પગલે પોતાની બુદ્ધિએ ચાલશે. ૮૭-૮૮-૮૯ આ પુરુષ બત્રીસમે વર્ષે પરદેશ બીજા દ્વીપમાં નિવાસ કરશે. [૧]ન્યાયનો પરીક્ષક (વકીલ), ન્યાયનો

૧. બે હજાર વર્ષે પૂર્વે આ લખાયું ત્યારે વકીલ જજના ભેદો ન હતા. બીજા ગ્રંથોમાં 'પ્રાડવિવાક' શબ્દ જ મળે છે. અહીં જ જૂના સમયમાં આ શબ્દ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वात्रिंशे वत्सरे काले द्वीपान्तरनिवासनम् ।
न्यायदर्शी न्यायवादी नानाविद्याविशारदः ॥ ९०
बाधन्ते सकलां भूमिं हूणपर्यायराक्षसाः ।
जनभारे विनम्रा च भूमिर्विष्णुमुपेयुषी ॥ ९१
हूणानां म्लेच्छजातीनां नाशनाय जगाद सा ।
गच्छ शीघ्रं ममांशेन तत्र स्वास्थ्यं करोमि च ॥ ९२
इति भूमिं समाश्वास्य विष्णुना कथितं स्वयम् ।
विष्णोरंशो भवेज्जातो रक्षणार्थं भुवं गतः ॥ ९३
देवांशोऽयं भवेज्जातो मानुषं रूपमास्थितः ।
विष्णोरंशश्च जायेत इति सत्यस्य संमतम् ॥ ९४
कृष्णदेवे तथा रामे भक्तिश्चास्य भविष्यति ।
कृते नृसिंहरूपेण त्रेतायां रघुरूपतः ॥ ९५

વાદી (ન્યાય રજૂ કરનાર જજ્જ) બૅરિસ્ટર થશે. ભારતની ઘણી ખરી ભાષાઓ અને પરદેશી ભાષા અને જુદી જુદી અનેક વિદ્યાનો (શાસ્ત્રીય અને મજૂરીની) વિદ્યાનો જાણકાર થશે. ૯૦ હૂણ નામના હૂણ (હબસી) સમાન પ્રકૃતિવાળા અનેક રાક્ષસી બુદ્ધિજીવનવાળા આખી પૃથ્વીને ગુલામ બનાવવા મથતા હતા, આવાં (હિંસક–સ્વાર્થ ક્રૂર) મનુષ્યોના ભારથી નમેલી પૃથ્વી બ્રહ્માની મારફતે તે સાથે ભગવાનને શરણે ગઇ. ભગવાને જવાબ આપ્યો : તું જા. તારું સુખ હું આચરીશ. મારો અંશ પૃથ્વીમાં પ્રકટ થશે. આ વચનથી કલિયુગ માટે આ પુરુષ તમામ માનવ જાતિની પરતંત્રતાના વિનાશ માટે જન્મશે અને દરેકને આત્મભાન કરાવી સ્વસ્વરૂપની ઓળખાણ કરાવશે. ૯૧–૯૨–૯૩

મનુષ્યમાં રહેલો આ દેવાંશી પુરુષ થશે–ભગવાનનો અંશ થશે, એમ સત્યાચાર્યની મતિ છે. શ્રીકૃષ્ણ અને રામમાં તેની ભક્તિ થશે. સત્યયુગે નૃસિંહરૂપે, ત્રેતાયુગે શ્રીરામરૂપે, દ્વાપરમાં શ્રીકૃષ્ણરૂપે રક્ષા કરી તેમ કલિયુગમાં મારા અંશરૂપે આ પુરુષ રક્ષા કરશે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वापरे कृष्णरूपेण कलावंशेन जायते ।
पञ्चसाहस्रके जाते कलौ वर्षे भवेदयम् ॥ ९६
ईदृशानां तु महतां विरलं जन्म जायते ।
यथा नभसि ताराश्च नद्याश्च सिकता यथा ॥ ९७
एवं गुणगणांस्तस्य गणितुं नैव शक्यते ।
धर्ममार्गे मतिश्चैव साक्षाद्धर्म इवापरः ॥ ९८
सुकर्ममानवाज्जातः कर्मकौशलवान्भवेत् ।
न गर्वी नाभिमानी च विनयी सुनयी नरः ॥ ९९
बुद्धिमान्भविता जातः सन्मार्गेषु प्रवृत्तिभाक् ।
धीरः साहसवाञ्जातः कार्याकार्यविवेकवान् । १००
अनृणो भविता जातो ज्ञानमार्गे प्रवृत्तिकृत् ।
भार्यैका भविता साध्वी रूपशीलगुणान्विता ॥ १०१

[१]પાંચ હજાર વર્ષ કળિયુગનાં ગયા પછી આ ઉત્પન્ન થશે. ૯૪–૯૫–૯૬ આવા મહાન પુરુષોનો જન્મ વિરલ (કોઇ વખત જ બને તેવો) છે. આકાશના તારા, નદીની રેતીના કણો ગણાય તો જ આમના ગુણ ગણાય. ધર્મમાર્ગે બુદ્ધિમાન, સાક્ષાત્ ધર્મના અવતાર, સારા કર્મવાળા, દરેક હુન્નર અને કલામાં કુશલ, ગર્વ અભિમાન મદ રહિત, વિનયવાળો અને નમ્ર બુદ્ધિવાળો આ પુરુષ થશે. ૯૭–૯૮–૯૯ બુદ્ધિમાન, સન્માર્ગે પ્રવૃત્તિવાળો, ધીર, સાહસિક, કાર્ય અકાર્ય (કરવા યોગ્ય અને અયોગ્ય)-માં વિવેકબુદ્ધિવાળો, ઋણ વિનાનો, જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્તિ (ઉદ્યમ) વાળો થશે. તેની પત્ની પતિવ્રતા સરળ રૂપ ગુણ અને સ્વભાવમાં ઉત્તમ મહાભાગ્યશાળી જેમ છાયા પુરુષને અનુસરે તેમ અનુસરશે. પાંત્રીસમે વર્ષે આ પુરુષ સંસારમાં વિરાગવાન બની વિષયભોગ (સ્વાદ અને સંસારકર્મ) છોડી વિરાગપૂર્ણ કર્મયોગી બનશે. ૧૦૦–૧૦૧–૧૦૨

૧. દ્વાપરનો અંત થયા બાદ ભગવાન કૃષ્ણ સ્વધામ પધાર્યા તે દિને કલિયુગ ભાદરવા વદ ૧૩ બેઠો. તે પછી ૩૦૪૪ વર્ષ યુધિષ્ઠિરનો શક ચાલ્યો અને તે પછી ૧૯૨૫; એટલે મહાત્માજી ૪૯૬૯ વર્ષ બાદ કલિયુગમાં જન્મ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पतिव्रता महाभागा छायेवानुगता सदा ।
पञ्चत्रिंशदवस्थायां विरक्तश्च भविष्यति ॥ १०२
सर्वभूमिः कुटुम्बं च तथोदारमहात्मनः ।
तस्य वाक्यानुसारी च लोको लोकहितव्रतः ॥ १०३
स्वदेशवस्त्रधारी च सर्वानपि च धारयेत् ।
सर्वे जना भविष्यन्ति तस्यैव वचने स्थिताः ॥ १०४
स्वप्राबल्यं विशेषेण लोकप्रख्यातकीर्तिमान् ।
क्षमी शीली च भविता न कदापि प्रकोपवान् ॥ १०५
वस्त्रालंकारसौख्ये च तथा न रुचिमान्भवेत् ।
जगन्मित्रं भवेज्जातो जगतामुपकारकृत् ॥ १०६
विशुद्धहृदयो जातो विशालहृदयस्तथा ।
बहिरन्तःसमाकारः सज्जनो भविता गुणी ॥ १०७
यदेव हृदये तिष्ठेत्तत्तदेवाचरेत्सुधीः ।
लोकमान्यो जगद्धन्यो नेदृशोऽन्यो जनिष्यति ॥ १०८

આ ઉદાર મહાત્માને આખી પૃથ્વી કુટુંબ જેવી હશે, અનેક જાતિ વર્ણના લોકોને કુટુંબ સમાન ગણી ઘરમાં રાખશે, આમના વચનને અનુસરી અનેક લોકો લોકહિત, જનકલ્યાણના માર્ગે પ્રવૃત્ત થશે. સ્વદેશી વસ્ત્ર પહેરનાર બની અનેકને આખા ભારતને પહેરાવશે. એના વચનને પાળનાર લાખો પુરુષો કર્મપરાયણ થશે. ૧૦૩–૪. પોતાના બલથી (આત્મબળથી અહિંસક રીતે) લોકમાં (જગતમાં) કીર્તિ ફેલાવશે. ક્ષમાવાન શીલ(શુદ્ધ ચારિત્ર્ય)વાન થશે. કોઇ સમય પણ ક્રોધ નહિ કરે. વસ્ત્રના શોખમાં, અલંકારોમાં, શરીરસુખમાં, મોજ-શોખમાં પ્રીતિ છોડી જગતનો મિત્રરૂપ, જગતનો ઉપકારી આ પુરુષ બનશે. વિશુદ્ધ અને વિશાલ હૃદયવાળો, બહાર અને અંતરમાં બોલવામાં વિચારવામાં અને આચરણમાં એક જ નિર્ણયવાળો ગુણવાન બનશે. ૧૦૫–૭. હૃદયમાં હશે તેવું જ આચરણ કરશે. લોકના ઘણા માનવાળો જગતમાં એક જ ધન્યવાદને પાત્ર થશે. આખા જગતમાં એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जगत्कष्टे कष्टभाक्च जगत्सौख्ये सुखान्वितः ।
मातृतौल्यं परस्त्रीषु एकपत्नीव्रतं चरन् ॥ १०९
न्यायदर्शी न्यायवादी द्वीपान्तरनिवासकृत् ।
चत्वारिंशद्वयःपूर्वं न्यायदर्शी प्रसिद्धिमान् ॥ ११०
पश्चाद्विसर्जनं तस्य देशसेवादिमूलतः ।
यत्नकार्ये महाविघ्नो राजभीतिर्महत्यपि ॥ १११
बन्धनं मरणं चैव बहूनां च भविष्यति ।
पञ्चचत्वारिंशकेऽब्दे स्वदेशागमनं भवेत ॥ ११२
राज्ञा सह विरोधश्च राजभीतिश्च जायते ।
कारागारनिवेशादि बहुकष्टं सहिष्यति ॥ ११३
वयोन्ते जनशीलश्च देवतागुरुभक्तिभाक् ।
योगानुष्ठानकुशलो योगसिद्धो भविष्यति ॥ ११४
धनलाभो यथैव स्यात् धर्ममार्गे व्ययो भवेत् ।
एकषष्टौ वत्सरे च विरोधश्च महान्भवेत् ॥ ११५

સમાન બીજા પુરુષ થશે નહિ. લોકના જગતના સુખે સુખી, દુઃખે દુઃખી પરસ્ત્રીમાં માતાસમ ભાવનાળો, એક પત્નીવ્રતને આચરનાર થશે. વકીલાત અને ન્યાયાધીશપણું કરવાવાળો, બીજા દ્વીપમાં નિવાસ કરશે. દેશસેવાના કાર્યમાં જોડાતાં સારી કમાણીવાળી વકીલાતનો ત્યાગ કરશે. આ પ્રયત્નમાં (લોકસેવામાં) મહા દુઃખ પડશે, વિઘ્ન થશે અને સરકારથી મહાભય ઊભો થશે. ૧૦૮–૧૧

આ આત્મસ્વાતન્ત્ર્યમાં બહુ માણસોનું મરણ થશે. ઘણા જેલમાં જશે. આ મહાપુરુષ પિસ્તાળીશ વર્ષની ઉંમરે સ્વદેશ આવશે. સ્વદેશમાં પણ મહારાજ્ય સાથે વિરોધી થશે, રાજ્યનો ભય ઊભો થશે અને તેને કેદમાં પડવું પડશે. સરકાર મહાદુઃખ આપશે. ૧૧૨–૧૩. છેલ્લા સમયે દેવ–ગુરુમાં ભક્તિમાન થશે. દરેક યોગમાં કુશળતા મેળવી કર્મયોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરશે. એકસઠમે વર્ષે દેશમાં રાજ્ય સાથે મહાવિરોધ થશે અને બાસઠમે વર્ષે ફરી પરદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२०ग ३२,१०१
३५
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्विषष्टौ वत्सरे काले विदेशगमनं भवेत् ।
श्वेतप्रभुः सार्वभौमस्तस्य दर्शनमादिशत् ॥ ११६
तन्मूलाकार्यसिद्धिश्च जातकस्य क्वचिद्भवेत् ।
पञ्चचत्वारिंशके च पञ्चपञ्चाशते पुरा ॥ ११७
कारागृहप्रवेशश्च ज्वरपीडा भविष्यति ।
द्विषष्टौ राहुदाये च बहुकष्टं च जायते ॥ ११८
षट्षष्टौ वत्सरे जाते यत्नकार्यानुकूलनम् ।
दीर्घजीवी च भविता सप्तत्यन्तं परं वयः ॥ ११९
अष्टसप्ततिवर्षेषु महाघातश्च जायते ।
रामनामजपँश्चायं तस्मिन्काले समाचरेत् ॥ १२०
सप्तसप्ततिवर्षान्ते योगसिद्धिश्च जायते ।
देशस्वातन्त्र्यमादिश्य स्वास्वास्थ्यं तस्य जायते । १२१
गुणारामे यथा रामे प्रजा आसन्कृते युगे ।
कलावपि गुणाम्भोधौ तत्र रक्ता भवन्ति च ॥ १२२

જશે, ત્યાં ગોરી પ્રજાનો ચક્રવર્તી રાજા આને મુલાકાત આપશે. ૧૧૪-૧૬. ચક્રવર્તીની મુલાકાતથી આરંભી આ પુરુષની કાર્યસિદ્ધિ થશે. પિસ્તાળીશ વર્ષે, ફરી પંચાવન વર્ષે કેદખાનું અને ઉદરમાં પીડા તથા તાવની પીડા થશે. બાસઠમે વર્ષે બહુ પીડા અને કદાચ શસ્ત્રક્રિયા થશે તે સમયે રાહુદશા હશે. છાસઠમે વર્ષે પરિશ્રમને અનુકૂલ ફળ મળશે. આ પુરુષ દીર્ઘ જીવનવાળો બનશે. સિત્તેર પછી પણ જીવશે. સિત્યોત્તેર વર્ષે યોગસિદ્ધિ મેળવશે. પ્રજાને સ્વતંત્રતા અપાવી ભારતમાં પ્રજાનું રાજ્ય સિદ્ધ કરશે. ઈઠયોતર વર્ષે મહાઘાત થશે (કોઈનું શસ્ત્ર વાગશે) અને રામનામ જપતાં નિર્વાણ પામશે. ૧૧૭-૨૦

દેશ સ્વતંત્ર થયા પછી સ્વાસ્થ્ય (પ્રકૃતિ) લથડશે. જેવા રામમાં ગુણ હતા તેવા તેમાં હશે અને સત્યયુગમાં હતી તેવી પરોપકારી (ભૂદાન સંપત્તિદાન કરનારી લોકકલ્યાણમાં કટિબદ્ધ) પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कालदेशविपर्यासा न्यूनाधिकफलप्रदा ।
को वक्ता तारतम्यं च तमेकं वेधसं विना ॥ १२३
इत्येवं पूर्णपुरुष ईश्वरांशसमुद्भवः ।
आदर्शः सर्वजगतो महात्मा भविता नरः ॥ १२४
"इज्याध्ययनदानानि तपः सत्यं धृतिः क्षमा ।
अलोभ इति मार्गोऽयं धर्मस्याष्टविधः स्मृतः" ॥ १२५
अष्टस्वपि प्रकारेषु पूर्णोऽयं पुरुषोत्तमः ।
विश्वप्रेम्णा त्यक्तवैरोऽजातशत्रुर्भविष्यति ॥ १२६
यस्यादर्शोपदेशाभ्यां कृतानुकरणा जनाः ।
पूर्णत्वं मानवे धर्मे प्राप्स्यन्त्येव न संशयः ॥ १२७
स्वभावजसुगन्धेन पृथिवी पूरिता यतः ।
गुणमाल्यैश्च धूपेन तस्माद् "गाँधी"ती कथ्यते ॥ १२८

(પિતા તુલ્ય) પ્રેમ ધરાવશે. ૧૨૧-૨૨

કાલ દેશના ફેરફારથી થોડા ફેરફાર થાય પણ શુદ્ધ ઘડી ઘડીનું ભવિષ્ય પરમાત્મા જાણે છે, બીજો કોઇ જાણતો નથી.-૧૨૩

આ પ્રમાણે ઇશ્વરના રૂપ આ પૂર્ણ પુરુષ આખા જગતનો આદર્શ થઇ મહાત્મા પિતા એવા નામને ધારણ કરશે. ૧૨૩

યજ્ઞ (શ્રમયજ્ઞ સેવાયજ્ઞ), વિદ્યાભ્યાસ, (ગરીબોનું પોષણ), તપ (શરીરે કષ્ટ), સત્ય, ધૈર્ય, ક્ષમા, નિર્લોભપણું આ ધર્મનાં આઠ અંગોમાં સંપૂર્ણ આચરણવાળો આ પુરુષ બનશે. (મનુષ્યજાતિ માટે આ આઠે અંગ હોય તો પૂર્ણ માનવતા ગણાય.) વિશ્વપ્રેમ વડે શત્રુ તરફ પણ સંપૂર્ણ વૈરત્યાગ કરી અજાતશત્રુ જેને કોઇ શત્રુ નથી તેવા (યુધિષ્ઠિર રાજા ધર્મરાજા સમાન) આ પુરુષ બનશે. જેના ઉપદેશ અને આદર્શને અનુસરનારા પુરુષો પૂર્ણ માનવધર્મમાં સફળતા મેળવશે તેમાં સંશય નથી. ૧૨૫-૨૭

સ્વાભાવિક માનસિક સુગંધથી પૃથ્વી ભરી દીધેલી હોવાથી ફૂલ-રૂપ ગુણની કીર્તિની સુગંધરૂપ ધૂપ જગતમાં પ્રસરવાથી-ગાંધી કહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्येवंपुरुषः पूर्ण ईश्वरांशोऽवतारवान् ।
भविष्यति नरादर्शरूपो मोहननामकः ॥ १२९

ईश्वरेच्छावशात्तस्य भविष्यद् भाषितं मया ।
सहस्रयुग्मवर्षेभ्यः पूर्वयोगसमाधिना ॥ १३०

तत्र चिन्ता न कर्तव्या हरिणा निर्मितं पुरा ।
मया यत्कथितं सर्वं समये संभविष्यति ॥ १३१

कथयित्वा विक्रमाग्रे भविष्यत्तु महात्मनः ।
जन्मप्रकरणं यातः सत्याचार्यः सुपूजितः ॥ १३२

आचार्य उवाच

इत्येवं कथितं शिष्या जन्मप्रकरणं मया ।
भविष्यत्कथनं तद्वत्सत्याचार्यस्य योगिनः ॥ १३३

तद्वज्जातो महात्मासौ "मोहनो" मोहवर्जितः ।
चरित्रं शास्त्रविहितं गीताश्लोकार्थसंयुतम् ॥ १३४

आदर्शरूपं मानुष्ये वक्ष्यामि भवतां पुरः ।
श्रोतव्यं सावधानैस्तु तत्फलं पूर्वमुच्यते ॥ १३५

વાશે. ૧૨૮. એ પ્રમાણે મનુષ્યનાં આદર્શરૂપ મોહન નામનો મહાપુરુષ થશે.–૧૨૯ હે રાજન્ વિક્રમ ઈશ્વરેચ્છાવશ થઈ મેં બે હજાર વર્ષ પહેલાં પૂર્ણ યોગસમાધિ વડે આમનું ભવિષ્ય કહ્યું છે. એ પ્રથમ ભગવાને નિર્માણ કર્યું છે ત્યાં ચિન્તા ન કરશો. મેં કહેલું બધુંજ સમયે થયા કરશે (ભવિષ્યની પ્રજા અનુભવશે.) ૧૩૦–૩૧. આ પ્રમાણે વિક્રમ રાજા આગળ આ મહાપુરુષના જન્મ પ્રકરણની ભવિષ્યવાણી કહી સારી રીતે પૂજેલા સત્યાચાર્ય યોગી વિદાય થયા.–૧૩૨

આચાર્ય કહે છે : હે શિષ્યો, શ્રી સત્યાચાર્ય યોગીના ભવિષ્ય-કથન પ્રમાણેનું તેમનાં જ વચનોમાં જન્મપ્રકરણ મેં કહ્યું તે પ્રમાણે મોહન મોહ–રહિત મહાત્મા જન્મ્યા એમનું ગીતાના શ્લોક પ્રમાણે ચારિત્ર્યસમ્પન્ન ચરિત્ર–માનવતાનો આદર્શ હું આપની સમક્ષ કહીશ, તે આપ સર્વે સાવધાનપણે સાંભળજો,–૧૩૩–૧૩૪ તેનું ફલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महात्मा "मोहनः" श्रीमान् पूर्णमानुषविग्रहः ।
तस्य सत्याग्रहः सिद्धस्तेनैवाचरितस्तथा ॥ १३६
प्रेमपूर्णो जगत्त्राता द्वेषहिंसाविरोधकृत् ।
अपूर्व (अहिंसा) शस्त्रधारी च शस्त्रत्यागी महाबलः ॥ १३७
महाराज्यं वशे कृत्वा महच्छस्त्रबलान्वितम् ।
प्रजाराज्यं स्थापयित्वा दत्त्वा ज्ञानं यथाविधि ॥ १३८
पूर्णं कृत्वा पृथिव्यां तु स्वावतारप्रयोजनम् ।
दत्त्वादर्शं तु लोकेभ्यो वैकुण्ठं गतवान्प्रभुः ॥ १३९
तत्समानतया भाव्यं धर्मोऽयं प्रथमो नृणाम् ।
यस्मिन्कस्मिन्दिने धीमान् द्वादश्यामथवा क्वचित् ॥ १४०
पञ्चम्यां वा कृष्णपक्षे स्नातः श्रद्धायुतो जनः ।
श्रीकृष्णं मनसि ध्यात्वा श्रीरामं जानकीपतिम् ॥ १४१
मोहनस्य प्रतिकृतेः पूजां कृत्वा यथाविधि ।
आहूय सुहृदः श्रेष्ठान् ब्राह्मणान्विदुषो जनान् ॥ १४२

પ્રથમ કહું છું કે પૂર્ણ મનુષ્યગુણોથી ભરેલા મહાત્મા ગાંધીએ સત્યાગ્રહ ઉત્પન્ન કર્યો, અનુભવ્યો, આચરણમાં મૂક્યો; જગતને શીખવ્યો. (તેનો પ્રયોગ કર્યો.)–૧૩૬. પ્રેમથી પૂર્ણ જગતનું રક્ષણ કરનાર, દ્વેષ અને હિંસાના વિરોધી, શસ્ત્ર (હથિયાર) માત્રનો ત્યાગ કરી અપૂર્વ (અહિંસારૂપ) શસ્ત્ર ધારણ કરી મહાન આત્મબલથી પૂર્ણ મોટાં હથિયાર (બૉમ્બ ગોળા) સાથેના સૈન્યવાળા મહારાજ્યને વશ કરી, પ્રજાને સ્વતંત્રતા અપાવી, રાજ્ય કેમ ચલાવવું તેનું વિધિપૂર્વક જ્ઞાન આપી, પૃથ્વીમાં પોતાના અવતારનું પ્રયોજન પૂર્ણ કરી, પોતાનો આદર્શ જગત સમક્ષ અમર રાખી વૈકુંઠે સિધાવ્યા. ૧૩૭–૩૯. મનુષ્યોનો આ પ્રથમ ધર્મ છે કે તેમના સમાન થવું (તેમના આદર્શોને ચરિત્રમાં ઉતારવા તેથી ગમે તે દિવસે વદની દ્વાદશી (જન્મદિન) અગર વદની પંચમી (નિર્વાણતિથિ) ના દિવસે સ્નાન કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चारित्र्यश्रवणं कृत्वा रामनामपरायणः ।
प्रतिज्ञां प्रार्थनापूर्वं कुर्यान्मोहनसंनिधौ ॥ १४३
यथाशक्ति त्वदाचारमाचरिष्ये प्रयोगतः ।
त्वत्तुल्यः संभविष्यामि प्रेमाहिंसापरायणः ॥ १४४
सत्याचारः शुद्धबुद्धिर्बलं मे देहि मोहन ।
श्रद्धापूर्णहृदः केचित्प्रतिज्ञायां दृढव्रताः ॥ १४५
शान्ताः संयमिनः श्रेयःसाधका धर्मतत्पराः ।
महात्मनः समानास्ते भविष्यन्ति न संशयः ॥ १४६
आदर्शो मानवत्वस्य श्रीरामो भुवि भारते ।
सोऽयं पूर्णमनुष्यश्च पुरुषोत्तम उच्यते ॥ १४७
मानुष्यधर्मशिक्षार्थं ग्रन्थो रामायणं स्मृतम् ।
श्रीकृष्णस्योपदेशोऽयं गीता सापि तथाविधा ॥ १४८

શુદ્ધ થઈ, શ્રીમહાત્માજીની છબીને સમક્ષ રાખી યથાશક્તિ પૂજા કરી, બ્રાહ્મણો, સગાંઓ, વિદ્વાનોને બોલાવી આ જન્મ પ્રકરણ કે તેમના આગળ વર્ણવાતા ચારિત્ર્યનું શ્રવણ કરી પ્રાર્થના પૂર્વક પ્રતિજ્ઞા લેતાં પહેલાં શ્રીકૃષ્ણ અને શ્રી રામનું સ્મરણ કરી પ્રતિજ્ઞા કરવી. ૧૪૦–૪૧
હે મહાત્મા, રાષ્ટ્રપિતા, મોહન, હું આપના આદર્શોને શક્તિ પ્રમાણે આચારમાં મૂકીશ. પ્રેમમાં અહિંસામાં સત્યમાં શુદ્ધબુદ્ધિ પ્રમાણે આચરણ કરી આપના સમાન થઈશ (થવા પ્રયત્ન કરીશ). હે મોહન, મને બલ આપજે. ૧૪૨–૪૪. શ્રદ્ધાપૂર્ણ મનવાળા, પ્રતિજ્ઞામાં દૃઢ નિયમવાળા, શાન્ત સંયમધર્મપરાયણ, શ્રેયને સાધનાર કોઈક જે આદર્શોનું આચરણ કરશે તેઓ શ્રીમહાત્માના સમાન થશે તેમાં સંશય નથી ૧૪૫–૪૬.

જેમ ભારતમાં શ્રી રામચંદ્ર માનવતાના આદર્શ માટે પ્રગટ થયા, શ્રી કૃષ્ણ ઉપદેશ માટે પ્રગટ થયા તેમ તેમનો ઉપદેશ શ્રી ગીતા ને શ્રીરામચંદ્ર પ્રમાણે આદર્શમાં મૂકી પુરષોમાં શ્રેષ્ઠ આ મહાત્મા થયા.૧૪૭–૪૮

અનેક દેશમાં અનેક મહાત્માઓ થયા છે, પણ સર્વે પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जायन्तेऽन्यत्र देशेषु महात्मानस्तथाविधा: ।
स्वस्वदेशीयजनतादर्शधर्मप्रवर्तका: ॥ १४९
जगतो भिन्नसंस्कारा जना ये भिन्नधर्मिण: ।
आदर्शरूप: सर्वेषां मानवत्वस्य शिक्षणे ॥ १५०
सर्वानुकरणीयोऽयं भोजनाच्छादनेष्वपि ।
" महात्मा मोहनस्त्वेक: " सर्वमानवधर्मवान् ॥ १५१
अस्मिन्यो दृश्यते दोष: स्वस्वाचारविरोधकृत् ।
न ग्राह्यस्तद्गुणा ग्राह्या इति सत्यविनिर्णय: ॥ १५२
सत्फला हि भविष्यन्ति मोहनस्य तपोबलात् ।
इत्येवं कथितं सर्वमादि रामायणं यथा ॥ १५३
महात्मनस्तु माहात्म्यं मोहनस्य फलप्रदम् ।
विस्तरात्तच्चरित्रं च तस्यैवोक्तिबलाश्रयम् ॥ १५४

દેશ અને જાતિને અનુકૂલ ધર્મપ્રવર્તક થયા છે. જગતના જુદા જુદા સંસ્કાર અને ધર્મવાળા જુદી જુદી ભાષા બોલનારા સર્વ મનુષ્યપણામાં એક જ છે તે તમામને માનવતાના ધર્મ શીખવવા માટેનો આદર્શ પુરુષ આ એક જ છે. ૧૪૯–૫૦. ભોજનમાં પહેરવેશમાં ચારિત્ર્યમાં તેમજ તમામ માનવ ગુણોમાં અનુસરવા લાયક આ એક જ પુરુષ સર્વમાનવધર્મપૂર્ણ છે. ૧૫૧. પોતાની જાતિ ધર્મ અને આચાર પ્રમાણે આમાં કાંઇ દોષ દેખાય તો તે પોતાની સંકુચિતતા છે, એમ ધારી તે દોષ ન સ્વીકારવો, પણ આમના તમામ ગુણો માનવ માત્રને સ્વીકારવા યોગ્ય છે, તે સત્ય નિર્ણય છે. ૧૫૨. આ ગુણોને સ્વીકારનાર મોહનની તપશ્ચર્યાથી સફલ થશે (જેમ ઋષિ મુનિઓના તપથી બ્રાહ્મણ પૂજ્ય છે તેમ તે આદર્શ સ્વીકારનાર જગતને અનુકરણીય થશે. આ પ્રમાણે જેમ રામાયણના પ્રથમ આધ્યાયે આદિ રામાયણ કહ્યું તેમ મોહન મહાત્માનું ફલ આપનાર માહાત્મ્ય કહ્યું. તેમનું વિસ્તૃત ચારિત્ર્ય તેમનાં વચનોને પ્રમાણ માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रमाणेन प्रवक्ष्यामि यूयं शृणुत सत्तमाः ।
एकाध्यायस्य पाठेन तादृशत्वस्य भावनम् ॥ १५५
अर्धेन वा समस्तेन भवेद्वै तादृशो नरः ।
"अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते" ॥ १५६
तद्वदभ्यासयोगेन तादृशीयत्वमालभेत् ।
भावनात्तच्चरित्रस्य पठनान्मननात्तथा ॥ १५७
संयमं मनसः कृत्वा श्रद्धाभक्तिपरायणाः ।
भविष्यथ न संदेहो गाँधीतुल्या नरोत्तमाः ॥ १५८

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे कृष्णार्जुनसंवादे तदनुसारिण्यां सत्याग्रहसंहितायां गीताचारित्र्ये जनसेवाशास्त्रे आचार्यशिष्यसंवादे सत्याचार्यभविष्यत्कथनावतारनिर्णयोपोद्घातरूपोऽध्यायः ॥

હું આપને કહીશ; તે તમો સાંભળો. એક અધ્યાયના પાઠથી તેમના જેવા બનવાની ભાવના જાગે છે; અર્ધ અગર સમસ્ત ચારિત્ર્યના પાઠથી તે પ્રમાણે અનુસરતાં તાદશ બની શકાય છે. ૧૫૩–૫૫. હે અર્જુન, મન વશ કરવું અશક્ય છતાં અભ્યાસથી અને વૈરાગ્યથી વશ કરી શકાય છે, એ શ્રી ભગવાનના વચન પ્રમાણે આ ચારિત્ર્યના અભ્યાસપૂર્વક આચરણથી તે પ્રમાણે બની શકાય છે. આ ચારિત્ર્યની ભાવના કરવાથી, ભણવાથી, મનન કરવાથી, તે પ્રમાણે આચરણમાં મૂકવાથી તેવા બની શકાય છે. ૧૫૬–૫૭. હે શિષ્યો, મનનો સંયમ કરી ઉપર પ્રમાણે પ્રતિજ્ઞા કરી શ્રદ્ધાભક્તિતત્પર થઈ નિશ્ચય બલવાળા તમો પણ આ ચારિત્ર્યના આદર્શને સ્વીકારી શ્રી મહાત્મા ગાંધી જેવા ઉત્તમ પુરુષ બની શકશો એમાં સંદેહ નથી–૧૫૮.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા–ઉપનિષદોમા બ્રહ્મવિદ્યા વિશે યોગશાસ્ત્રમાં કૃષ્ણ–અર્જુન સંવાદે–એને અનુસરતી સત્યાગ્રહસંહિતા ગીતાચારિત્ર્ય અને માનવજીવનશાસ્ત્ર નામના ગ્રંથમાં આચાર્ય–શિષ્યસંવાદે સત્યાચાર્યભવિષ્યકથન સાથેનો અવતારનિર્ણય ઉપોદ્ઘાતરૂપ અાધ્યાય પૂર્ણ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रथमोऽध्यायः

आचार्य उवाच

श्रीकृष्णाङ्घ्रिरजःपूते सोमनाथेन संस्कृते ।
सौराष्ट्रे विषये रम्यं पुरं कुन्तलसंज्ञकम् ॥ १
कुतियाणा सुप्रसिद्धं नाम्ना गुर्जरभाषया ।
यत्र गांधी कुटुम्बस्य सतीति कुलदेवता ॥ २
कुलाचारेण नमनं कुरुतो नवदम्पती ।
मोढज्ञातिसमुत्पन्नो लालजिन्नामकः सुधीः ॥ ३
धर्मनिष्ठो दयापूर्णो रामनामपरायणः ।
कुर्वतो रामनाम्नां यज्जपं तस्याभवत्सुतः ॥ ४
रामजित्स्वप्रभावेणाऽभवद्राज्याधिकारवान् ।
रहिदासस्तस्य सुतः सोऽपि पितृपदे स्थितः ॥ ५
जीर्णदुर्गाधिपेनास्मै दत्ता भूः पारितोषिकम् ।
हरजीवनोऽथ दमनस्तस्य जातं सुतद्वयम् ॥ ६

પહેલો અધ્યાય

આચાર્ય કહે છે-શ્રીકૃષ્ણની ચરણરજથી પવિત્ર થયેલા સોમનાથે સંસ્કાર ભરેલા એવા સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) દેશમાં કુંતલપુર નામનું નગર છે. ગુજરાતીમાં તેનું કુતિયાણા એવું નામ છે, જ્યાં ગાંધી કુટુંબની કુલદેવતા સતી છે. કુલાચાર પ્રમાણે નવદંપતી એ સતીને પ્રથમ લગ્ન પછી નમે છે. તે નગરમાં મોઢ વાણિયાની જ્ઞાતિમાં ધર્મનિષ્ઠ રામનામજપપરાયણ લાલજી ગાંધી નામના પુરુષ થયા. રામનામ જપતાં તેમને પુત્ર થયો તેનું રહિદાસ નામ પાડયું. પોતાના પ્રભાવથી લાલજી ગાંધી રાજ્યના (દીવાન) અધિકારી થયા. ૧-૨-૩-૪-૫. જૂનાગઢના નવાબે જમીન ઇનામમાં (બક્ષિસ) આપી હતી; રહિદાસ પણ રાજ્યાધિકારી હતા, તેમને દમન ગાંધી અને હરજીવન બે પુત્રો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दमनो राजसेवायां युक्तः पूर्वजवत्तदा ।
हरजीवनात्सुतो जात उत्तमश्चन्द्र उत्तमः ॥ ७
आजानुबाहुर्गौराङ्गो महापुरुषपूर्वजः ।
सर्वलक्षणसंपन्न उत्तमः कुलभूषणः ॥ ८
पितृव्यकसाहाय्यार्थं गतोऽसौ पोरबन्दरम् ।
दानग्रहणकार्यं तु दत्तं राज्याधिकारिभिः ॥ ९
पितृव्यकस्य कार्यं च शिक्षितं स्वपरिश्रमात् ।
संतुष्टो दमनो जातः स्वभ्रात्रेयस्य कौशलात् ॥ १०
आहूतो दमनो राज्ञा तत्रस्थश्चोत्तमो गतः ।
प्रणम्य देहि मेऽद्याज्ञां चाञ्चल्यादुत्तमोऽब्रवीत् ॥ ११
वाक्पटुत्वेन मुग्धेन राज्ञा स्वाज्ञा कृता ततः ।
गूढं चापि कृतं कार्यं प्रसन्नोऽभूत्पुनर्नृपः ॥ १२

આ બન્ને રાજ્યમાં નોકરી કરતા હતા. તેમાં હરજીવનને ત્યાં ઉત્તમચંદ નામના સુપુત્ર થયા. જાનુ સુધી લાંબા હાથવાળા ઉત્તમચંદ ગાંધી મહાપુરુષ મહાત્મા ગાંધીના પિતામહ હતા. સર્વ લક્ષણવાળા ઉત્તમકુલભૂષણ શ્રી ઉત્તમચંદ ગાંધીને ‘ ઓતા બાપા ’ એ ઉપનામથી બોલાવતા હતા. તેમના કાકા દમન ગાંધી દાનખાતાના અધિકારી હતા. તેમને સહાય કરવા માટે શ્રી ઉત્તમચંદ (કુતિયાણાથી) પોરબંદર ગયા. તેમની પાસે ચતુરાઇથી તેમનું હિસાબી કામ શીખ્યા. પોતાના ભત્રીજાની કુશળતાથી દમન ગાંધી પ્રસન્ન થયા, (સંતોષ પામ્યા.) ૬–૭-૮–૯–૧૦ ઉત્તમચંદ કાકાનું બધું કામ શીખી લઇ તેમને નિવૃત્તિ આપી કામ પોતે કરતા હતા, તે અરસામાં રાણા વિક્રમનું તેડું આવ્યું. મુખ્ય અધિકારીને ન જોયા ત્યારે આ નાના છોકરાએ રાણાને સલામ કરી કહ્યું, મારા કાકા હાજર નથી, હું આપ કહો તેમ કરીશ. વાણીની છટા જોઇ રાણાજીએ કામ સોંપ્યું તે મોટાઓ કરતાં સારું થયું. રાણાજીએ એક માથાભારે અમલદાર (માધુપુરનો દાન ઉઘરાવનાર) રાજ્યને નાણાં ન ભરતાં બેવફા થયો હતો તેને સીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नियन्त्रणार्थं कथितमुद्धतस्याधिकारिणः ।
जीर्णदुर्गाधिपं कृत्वा विष्टिं लेखपुरःसराम् ॥ १३
पोरबन्दरराज्यस्योन्नतिं चापि चकार हि ।
नृपस्तदोत्तमं मुख्यं प्रधानपदमादिशत् ॥ १४
राजाऽसौ विक्रमादित्यो युवावस्थास्थितोऽपि सः ।
पञ्चत्वमगमत्तस्य पुत्रो बालस्तदाभवत् ॥ १५
मृते राजनि बाले तत्पुत्रे राज्ञीवशस्थितम् ।
राज्यमासीच्च पैशुन्यबलं राज्येऽभवत्तदा ॥ १६
उत्तमं शरणं प्राप्तः क्षेमोऽन्नभवनाधिपः ।
बद्ध्वा चानयने दत्ता स्वाज्ञा राज्ञ्या वणिग्भुवे ॥ १७
मरणं याचितं तेन क्षेमरक्षणहेतवे ।
भूशुण्डिभिर्भये दत्ते शान्तो जपपरायणः ॥ १८
शान्तिस्तु स्थापिता तस्मिन्नङ्ग्रेजेनाधिकारिणा ।
सत्याग्रहस्य मूलं तत्क्षिप्तं भूम्यामत परम् ॥ १९

કરવાની વાત કરી. સાહસિક ઉત્તમચંદ ગાંધી ત્યાં જઇ ગૂઢ રીતે જુનાગઢ નવાબ પાસે વિષ્ટિપૂર્વક આખો પટા પોરબંદરનો સ્વતંત્ર ગણવો એવું ખત કરી લાવ્યા. આથી અમલદારને સીધો કર્યો, એટલું જ નહિ, પણ પોરબંદરનો પટા સ્વતંત્ર મળ્યો. તેવી આની ચતુરાઈ જોઇ, પોબંદરને સ્વતંત્ર દાન લેવાનો અધિકાર મળ્યો. ઉન્નતિ થઇ, તેથી ઉત્તમચંદને દીવાનનો પોશાક આપી દીવાન બનાવ્યા. રાણા વિક્રમ જુવાનીમાં મરણ પામ્યા. કુમાર સગીર હોવાથી રાણીનો કારભાર થયો. ચાડીચૂગલીનું જોર વધ્યું. ખેમા નામનો કોઠારી ચૂગલીને ભોગ થવાથી ઉત્તમચંદને શરણે આવ્યો. રાણીજીએ બાંધી હાજર કરવાનું ફરમાન કાઢયું. શરણે આવેલાનું રક્ષણ કરતાં તેમને સોંપવાની ઉત્તમચદે ના પાડી. રાણીએ તોપથી ઘર ઉડાવવાની ધાક આપી. મરણ સ્વીકારવું, પણ શરણે આવેલાને મરવા ન સોંપવો એટલે તોપ ગોઠવાતાં રામનામનું શરણ લઇ જપ આદર્યો. અગ્રેજ અમલદારોએ વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आचार्य उवाच

वैष्णवे नगरे श्रीमद्वैष्णवानां कुले महान् ।
जातोऽसौ भगवद्भक्तस्तच्चरित्रं वदामि वः ॥ २०
सुदाम्नो नगरे श्रीमद्राजामात्यपदं पुनः ।
तत्रोत्तमश्चन्द्रगांधी स्थितः सर्वगुणाधिकः ॥ २१
यत्कृतो जीर्णगढराट्प्रणामो वामहस्ततः ।
राज्ञा पृष्टोऽब्रवीद्धस्तो दक्षिणोऽस्मन्नृपार्पितः ॥ २२
तेनैष वामहस्तोऽयमन्येषां नमनाय हि ।
सत्याग्रहवतस्तस्य पुत्रः पितृसमो गुणैः ॥ २३
कर्मयोगी कर्मचन्द्रः शान्तश्चन्द्र इवापरः ।
यथा चन्द्रे गुणाः सर्वे कलङ्कमपि दृश्यते ॥ २४
तथा सत्यप्रियोदारः शूरः क्रोधयुतः क्वचित् ।
प्रसन्नेनार्पिता राज्ञा भूमिर्न स्वीकृता स्वयम् ॥ २५
दानेन साम्ना भयतो लिखितं नानृतं वचः ।
वेतनं दशसाहस्रं त्यक्तं सत्यस्य कारणात् ॥ २६

પડી શાન્તિ સ્થાપી. આ પ્રમાણે મહાત્માજીના દાદાએ સત્યાગ્રહનું બીજ રોપ્યું તે વૃક્ષરૂપે પરિણામે થયું. ૧૫-૧૬-૧૭-૧૮-૧૯

આચાર્ય બોલ્યા : વૈષ્ણવ ભક્ત (સુદામાજી)ના નગર પોરબંદરમાં વૈષ્ણવ કુલમાં આ ભગવદ્ભક્ત થયા તેનું ચારિત્ર્ય હું આપ સર્વેને કહું છું.-૨૦ પોરબંદરમાં રાજ્યના દીવાન ઉત્તમચંદ ગાંધી સર્વ ગુણમાં આગળ પડતા જેમને જૂનાગઢના નવાબે બોલાવ્યા ત્યારે ડાબે હાથે પ્રણામ કર્યા. કારણ પૂછતાં જણાવ્યું જે જમણો હાથ પોરબંદરને આપી ચૂક્યો છું. હોશિયાર નવાબ સાહેબ આથી ખુશ થયા. સત્યાગ્રહવાળા (ટેકી) આ પુરુષને ત્યાં પિતાતુલ્ય ગુણવાળા પુત્ર કર્મચંદ ગાંધી થયા. કર્મયોગી કરમચંદ ચંદ્રમા જેવા શાન્ત હતા છતાં ચન્દ્રમાં જેમ કલંક છે તેમ આમનામાં પણ સત્ય ઉદારતા શૂરતા છતાં ક્વચિત્ ક્રોધ પણ હતો. રાણાએ બક્ષિસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वांकानेरे राजकोटे चामात्यः पोरबन्दरे ।
यथा पुत्तलिका शुद्धा दृश्यते स्वर्णनिर्मिता ॥ २७
तथास्य भार्या संशुद्धा नाम्ना वै पुत्तली वरा ।
पतिव्रता महाभागा संशुद्धा सुव्रतादिभिः ॥ २८
कनीयाँस्तनयस्तस्याः कुक्षौ जातो दृढव्रतः ।
कृष्णभक्त्यन्विते वंशे गुणपूर्णत्वसिद्धये ॥ २९
शुचीनां श्रीमतां गेहे भगवद्वाक्यमूलतः ।
कर्मयोगप्रकाशार्थं मानुष्यस्य फलाय च ॥ ३०
सत्यवाक्यानुसारेण जातोऽसौ पुरुषोत्तमः ।
बुद्धिमत्ता नीतिमत्त्वमेकस्मिन्नैव दृश्यते ॥ ३१
सप्तभिः पुरुषैः पूते कुले तच्चात्र संगतम् ।
संवत्पंचा[५]क्षि[२]न[९]व[१]भूवर्षे भाद्रपदेऽसिते ॥ ३२
शाकेन्दु[१]नव[९]स[७]प्ते[१]न्दौ श्राद्धे श्रद्धायुतो नरः ।
आङ्ग्लेऽङ्क[९]रस[६]व[८]स्विन्दौ[१]
द्वितीयेऽक्टोम्बरे दिने ॥ ३३

આપેલી જમીન પણ ન સ્વીકારી. સામ, દામ, ભેદ, દંડથી પણ કોઈ દિવસ અસત્ય લખાણ કે ભાષણ ન કર્યું. સત્યને માટે દશ હજારનો પગાર છોડયો. ૨૧-૨૬. (વાંકાનેરના રાજાએ શરતમાં ન હતું તે લખવા માંડયું તે લખતાં પગાર છોડયો) વાંકાનેર રાજકોટ અને પોરબંદરના દીવાન શ્રી કરમચંદ ગાંધી હતા, સોનાની પૂતળી જેમ શુદ્ધ જીવન-વાળાં તેમને પૂતળીબાઇ નામનાં ધર્મપત્ની હતાં, શ્રી પૂતળીબાઇની કૂખે પૂર્ણગુણ શ્રીકૃષ્ણની ભક્તિથી રંગાયેલા આ કુલમાં ગુણથી પૂર્ણ એવો સત્યાચાર્ય મુનિના વચન પ્રમાણે 'પવિત્ર અને શ્રીમાન-ને ઘેર યોગભ્રષ્ટ યોગી જન્મે છે' તે શ્રી કૃષ્ણના ગીતાવાક્ય પ્રમાણે માનવતાના સફલપણા માટે સવંત ૧૯૨૫ સાકે ૧૭૯૧ ના ભાદરવા વદ ૧૨ ના દિવસે સને ૧૮૬૯ના ઓકટોમ્બરની બીજી તારીખે આ અવતારી પુરુષનો જન્મ થયો. ૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मोहनः शुभनामायं जज्ञे श्रीपोरबन्दरे ।
मातापितृप्रियः श्रीमान् पञ्चवर्षाणि लालितः ॥ ३४
ग्रामस्थ पाठशालायामभ्यासाय नियोजितः ।
आकृत्या सद्गुणैरेवं चारित्र्येण जगत्प्रियः ॥ ३५
तथा श्रीकृष्णनामैव जातं मोहनसंज्ञितम् ।
अभ्यासे बालवयसि प्रेमाभावः स्वशिक्षके ॥ ३६
दुःसंगपरिणामस्तद्बालानामपि जायते ।
महापुरुषतायोग्यबालस्यापि विरोधकृत् ॥ ३७
सत्संगो बालवयसि श्रेयस्कृदिति निश्चितम् ।
पूर्णमानवसंस्कारस्तथाप्यत्रानुमीयते ॥ ३८
मत्पुत्र इति वाक्यं यत् षष्ठेऽब्दे शिक्षकं प्रति ।
भारते राष्ट्रजनकस्थानभावित्वसूचनम् ॥ ३९
वेदाज्ञा मातृदेवोऽसि पितृदेवस्तथैव च ।
आचार्यदेवो भव भोस्तत्सत्यमिह लक्ष्यते ॥ ४०

માનવતાના ઉદ્ધારક, મનુષ્યને મોહ પમાડનાર આ પુત્રનું ‘મોહન’ નામ પાડ્યું; પાંચ વર્ષ લાડમાં ઊછર્યા. છઠ્ઠે વર્ષે ગામઠી નિશાળમાં ભણવા ગયા. ચારિત્ર્ય અને આકૃતિ સ્વાભાવિક સદ્ગુણોથી જગત્પ્રિય બન્યા, અને તેથી જ શ્રીકૃષ્ણ પ્રમાણે મોહન નામ પડ્યું. બાલપણમાં શિક્ષક પ્રત્યે પ્રેમનો અભાવ એ સંગતનું ફલ છે, અને સંગનું પરિણામ બાલકને તુરત થાય છે. પણ મહાપુરુષ થવા લાયક આ બાલકને એવું કેમ થયું તેના જવાબમાં એ જ કે જ્યારે આવા મોટા પુરુષને પણ સંગદોષ બાલપણમાં લાગે તો બીજાની શી દશા? માટે બાલવયમાં જ સંગ ઉત્તમ આપવો એ ફરજ છે, તેમ પૂર્ણ માનવતાના સંસ્કાર પણ અહીં સમજાય છે. "મારો બચ્ચો" એ શબ્દ નાનપણમાં મહેતાજીને કહેલો તે જોકે બાલપણના અજ્ઞાને કહેલો છતાં સત્યમાં જન્મ ગાળનાર મહાત્માની રાષ્ટ્રપિતા થવાની તે ભવિષ્યવાણી હતી.–૩૪–૩૯

માતૃદેવ થા, પિતૃદેવ થા, આચાર્યદેવ થા, માતા પિતા ગુરુનો ભક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अभ्यासादवकाशेऽपि पितृसेवा सदा कृता ।
महतामपि सेव्येन वेदवाक्यार्थसिद्धये ॥ ४१
पिता यस्य शुचिर्भूतो माता यस्य पतिव्रता ।
तद्बालको महात्मा स्यादिति वेदानुशासनम् ॥ ४२
मूलाक्षराङ्कविद्या यद् बाल्येऽभ्यासाय कल्प्यते ।
सप्तमादिकृता पूर्णा वर्षेष्वेकादशावधि ॥ ४३
गुरुप्रेमसमाविष्टश्चकार शिशुमोहनः ।
गुरोर्दोषा न संग्राह्या ग्राह्याः शिष्यैस्तु सद्गुणाः ॥ ४४
संकेतेऽपि परीक्षायां न कृतं चौर्यमन्यतः ।
द्वादशेनापि वयसा गुरुश्चात्रापि तोषितः ॥ ४५
अभ्यासेनैव नियमात् शालागमनपूर्वकम् ।
अवञ्चकस्वभावेन पितृसेवा तथा कृता ॥ ४६
बाल्ये वयसि संस्कारा जन्मावधि सुखप्रदाः ।
हरिश्चन्द्रस्य नाट्यं तत्सत्यप्रेम्णे विलोकितम् ॥ ४७

બન—આ વેદના શબ્દોનું સત્ય અહીં સિદ્ધ થયું. ભવિષ્યમાં મોટા પુરુષોએ જેમની સેવા કરી છે એવા પુરુષે પિતૃસેવા કરીને પણ વેદ-આજ્ઞા સિદ્ધ કરી. જેના પિતા સત્યપ્રિય હોય અને માતા પતિવ્રતા શુદ્ધ હોય તેનો પુત્ર જ મહાન પુરુષ થાય છે, એ વેદની આજ્ઞા સફલ થઈ. ૪૦–૪૧–૪૨ આક અને મૂળાક્ષર બાલપણમાં શિખાય છે તે સાતથી અગિયાર સુધી કરી બાલ મોહને ગુરુપ્રેમથી ગુરુના ગુણ લીધા. શિષ્યો (વિદ્યાર્થીઓ)એ શિક્ષકના દુર્ગુણ ન લેવા એ વચન સત્ય કરવા પરીક્ષામાં શિક્ષકે ઈશારો કર્યો છતાં બીજાની પાટીમાં જોઇ ચોરી ન કરી. નિયમ પ્રમાણે શાળામાં જઈ પિતાની સેવા પણ કરી અને છેતર-વાના સ્વભાવનો બાલ્યાવસ્થાથી જ ત્યાગ કર્યો. ૪૩–૪૪–૪૫–૪૬–બાલપણના સંસ્કાર જન્મભર સુખકારક થાય છે, તે પ્રમાણે હરિ-શ્ચન્દ્રનું નાટક જોઇ સત્યનો પ્રેમ કેળવ્યો, સત્યની ઉપાસના કરી; શ્રવણનું નાટક જોઇ પિતૃસેવા કરી. શ્રવણ અને હરિશ્ચન્દ્ર પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रवणस्यैव चित्रस्य दर्शनात्पितृसेवनम् ।
हरिश्चन्द्रश्रवणवत् सत्यसेवापरोत्सुकः ॥ ४८
विवाहो बालवयसोर्वरवध्वोर्न सौख्यदः ।
विषयेष्विह वैराग्यबीजनिक्षेपकार्यकृत् ॥ ४९
त्रयोदशे विवाहश्च जातस्तस्य महात्मनः ।
यथा चन्दनगन्धोऽयं कस्तूर्या मिलितो भवेत् ॥ ५०
तथा कस्तूरिकायुक्तो मोहनो जगति स्थितः ।
जगत्पूज्यो यथा जातः शङ्करो जगदम्बया ॥ ५१
पितृभक्त्या सहैवासीद्विषयेच्छा बलीयसी ।
पत्न्या सह निवासोऽपि जातः पितृवियोगकृत् ॥ ५२
स्वामित्वस्याभिमानस्तु शंकादृष्ट्यवलोकनम् ।
धूमवर्तिप्रीतिपानं मांसाहारोऽपि कामतः ॥ ५३
चौर्यं च बालयवयसि स्वल्पस्वर्णस्य विक्रयः ।
वेश्यागृहेऽपि गमनं सलज्जमनसापि च ॥ ५४

સત્ય અને સેવામાં જન્મ ગાળી સત્ય અને સેવાપરાયણ અનેક માનવીઓને બનાવ્યા. ૪૭-૪૮ બાળવિવાહ સ્ત્રીપુરુષ બેને સુખકર નથી એ શાસ્ત્રવચન છતાં બાલવિવાહ (તેરમા વર્ષે લગ્ન) કરી વિષયમાં વિરાગ કરવો એ ભવિષ્યના બ્રહ્મચર્યપાલનનું બીજ રોપ્યું. તેરમે વર્ષે વિવાહ થયો અને ચન્દનમાં કસ્તૂરી ભળે તેમ કસ્તૂરબાઇ સાથે શ્રીમોહન વિવાહથી જોડાયા. જેમ ભગવાન શંકર જગદંબાથી સંયુક્ત છતાં વિશ્વવિરાગી રહી જગતનું શ્રેય કરે છે તેમ ભવિષ્યે કરવા બાલવિવાહ કરી બાલવિવાહનો ઉચ્છેદ કરવાનું બીજ રોપ્યું. ૪૯-૫૦-૫૧ પિતૃભક્તિ સાથે નાનપણમાં બલવતી વિષયેચ્છા, ધણીપણાનું અભિ-માન, પત્ની તરફ શંકાદષ્ટિએ જોવું, થોડી વાર પણ બીડી પીવી, ચોરીથી થોડું સોનું વેચવું, લજ્જાવાળા મને વેશ્યાને ત્યાં જવું આ ચૌદમાપંદરમા વર્ષે થયું અને અંગ્રેજો પ્રમાણે દૃઢકાયા બનાવવા સ્વરાજ્ય મેળવવા કડણુ થવા. માંસ પ્રત્યે પ્રીતિ કરી. આવા થોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चतुर्दशवयस्केन तथा पञ्चदशेऽपि च ।
स्वराज्यप्राप्तये स्वस्य दृढकायबुभूषया ॥ ५५

आमिषव्यसनं जातं प्रायः सप्तदशावधि ।
अभ्यासे बद्धलक्ष्यस्य दुःसंगेनैव दुर्गुणाः ॥ ५६
स्वयंघातविचारश्च कृतस्तस्माद्विमुक्तये ।
तत्सर्वं संगदोषस्य फलं दुष्टं न संशयः ॥ ५७

शिष्य उवाच

पूर्णस्यैतत्कथं जातं सत्यप्रीतेर्महात्मनः ।
दुःसंगपरिणामश्च, कृपया कथय प्रभो ॥ ५८

आचार्य उवाच

ईश्वरोऽयमिति भ्रान्त्या निरुत्साहपरायणाः ।
अपूर्णा मानवाः सर्वे पूर्णत्वप्राप्तिकामनाः ॥ ५९
न त्यजेयुस्तदादेशमित्यर्थं दोषकल्पना ।
मानवा दोषपूर्णाः स्युर्निर्दोषो भगवान् हरिः ॥ ६०

પણ દુર્ગુણો અભ્યાસમાં ચીવટવાળા પણ શ્રી મોહનને થયા તે (દુઃસંગ) ખરાબ સોબતનું પરિણામ છે, અને આવિચારો થતાં આત્મઘાતનો નિશ્ચય-વિચાર કર્યો. આ બધું સંગનું ફળ છે. માટે શાસ્ત્રોમાં સત્સંગ કરવા કહે છે. ૫૨–૫૩–૫૪–૫૫–૫૬–૫૭

શિષ્ય બોલ્યા : પ્રભો, ભવિષ્યના પૂર્ણાવતાર સત્યપ્રીતિવાળા આ મહાપુરુષને પણ ખરાબ સોબત કેમ થઈ, અને દુર્ગુણો કેમ વળગ્યા તે કૃપાથી કહો –૫૮

આચાર્ય બોલ્યા : માનવ માત્ર અપૂર્ણ છે, અને દરેકને પૂર્ણ થવાની અભિલાષા છે. પણ આ "પૂર્ણ" એટલે ઈશ્વર છે, એમ માનતાં ભ્રાન્તિથી નિરુત્સાહી થઈ તેમનું અનુકરણ ન કરે, (કારણ ઈશ્વર પૂર્ણગુણ હોય અને તેની મૂર્તિ બનાવી પૂજન થાય, અનુકરણ ન થાય, આવી જગતની ભાવના છે.) તેથી આ આપણા સમાન અપૂર્ણ માનવ હતા, પણ મનન અને ચારિત્ર્યઘડતરથી પૂર્ણ બન્યા માટે આપણે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवाः स्वभावतो दुष्टाः नान्यथा महतां वचः ।
ब्रह्मादिकीटपर्यन्ताः सर्वे जीवाः प्रकल्पिताः ॥ ६१
सर्वेष्वेकः सचैतन्यः स एव परमेश्वरः ।
स्थित आत्मस्वरूपेण भिन्नो भावनया भवेत् ॥ ६२
दोषाः स्युर्मानवे पूर्वं स्वभावात् संगदोषतः ।
संयमेन विचारेण त्याज्यास्ते सर्वमानवैः ॥ ६३
मनुष्य इति शब्दोऽयं मनसो मननस्य च ।
पूर्णसंबंन्धवानस्मात् सत्यस्य मननं शुभम् ॥ ६४
आदर्शाय मनुष्याणां भिन्नप्रकृतिधर्मिणाम् ।
दोषवानपि सत्यस्य प्रयोगैः पूर्णतां गतः ॥ ६५

આદેશનો ત્યાગ ન કરીએ તો તેવા થઇએ, માટે દોષની ગણના કરી છે, કારણ મનુષ્યો દોષથી ભરેલા છે, નિર્દોષ કેવળ ઈશ્વર છે. [1]જીવ સ્વભાવે જ દોષવાન છે, એવી મહાપુરુષની વાણી મિથ્યા નથી. મોટો જીવ તે બ્રહ્મા અને નાનો જીવ તે કીડો આ બધા જીવ જ ગણાય છે. જીવોમાં પરમેશ્વર ચૈતન્યરૂપે રહ્યો છે, એ આત્માસ્વરૂપે પરમાત્મા છે. એ ભાવનાથી ભક્તિથી પ્રત્યક્ષ ભિન્ન દર્શન કદાચ દે છે. ૫૮–૫૯–૬૦–૬૧–૬૨

પહેલાં મનુષ્યમાં દોષ હોય છે તે સ્વભાવ શુદ્ધ કરીને સત્સંગથી સંયમ અને વિચારથી સર્વ મનુષ્યોએ દૂર કરવા.–૬૩

મનુષ્ય શબ્દનો અર્થ મનન કરવું, આત્મસ્વરૂપનો વિચાર કરવો (એવી બુદ્ધિ શક્તિવાળો) એવો છે. મન–મનન–માનવ એ શબ્દો મન સાથે સબંધવાળા છે, માટે સત્યનું મનન (પૂર્ણ વિચાર) એ જ શુભ અને સત્ય છે. જુદા જુદા ધર્મ અને સ્વભાવવાળા દરેક માનવનો આદર્શ થવા માટે દોષવાળા છતાં સત્યના પ્રયોગથી શ્રી મોહન પૂર્ણ માનવ બન્યા, તે પ્રમાણે આપણે દોષવાળા છતાં પૂર્ણ બની શકીએ છીએ માટે દોષગણના છે.–૬૪–૬૫

૧ શ્રી વલ્લભ : બાલબોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अशक्यं तन्न सर्वेषां तदर्थं दोषलेखनम् ।
परस्त्रीसंगदोषोऽयमपमानेन निर्गतः ॥ ६६
व्यायामो यत्परित्यक्तः पितृसेवानिरोधकृत् ।
पितृसेवादिदृष्टान्तस्तत्परः को विलोक्यते ॥ ६७
क्षमादानेन जनकात्सत्यस्य कथनादपि ।
पितृनेत्राश्रुपातेन दोषाणां मार्जनं कृतम् ॥ ६८
चतुर्दशवयस्कस्यात्मजदोषनिवृत्तये ।
अश्रुपातात्कृता शिक्षा पश्चात्तापादनन्तरम् ॥ ६९
अहिंसामूलमत्रैव क्षिप्तं मनसि तेन वै ।
स्वशिष्यदोषनाशाय प्रायश्चित्तं गुरोर्भवेत् ॥ ७०
यदा प्रतिज्ञया त्यक्तो दोषः स्वमननात्तथा ।
पुनर्न जायते यत्र तन्मनुष्यत्वलक्षणम् ॥ ७१
प्रतिज्ञां तु विधायैव दोषान्कृत्वा पुनः पुनः ।
प्रायश्चित्तं भवेद्यत्र जीवनं पशुभिः समम् ॥ ७२

પરસ્ત્રીસંગ આરંભ પહેલાં જ અપમાનથી નાશ પામ્યો. પિતાની સેવા માટે કસરત છોડી, આનાથી પિતૃસેવાનું બીજું દષ્ટાન્ત શું હોઈ શકે ? પિતા પાસે સત્ય બોલવાથી પિતાએ ક્ષમા આપી. પિતાની આંખના આંસુ પડવાથી દોષ ધોવાઇ ગયા.–૬૬-૬૭–૬૮

ચૌદ વર્ષના પુત્રના દોષની નિવૃત્તિ માટે આંખમાંથી પોતે આંસુ પાડી પુત્રને શિક્ષાપૂર્વક પશ્ચાત્તાપ કરાવી નિર્દોષ કર્યો. આ ભવિષ્યની અહિંસાનું બીજ રોપ્યું (કે જે ભવિષ્યમાં ઘણી વખત બીજાના દોષે પોતે ઉપવાસ વગેરે પ્રાયશ્ચિત્તો કરી દોષમાર્જન કર્યું છે.) શિષ્યના દોષનાશ માટે ગુરુને પ્રાયશ્ચિત્ત થાય, અને જ્યારે મનનપૂર્વક પ્રતિજ્ઞા લઈ દોષ જાય ફરી ન આવે તો જ મનુષ્યપણાનું (માનવતાનું) લક્ષણ છે તે અહીં જણાવ્યું. પ્રતિજ્ઞા કરી ફરી દોષો કરવા, ફરી પ્રાયશ્ચિત્ત કરવું, એ જીવન પશુના જીવન સમું છે.–૬૯–૭૦–૭૧–૭૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदादर्शाय सर्वेषां दोषाणां त्याज्यभावनात् ।
महात्मना स्वदोषाणां प्रकाशश्च कृतो यतः ॥ ७३
निर्गतः स्वाभिमानश्च स्वस्यापूर्णत्वभावना ।
सावधानः स्वदोषेषु ग्राह्याश्चात्र त्रयोगुणाः ॥ ७४
तातस्य मरणं जातं वर्षे वै षोडशे गते ।
आचारो रुग्णतायां तु स्तुतस्तातस्य निश्चयात् ॥ ७५
वियोगशङ्कुर्हृदये विषयेच्छाकृतो बलात् ।
मरणान्तं सुदुःसह्यो जातस्तत्सत्यलक्षणम् ॥ ७६
दोषो मोहवशादेकः कृतः स्याच्चेद्भयंकरः ।
शल्यं तज्जन्मपर्यन्तं धर्मनिष्ठस्य जायते ॥ ७७
षोडशे पूर्णतां यातो वयसा मनुजेश्वरः ।
जातः सप्तदशे शुद्धो दोषास्त्यक्त्वा प्रतिज्ञया ॥ ७८
मित्रदुःसंगजनितं कृत्वा दुष्कर्म यत्स्वयम् ।
पश्चात्तापेन तत्त्यक्तं विदेशगमनेऽपि च ॥ ७९

પોતાનો આદર્શ લઇ સર્વ કોઇ દોષોનો ત્યાગ કરી માનવતા કેળવે એ માટે મહાત્માજીએ પોતાના દોષનો પ્રકાશ કર્યો છે, તે પ્રકાશથી શુદ્ધ હોવાનું અભિમાન જાય, પોતે અપૂર્ણ છે એ ભાવના કાયમ રહે અને દોષમાં સાવધાન થવાય તો ત્યાગ થાય: એમ ત્રણ ગુણ દોષપ્રકાશનમાંથી લેવાના છે.–૭૩–૭૪

સોળ વર્ષે પિતાજીનું મરણ થયું અને મરણસમયે વિષયેચ્છાથી એકાન્તમાં રહ્યા, જેથી પિતાજીનો છેલ્લો વિયોગ થયો, એ દુઃખ જીવનભર રહ્યું, એ જ સત્યપ્રેમીનું લક્ષણ સામાન્યને ઉપદેશરૂપ છે કે મોહવશ એક પણ દોષ કર્યો હોય તો તેનું ભયંકર સ્વરૂપ આવે, અને તે દુઃખ ધર્મપ્રેમીને મરણ પર્યન્ત રહે છે.–૭૫–૭૬–૭૭

સોળે સાન એ નિયમ પ્રમાણે સત્તરમે વર્ષે પ્રતિજ્ઞાથી દોષનો ત્યાગ કરી શુદ્ધ થયા. મિત્રના સંગથી માંસભક્ષણ કર્યું, પણ તે પરદેશ-ગમન થતાં માસાંહારી સમાજ વચ્ચે રહેવા છતાં પ્રતિજ્ઞાથી જીવન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मनःशैथिल्यसम्पन्नो दुःसंगेन व्रजत्यधः ।
दृढचित्तः परान्शुद्धान् करोत्येव न संशयः ॥ ८०
संस्कृतज्ञानलाभश्च श्लाघितः सर्वतोऽधिकः ।
धर्मग्रन्थानध्ययनं संस्कृते यद्विशेषतः ॥ ८१
श्रीमद्भागवताभ्यासाभावस्तद्दुःखनिर्णयः ।
बाल्ये ये धर्मसंस्काराः धर्मग्रन्थावलोकनम् ॥ ८२
अध्यात्मज्ञानलाभश्चेज्जन्मावधि सुखप्रदः ।
तदत्र निश्चयो जातः सा विद्या या विमुक्तये ॥ ८३
महाशालाकृतोऽभ्यास आङ्ग्लशालान्तसंस्कृतिः
अष्टादशेऽथ देशेऽस्मिन् पठनं पूर्णतां गतम् ॥ ८४
यन्न लब्धं शिक्षकेभ्यो न लब्धं देवमन्दिरे ।
स्वधात्रीरम्भया दत्तं रामनाम प्रियं महत् ॥ ८५

ભર છોડયું. આમાં એ ફલિત થાય છે કે ઢીલા મનવાળો દુઃસંગ મળતાં નીચે ઊતરે છે, દૃઢ ચિત્તવાળો પ્રતિજ્ઞાથી બંધાયેલો પોતે શુદ્ધ રહી બીજાને શુદ્ધ કરે છે.–૭૮–૭૯–૮૦

સર્વથી શ્રેષ્ઠ સંસ્કૃત ભાષાનું જ્ઞાન હિન્દુધર્મ માટે છે; તે વખાણ્યું છે, કારણ ધર્મગ્રંથો તમામ સંસ્કૃતમાં હિન્દુના છે, અને તેનો અભ્યાસ પોતે પૂરો ન કર્યો અને શ્રીભાગવતનો અભ્યાસ પોતે પૂરો ન કર્યો તે દુઃખ છેક સુધી મનમાં રહ્યું, તેથી બાલપણના ધર્મ-સંસ્કારો અને ધર્મગ્રંથોનો અભ્યાસ અને અધ્યાત્મ (પરમેશ્વરને ઓળખવાના) જ્ઞાનનો લાભ હોય તો જ માનવતા છે. જન્મથી અને મરણબંધનથી મોક્ષ અપાવે તે જ વિદ્યા છે, બાકી બધી વિદ્યાઓ વિદ્યા નથી, કલા છે! એ નિશ્ચય દૃઢ કરી સંસ્કૃત અભ્યાસનો ઉપદેશ આપ્યો. ૮૧–૮૨–૮૩ મોટી શાળા (હાઇસ્કૂલ)માં જઇ અંગ્રેજી શાળાની શાલાન્ત (મેટ્રિક્યુલેશન) સુધી અભ્યાસ કરી આ દેશનું અંગ્રેજી ભણતર પૂરું કર્યું.–૮૪

ધર્મજ્ઞાન સંસ્કારીને માતા આપે છે એ નિયમ બતાવવા જે પાઠશાળામાં ન ભણ્યા, દેવમંદિરે ન શિખાયું તે ધાત્રી (સંરક્ષણ કરનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मातैव देवदेवेभ्योऽभ्यधिका यद्वचः शुभम् ।
सत्यं तदेव रम्भाया रामस्मरणशिक्षणात् ८६
प्रेतादिवार्तया भीतो रामनाम तदौषधम् ।
शिक्षणं रम्भया दत्तं नाम्नां जपपरायणः ॥ ८७
रामायणस्य श्रवणं लाधारामाख्यपण्डितात् ।
श्रीरामभजने श्रद्धा पितृसंस्कारगौरवात् ॥ ८८
यतीनां संगतौ जातं जैनधर्मादिबोधनम् ।
दर्शनार्थं च गमनाच्छैववैष्णवमन्दिरे ॥ ८९
सर्वधर्मसमानत्वं जातं तत्र महात्मनः ।
भगवन्नाममाहात्म्यं बाल्ये यच्छिक्षितं भवेत् ॥ ९०
जन्मावधि भवेत्सिद्धिर्धर्ममूलं न संशयः ।
कुष्ठव्याधिर्गतो रामस्मरणात्पण्डितस्य हि ॥ ९१
निर्माल्यबिल्वपत्राणां बन्धनात्तच्छ्रुतं तदा ।
माहात्म्यं तद्भगवतो ज्ञातं बाल्ये जपः कृतः ॥ ९२

માતા દાઇ) રંભાએ રામનામનો પ્રેમ શીખવ્યો. દેવના દેવોથી માતા અધિક છે એ ધર્મવચન રંભાએ રામસ્મરણ શીખવી સાર્થક કર્યું. ૮૫-૮૬. ભૂત વગેરેની બીક લાગે તો રામનામ એનું ઔષધ છે આ રીતે રંભાએ રામનાનો જપ કરવો એ શિક્ષણ આપ્યું-૮૭ લાધારામ નામના પંડિતથી રામાયણ સાંભળ્યું અને તેથી પિતાના દાદાના સંસ્કાર પ્રમાણે રામભજનમાં શ્રદ્ધા થઇ (કારણ મહાપુરુષ પરંપરાથી શુદ્ધ અને પવિત્ર થયેલા કુળમાં જ અવતરે છે.)-૮૮ જૈન સાધુઓના સંગથી જૈનધર્મનું જ્ઞાન મેળવ્યું, મંદિર દર્શન કરી શૈવ વૈષ્ણવ મંદિરોથી તેના ધર્મની ઝાંખી થઈ, અને આ પ્રમાણે સર્વધર્મનું સમાનપણું, પરધર્મસહનશીલતા બાળપળથી આવ્યાં. ભગવાનનું નામમાહાત્મ્ય નાનપણમાં શિખાયું હોય તો જન્મભર સુખદાયક છે, એ જ ધર્મનું મૂલ છે. લાધારામ પંડિતનો કોઢનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पश्चिमे तत्प्रभावेण नास्तिका आस्तिकाः कृताः ।
सत्यनीती धर्ममूलं हृदि काव्यैर्विनिश्चितम् ॥ ९३
आङ्ग्लाभ्यासविशेषार्थं न्यायवादित्वशिक्षणे ।
ऊनविंशेऽथ संप्राप्ते द्रव्याभावे विशेषतः ॥ ९४
अलंकारांश्च विक्रीय सहस्रत्रयमाप्तवान् ।
ज्ञात्वा बहिष्कृतौ दत्तं भयं चाविगणय्य च ॥ ९५
ज्योतिर्विन्मावजित्प्रेम्णा विदेशं गन्तुमुत्सुकः ।
साहाय्याप्राप्तिरत्रापि जन्मस्थानाधिकारिणः ॥ ९६
लेलीनाम्नो विदेशीयाद् भ्रातुरौदार्यभावनात् ।
विदेशगमनायैव निर्णयो मातुराग्रहात् ॥ ९७
सुरामांसपरस्त्रीणां संगमे नियमः कृतः ।
मातुः स्नेहेन धर्मस्य कुलसंस्कारधारणात् ॥ ९८
प्रतिज्ञां महतीं कृत्वा विदेशं गमनं कृतम् ।
वसुनागाष्टभूवर्षे (१८८८) सप्टेम्बरचतुर्थके ॥ ९९

વ્યાધ રામનામથી અને મહાદેવના નિર્માલ્ય બીલીપત્રના બાધવાથી ગયો, તે સાંભળી નાનપણથી જ ભગવાનનું માહાત્મ્ય જાણી નામને જપ આરંભ્યો.–૮૯–૯૦–૯૧–૯૨

પશ્ચિમમાં (યુરોપમાં આફ્રિકામાં) રામનામના પ્રભાવથી નાસ્તિકોને આસ્તિક બનાવ્યા. સત્ય અને નીતિ ધર્મનાં મૂળ છે તે કાવ્યો દ્વારા શીખ્યા. અંગ્રેજી વિશેષ ભણવા અને વકીલાત (બારિસ્ટરી) શીખવા ઓગણીસમા વર્ષે જોશી માવજીભાઈના આગ્રહથી ન્યાત બહાર થવાનો ભય છોડી, ઘરમાં દ્રવ્ય ન હોવાથી ઘરેણાં (ઘણા ભાગે પત્નીનાં) વેચી ત્રણ હજાર મેળવી પરદેશ (વિલાયત) જવા તૈયારી કરી છતાં પણ સ્થાનિક અંગ્રેજ અમલદાર 'લેલી'ની સહાય ન મળી.–૯૪–૯૫–૯૬

માતાજીના આગ્રહથી દારૂ માંસ અને પરસ્ત્રીસેવનની ત્રણ પ્રતિજ્ઞાઓ કરી ધાર્મિક કુલસંસ્કારથી માતાના દૃઢસંબંધથી અને આગ્રહથી આ ત્રણ મહાન પ્રતિજ્ઞાઓ લઇ વિદેશગમન કર્યું. ૯૭–૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पत्नीपुत्रौ विहायात्र बारिष्टरपदोत्सुकः ।
ययौ मोहमयीं त्यक्त्वा विश्वबन्धुर्विलायतम् ॥ १००
विंशद्वर्षवयस्केन विदेशे स्वगृहं कृतम् ।
विचित्रदेशभाषादिसंस्कारास्तत्र दुःसहाः ॥ १०१
व्ययोऽधिकः कृतस्तत्र महर्घे भोजनालये ।
तथाऽपि भोजनं लब्धं क्षुधापूर्णं न सर्वथा ॥ १०२
मज्मूदारावटङ्केन त्र्यम्बकेन सहैव सः ।
यातो विलायतं देशं प्रथमं मोहनः स्वयम् ॥ १०३
यन्त्रनौकास्थितस्यास्य मांसाहाराग्रहः कृतः ।
त्र्यम्बकेन विना तेन सुखदा न स्थितिर्भवेत् ॥ १०४
यदि स्यादनुकूलं वा प्रतिकूलं तथा भवेत् ।
प्रतिज्ञापूर्वकेणैव स्थेयं तत्रेति निश्चयात् ॥ १०५
संयमेन विचारैश्चाभ्यासोत्साहवता ततः ।
दुःखादिसहनं कृत्वा वसितं लण्डने पुरे ॥ १०६

સને ૧૮૮૮ ના સપ્ટેમ્બરની ચોથી તારીખે બારિસ્ટર થવાને માટે આ વિશ્વબંધુ તરીકે જન્મેલા વિલાયત ભણી પોતાનાં પત્ની અને પુત્રને ત્યજી જવાને માટે મુંબાઈ આવ્યા.-૯૯-૧૦૦

વીસ વર્ષના શ્રી ગાંધીજીએ પરદેશ વિલાયતમાં પોતાનું ઘર કર્યું. ત્યાંની ભાષા પહેરવેશ વગેરે વિચિત્ર હોવાથી નવાસવા દેશીને ઘણાં જ કઠણ હતાં, મોટા ખર્ચવાળી ત્યાંની હોટલ (ભોજનશાળા)માં ઘણું ખર્ચ કરતાં પણ પેટપૂરતું ભૂખ મટે તેવું ભોજન ન મળતું. ત્ર્યંબકલાલ નામના મજમૂદાર સાથે પ્રથમ શ્રી મોહનદાસ વિલાયત ગયા, રસ્તામાં મજમૂદારે માંસાહાર વિના અહીં સુખે રહેવાશે જ નહિ એમ કહી માંસાહારનો આગ્રહ કર્યો. પણ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય. વિલાયત ન રહેવાય તો જતા રહેવું, પણ પ્રતિજ્ઞા છોડવી નહિ, એ નિશ્ચયવાળા શ્રી મોહનદાસે પ્રતિજ્ઞા પાળી. (માંસ મદિરાનું ગ્રહણ ન કર્યું)-૧૦૧-૨-૩-૪-૧૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विदेशगमने चात्र देशे ज्ञातिबहिष्कृतिः ।
जगतः प्रीतिपात्रेण त्यक्तं ज्ञातिप्रयोजनम् ॥ १०७
प्रतिज्ञाबलतश्चात्र वञ्चनाभावधर्मतः ।
प्राप्तेष्वपि प्रसंगेषु सुरामांसादिवर्जनम् ॥ १०८
एकविंशेऽथ शालान्तां परीक्षां लण्डने पुरे ।
दत्वान्नाहारसमितिर्द्वाविंशे स्थापिता तदा ॥ १०९
आदर्शायैव सर्वेषां विदेशे लण्डने पुरे ।
अन्नाहारादिसंस्थाभिर्नवो धर्मः प्रतिष्ठितः ॥ ११०
तादृक्संस्थानियन्तृत्वमुत्साहेन स्वयं कृतम् ।
संगदोषादपूर्णत्वाद् बाल्यत्वापक्वबुद्धितः ॥ १११
मांसाशनं स्वदेशे यत्कृतं त्यक्तं प्रतिज्ञया ।
यत्र मांसाशिनः सर्वे तदाग्रहपरायणाः ॥ ११२
त्यक्तं मांसाशनं तत्र त्याजितं चान्यमानवैः ।
प्रतिज्ञायामर्थभेदो न कार्यः सज्जनैः क्वचित् ॥ ११३

સંયમથી વિચારથી અભ્યાસના ઉત્સાહી શ્રી મોહને લંડનમાં દુઃખ વેઠીને પણ રહેવાનું સ્વીકાર્યું. પરદેશગમનથી તે વખતે ન્યાત બહાર થવાનું હતું. જગતને પ્રીતિપાત્ર થવા સરજાયેલા આ મહાપુરુષે જ્ઞાતિપ્રવાહને છોડી દીધો. પ્રતિજ્ઞાબલથી, અને માતાને દગાઈ કેમ થાય એ ભાવથી પ્રસંગો આવ્યા છતાં પણ મદિરા માંસ ન લીધાં-એકવીસમા વર્ષમાં લંડનની મેટ્રિકની પરીક્ષા આપી અને બાવીસમા વર્ષે લંડન નગરમાં પણ અન્ન ખાનારની સંસ્થા સ્થાપી. માંસને ન અડનાર અંગ્રેજોને તૈયાર કરી નવો ધર્મ ચલાવ્યો-૧૦૬-૭-૮-૧૦૯

ઉત્સાહથી પોતે આવી સંસ્થા ચલાવનાર બની નાનપણમાં સંગદોષથી, અજ્ઞાનતાથી, કાચી બુદ્ધિથી જે માંસાહાર કર્યો હતો તે દોષ પ્રતિજ્ઞાથી દૂર કર્યો, અને જ્યાં બધા જ માંસાહારી છે, બીજાને તેનો આગ્રહથી સ્વીકાર કરાવનાર છે, તેવા દેશમાં પોતે માંસાહાર છોડી ઘણાઓને છોડાવ્યો, કારણ પ્રતિજ્ઞામાં જે અર્થ પ્રતિજ્ઞા લેતાં કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वीकारे यः कृतस्त्वर्थः स एव ध्रुवतां गतः ।
गृहीत्वा नियमं पश्चाद् बुद्धिकौशल्यविद्यया ॥ ११४
क्रियतेऽर्थविपर्यासस्तन्न सत्यस्य लक्षणम् ।
अनेनैवार्थबोधेन स्वीकृतं चान्नभोक्तृभिः ॥ ११५
कृतं च कारितं तेषामण्डाद्यशनवर्जनम् ।
विद्याभ्यासवतां नित्यं सरलं जीवनं भवेत् ॥ ११६
स्वल्पव्ययेन निर्मोहाद्विदेशेऽपि तथा कृतम ।
चतुर्धा गण्यते लोके सभ्यता या विलायते ॥ ११७
नृत्यगानंपरस्त्रीभिः पटुत्वं भाषणादिषु ।
केशवस्त्रादिसंस्कारो विचित्रोऽत्र विलासवान् ॥ ११८
कृत्वा प्रवेशं सर्वत्र त्यागो मासत्रयात्कृतः ।
त्याज्यभावेन यस्त्यागः स वै श्रेष्ठतमो मतः ॥ ११९
विलासवृत्तिं निष्कास्य विद्याभ्यासं विशेषतः ।
चकार मोहनस्तत्र विदेशे श्रमसंयुतः ॥ १२०

હોય તે જ અર્થ દઢ રાખવો, અમુક પ્રલોભનથી લેતાં ધારેલા અર્થને યુક્તિથી ફેરવવો તે વંચના છે અને બુદ્ધિપૂર્વક તે અર્થને બદલવો તે સત્ય નથી.–૧૧૧–૧૧૨–૧૧૩–૧૧૪

આવા અર્થથી ઈંડામાં માંસાહાર નથી તેમ ઘણાના કહેવા છતાં તેનો ત્યાગ કર્યો. વિદ્યાભ્યાસ કરનારનું જીવન જેમ થોડા ખર્ચથી સરલ બને તેમ મોહજાળ છોડી આચરણ કર્યું, કારણ વિલાયતમાં સભ્યતા ચાર રીતે પરખાય છે: ૧ નાચ, ૨ ગાન, ૩ પારકી કુંવારી છોકરીઓ સાથે વાચાળ ચતુર ભાષણો, અને ૪ વાળ અને વસ્ત્રોની ટાપટીપ. આવા વિચિત્ર વિલાસોમાં પ્રવેશ કરી ત્રણ માસમાં જ બધું છોડી દીધું. ત્યાજ્ય છે (ત્યાગ કરવા જેવું છે) તેનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે.–૧૧૫–૧૧૬–૧૧૭–૧૧૮–૧૧૯

વિલાસવૃત્તિ છોડી અને પરદેશમાં વિશેષ મહેનતથી શ્રી મોહને વિદ્યાભ્યાસ કર્યો. લૅટિન અને ફ્રેન્ચ ભાષા પણ ધર્મભાવનાથી શીખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लेटिनफ्रेञ्चभाषादिशिक्षणं धर्मभावनात् ।
गीताबुद्धचरित्रादि पठित्वा बाय्बलं तथा ॥ १२१
सत्येन त्यागनीतिभ्यां सर्वधर्मसमन्वयः ।
निर्णयः स्वीकृतस्तेन स्वचारित्र्ये नियोजितः ॥ १२२
सत्यप्रियस्य यद्दुःखं तदत्राप्यनुमीयते ।
यत्र यादृक् प्रवाहः स्याल्लोकानां बलवान्क्वचित् ॥ १२३
विरुद्धाचारचरणात्तिरस्कारस्तदा भवेत् ।
मनसो बलहीनत्वान्मोहाद्वान्यस्य संगमात् ॥ १२४
सभ्यताभङ्गभयतः प्रतिज्ञा त्यज्यते जनैः ।
सत्यप्रियस्य मौनत्वमल्पभाषित्वमेव च ॥ १२५
कार्यशक्त्यनुकूलं च भाषणं सुखदं भवेत् ।
मोहनेनापि मौनेन लज्जायुक्तस्वभावतः ॥ १२६
भाषणेष्वपि सर्वेषु सत्यरक्षा कृता यतः ।
वाहनेनैव गमनं भोजनं भोजनालये ॥ १२७
स्वादवृत्तिस्तथा त्यक्ता त्रयं तत्र विवर्जितम् ।
स्वतन्त्रावसथे कुट्यां स्वहस्तकृतभोजनम् ॥ १२८

ગીતા બુદ્ધચરિત્ર અને બાયબલ વગેરેનો અભ્યાસ કર્યો. સત્યનીતિ-ત્યાગના ધોરણે બધા ધર્મોનું ઐક્ય સાધી તેમાંથી નિર્ણય તારવી કાઢી ગીતાધર્મ સ્વીકારી પોતાના ચારિત્ર્યમાં મૂકયો.–૧૨૦–૧૨૧–૧૨૨

જ્યાં લોકોનો પ્રવાહ જેવો બળવાન હોય તેનાથી ઊલટા આચાર-વાળાને તિરસ્કાર થવાનો સંભવ છે, અને તે પ્રસંગે નિર્બલ મન હોય, બૂરી સોબત હોય તો સભ્યતા નાશ થવાના ભયે ઘણા પ્રતિજ્ઞા-ત્યાગ કરે છે.–૧૨૩–૧૨૪–૧૨૫–

સત્યપ્રિય જે મનુષ્યો છે તેમણે મૌન રહેવું, જરૂર જેટલું બોલવું, કાર્યશક્તિ હોય તે પ્રમાણે બોલવું (વધારે પડતું નહિ), તે જ સુખ-દાયક છે. શ્રી મોહનદાસે પણ શરમાળ સ્વભાવથી અને મૌનપણે સર્વ ભાષણોમાં સત્યની રક્ષા કરી. ગાડીમાં બેસી જવું, ભોજનશાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कटुतिक्तस्वादहीनं रसयुक्तं मनःप्रियम् ।
स्वादस्थानं नात्र जिह्वा मन इत्येष निर्णयः ॥ १२९
विलायतगतानां च यूनामेका नवीनता ।
विद्यार्थिनां विवाहस्तु तत्र लज्जास्पदं मतः ॥ १३०
मोहनेनापि तत्सर्वं गूढत्वेनैव रक्षितम् ।
विधवावृद्धनार्यास्तु मेलनं भोजनालये ॥ १३१
मातृवत्स्नेहसंबद्धा गृहमाहूय मोहनम् ।
दत्वा परिचयं कस्या युवत्याः प्रेमभाजनम् ॥ १३२
कर्तुमिच्छति तज्ज्ञात्वा मोहनः सत्यपूजकः ।
पत्रेण ज्ञपयित्वा स्वं पत्नीपुत्रसमन्वितम् ॥ १३३
विनयेन च वृद्धाया अभवत्प्रीतिमान् ध्रुवम् ।
युवत्याश्चैव वृद्धायाः सत्येन हास्यतां गतः ॥ १३४
भारतीयस्तथाचारो भोजने संगतौ व्यये ।
निर्मोहतापूर्वकश्च विदेशेऽपि प्रयोजितः ॥ १३५

(હોટલ)માં જમવું, અને સ્વાદવાળું જમવું તે ત્રણનો ત્યાગ કર્યો. ઓરડી ભાડે રાખી પોતાને હાથે રાંધી તીખાતમતા સ્વાદ વિના જમવું શરૂ કર્યું. નિશ્ચય કર્યો કે સ્વાદનું સ્થાન જીભ નથી પણ મન છે. ૧૨૬-૧૨૭-૧૨૮-૧૨૯

વિલાયત ગયેલા જુવાનોમાં એક નવાઇ છે કે પરણેલા છીએ એમ વિદ્યાર્થીઓએ કહેવું એ નિર્લજ્જ મનાય છે. તેથી ગુપ્તપણે લગ્નની વાત મોહનદાસે સાચવી રાખી કોઇને કહી નહિ. એક વૃદ્ધ માતા જેવી માયાળુ અગ્રેજ વિધવા સ્ત્રીનો તેમને હોટેલમાં મેળાપ થયો. તેણીએ માના જેવા સ્નેહથી મોહનને ઘેર બોલાવી ધીમે ધીમે એક અંગ્રેજ યુવાતનો પરિચય કરાવ્યો અને તેના પ્રેમ-પાત્ર બને તેવી ગોઠવણ કરી; પણ આ વાત સમજી જઈ શ્રી મોહનદાસે પત્ર લખી પોતે પરણેલા અને છોકરાના બાપ છે એ વાત જણાવી આ સત્ય અને વિનયથી તે વિધવા વૃદ્ધાના વધારે પ્રીતિપાત્ર બન્યા. સાથે યુવતિના અને વિધવાના હાસ્યપાત્ર પણ થયા.-૧૩૦-૧૩૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नार्याः परिचयोऽवश्यं योगिनामपि दुःखदः ।
एकान्ते यद्दुराचारयुक्तनार्या सहाश्रयः ॥ १३६
यूनश्चेदत्र चेष्टा स्यादवश्यं पतनं भवेत् ।
युवावस्थाबलं तत्र छात्राणां तन्न सिद्धिदम् ॥ १३७
योगिनामपि सर्वेषां मनो दुर्निग्रहं स्मृतम् ।
युवाऽत्रापि विशुद्धोऽभूत् कृपया परमात्मनः ॥ १३८
अन्नहारसभायां च द्वाविंशतिवया ययौ ।
पोर्टस्मथप्रदेशेऽपि तथा संगोऽजनि स्त्रिया ॥ १३९
खेलनादिविकारेषु धन्यं धैर्यं महात्मनः ।
ईशस्य कृपया युक्ता ये जीवा भवसागरे ॥ १४०
तन्नियन्ता रक्षकश्च स एव परमेश्वरः ।
इतीश्वरकृपाश्रद्धा निर्बलस्य बलं महत् ॥ १४१
विचार्यैवं कृतं तेन शुद्धेन स्थानवर्जनम् ।
पूर्णता महतश्चात्र मोहनस्य विलोक्यते ॥ १४२

ભોજનમાં ખર્ચમાં અને સંગતમાં ભારતનો આચાર છે, તેવો જ મોહને છોડી મોહનદાસે વિદેશમાં પણ રાખ્યો. સ્ત્રીનો પરિચય યોગીઓને પણ દુઃખદાયક છે, તો એકાંતમાં દુરાચારી નારી સાથે રહેવું વગેરે જુવાનીની ચેષ્ટાથી હાનિ થાય છે. વિદ્યાર્થીઓ માટે યુવાવસ્થાનું બલ સિદ્ધિદાયક નથી. ૧૩૫–૩૬–૧૩૭

યોગીઓને માટે પણ મન વશ કરવું આવા સમયમાં કઠણ છે, પણ ભગવાનની કૃપાથી આ જુવાન પણ શુદ્ધ રહ્યો. બાવીશ વર્ષની ઉમ્મરના આ મહાપુરુષને લાયક જુવાન પોર્ટસ્મથ નામના સ્થાને એક અન્નાહારીની સભામાં ગયા ત્યાં એક સ્ત્રીનો એકાન્ત સંયોગ થયો. પાનાંની રમત વિકારમાં પરિણામ પામી, પણ ધૈર્યવાન મહાપુરુષ તુરત જ ચાલી નીકળ્યા તે ધૈર્યને ધન્ય છે. ઈશ્વરની કૃપાવાળા જે જીવો ભવસાગરમાં છે તેમનો નિયામક અને રક્ષક તે જ પરમાત્મા છે, તેથી ઈશ્વરકૃપાની શ્રદ્ધા એ જ નિર્બલનું બલ છે. ૧૩૮–૧૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चारित्र्यरक्षणं तत्र कृपापात्रस्य लक्षणम् ।
श्रद्धायुक्तनराणां च धर्मग्रन्थावलोकनात् ॥ १४३
अविवाहितसन्मित्रसंगतया वाचनं कृतम् ।
आङ्ग्लानुवादो गीताया आर्नल्डकृतपुस्तकम् ॥ १४४
संस्कृतेनैव मूलेन साकं भाषान्तरस्य च ।
थियोसोफिकले मार्गे प्रवेशोऽत्रापि नो कृतः ॥ १४५
तत्त्वज्ञानं तु गीताया चारित्र्यायोजने तथा ।
सर्वश्रेष्ठत्वमालोक्य हिन्दुधर्मे रतिः कृता ॥ १४६
ब्लेवेस्टक्या विदुष्यास्तु कृतं दर्शनमाश्रमे ।
एनीबेसेन्टनाम्न्याश्च स्वधर्मरतिना पुनः ॥ १४७
"ध्यायतो विषयान्पुंस" इति श्लोकद्वयं पठन् ।
स्वाचारे स्थापयित्वा च कृतार्थोऽभून्महान्नरः ॥ १४८

આ વિચારે જ શ્રી મોહને શુદ્ધ રહીને સ્થાન છોડયું. આથી જ તેમની પૂર્ણતા અને મહત્તા જણાય છે. ચારિત્ર્યને સાચવવું, એ જ કૃપાપાત્રનું લક્ષણ છે. શ્રદ્ધાવાળા પુરુષોને ધર્મગ્રન્થના ભણવાથી આ મળે છે. અવિવાહિત એવા એક મિત્રની સાથે આર્નલ્ડ નામના વિદ્વાને કરેલો ગીતાનો અંગ્રેજી અનુવાદ મૂળ સંસ્કૃત સાથે વાંચ્યો. થિવાસોફિકલ સોસાયટીમાં આગ્રહ છતાં પ્રવેશ ન કર્યો. હિન્દુધર્મનું સર્વોત્તમ શ્રી ગીતાચારિત્ર્યમાં મૂકવા લાયક તત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક સર્વશ્રેષ્ઠ જણાયાથી હિન્દુધર્મમાં પ્રીતિ કરી ગીતાને જીવનમાં–ચારિત્ર્યમાં મૂકી.

બ્લેવેસ્ટકી નામની વિદુષી બાઈનાં દર્શન તેના આશ્રમમાં કર્યાં. એની બેસેન્ટની મુલાકાત લીધી, પણ ધર્મપ્રીતિ પોતાની કાયમ રાખી.

[1]વિષયનું ધ્યાન ધરનારને વિષયોનો સંગમ થાય છે, એ બે

[1]ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ।
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गीतासर्वोत्तमत्वं च स्वीकृतं मनसि स्वयम् ।
अभ्यासे सर्वधर्माणां कृतेऽपि स्थिरबुद्धिमान् ॥ १४९
अनुवादाश्च गीतायाः पठिता आङ्ग्लभाषया ।
तथा बुद्धचरित्रं च तत्त्वचारित्र्यहेतवे ॥ १५०
यादृशो भारते जातश्चार्वाको नास्तिकस्तथा ।
ब्रेड्लोनामा विदेशेऽपि तस्य वादाऽवलोकनात् ॥ १५१
ईश्वरत्वे विशेषेण श्रद्धा जाता महात्मनः ।
तदेव धर्मग्रन्थानामभ्यासस्य बलं स्मृतम् ॥ १५२
अधर्माचरणे तद्वद्व्यवहारस्य संकटे ।
आपत्स्वन्यासु सर्वत्र रक्षणं परमात्मनः ॥ १५३
आकस्मिकमिदं कार्यमिति नास्तिकभावना ।
मायाधीना नास्तिकाः स्युरास्तिका भगवत्पराः ॥ १५४

ગીતાના શ્લોકોને પાઠ કરી ચારિત્ર્યમાં મૂકી આ મહાન પુરુષ કૃતાર્થ થયો. બધા ધર્મોનો અભ્યાસ કરવા છતાં ગીતા એ સર્વોપરિ છે એમ નિશ્ચય કરી ગીતાના બધા અનુવાદો અંગ્રેજીમાં વાંચી, ચારિત્ર્ય ઘડવાને માટે બુદ્ધચરિત્ર વાંચી સ્થિર બુદ્ધિથી ગીતાનું સર્વશ્રેષ્ઠપણું સ્વીકારી જીવનને ગીતામય બનાવ્યું. ૧૪૨–૧૫૦

ભારતમાં જેવો નાસ્તિક ચાર્વાક થયો છે કે જે ઈશ્વર છે એમ માનતો નથી, તેવો જ યુરોપમાં બ્રેડલો નામનો વિદ્વાન થયો છે તેનો વાદ પણ જોયો અને તેથી તો ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા દૃઢ થઈ. આ જ સર્વ ધર્મગ્રન્થોના સમન્વયપૂર્વક સમતુલાબુદ્ધિના અભ્યાસનું ફલ છે. અધર્મનો જ્યારે આચરણસમય આવે, વ્યવહારનું સંકટ આવે અને બીજી આપત્તિઓ આવે ત્યારે ઈશ્વર રક્ષણ કરે

અર્થ–(વિષયનું ધ્યાન ધરનારને તેનો સંગ થાય છે, સંગથી કામ તેથી ક્રોધ, તેથી મોહ, મોહથી સ્મૃતિનાશ (ભ્રાન્તિ) અને તેથી બુદ્ધિનાશ અને પછી વિનાશ થાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रार्थनायां प्रधानं तन्मनसो वृत्तिकारणम् ।
मनसा जायते वाण्यां शरीरे तदनन्तरम् ॥ १५५
तस्माच्छुद्धेन मनसा श्रद्धापूर्णनरैः सदा ।
स्मरणीयोऽथ भगवान् निर्णयः स्त्रीप्रसंगतः ॥ १५६
आस्तिकाः सर्वकार्येषु गणयन्तीशसत्कृपाम् ।
नास्तिकाः प्रकृतेः कार्यमास्तिकाः परमात्मनः ॥ १५७
हेमचन्द्रात्मजः श्रीमन्नारायण इति स्मृतः ।
तत्प्रसंगश्च मैत्री सा सारल्येन समानता ॥ १५८
विदेशेऽपि स्वदेशीयवस्त्राचारपरायणः ।
जायते हास्यपात्रं च तथा सोऽयं दृढव्रतः ॥ १५९
नहि निर्बलतां यातीत्येतावत्सत्यलक्षणम् ।
आङ्ग्लभाषानभिज्ञस्य तद्देशागमनं तथा ॥ १६०

છે. નાસ્તિકો આને અકસ્માત્ બન્યું એમ માને છે, અગર કુદરતે કર્યું તેમ કહે છે. કુદરત (તે સાંખ્યના નિયમે) ભગવાનની માયા છે. માયાધીન કુદરતને માને છે, આસ્તિક ભગવાનને માને છે. મોહનની આસ્તિકતા અને મનોવૃત્તિનું કારણ તેની પ્રાર્થનાનું બલ છે. પહેલું પ્રાર્થના (શ્રદ્ધા કૃપા) બલ મનમાં, પછી શરીરમાં જણાય છે. ૧૫૧–૧૫૫

માટે શુદ્ધ મનથી શ્રદ્ધાળુ નરોએ ભગવાનનું સ્મરણ મનની નિર્મલ સ્થિતિમાં કરવું, એ નિર્ણય સ્ત્રીના પ્રસંગે કર્યો. આસ્તિક જનો બધાં કાર્યોમાં ઈશ્વરની કૃપાને સાધન ગણે છે, ત્યારે નાસ્તિકો કુદરતને (પ્રકૃતિને) તેમ માને છે. જગત એ કુદરતકાર્ય એમ નાસ્તિકો માને છે, ઈશ્વરની લીલા છે એમ આસ્તિક માને છે. ૧૫૬–૧૫૭

શ્રી નારાયણ હેમચન્દ્ર વિલાયત ગયા. તેમની મોહનદાસ સાથે મૈત્રી થઈ તેમાં સરળતા બંનેની છે. પરદેશમાં સ્વદેશી વસ્ત્રોથી અને આચારથી હાંસીપાત્ર થવાય છે. પણ દૃઢનિશ્ચયી ન ડગ્યા એ જ સત્યનું લક્ષણ છે. અંગ્રેજી ન જાણવા છતાં વિલાયત જઈ અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तद्ग्रन्थानां स्वभाषायामनुवादमनोरथः ।
आश्चर्यजनकोऽन्येषां तथापि कृतवानयम् ॥ १६१
मोहनस्य साहाय्येन मैत्र्या भाषादिशिक्षणात् ।
कार्डिनलस्यमेनिंगेत्युपनामवतः पुरः ॥ १६२
नारायणेन गतवान् महात्माऽसौ महामनाः ।
कथनीयं तदस्य स्यात्कथितं तेन यद्वचः ॥ १६३
द्वैभाषिकेन कथितं मोहनेन महात्मना ।
आश्चर्यचकितस्तस्य वाक्पटुत्वेन भाषणात् ॥ १६४
विनाङ्गलभाषावक्तृत्वे शक्तिं फ्रान्सममेरिकाम् ।
गन्तुकाम इति ज्ञात्वा कस्याश्चर्यं न जायते ॥ १६५
पेरिसं फ्रान्सनगरं गत्वा दीर्घप्रदर्शनं ।
घटीयन्त्रं महद्दृश्यं कृत्रिमं चावलोकितम् ॥ १६६
देवालयादिसंस्काराः कलाचित्राणि भव्यता ।
निर्मातॄणां तथा श्रद्धां दृष्ट्वा शान्तिमलौकिकीम् ॥ १६७

ભાષાના ગ્રન્થોના અનુવાદનો મનોરથ કરવો. આ નારાયણનું આ ભોળપણ જોઈ મોહનદાસને આશ્ચર્ય થયું. તોપણ નારાયણે તો ચાલુ રાખ્યું. મોહનદાસની સહાયથી અને મિત્રતાના બળે ભાષા શીખવાનો મનોરથ કર્યો. કાર્ડિનલ મેનિંગ નામના અંગ્રેજી વકીલને ત્યાં નારાયણ સાથે જઈ, બંનેનું દુભાષિયાપણું શ્રીમોહને કર્યું. નારાયણની વાકચાતુરીથી તેમજ અંગ્રેજી જ્ઞાન વિના ફ્રાન્સ અમેરિકા જવાના મનોરથથી કેમ આશ્ચર્ય ન થાય? ૧૫૮–૧૬૫

ફ્રાન્સના પેરિસ નગરમાં જઈ મોટું ઘડિયાળ કૃત્રિમ જોયું, ત્યાંની કલા–દેવળનું બાંધકામ, ચિત્રો, ભવ્યતા, ત્યાંની શાન્તિ અને બનાવનારાઓની અલૌકિક શ્રદ્ધા જોઈ આનન્દ પામ્યા. ૧૬૬–૧૬૭

કુમારી મરિયમની આરસની મૂર્તિ સમીપ ઊભા રહીને પ્રાર્થના કરનારાંઓની શાન્તિ અને શ્રદ્ધા જોઈ યુરોપમાં પણ મૂર્તિપૂજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुमारिकामरियमामूर्तिरश्मविनिर्मिता ।
प्रार्थनां कुर्वतां तत्र दृष्ट्वा श्रद्धां विशेषतः ॥ १६८
मूर्तिपूजा विदेशेऽपि सर्वशान्तिसुखावहा ।
ध्यानं न चाश्मनस्तत्राऽपीश्वरस्यैव भावना ॥ १६९
तदंशजनका वृत्तिरानन्दोऽत्र विलोक्यते ।
यादृशी दृश्यते शान्तिर्भारते नास्ति तादृशी ॥ १७०
धाराशास्त्रान्तिमा जाता परीक्षा श्रीविलायते ।
बारिष्टरपदप्राप्त्यै परीक्षोत्तीर्णकार्यतः ॥ १७१
[1]चन्द्राङ्क[9]वसु[8]भू[1]वर्षे(१८९१)दशमीजूनसत्तिथौ ।
बारिष्टरपदं लब्ध्वा जगदग्रेसरो नरः ॥ १७२
द्वाविंशतेः पूर्णतायां श्रेष्ठ संन्यायमन्दिरे ।
नामप्रसिद्धिं स्वीकृत्य भारतं गन्तुमुत्सुकः ॥ १७३
दत्त्वा परीक्षां महतीं धाराशास्त्रान्तिमामहो ।
रोमनः कोमनश्चैव हिन्दुधारान्वितस्तथा ॥ १७४
इक्विटीति महाग्रन्थः स्नेलस्य कठिनो बहु ।
व्हैटस्य ट्युटरस्यैव विलियम्सस्य पुस्तकम् ॥ १७५

સુખશાન્તિદાયી છે તેમ જાણી આનંદ પામ્યા. મૂર્તિમાં રહેલ પથ્થરનું ધ્યાન નહિ પણ તે ઈશ્વરનું ધ્યાન કરતાં હતાં. આ ભાવ પૂજા છે, અને એ મૂર્તિમાં ઈશ્વરનો અંશ માનતા શ્રદ્ધાળુ જનોને જોઇ સાનન્દ આશ્ચર્ય પામી. આટલી શાન્તિ ભારતનાં દેવમંદિરોમાં કેમ નહિ હોય અથવા નથી, તે વિચારવા લાગ્યા. ૧૬૮–૧૭૦

ધારાશાસ્ત્રીની બૅરિસ્ટર પદની છેલ્લી પરીક્ષામાં પાસ થઈ ૧૮૯૧ ના જૂનની દશમી તારીખે જગતના આ મહાન પુરુષે બૅરિસ્ટરની પદવી લઇ, બાવીસમું વર્ષ પૂર્ણ થતાં ત્યાંના ન્યાયમંદિરમાં (હાઇ-કોર્ટમાં) નામ પ્રસિદ્ધ કરી ભારત જવા ઇચ્છા કરી. વિલાયતનો કાયદો રોમન લૉ, હિન્દુ ધારા સાથે કોમન લૉ અને સ્નેલનો ઇક્વિટી રસપૂર્વક વાંચ્યો. સમજવું કઠણ હતું તે પણ સમજ્યા. હ્વાઇટને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पठित्वा महतीं संख्यां कार्याशक्तिभयं तथा ।
निराशापूर्णहृदयो क्रियाऽज्ञानात्तदाभवत् ॥ १७६
नवरोजात्मजः ख्यातो दादाभाई स्वनामभाक् ।
संगम्यानेन महता स्वार्थकार्यप्रसिद्धये ॥ १७७
कार्यं चेत्कथनीयं ते कथिते वचनेऽपि च ।
आग्रहेऽपि स्वमित्रस्य लज्जया नाब्रवीद्वचः ॥ १७८
मित्रस्य वचनात्तत्र फ्रेड्रिकः पिंकटो महान् ।
हिन्दीप्रेमी न्यायदर्शी तद्गृहं गतवान् स्वयम् ॥ १७९
मुखसामुद्रिका विद्या स्वभावस्यावलोकनम् ।
भारतीयेतिहासादिज्ञानं तस्य प्रसङ्गतः ॥ १८०

અને ટયુટરના કેસો વાંચ્યા અને વિલિયમ્સનું પુસ્તક વાંચ્યું. (મેઈલનો હિન્દુ લૉ વાંચ્યો) આમ છતાં પણ બૅરિસ્ટરી કરવી, (કોર્ટમાં બારિસ્ટર થઈ ઊભા રહેવું) એ ક્રિયાજ્ઞાન કઠણ લાગ્યું અને તેના અજ્ઞાનથી નિરાશ થયા. દાદાભાઈ નવરોજીની મુલાકાત લીધી. " કામ હોય તો કહેજો " એમ તે મોટા માણસે–હિન્દના દાદાએ કહેવા છતાં મિત્રોનો આગ્રહ છતાં શરમથી મુશ્કેલીઓ માટે કંઈ જ કહી શકાયું નહિ. પણ બીજા કોઈ મિત્રની સલાહથી ફ્રેડરિક પિંકટ નામના હિન્દીઓ પ્રત્યે પ્રેમાળ વકીલને ચીઠી લખી સમય માગી મળ્યા. એક મિત્રની માફક તે મોટા છતાં મોહનદાસને મળ્યા અને મોહનદાસે તેમની સલાહથી લેવેટરનું મુખસામુદ્રિક વિદ્યા (ફેસિયોનૉમી) નામનું ચહેરા ઉપરથી માણસને ઓળખવાનું પુસ્તક વાંચ્યું, અને ભારતના ઇતિહાસનું જ્ઞાન લીધું. આકૃતિથી ગુણ જોવાની બુદ્ધિ વકીલને હોવી જોઈએ. પુસ્તક વાંચ્યા છતાં તેવી બુદ્ધિ ન આવી તેવું મોહનદાસને લાગ્યું. ૧૭૪–૧૭૫–૭૬–૭૭–૭૮–૭૯

ત્રેવીસમા વર્ષે ભારતના જનોના ઉદ્ધાર માટે જ હોય એમ ભણી ભારત આવ્યા. વકીલાતનાં પુસ્તકો (ધારાશાસ્ત્રો) માં ધર્મ શોધ્યો. તમારું હોય તે એવી રીતે વાપરો કે બીજાને નુકસાન ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न्यायदर्शिजने बुद्धिश्चाकृत्या गुणदर्शनम् ।
ग्रन्थास्तु पठिताः सर्वे ज्ञानं जातं न तादृशम् ॥ १८१
त्रयोविंशद्वयाः श्रीमान् त्यक्त्वा देशं विलायतम् ।
भारतं भारतीयानामुद्धारायाजगाम हि ॥ १८२
धाराशास्त्रेऽपि धर्मस्य शोधनं साधितं श्रमात् ।
स्वकीयमपि भोक्तव्यं यथान्यस्य न दुःखदम् ॥ १८३
बायबलेऽपि तथा दृष्टं धर्मतत्त्वं स्वधर्मतः ।
खण्डस्य याचकायास्मै देयं पूर्णं सुखप्रदम् ॥ १८४
देयान्यन्यानि वस्त्राणि याचना कञ्चुकं कृता ।
चपेटिका यदा येन दत्ता गण्डस्थलेऽपि चेत् ॥ १८५
अन्यगण्डस्थलं धृत्वा पूरणीयो मनोरथः ।
"सर्वं सहेत परुषं सर्वेषां कृष्णभावनात्" ॥ १८६
गत्वा मोहमयीं संगः कृतो ज्ञानवतस्तथा ।
रेवाशंकरसद्भ्रातुर्जामाता ज्ञानवान् महान् ॥ १८७
राजचन्द्रो भक्तिपूर्णो हरिदर्शनभावुकः ।
तत्संसर्गेण संजातं टोलस्टोयस्य पुस्तकात् ॥ १८८

પહોંચે,–આ સિદ્ધાંત કાયદામાંથી ભણી લઈ અમલમાં મૂક્યો. પોતાના ધર્મ સાથે બાઇબલને વાંચી મેળવણી કરી. તેમાંથી ૧. " અર્ધું કે ટુકડો માગે તેને આખું આપી દો," ૨. "પહેરણ માગે તેને બધાં કપડાં આપો, ૩. એક ગાલને માર મારે તો બીજો ગાલ ધરો." આ ઇસુખ્રિસ્તના ગિરિવચનમાંથી ધર્મના મુદ્દાઓ ચારિત્ર્યમાં ઉતાર્યાં. શ્રી વલ્લભાચાર્યના વચન સાથે આ મળતું આવે છે; જેમકે સર્વમાં પ્રભુ છે, એ ભાવનાથી સર્વ મનુષ્યોનાં કઠોર વચનોને સહી લેવાં. સર્વને ઈશ્વરનો સંબંધ સરખો છે. જુદો જુદો નથી; આથી બધા મનુષ્યોને ભગવાનના અંશ માનવા. ૧૮૨–૮૩–૮૪–૮૫–૮૬–૮૭

ભારતમાં મુંબાઇ આવી રેવાશંકર ઝવેરીના ભાઇના જમાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रस्किनग्रन्थपाठेन लब्धं ज्ञानं विशेषतः ।
आध्यात्मिकप्रवेशेऽपि स्वान्तरं साधनं महत् ॥ १८९
"सर्वेषां प्रभुसंबन्धो न प्रत्येकमिति स्थितिः" ।
वल्लभाचार्यसिद्धान्तस्तदत्रापि विलोक्यते ॥ १९०
त्रय एव हि सम्पन्ना मनोग्राह्या महात्मनः ।
टोलस्टोयो राजचन्द्रो रस्किनस्त्रय एव ते ॥ १९०-अ
वैकुण्ठं हृदयस्थं ते टोलस्टोयस्य पुस्तकात् ।
संसारेऽप्यात्मनिष्ठत्वं राजचन्द्रस्य संगमात् ॥ १९१
सर्वोदयस्य लेखाच्च रस्किनोऽयं प्रियोऽभवत् ।
वैष्णवीयकुलाचारजातस्यास्य महात्मनः ॥ १९२

મહાજ્ઞાની રાજચંદ્રજી, (રાયચંદભાઈ) જે ભગવાનના દર્શન માટે આતુર–પૂર્ણ છે, તેમના સંસર્ગથી, ટોલસ્ટોયનાં પુસ્તકોથી રસ્કિનના ગ્રંથો વાંચવાથી આધ્યાત્મિક જ્ઞાન વધાર્યું. પોતાનું શુદ્ધ અન્તઃકરણ આધ્યાત્મિક પ્રવેશનું મહાન સાધન છે. ૧૮૮–૧૮૯

મનમાં કાયમ માટે રહી જાય એવા ત્રણ પુરુષો શ્રી મોહનદાસને મળ્યાઃ ૧ ટોલસ્ટોય, ૨ રસ્કિન અને ૩ રાયચંદભાઇ. આ ત્રણમાં (૧) "વૈકુંઠ તારા હૃદયમાં છે," એ ટોલસ્ટોયના પુસ્તકથી ટોલસ્ટોય અને (૨) સર્વોદય-ના લેખથી રસ્કિન, અને મોટા વ્યપારી સંસારી છતાં (૩) આત્મનિષ્ઠ અને અધ્યાત્મપ્રીતિવાળા એવા રાયચદભાઇના સંગથી, આ ત્રણ પ્રિય બન્યા. વૈષ્ણવ કુલાચારમાં જન્મેલા આ મહાત્માને આ ત્રણ સિદ્ધાન્તો વલ્લભાચાર્યના સિદ્ધાંતમાં સુસંગત એવા મળ્યા, નહિ તો સંસ્કૃત જ્ઞાન રહિત અને વલ્લભાચાર્યના સિદ્ધાન્તના અનભ્યાસીને શી રીતે તે સિદ્ધાન્ત આચારમાં આવે? ૧. હૃદયરૂપ શેષમાં વિરાજતા અને લીલારૂપ ક્ષીરસાગરમાં પોઢેલા લક્ષ્મીરૂપ હજારો લીલાઓથી સેવાતા કલાના ભંડારરૂપ શ્રીકૃષ્ણને પ્રણમું છું, આ ટોલસ્ટોયનો 'વૈકુંઠ તારા હૃદયમાં છે' એ સિદ્ધાંત. ૨. વ્યાવૃત્તિ (વ્યવહાર) છોડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वल्लभाचार्यसिद्धान्ते संगतास्त्रय एव ते ।
अनभ्यासान्न तज्ज्ञानं संस्कृताज्ञस्य जायते ॥ १९३
[१]"नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥ १९४
[२]अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ।
व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ॥ १९५
[३]सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमिति स्थितिः ।
अतोऽन्यविनियोगेऽपि
चिन्ता का स्वस्य सोऽपि चेत्" ॥ १९६
ग्रन्थाभ्यासश्च सत्संगः साधनं तु गुरोः कृपा ।
ईश्वरप्रेमपूर्णस्य जन्मनस्तु जगद्गुरोः ॥ १९७
गुरुरीश्वर एव स्यात्तस्मान्नैव कृतो गुरुः ।
अपूर्णा मानवा तस्य गुरुत्वे नाधिकारिणः ॥ १९८

પૂજા અને શ્રવણ વડે ભગવાનને ભજવા અને વ્યવહાર વચ્ચે હોવા છતાં ચિત્તને ભગવાનમાં રાખી શ્રવણ વગેરે માટે પ્રયાસ કરવો. આ સર્વ નરનારીનો ભગવાન સાથે સંબંધ રાયચંદભાઇના સિદ્ધાન્ત સમાન છે. ૩. (આ રસ્કિન સિદ્ધાન્ત) પ્રત્યેકના જુદા જુદા સંબંધો નથી, માટે આપણી વસ્તુ બીજાના ઉપયોગમાં આવે તો તે પણ પ્રભુના સંબંધે આપણો છે તો શા માટે ચિન્તા કરવી, આ સર્વોદય સિદ્ધાન્ત છે. આમ આ ત્રણ વલ્લભ સિદ્ધાન્તને મળે છે. ૧૯૦–૯૬

ગ્રન્થોનો અભ્યાસ અને સત્સંગ અને ગુરુની કૃપા એ અધ્યાત્મ-જ્ઞાનમાં સાધન છે. પણ જન્મથી જ જગદ્ગુરુ થવા લાયક અને ઇશ્વરના પ્રેમથી ભરેલા આ મહાપુરુષને તેનાથી અપૂર્ણ એવા માનવો ગુરુપદને યોગ્ય ન હોવાથી કોઇ ગુરુ કર્યો નહિ ૧૯૭–૧૯૮

વિલાયતથી આવીને મોટા ખર્ચવાળું ઘર રાખ્યું, પણ તેમાં જો વકીલાતનું ક્રિયાજ્ઞાન ન હોવાથી ઠગાઇ કરે તો જ તે નભે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विलायतादागतस्य महाव्ययुतं गृहम् ।
तत्रापि वञ्चना चेत्स्याद् द्रव्योपार्जनसाधिका ॥ १९९
सत्यप्रियेण कार्यस्याज्ञानं तन्मनसि धृतम् ।
न कृता वञ्चना कस्य न्यायवादिपदेऽपि च ॥ २००
मातृदत्तां प्रतिज्ञां तां पूर्णां कृत्वा विलायते ।
विवक्षुर्मातरं श्रीमानागतः स्वगृहं यदा ॥ २०१
आश्राव्य मरणं मातुर्दुःखसंमग्नमानसः ।
तत्स्थाने कल्पयामास ज्येष्ठं बन्धुं सभार्यकम् ॥ २०२
गङ्गास्नानेन शुद्धिं च सत्तीर्थे नाशिकेऽकरोत् ।
एकभागस्य च ज्ञात्यां दत्तं मिष्टान्नभोजनम् ॥ २०३
परिवेषणकार्यं तत्कृतं भ्रातुः सदाग्रहात् ।
अक्रोधविनयाभ्यां च ज्ञातीयाः स्ववशीकृताः ॥ २०४
पाचको मलिनः प्राप्तस्तस्येयं संस्कृतिः कृता ।
मोहमय्यां कृता तत्र धाराशास्त्रीयकार्यता ॥ २०५

સત્યપ્રિય એવા આ મહાપુરુષે તે મનમાં રાખી વકીલાત કરતાં પણ કોઈ સાથે ઠગાઈ ન કરી અને સત્યને ન છોડયું. ૧૯૯–૨૦૦

વિલાયતમાં માતાની આપેલી પ્રતિજ્ઞાઓ (ત્રણ પ્રતિજ્ઞાઓ) પૂર્ણ અણીશુદ્ધ પાળી અને તે માતાને કહેવાની આતુરતાથી ઘેર આવ્યા, પણ માને મરણ પામેલી જોઈ બહુ ગમગીન બન્યા અને મોટા ભાઇ અને તેમની પત્નીને માતાપિતા સ્થાને માન્યાં. ૨૦૧–૨

પરદેશથી આવી શુદ્ધિ પ્રાયશ્ચિત્ત ગંગાસ્નાનથી થાય તેમ ધારી નાશિક ગોદાવરીતીરે કર્યું. જ્ઞાતિના અર્ધા લોકો સંમત થયા તેમની જ્ઞાતિ મિષ્ટાન્નથી જમાડી. ભાઇના આગ્રહથી પીરસવા રહ્યા. આમ અક્રોધ અને વિનયથી જ્ઞાતિજનને વશ કર્યા. ૨૦૩–૪

મુંબાઈમાં વકીલાત શરૂ કરી. રસોઇયો મેલો મળ્યો તેને શુદ્ધિ સ્વચ્છતા જાતે શીખવી. પહેલે જ દિવસે વકીલાતમાં ન ફાવ્યું. મમી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धाराशास्त्रीयकार्ये तन्नैष्फल्यं प्रथमे दिने ।
शिक्षकस्यापि न स्थानं प्राप्तं कापट्यवर्जनात् ॥ २०६
व्ययातिशयतां दृष्ट्वा त्यक्त्वा मोहमयीं पुरीम् ।
धाराशास्त्रीयतारब्धा राजकोटे पुनस्तथा ॥ २०७
तत्रापि बन्धुकार्यार्थि विरुद्धं मनसस्तदा ।
वञ्चनां मनसः कृत्वा स्वबन्धुप्रेमभावनात् ॥ २०८
अधिकारमदाविष्टस्वाङ्ग्लमित्रसमागमे ।
विदेशीयाधिकारित्वादपमानं तिरस्कृतिः ॥ २०९
लिखितेऽपि तथा पत्रे विरुद्धं लब्धमुत्तरम् ।
फिरोजशाहानुमत्या स्वापमानं तु विस्मृतम् ॥ २१०
राजकोटनिवासोऽपि [1]न्यायदर्शित्वमेव च ।
निष्कापट्येऽपि शुश्रूषाभावाद् दुःखप्रदो मतः ॥ २११
सत्तामदश्च सर्वत्र न्यायस्याप्युपहास्यताम् ।
अनुभूय स्वचित्तेन तदुपायं विचिन्तयन् ॥ २१२

ભાઈના કેસમાં ફી પાછી આપી પટેલને રોકયા. વકીલાત ન ફાવતાં શિક્ષક માટે અરજી કરી, પણ બી. એ. ન હોવાથી અને નિષ્કપટ સ્વભાવ હોવાથી તે ન મળી. ખર્ચો વધારે જાણી મુંબાઈ છોડી રાજકોટમાં વકીલાત શરૂ કરી. ત્યાં પણ ભાઈના પ્રેમને લીધે પોતાના મનથી વિરુદ્ધ–મનને ઠગીને પણ, મદોન્મત્ત પોતાના વિલાયતના અંગ્રેજ મિત્ર વિદેશી અધિકારીને મળવાથી તિરસ્કાર અને અપમાન વહોર્યાં. ચિઠ્ઠી લખી તો વિરુદ્ધ જવાબ મળ્યો. પણ તેવામાં ફિરોજશાહ મહેતા રાજકોટ આવ્યા હતા તેમની સલાહથી (અંગ્રેજ અમલદારો સામે હિન્દીઓ ફાવી શકતા નથી) એ જાણી અપમાન ગળી ગયા. આથી નિષ્કપટ સ્વભાવથી પણ ખુશામત કરવાની હોવાથી રાજકોટનિવાસ અને વકીલાત દુઃખદાયી નીવડયાં. ૨૦૫–૧૧

બધે જ સત્તાનો મદ હોવાથી ન્યાય હાંસીપાત્ર બને છે, આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्यायेन प्रयोद्धव्यं न्यायशस्त्रेण धीमता ।
सत्याग्रहस्य तद्बीजं निक्षिप्तं स्वस्य भारते ॥ २१३
पदारूढा यदाङ्ग्रेजा गणयन्ति न हिन्दिनः ।
स्वतन्त्रभारतस्यात्र निर्माणे वृत्तिरुद्गता ॥ २१४
गन्तुकामस्य चान्यत्र स्थानावासविरोधिनः ।
षड्लक्षमितमुद्राणां न्यायादानेऽथ वादिनः ॥ २१५
अब्दुल्लानामकस्यैव दादासंज्ञस्य पत्रतः ।
लब्धमामन्त्रणं गन्तुं नाताले डर्बनं पुरम् ॥ २१६
आफ्रिकादक्षिणं देशं न्यायवादित्वकर्मणे ।
आगन्तुमाग्रहस्तस्य तेनासीद्गमने त्वरा ॥ २१७
समाधानं गृहे कृत्वा पत्न्यादीनां जगाम सः ।
चतुर्विंशद्वयाः श्रीमान् दीनोद्धारपरायणः ॥ २१८

મનમાં અનુભવ થવાથી તેનો ઉપાય શોધવા લાગ્યા. બુદ્ધિમાને ન્યાયરૂપ શસ્ત્રથી અન્યાય સામે લડવું જોઈએ, આ પ્રમાણે ભાવી સત્યાગ્રહનું પ્રથમ બીજ ભારતમાં મહાત્માજીના મનમાં રોપાયું. અધિકારપદે ચડેલા અંગ્રેજ અધિકારીઓ હિન્દીને ગણતા જ નથી, આ પ્રમાણે ભારત સ્વતંત્ર થાય તો જ આ ત્રાસમાંથી છૂટે એ વૃત્તિનો જન્મ થયો. ૧૨–૧૪

આવા બનાવોથી (આ જ અમલદાર પાસે જ કામ હોવાથી ખુશામત કપટ એ જ સૌરાષ્ટ્રમાં હોવાથી દેશી રાજ્યોમાં પણ કપટભર્યું ખુશામતભર્યું વર્તન રાખવું પડે તેવો અનુભવ પોરબંદર એક અમલદાર પાસે થવાથી) બીજે જવા ઇચ્છા થઈ, તેવામાં જ દાદા અબ્દુલ્લા નામના એક મેમણ ગૃહસ્થનું છ લાખ રૂપિયાના દાવામાં તે વાદી હોવાથી (ત્યાંના વકીલને સલાહ આપવા ખાતર) આફ્રિકા આવવા આમંત્રણ મળ્યું, અને તેથી દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરવા તેનો આગ્રહ થવાથી હિન્દુસ્તાન બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एप्रिले [३]त्रिन[९]वाष्टे[८]न्दा[१] वाङ्ग्लवर्षे (१८९३)
महान्नरः ।
धाराशास्त्रीयतां कर्तुमाफ्रिकाविषयं गतः ॥ २१९
नौकाधीशनिवेशोऽत्र लब्धं स्थानं विशेषतः ।
झांझीबाराख्यनगरे नौकेशप्रेमभावनात् ॥ २२०
स्वाज्ञानजन्या वसतिस्तत्र वेश्यागृहे कृता ।
चारित्र्यरक्षणं कृत्वा शुद्धोऽयं पुनरागतः ॥ २२१
ज्ञात्वा स्थितिर्डर्बने च हिन्दिनां तत्र दुःसहा ।
अस्पृश्यत्वादिवैषम्यं हिन्दिमात्रस्य लक्षितम् ॥ २२२
न्यायालये शिरस्त्राणोत्तारणस्यैव सूचनात् ।
न्यायाधिकारिणा तेन त्यक्तं तन्न्यायमन्दिरम् ॥ २२३
समाचारस्य पत्रेषु लेखोऽपि लिखितस्तदा ।
अनाहूतातिथिश्चायं टीका तैस्तत्र मुद्रिता ॥ २२४

જવાના ઉત્સાહથી ઘરમાં પત્ની વગેરેનું સમાધાન કરી દીનના ઉદ્ધારમાં તત્પર એવા ચોવીસ વર્ષના આ મહાપુરુષ ૧૮૯૩ ના એપ્રિલ માસમાં દક્ષિણ આફ્રિકાના નાતાલ પ્રાન્તના ડર્બન નગરમાં આવી પહોંચ્યા. ૧૫-૧૯

સ્ટીમરના કપ્તાનના પ્રેમથી ઝાંઝીબાર બંદરે સ્ટીમર રોકાઈ ત્યારે અજાણ્યે વેશ્યાના ઘરમાં નિવાસ કરી ચારિત્ર્યરક્ષણ કરી શુદ્ધ ચારિત્ર્યે પાછા આવ્યા. ડર્બનમાં હિન્દી માત્રની સ્થિતિ અસહ્ય લાગી, કેમ કે ત્યાં ના ગોરાઓ હિન્દી માત્રને અસ્પૃશ્ય ગણી પોતાથી દૂર રાખતા હતા. ૨૦-૨૨

ડર્બન શહેરમાં ન્યાયની અદાલત (કોર્ટ) જોવા જતાં મૅજિસ્ટ્રેટે પાઘડી ઉતારવા કહ્યું. (દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓને કોર્ટમાં પાઘડી ઉતારવી પડે છે.) તેથી કોર્ટ છોડી પણ પાઘડી ઉતારી અપમાન ન સહન કર્યું, આની ચર્ચા કરતો લેખ પોતે સમાચાર પત્રોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मुद्रणादाफ्रिकादेशे प्रसिद्धोऽभून्महान्नरः ।
स्वापमानस्य विज्ञानं जातं तत्रत्यहिन्दिनाम् ॥ २२५
न्यायालये तथाऽन्याय्यं कार्यं वर्णविभागजम् ।
तत्र शासनकर्तॄणामन्याय्यपथगामिनाम् ॥ २२६
विचित्रतां च वैषम्यं दृष्ट्वा यदुःखितोऽभवत् ।
आङ्ग्लवस्त्रविचारस्तु त्यक्तो [१]सेवकशंकया ॥ २२७
विक्रीतजीवनानां तज्ज्ञानं जातं महात्मनः ।
क्रीतदासप्रथां ज्ञात्वा मनसि व्यथितो वहु ॥ २२८
मोक्तव्या हिन्दिनश्चात्र लेखविक्रीतजीवनाः ।
विचारं मनसि कृत्वा जातस्तत्र प्रयत्नवान् ॥ २२९
ख्रिस्तिहिन्दिसमाजस्य संगमोऽत्र तदा कृतः ।
पोलस्यैव सुभानस्य गोड्फ्रेनामवतस्तथा ॥ २३०

લખ્યો. અને ત્યાંનાં પત્રોએ વણુનોતરેલો પરોણો એમ કરી ટીકા પણ કરી; આ પ્રસંગથી હિન્દી બૅરિસ્ટરની આફ્રિકામાં જાહેરાત ખૂબ થઈ. અને આ મહાપુરુષને આફ્રિકામાં થતા હિન્દીઓના અપમાનનું ભાન થયું. ૨૩–૨૫

અન્યાય માર્ગે ચાલતા અધિકારીઓનો કોર્ટમાં પણ રંગભેદનો અન્યાય જોયો. આ વિષમ અને વિચિત્ર સ્થિતિ જોઇ દુઃખ થવા છતાં અંગ્રેજી પોશાકનો વિચાર કર્યો, પણ તે વેટર (બબરચી વગેરે નોકરો) સેવક પહેરે છે તે શંકાથી સ્વમાન ખાતર તે છોડયો (કોર્ટ છોડી પણ પાઘડી ન છોડી). ત્યા ગિરિમિટિયા (પાંચ વર્ષ કે દશ વર્ષનો કરાર કરી વેચાણ તરીકે આવેલા-એગ્રીમેન્ટથી આવેલા એટલે ગિરિમિટિયા) સેવકોની રીત જોઈ તેનું જ્ઞાન થતાં વેચાતા રાખેલા સેવકની પ્રથાથી બહુ દુઃખી થઈ કરારથી જીવન વેચી આવેલાને છોડાવવા એવો નિશ્ચય કર્યો. ચોકકસ વિચાર કરી તે પ્રયત્ન આરંભ્યો. ૨૬–૨૯

ત્યાં હિન્દી ખ્રિસ્તી અને હિન્દીની સભા ભરી મિ. પોલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

खिस्तमित्रप्रयत्नैस्तदनेकग्रन्थवाचनम् ।
अब्दुल्लाश्रेष्ठिकार्यार्थं गमनं विहितं ततः ॥ २३१
प्रिटोरियापुरं तत्र राजकीयाच्च कारणात् ।
मार्गे प्रथमवर्गस्य दत्तमूल्येऽपि पत्रके ॥ २३२
रङ्गभेदबलेनात्र प्राप्ता स्थानतिरस्कृतिः ।
स्थानं स्वकीयं न त्यक्तं दुःखस्य सहनं कृतम् ॥ २३३
सर्वत्र सर्वहिन्दूनां स्थितिरेतादृशी कृता ।
मेरित्सबर्गेऽपि तथा [3]रथाद्वह्नेरधःस्थितिः ॥ २३४
[1]विश्रामकुट्यां तमसि शीतवेपनपूर्वकम् ।
नीत्वा रात्रिं दिने तत्र विद्युत्संदेशकारणात् ॥ २३५
अब्दुल्लाश्रमतो लब्धं स्थानं वह्निरथे पुनः ।
चार्ल्सटाउने तथा दुःखमश्वयाने च वाहने ॥ २३६
बहिःस्थानं ताडनादि गालिदानसमर्पणम् ।
वाहनाध्यक्षतः प्राप्तं मौनेन सहनं कृतम् ॥ २३७

ઓળખાણ તથા શુભનિષ્ઠ ગોડફ્રેની ઓળખાણ કરી અને આવા ખ્રિસ્તી મિત્રોના પ્રયત્નોથી અનેક ખ્રિસ્તી ગ્રંથો વાંચ્યા. અબ્દુલ્લા શેઠની પેઢીના કામે તેમના સરકારી કામ માટે પ્રિટોરિયા જવાતું થતાં રેલ્વેમાં ફર્સ્ટ કલાસની ટિકિટ છતાં હિન્દી હોવાથી રંગભેદ દોષથી ગાર્ડે અપમાન કર્યું, બાજે થર્ડ કલાસમાં જવાનું કહ્યું. અપમાન અને માર સહન કર્યો, પણ સ્થાન ન છોડ્યું. મેરિત્સબર્ગ સ્ટેશને રેલ્વેમાંથી નીચે ઉતારી મૂકયા : ત્યાં વેઇટિંગ રૂમમાં ટાઢમાં આખી રાત ટૂંટિયાંવાળી પડી રહ્યા. અને ટ્રાફિકમેનેજર વગેરેને તાર કર્યા. અબ્દુલ્લા શેઠની લાગવગથી ફરી ફર્સ્ટ કલાસની જગા મળી. ચાર્લ્સટાઉનમાં સિગરામમાં જવાનું હતું ત્યાં ગોરા સાથે ન બેસવા દીધા. બહાર તેઓના પગ આગળ બેસવા કહ્યું ત્યાં પણ સ્થાન ન છોડતાં માર ખાધો, ગાળો ખાધી સિગરામના ઉપરીએ આપેલી પીડા મૂંગા મોઢે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इसाहाजीसुमारस्य पुरतो दुःखवर्णनम् ।
कृत्वा स्टान्डर्डने रात्रिर्नीता तत्र महात्मना ॥ २३८
जोहानिसूबर्गनगरे नक्तं तद्भोजनालये ।
स्थानप्राप्तिर्न हिन्दित्वान्नीतमन्यत्र वाहनम् ॥ २३९
महूम्मदः कासमश्चात्र निवासं तद्गृहेऽकरोत् ।
तत्रापि रङ्गभेदादिदुःखश्रवणभाग्यवान् ॥ २४०
रथस्थानेशसौजन्यात्पत्रं प्रथमवर्गजम् ।
लब्ध्वा यातोऽपि मार्गेऽस्मिन् गार्डेनान्यत्र सूचनम् ॥ २४१
गमनाय कृतं तत्राङ्ग्रेजसौजन्यभावतः ।
प्राप्तास्थितिस्तथाप्यत्र कथयित्वा तु दुर्वचः ॥ २४२
सेवकाग्रे स्थितिस्तुभ्यं रोचते नास्ति मे क्षतिः ।
नवीनां प्राप्तवान् संज्ञां कूलीबारिष्टराभिधाम् ॥ २४३
गते गार्डे महात्माऽपि नक्तं वह्निरथेन हि ।
प्रिटोरियापुरं प्राप्तो न स्थानं भोजनालये ॥ २४४

બધું દુઃખ સહન કરી સ્ટાન્ડર્ડનમાં રાત ગાળી એનું ઇસા હાજી સુમાર શેઠની આગળ વર્ણન કર્યું. ૩૨-૩૮

જોહાનિસ્બર્ગ નગરમાં ગોરાઓના ભોજનાલય (હોટલ)માં જમવાનું ન મળ્યું. (હિન્દી હોવાથી ગોરા ઘરાકોની બીકે હોટલ-માલિકે ના પાડી) ગાડી બીજે લઈ ગઈ ત્યાં મહમદ કાસમને ત્યાં નિવાસ કર્યો. તેમનાથી પણ રંગભેદથી હિન્દીઓની હાડમારીની વિગતો અને દુઃખ સાંભળ્યું. ત્યાંથી આગળ જતાં સ્ટેશન માસ્તરની સજ્જનતાથી ટિકિટ પહેલા વર્ગની મળી, પણ રસ્તામાં ગાર્ડે (ત્યાં એક ગોરો બેઠેલો હોવાથી) બીજે જવા કહ્યું ટિકિટ બતાવી છતાં ના પાડી ત્યારે પેલા ભલા અંગ્રેજે કહ્યું કે ટિકિટ ફર્સ્ટ કલાસની છે છતાં શા માટે એને પજવે છે, મને વાંધો નથી. ગાર્ડ ચિડાયો; કહ્યું: જો તમને ગુલામો આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लब्ध्वा परिचयं तत्र कस्यचित् सज्जनस्य च ।
अमेरिकागृहस्थस्य जोन्स्टनस्य गृहं गतः ॥ २४५
कृतं भोजनशालायामङ्ग्रेजैः सह भोजनम् ।
जोन्स्टनस्यैव सौजन्याद्भोक्तॄणामविरोधतः ॥ २८६
ए. डबल्यूब्रेकराख्यन्यायवादिप्रसङ्गतः ।
गृहे निवसतिर्जाता कस्याश्चित्पाचकस्त्रियाः ॥ २४७
ख्रिस्तधर्मगुरोस्तस्य ब्रेकरस्य समागमात् ।
लब्धा बहुविधास्तत्र सुहृदोऽथ महात्मना ॥ २४८
कोट्सनामा गृहस्थश्च हेरिस्गेबकुमारिका ।
तेषां प्रसंगतो ज्ञानं ख्रिस्तधर्मे विशेषतः ॥ २४९
तत्र कोट्सप्रयत्नेन वृन्दामालाविसर्जने ।
मात्रा दत्तेति तत्स्नेहान्न त्यक्ता मोहनेन सा ॥ २५०

બેસવામાં વાંધો ન હોય તો મારે કાંઈ નથી, અને તે અંગ્રેજના સૌજન્યથી ત્યાં બેસવા મળ્યું. અને આ બૅરિસ્ટર છે તેમ જાણતાં કૂલીબૅરિસ્ટર (મજૂર બૅરિસ્ટર–કારણ હિંદીને ત્યાં કૂલી કહે છે.) નવું નામ મળ્યું. ગાર્ડે ગાળો સંભળાવી, અંગ્રેજને પણ તોછડું કહી ચાલ્યો ગયો. બાદ રેલવેમાર્ગે રાત્રે પ્રિટોરિયા પહોંચ્યા અને ત્યાં પણ ગોરાઓનાં ભોજનાલયો હતાં ત્યાં માલિકે ના પાડી, પણ જોન્સ્ટન નામના અમેરિકન ગૃહસ્થની ઓળખાણ થવાથી તે સજ્જનને ત્યાં ગયા ને હોટલમાલિકના સૌજન્યથી તેણે જમનારાઓને પૂછ્યું ને તેઓનો વિરોધ ન હોવાથી તે બધા સાથે ત્યાં ભોજન કર્યું. ૨૩૯–૪૬

એ. ડબલ્યૂ બેકર નામના વકીલ મિત્રની ઓળખાણ થવાથી તેમણે કોઈક રસોયા (ભઠિયારા)ની સ્ત્રીને ત્યાં ભોજનની સગવડ કરી. મિ. બેકર ખ્રિસ્તીધર્મના પાદરી હતા તેથી મહાત્માજીને તેમના પ્રસંગથી ઘણા મિત્ર મળ્યા. મિ. કૉટ્સ નામના ગૃહસ્થ અને હેરિસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रिटोरियापुरे रुद्धं हिन्दिनां गमनं बहिः ।
नक्तं तथाटनं मार्गे दिवाप्यन्यजनैः सह ॥ २५१
तत्र गौराङ्गवीथ्यां तद्गृहस्य निकटं बहिः ।
गमनेन प्रहारश्च पादहस्तकृतोऽभवत् ॥ २५२
स्वार्थं न कृतवान् किञ्चिल्लोकोद्धारप्रयत्नवान् ।
कोट्ससाक्षित्वलाभेऽपि नाकरोन्न्याययाचनाम् ॥ २५३
अपमानं तथा दुःखं सहित्वा तत्र पुष्कलम् ।
यत्कार्यार्थं गतस्तत्र साधितं तत्प्रयत्नतः ॥ २५४

ગેબ નામની કુમારિકાના સમાગમથી ખ્રિસ્તીધર્મમાં વિશેષ જ્ઞાન મેળવ્યું. કૉટ્સે તુલસીની માળા કાઢી નાખવા કહ્યું, પણ પોતાની માતાએ આપી છે, તેના સંગથી (પૂતળીબાઇની કૂખમાં જન્મેલા અને તેના ગર્ભ-સંસ્કારથી સંસ્કાર પામેલા શ્રી મોહનદાસે માળા ન ઉતારી. ૨૪૭–૫૦

પ્રિટોરિયામાં હિન્દીઓથી રાત્રે બહાર ફરાય નહિ, ગોરાઓના ઘરની બાજુમાં તેમની શેરીઓમાં પણ હિંદીથી ફૂટપાથ ઉપર પણ ન ચલાય. રાત્રે બહાર ન નીકળાય, દિવસે પણ કોઈ સાથે ગોરા હોય તો જ જવાય, ત્યાં અચાનક જતાં મહાત્માજીને ગડદા પાટુનો માર પડયો. (અને તે મૂંગે મોઢે સહન કર્યો.) પોતાની જાત માટે તો આ મહાન પુરુષે કાંઇ ન કર્યું, પણ લોકોદ્ધાર માટે હિન્દીઓની આ પીડા ઘણી વસમી લાગતાં તેમાંથી છોડાવવાનો પ્રયત્ન વિચાર્યો. કૉટ્સ ગૃહસ્થે સાથ આપવા કહ્યું છતાં ફરિયાદ પોતા માટે માર ખાવા છતાં ન કરી. આવું પુષ્કળ અપમાન–દુઃખ સહન કરીને પણ જે કામ માટે ત્યાં ગયા હતા તે પ્રયત્નથી પૂરું કર્યું. ૨૫૧–૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गीतारम्भः ।

धर्मक्षेत्रं शरीरं हि कुरुक्षेत्रं तथैव च ।
परोपकरणायैव सेवया परमात्मनः ॥ २५५
आत्मा हि जीवमात्रेषु तेषां सेवा प्रभोर्मता ।
शरीरेणैव भवति धर्मक्षेत्रं तु तेन तत् ॥ २५६
रागद्वेषात्कुरुक्षेत्रमात्मीयपरभावनात् ।
दैवानामासुराणां च तस्माद्युद्धं प्रवर्तते ॥ २५७
शास्त्रेषु निर्णयश्चैषो 'जीवो जीवस्य जीवनम्' ।
सर्वेषु प्रेमभावश्चेत्तन्मनुष्यत्वलक्षणम् ॥ २५८
दैवास्तु पाण्डवाः प्रोक्ता आसुराः कौरवास्तथा ।
जयप्राप्त्यै ततः सर्वे शङ्खान्दध्मुः पृथक् पृथक् ॥ २५९

ગીતાનો આરંભ

મનુષ્યશરીર એ ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર બંને છે. શરીર પ્રભુની કૃપાથી માનવનું મળ્યું તે (માનવરૂપ) પ્રભુની સેવા વડે પરોપકાર માટે જ મળ્યું છે. જીવ માત્રમાં આત્મારૂપ પ્રભુ છે, તેથી તેમની સેવા એ પ્રભુની સેવા છે. સેવા શરીર વડે જ બની શકે છે. (મન ધન અને વાણી કરતાં શરીરસેવા ઉત્તમ છે. પ્રભુની સેવા મન વડે થાય, સ્મરણથી પણ થાય, પણ માનવસેવા તો શરીરથી જ બને.) સેવાપરાયણ શરીર ધર્મક્ષેત્ર છે. આ પોતાનો અને આ પારકો એ ભાવનાથી રાગદ્વેષ જન્મે છે, અને રાગદ્વેષવાળા મનથી શરીર કુરુક્ષેત્ર બને છે; તેથી જ (રાગદ્વેષથી જ) દૈવો અને આસુરો વચ્ચે યુદ્ધ થાય છે. શાસ્ત્રનો નિર્ણય છે કે જીવ જીવ વડે જ જીવે છે, જીવ જીવનું ભક્ષણ છે, તેથી જ જીવ માત્રમાં પ્રેમભાવ એ જ મનુષ્યપણાનું મુખ્ય લક્ષણ છે. ૨૫૫–૫૮

દૈવ, આસુર, જીવો વચ્ચે યુદ્ધ ચાલે જ છે. દૈવ સેવાપરાયણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रह्मचारी महान्भीष्म आसुरैरेव संगतः ।
करुणापरेण हरिणा मुक्तः प्राणान्तदर्शनात् ॥ २६०
मित्रशत्रुपरो मोहस्त्वर्जुनस्य निवारितः ।
तदेव गीतातात्पर्यं सर्वेषु प्रभुदर्शनम् ॥ २६१
तत्रासीदीश्वराल्लब्धबुद्धिस्तत्प्रेरणाबलात् ।
अर्जुनोऽत्र महात्मा श्रीमोहनस्तादृशः स्मृतः ॥ २६२
न्याय्यराज्याप्रदातारोऽङ्ग्रेजास्तत्रैव कौरवाः ।
बुद्ध्या जानीथ तत्सर्वं गीतोक्तं कथयामि वः ॥ २६३

છે અને આસુર સ્વાર્થપરાયણ છે. તેથી ગીતામાં દૈવી જીવો પાંડવો છે, કારણ ન્યાયમાર્ગે છે. આસુરો કૌરવો છે, અન્યાય માર્ગે છે. બન્ને એ પણ જય મેળવવા પોતપોતાના શંખો વગાડયા છે. બ્રહ્મચારી મહાધર્મપરાયણ ભીષ્મ પણ આસુરોના સંગથી મોક્ષ લાયક ન રહ્યા, છતાં અંતસમયે દર્શન આપી તે દૈવ જીવ ન્યાયપરાયણ હોવાથી કરુણાસાગર શ્રીકૃષ્ણે મોક્ષ આપ્યો. અર્જુનને પણ આ મારા અને આ પરાયા એ મોહ હતો, તે ગીતાના ઉપદેશથી પરમાત્મા શ્રીકૃષ્ણે કાઢયો, એ જ એટલે મોહનિવારણ અનાસક્તિ એ જ ગીતાનું તાત્પર્ય છે. ટૂંકમાં, વિશ્વબંધુપણાની ભાવના અને સર્વમાં પ્રભુનાં દર્શન એ જ ગીતાતાત્પર્ય છે. ગીતા-ચારિત્ર્યમાં ઈશ્વર તરફથી અંતરાત્મા દ્વારા જેને પ્રેરણાબળથી કર્તવ્યબુદ્ધિ સૂઝી છે, એવા શ્રી મોહનદાસ મહાત્મા અહીં અર્જુન છે, અને ન્યાયપૂર્વકની સ્વતંત્રતા ભારતને આપવામાં વારંવાર આડખીલી નાંખતા અંગ્રેજ રાજ્યકર્તાઓએ કૌરવનું કાર્ય કર્યું છે. એ જ આમાં તાત્પર્ય છે. તે સર્વ બુદ્ધિથી સમજી લેવું. ગીતામાં કહેલું અને મહાત્માજીએ આચરેલું ગીતાચારિત્ર્ય હવે કહું છું. ૨૫૯–૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धृतराष्ट्र उवाच

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय ॥ १

अन्याय्यपथमारूढा ईश्वराद्विमुखा जनाः ।
न्याय्यमार्गस्थितानां तु पक्षस्थो भगवान्भवेत् ॥ २६४

संजय उवाच

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥ २

पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ ३

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ ४

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ॥ ५

ધૃતરાષ્ટ્ર (કહે છે) બોલ્યા—હે સંજય ધર્મરૂપ કુરુક્ષેત્રમાં યુદ્ધની ઇચ્છાવાળા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું તે કહો. ૧

ન્યાયરૂપ આંખ વિનાના તે ધૃતરાષ્ટ્ર સમાન છે. તેને સાચો જવાબ આપનાર ન્યાયના પક્ષમાં રહેલા સજ્જનો છે તે સંજય છે. ૨૬૪

સંજય (કહે છે) બોલ્યા—પાંડવોની વ્યૂહરચના થયેલું સૈન્ય જોઈ દુર્યોધન રાજા ગુરુ (દ્રોણ) પાસે જઈ કહેવા લાગ્યા કે આચાર્ય, તમારા શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને ગોઠવેલી મોટી પાંડવસેનાને જુઓ, અહીં યુદ્ધમાં મહાબાણાવલી ભીમ અર્જુન સમાન શૂર પુરુષો જેવા કે વિરાટ, મહારથી દ્રુપદ, ધૃષ્ટકેતુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रौ द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ६
अन्यारय्या संगिनश्चेत्स्युर्बलवन्तो महाजनाः ।
पराजिताश्च सामान्या जयिनः सत्यसंगिनः ॥ २६५
अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ ७
भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ ८
अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणा सर्वे युद्धविशारदाः ॥ ९
अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥ १०

ચેકિતાન, બલવાન કાશીરાજા, પુરુજિત કુન્તભોજ, નરશ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ, બલવાન ઉત્તમૌજા, અભિમન્યુ, દ્રૌપદીના પુત્રો આ બધા જ મહારથીઓ છે. ૨-૬

અન્યાય માર્ગે ચડેલા પુરુષો ઈશ્વરથી વિમુખ હોય છે અને ન્યાયમાર્ગે રહેનારના પક્ષમાં ભગવાન રહે છે. અન્યાયના સંગવાળા બળવાન હોય તોપણ હારે છે, સત્યના સંગી સામાન્ય પણ જીતે છે. ૨૬૫

હે શ્રેષ્ઠ બ્રાહ્મણ, આપણા જે શ્રેષ્ઠ પુરુષો છે. તેને જાણો મારી સેનાના મુખ્ય પુરુષોને ઓળખવા હું કહું છું. તમો, ભીષ્મ, કર્ણ, કૃપાચાર્ય, સોમતિંજય, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્તના પુત્ર ભૂરિશ્રવા વગેરે.

બીજા બહુ શૂર પુરુષો મારા માટે જીવવાની આશા છોડી આવ્યા છે. જુદાં જુદાં શસ્ત્રોના પ્રયોગ જાણનાર બધા જ યુદ્ધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥ ११

भयेन रक्षितं सर्वमपूर्णं सर्वथा भवेत् ।
उत्साहेन बलेनैतत्पूर्णमेवावलोक्यते ॥ २६६

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥ १२

ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ १३

કુશલ છે. ભીષ્મ પિતામહે રક્ષણ કરેલી આપણી સેના અપર્યાપ્ત (અપૂર્ણ અગર નહિ પહોંચી વળાય એવી) છે. ભીમે રક્ષણ કરેલી તે લોકોની સેના પર્યાપ્ત (પૂર્ણ, અગર પહોંચી વળાય તેવી) છે. (જુદા જુદા ટીકાકારોએ જુદા અર્થો કર્યા છે છતાં અપર્યાપ્ત પર્યાપ્ત-શબ્દો અપૂર્ણ પૂર્ણ, એ અનુક્રમે યોગ્ય મહાત્માના મતે છે. છતાં શ્લેષથી બે અર્થ થાય છે.) પોતપોતાના સ્થાનમાં બરોબર ગોઠવાયેલા તમે બધો (સર્વ) બાજુથી ભીષ્મની જ રક્ષા કરો. ૯-૧૧

ભયથી રક્ષણ કરેલું બધું જ બધી જ રીતે અપૂર્ણ છે. ઉત્સાહ અને બલથી રક્ષણ કરેલું બધું જ પૂર્ણ છે.-૨૬૬

તેને (દુર્યોધનને) હર્ષ પમાડતા કુરુ વંશમાં વૃદ્ધ પિતામહ ભીષ્મ પ્રતાપવાન એવા સિંહનાદે-ઊંચે સ્વરે કરી શંખ (નાદ કર્યો) વગાડયો. તે પછી શંખ, ભેરી (નગારાં), પણવ (ઢોલ), આનક (મૃદંગ), ગોમુખ (રણશિંગાં) એકદમ વાગી ઊઠયાં. જેનો શબ્દ મહાભયંકર થયો; તે પછી ધોળા ઘોડા જોડેલા મોટા રથમાં બેઠેલા ભગવાન કૃષ્ણ અને અર્જુન દિવ્ય શંખ વગાડવા લાગ્યા. ૧૨-૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रशंसितं बलं बुद्‌ध्या शङ्खनादपरं भवेत् ।
पराजितं दृश्यतेऽत्र वैमुख्यादीश्वरस्य च ॥ २६७
ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥ १४
पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥ १५
अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६
न्याय्यो हरिः स्थितः पक्षे तेषामेव जयः सदा ।
पञ्चप्राणबलं दातुं शङ्खं दध्मौ तथा प्रभुः ॥ २६८

બુદ્ધિ વડે વખાણાયેલું બલ શંખનાદ કરાવે છે, પણ તે શંખ-નાદ યોગ્ય બલ છતાં ઈશ્વરવિમુખ હોય તો પરાજિત (હારેલું) જણાય છે.–૨૬૭

પાંચજન્ય નામનો શંખ ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણે વગાડયો. દેવદત્ત ધનને જીતનાર અર્જુને વગાડયો. (પાંચે ઈન્દ્રિ-યોને વશ રાખે તે પાંચજન્ય વગાડે છે. અને ધનનો ત્યાગ કરનાર દેવના આપેલા શંખને વગાડે છે. આ યુક્તિ છે.) ભયંકર કર્મવાળા વૃકોદરે (ભીમે) પૌંડ્ર નામનો મોટો શંખ વગાડયો. રાજા યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો અને નકુલ સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડયા. ૧૪-૧૬

ભગવાન નીતિમાનના પક્ષે છે અને એવા નીતિમાનના પક્ષમાં ભગવાન હોવાથી તેમનો જ વિજય થાય છે. આ પુરુષના પાંચે પ્રાણમાં બલ આપવાને માટે ભગવાન પાંચજન્ય શંખ વગાડે છે.–૨૬૮

દેવનો આપેલો પૌંડ્ર (મહાન ભયંકર) અનંત વિજયને આપ-નારો સુન્દર ઘોષવાળો અને મણિના ફૂલ જેવો આ શંખનાં નામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

देवदत्तश्च पौण्ड्रश्चानन्तं यो विजयं ददौ ।
सुघोषमणिपुष्पौ च शङ्खा अन्वर्थनामकाः ॥ २६९
काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १७
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक् पृथक् ॥ १८
स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ १९
हृदयानि विदीर्यन्ते पापानां सत्यघोषणात् ।
रामाश्रितानां न भयं सतां कुत्रापि केनचित् ॥ २७०
अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पाण्डवः ॥ २०

યોગ્ય અર્થવાળાં છે (મહાત્મા નીતિ પક્ષે હોવાથી તે (અન્વર્થ) યોગ્ય નામોવાળા (શંખો ભગવાન તેમના પક્ષમાં હોવાથી) સફળ થાય છે. ૨૬૯

કાશ્યરાજા પરમેશ્વાસ, મહારથી શિખંડી, વિરાટ રાજા, ધૃષ્ટદ્યુમ્ન અને ન હારે એવા સાત્યકિ, હે રાજન્, દ્રુપદ અને દ્રૌપદીના પુત્રો, અભિમન્યુ મોટા હાથવાળો, વગેરે ચારે બાજુથી શંખ વગાડવા લાગ્યા. આ શબ્દ ધૃતરાષ્ટ્રના પુત્રોના હૃદયને ફાડી નાખવા લાગ્યા અને આકાશ પૃથ્વીને મહાનાદથી ભરી દીધાં. ૧૭–૧૯

સત્યનો ઘોષ થવાથી પાપના આશ્રયવાળાનાં હૃદયો ચિરાય છે. રામ જેના આધાર હોય અને તેને શરણ રહેલા તેવા જીવોનો કોઈ સ્થાને કોઈપણ પુરુષથી ભય નથી. ૨૭૦

હનુમાન (ભક્ત) જેની ધ્વજાએ છે, (ઈશ્વર સન્મુખ છે) એવા પાંડવ અર્જુન બધા કૌરવોને વ્યવસ્થિત જોઈને શસ્ત્ર ચલાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हृषीकेशं तदावाक्यमिदमाह महीपते ।
अर्जुन उवाच—सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ २१
यावदेतान्निरीक्ष्येऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२
योत्स्यमानानवेक्ष्येऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३
संजय उवाच
एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ २४

ની તયારી થઈ ત્યારે ધનુષ્ય ઉગામીને-ઇન્દ્રિયોના સ્વામી ભગવાનને કહેવા લાગ્યા કે હે અચ્યુત (જેનું બલ ઓછું ન થાય એવા અવિનાશી), યુદ્ધની ઇચ્છાવાળા અહીં ઊભા રહેલાને હું જોઉં તે રીતે બન્ને સેનાઓના મધ્યમાં મારો રથ મૂકો. ૨૦-૨૧

નોંધ: અહીં સંબોધનો યોગ્ય અને સમજીને મૂક્યાં છે. ઇન્દ્રિયોના પ્રેરણા આપનાર હરિ છે. તેનું બળ ઓછું થાય એવું નથી અને તેની પ્રેરણાવાળા જીવનો સંસાર રથ તેજ ચલાવે છે એટલે સદા વિજય જ હોય. ગીતા જીવનવાળાને શુદ્ધ બુદ્ધિએ ઈશ્વર પ્રેરણા આપે છે તેનો રથ ચલાવે છે.

જે યુદ્ધ કરવા આવ્યા છે અને કુબુદ્ધિ [સ્વાર્થ અને સુખ માટે રાજ્ય મેળવવાના ઈચ્છાવાળા) કૌરવનું યુદ્ધમાં પ્રિય કરવાની ઈચ્છાવાળા છે તેમને હું જોઈશ. ૨૨-૨૩

સંજય કહે છે: નિંદ્રાને જીતનાર અર્જુને એ પ્રમાણે કહેલા શ્રીભગવાન (ઈન્દ્રિયસ્વામી) ઉત્તમ રથને બે સેના વચ્ચે મૂકીને હે રાજન્, ધૃતરાષ્ટ્ર ભીષ્મ દ્રોણ અને સર્વ રાજાઓના સન્મુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान् कुरूनिति ॥ २५
तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥ २६
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥ २७
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

अर्जुन उवाच

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥ २८
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।

કહેવા લાગ્યા કે હે કુન્તીપુત્ર (સતીપુત્ર), આ ભેગા થયેલ કૌરવોને જો. ૨૪-૨૫

નોંધ– જાગ્રત પુરુષ જ ઇન્દ્રિયોની પ્રેરણાને મેળવે છે અને ઇન્દ્રિયસ્વામી પ્રભુ તેનો સંસાર રથ ચલાવે છે, અને પ્રેરણા આપે છે કે તું આ સામા રહેલા આસુરી બળને મમત્વનો અંચળો કાઢીને સ્વાર્થસંબંધ કામલોભ છોડીને જો. 'પાર્થ' સંબોધન સૂચવે છે કે સતીપુત્ર સત્યનિષ્ઠ જ આ જોઈ શકે છે. છતાં સંસારસંબંધને આગળ કરનાર મોહ દૃષ્ટિએ જ જુએ છે.

ત્યાં અર્જુને (કુંતી–સતીપુત્રે) પિતાઓને દાદાઓને મિત્રોને આપ્તોને શ્વસુરોને મામાઓને ભાઈઓને પુત્રોને પૌત્રોને આચાર્યોને બંને સેનાઓમાં જોયા. સર્વ બંધુઓને (સગા-સંબંધીઓને) ઊભેલા જોઈને પરમ દયાથી ભરેલો અર્જુન ખેદપૂર્વક બોલ્યો. ૨૬-૨૭

(નોંધ-સ્વાર્થ અને સંબંધના દૃષ્ટિએ જોયું એ મોહનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ २९
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥ ३०
द्वयोः सम्बन्धिनोश्चात्र विरोधं श्रीमहात्मनोः ।
दृष्ट्वा तयोः समाधानं कर्तव्यमिति निर्णयः ॥ २७१
विष्टिर्निरर्थका जाता हरेः कौरवसंनिधौ ।
अतः कौरवनाशश्च कृतः श्रीपरमात्मना ॥ २७२

લક્ષણ છે. સમાન દૃષ્ટિ વિશ્વબંધુત્વને સમાન દૃષ્ટિએ જોઈ ગુણદોષ પરખે છે) અર્જુન બોલ્યા :— ૨૮

હે કૃષ્ણ! યુદ્ધ માટે તૈયાર થયેલા આ સ્વજનોના સમુદાયને જોઈ, મારાં ગાત્રો ઢીલાં થઈ જાય છે, મુખ સુકાય છે, ૨૯

શરીરે કંપારો થઈ જાય છે, રુવાડાં ઊભાં થાય છે, હાથમાંથી ગાંડીવ ધનુષ્ય ખસી જાય છે; ચામડી બળે છે, હું ઊભો રહી શકું તેમ નથી. મારું મગજ ભમે છે. ૩૦

(નોંધ– સંબંધવાળાને પોતાનાને હણતાં ઉપરનું લક્ષણ થાય. અને પારકાને મરાય એ અહિંસા કે સત્ય બેમાંથી એકેય નથી. સબંધ વિના દોષગુણપરીક્ષા સત્ય છે. દોષ જોતાં સુધારવાની ભાવના એ અહિંસા છે.)

તિરસ્કાર અવગુણો પ્રત્યે અનીતિ પ્રત્યે હોય તે વ્યકિત પ્રત્યે નહિ તેનું નામ અહિંસા. મહાત્માજીએ બંને સંબંધીઓના વેરને કાઢવા પ્રયાસ કર્યો, કારણ કોર્ટમાં બંને ખુવાર થાય. (જો કે–વકીલ તરીકે તો લડે તેમાં જ ફાયદો હતો) તે ઠીક નથી તેમ જાણી સમાધાનનો રસ્તો લીધો ! સમાધાન કરવું જ એમ નિર્ણય કર્યો.–૨૭૧

કૌરવ પાસે ભગવાન કૃષ્ણની વિષ્ટિ નિરર્થક ગઈ તેથી જ કોઇ પણ વાત ન માનવાથી કૌરવનો નાશ થયો. (નિષ્પક્ષપાત શાંતિચાહકની એક વાત પણ ન માનવામાં આવે ત્યારે વિનાશ જ થાય છે.)–૨૭૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महात्मना कृता विष्टिः सफलाऽन्नाऽभवत्सुखम् ।
समाधानं द्वयोः कृत्वा प्रसन्नो मोहनोऽभवत् ॥ २७३
दादाब्दुल्ला विरुद्धश्च तैयबेत्युपनामवान् ।
सौहृदं ज्ञातिसम्बन्धो वादिनः प्रतिवादिनः ॥ २७४
प्रयत्नेन समाधानं कारयित्वा द्वयोः सुखम् ।
प्रिय आसीन्महात्मायं लोभस्वार्थविसर्जनात् ॥ २७५
संमानं च प्रतिष्ठां च लब्ध्वा द्वाभ्यां विशेषतः ।
सञ्जाताः खिस्तसंबन्धाः प्रत्यहं चाधिकाधिकाः ॥ २७६
मोहनः खिस्तधर्मस्थो भवेत्तन्महदाशयात् ।
ज्ञानचर्चा कृता खिस्तैस्तत्र सिद्धान्तनिर्णयः ॥ २७७
बुद्धिरात्मैव नैवान्यन्मानवेषु प्रतिष्ठिता ।
तस्मादात्मा मनुष्येषु न चान्यत्पशुजन्तुषु ॥ २७८

મહાત્માજીએ સફલ વિષ્ટિ કરી બંને વાદી પ્રતિવાદીનું સમાધાન કર્યું અને પોતે મોહનદાસ પ્રસન્ન થયા (વાટાઘાટો દ્વારા જ ઝગડાનો અંત લાવવો જગત માટે હિતકર છે, યુદ્ધ વિનાશક છે, તેનું બીજ રોપ્યું.) દાદા અબ્દુલ્લાની વિરુદ્ધ તૈયબ હાજી મહંમદખાન નામના ગૃહસ્થ પ્રિટોરિયામાં હતા તેમને વાદીને અને પ્રતિવાદીને સગપણ અને મેમણ જ્ઞાતિ સંબંધ હતો, આ બન્નેનું પ્રયત્નથી સુખરૂપ સમાધાન કરાવી લોભ અને સ્વાર્થના ત્યાગથી મહાત્મા બંનેને પ્રિય થયા. ૨૭૩–૨૭૪–૨૭૫

બંને પક્ષ તરફથી સંમાન અને પ્રતિષ્ઠા મેળવ્યાં અને ખ્રિસ્તના સંબંધો દિવસે દિવસે વધતા ગયા. મોહનદાસ ખ્રિસ્તધર્મ સ્વીકારે એ મહાન આશયથી ખ્રિસ્તી પાદરી વગેરેએ જ્ઞાન ચર્ચા ખૂબ કરી. ૨૭૬–૨૭૭

ખ્રિસ્તીધર્મમાં બુદ્ધિને જ આત્મા માનવામાં આવે છે અને તે બુદ્ધિ પશુ પક્ષી વગેરે જંતુઓમાં ન હોવાથી તેઓમાં આત્માનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मानवादन्यजीवानां देहादिष्वात्मनिर्णयः ।
देहनाशे चात्मनाशः पशुपक्ष्यादिजन्तुषु ॥ २७९
ब्रह्मादिकीटपर्यन्ता नाशवन्तः शरीरिणः ।
आत्मचैतन्यमेतेषु समानत्वेन तिष्ठति ॥ २८०
हिन्दुधर्मस्य सिद्धान्तः ख्रिस्तेष्वेतद्विपर्ययः ।
ईश्वरस्यैकपुत्रोऽयमीशुख्रिस्तो न संशयः ॥ २८१
तत्सेवया कृपालाभात्पापप्रक्षालनं भवेत् ।
न पापाचरणे भीतिरीशुख्रिस्ताश्रितस्य हि ॥ २८२

અભાવ માન્યો છે (જીવ અને આત્માનું ઐક્ય આમ સંભવતું નથી). માનવમાં બુદ્ધિ એ આત્મા અને અન્ય જીવોમાં દેહ એ જ આત્મા. દેહનાશે આત્મવિનાશ. બીજા જીવોમાં પશુ પક્ષી વગેરેમાં આત્મા માન્યો નથી; આ ખ્રિસ્તી સિદ્ધાંત છે. ૨૭૮–૨૭૯

હિન્દુધર્મમાં તમામ વૈદિક ધર્મોમાં ગીતાનુસારી ધર્મોમાં બ્રહ્મા મોટા જીવ છે અને કીડા જે ક્ષણિક જીવ છે તે નાનો જીવ છે. બ્રહ્માથી આરંભી કીડા પર્યંત જીવોમાં ચૈતન્યરૂપે આત્મા સમાન ભાગે રહ્યો છે. અને જીવ એ જ આત્મા માન્યો છે. તેનું સ્વરૂપ અણુ પ્રકાશમય છે. એ ચૈતન્ય નાશ પામતાં દેહ નાશ પામે છે. દેહથી આત્મા જુદો અને એ નિત્ય વ્યાપક અવિનાશી છે. દેહ અને આત્માને સંબંધ નથી. દેહમાં રહેતો છતાં તે તટસ્થ અને ભિન્ન છે, છતાં દેહને ચલાવનાર છે. ૨૮૦–૨૮૧

ખ્રિસ્તી સિદ્ધાંત તેથી જુદો છે. તેમાં ઈશ્વરનો એક જ પુત્ર ઈશુ, જેણે દેહસમર્પણ કર્યું છે. તેથી તેની સેવાથી સ્મરણથી તેની કૃપા મળે તો જ તે ઈશ્વર પાસે પાપ નાશ કરાવે છે. ઈશુ ખ્રિસ્તના આશ્રિતને પાપાચરણમાં ભીતિ નથી. (પ્લીમથ બ્રધર્સના ખ્રિસ્તીઓ આ માને છે કે ગમે તેવી અનીતિ કે પાપ કરવામાં ડર નથી, કારણ ઈશુ બચાવે છે. પણ બાકીના તેમ નથી માનતા. તેઓ પાપથી ડરે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अतोऽपि हिन्दुधर्मे स्वे गीतोपनिषदादिषु ।
सर्वधर्माधिकं तत्व-ज्ञानमस्तीति निर्णयः ॥ २८३
पापं कृत्वाश्रितव्यश्चेदीशुखिस्तो विमुक्तये ।
पापस्याकरणे बुद्धिर्गीताज्ञाने विशेषतः ॥ २८४
पापं कृत्वा फलं तस्य भोक्तव्यमिति निश्चयः ।
अतः सत्येन पापानामप्रवेशः स्वकर्मसुः ॥ २८५
मनुष्यलक्षणं चैतद्गीताभ्यासेन शिक्षितम् ।
वाचनातिशयात्प्राप्तः सर्वधर्मसमन्वयः ॥ २८६
कुरानं खिस्तधर्मस्थान्ग्रन्थानपि विशेषतः ।
[1]उत्तमो मार्ग इत्येकं नवीनार्थं च बायबलम् ॥ २८७
पञ्चीकरणमित्येवं षड्दर्शनसमुच्चयः ।

પાપ થાય તો ઈશ્વર પાસે ઈશુ પાપ નાશ કરાવે છે, માટે ઈશુના આશ્રિતને પાપનો ભય નથી. ૨૮૧-૨૮૨

અને હિન્દુધર્મમાં ગીતા ઉપનિષદ વગેરેમાં સર્વધર્મથી અધિક ઈશ્વરનું જ્ઞાન છે અને સર્વકર્મની જ્ઞાનપૂર્વક ઈશ્વરને અર્પણશકિત તે ભકિત છે. વગેરે સર્વ ધર્મથી અધિક તત્ત્વજ્ઞાન અને ઇન્દ્રિયસંયમથા છે તે પાપથી રોકે છે. પાપ કરીને તે પાપ નાશ કરવા જો ઈશુનો આશ્રય હોય તો પાપ ન કરવાની ગીતાની બુદ્ધિ શું ખોટી? હિન્દુધર્મમાં તો પાપ કરીને અગર પુણ્ય કરીને સારું ખોટું ફલ ભોગવવું જ પડે છે, કારણ કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. માટે તત્ત્વજ્ઞાન અને ઇન્દ્રિયસંયમ સિવાય પાપથી બચાતું નથી. માટે સત્યથી પાપનો પ્રવેશ મન ઇન્દ્રિયોમાં ન થવા દેવો એ ગીતાભ્યાસથી શીખી લઇ બહુ જ અભ્યાસ અને વાચનથી સર્વધર્મનું તત્ત્વ જાણી બધા ધર્મોનો મહાત્માજીએ સમન્વય સાધ્યો. ૨૮૩-૮૪-૮૫-૮૬

વિશેષથી ખ્રિસ્તી ધર્મના ગ્રંથો વાંચ્યા, કુરાને શરીફ પણ વાંચ્યું

१. परफेक्ट वे (Perfect way)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मणिरत्नमयी माला योगवासिष्ठमेव हि ॥ २८८

मुमुक्षोश्च प्रकरणं वाचितानि ह्यनुक्रमात् ।
महम्मदस्य चरितं जरथोस्तवचांसि च ॥ २८९

भाष्योपनिषदां चैवान्यानि प्राप्तानि सर्वतः ।
कृतः सर्वाग्रगण्यत्वे गीताधर्मस्य निर्णयः ॥ २९०

त्यागिनो ज्ञानिनश्चैव हिन्दुधर्मे विशेषतः ।
तन्निर्णयात्कृते ज्ञाने धर्मो नान्यः प्रियोऽभवत् ॥ २९१

समाधाने च संजाते वादिनः प्रतिवादिनः ।
संमानभोजनारम्भसभा तत्रैव योजिता ॥ २९२

चतुर्विंशद्वयस्केन प्रथमं भाषणं कृतम् ।
धारासभायामत्रैतत्समये निर्णयः कृतः ॥ २९३

हिन्दिनां न मतं ग्राह्यं सभासभ्या न हिन्दिनः ।
हिन्दिनः सेवकस्थाने सदास्माभिर्नियोजिताः ॥ २९४

નવાન અર્થવાળું બાયબલ વગેરે વાંચ્યું તથા હિન્દુધર્મમાં શ્રીશંકરાચાર્યજીની મણિરત્નમાલા, યોગવાશિષ્ઠ, પંચીકરણ, ષડ્‌-દર્શનસુમુચ્ચય, મુમુક્ષુપ્રકરણ યોગવાસિષ્ઠનું, જરથોસ્તનાં વચનો, મહમંદ પયગંબરનું ચરિત, ઉપનિષદોનાં જે જે ભાષાન્તરો મળ્યાં તે બધાં વાંચી સર્વગ્રંથઅગ્રગણ્ય ગીતામાં કહેલ ધર્મને માની તદનુ-સાર જીવનનો નિર્ણય કર્યો. હિન્દુ ધર્મમાં જે જે જ્ઞાનીઓ અને ત્યાગીઓ થયા છે તે બધાએ વિશેષથી ગીતાધર્મને જ માન્યો છે. માટે ગીતાવિરુદ્ધ ધર્મ પ્રિય ન લાગ્યો. ૨૮૭-૮૮-૮૯-૯૦-૯૧

વાદી અને પ્રતિવાદી દાદા અબ્દુલ્લા અને તૈયબહાજીખાન મહંમદ-નું સમાધાન થવાથી સન્માન ભોજન થયું તેમાં નાની હિન્દીની સભા ભરી ચોત્રીસ વર્ષના મહાપુરુષે પહેલું ભાષણ કર્યું. તે જ સમયે ધારાસભાનો આફ્રિકાનો નિર્ણય પેપરમાં વાંચવામા આવ્યો, જેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मताधिकारस्तेषां स्यान्नैव धारासभादिषु ।
तिरस्कारो भारतस्य तथा भारतवासिनाम् ॥ २९५
तत्समाचारपत्रेषु पठितं मोहनेन च ।
असह्यं सर्वथा जातमपमानं तु हिन्दिनाम् ॥ २९६
देशसेवार्थसर्वस्वत्यागनिश्चयपूर्वकम् ।
स्वमानार्थमिदं युद्धं कर्तव्यं मोहनोऽब्रवीत् ॥ २९७
भारतीयजनानां च क्रीतसेवकबन्धनात् ।
मुक्तये परमात्मानं प्रार्थयामास मोहनः ॥ २९८
दृष्ट्वेमं स्वजनं नाथ दुःखाय समुपस्थितम् ।
हृदयात्स्रंसते ज्ञानं चेतश्च परिदह्यते ॥ २९९

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥ ३१

હિન્દીઓને મતાધિકાર ન આપવો. સભામાં કોઈ હિંદી સભ્ય ન થઈ શકે. એ કાયદો ઘડાયો હતો તે વાંચ્યું. હિન્દીઓ ગુલામ તરીકે મજૂર તરીકે જ રહેવા સરજાયેલા છે, તેમને મતાધિકાર શાનો ! આવા વિચારો-વાળા અંગ્રેજ અધિકારીઓએ આમ ભારતનો અને ભારતનિવાસી હિન્દી-ઓનો તિરસ્કાર કર્યો. આ અપમાનના સમાચાર તુરત સભામાં મળેલા વર્તમાન પત્રોમાં વાંચી હિંદીઓનું આ અપમાન મહાત્માજીને અસહ્ય લાગ્યું. અને ત્યાં જ કહી નાખ્યું કે દરેક હિંદીએ સ્વમાન માટે દેશ. સેવા માટે સર્વસ્વનો ત્યાગ કરવો જોઇએ. ૨૯૨–૯૩–૯૪–૯૫–૯૬–૨૯૭

અને ભારતીય જનોને આ ગિરમીટિયાના મનુષ્યવેચાણના ત્રાસ-માંથી બચાવવા માટે શ્રી મોહને પ્રભુની પ્રાર્થના કરી કે હે નાથ, આ સ્વજનોને દુઃખ માટે તૈયાર થઇ અહીં આવેલા જોઇ મારું જ્ઞાન હૃદય-માંથી નીકળી જાય છે, કાળજું બળી જાય છે. ૨૯૮–૨૯૯

હે કેશવ, હું નિમિત્ત વિપરીત જોઉં છું. સ્વજનોને (ગીતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥ ३२
किं नो सुखेन किं भोगैर्जीवितेन च किं भवेत् ।
यदि मुक्ता भवेयुर्नो स्वजनाः क्रीतसेवकाः ॥ ३००
यद्यप्येते न पश्यन्ति मूढा अङ्ग्रेजकर्षकाः ।
जनदुःखकृतं दोषं वञ्चने पातकंच यत् ॥ ३०१
कथं न ज्ञेयमस्माभिर्दुःखेभ्यस्तान् विमोचितुम् ।
भारतीयभ्रातृदुःखं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३०२
हिन्दिनां च सभां कृत्वा मोहनाय निवेदितम् ।
सज्जनैः श्रेष्ठिभिस्तत्र वाणिज्ये कुशला वयम् ॥ ३०३
सहायार्थं सदास्माकं भवानत्रैव तिष्ठतु ।
वयमज्ञानवन्तश्च नेतास्माकं न विद्यते ॥ ३०४

પક્ષે યુદ્ધમાં હણીને) મહાત્મા પક્ષે દુઃખની અવસ્થામાં છોડીને હું કલ્યાણ જોતા નથી. ૩૧

હે કૃષ્ણ, હું (મારે માટે) વિજયના (રાજ્ય) વૈભવ કે સુખોની ઈચ્છા રાખતા નથી. હે ગોવિન્દ, મારે રાજ્યથી કે સુખથી ભોગથી કે જીવવાથી પણ શો લાભ છે ? ૩૨

જો મારા દેશબન્ધુઓને આ મનુષ્ય વેચાણ–ગુલામીમાંથી હું ન છોડાવું તો મારે કંઈ જ જરૂર નથી. જો કે આ મૂઢ અંગ્રેજ ખેડૂતો માણસોને દુઃખ આપવામાં અને લખાણથી ભોળાઓને ફસાવી દગાઇ કરવામાં દોષ જોતા નથી, પણ આ બુદ્ધિહીન અને કાયદાથી (એગ્રી-મેન્ટ કરારથી) બંધાયેલાને આ દુઃખથી છોડાવવાનું આપણે કેમ ન જાણવું. હે જનાર્દન, ભારતીય બન્ધુના દુઃખને અમો જોઇએ છીએ, માટે તેમને મુક્ત કરવાનો ધર્મ છે. ૩૦૦–૧–૩૦૨

હિન્દીઓની સભા ભરી ત્યાંના આગેવાન વેપારી ગૃહસ્થો અને સજ્જનોએ શ્રી મોહનને વિનંતિ કરી કે અમો હોશિયાર છીએ, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नातालवासिभिस्तस्याग्रहे निवसतौ कृते ।
दुःखं तदपमानं च नव्यधारादियोजितम् ॥ ३०५
रङ्गभेदादिजनितं दृष्ट्वा खिन्नोऽथ मोहनः ।
दुःखवानेव मनसि निवासकृतनिश्चयः ॥ ३०६
येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे प्राणाँस्त्यक्त्वा धनानि च ॥ ३३
आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वसुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥ ३४
एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किंनु महीकृते ॥ ३५

માત્ર વ્યાપારમાં જ. આ કાયદાની બાબતમાં અમો અજાણ છીએ, માટે અમારી વચ્ચે સલાહકાર રીતે આપ અહીં રહો. અમારો બીજો નેતા નથી. આમ નાતાલવાસી હિન્દીઓએ રહેવા માટે આગ્રહ કરવાથી નવા ધારાથી ઊપજતાં હિન્દીઓનાં દુઃખ અને અપમાનને લક્ષ્યમાં લઈ રંગભેદથી થતા દુઃખને વિચારી ખેદ પામેલા અને મનમાં દુઃખી થયેલા શ્રી મહાત્મા મોહને ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો. ૩૦૩-૬

જેને માટે સુખ રાજ્ય અને ભોગની ઈચ્છા કરીએ છીએ તે જ સામા યુદ્ધ કરવા પ્રાણ અને ધન ત્યાગ કરીને ઊભા છે. ૩૩

આચાર્યો વડીલો, પુત્રો, દાદાઓ, મામાઓ, શ્વશુરો (સસરાઓ), પૌત્રો, સાળાઓ-સંબંધીઓ ઊભા છે. એ બધા મને મારે તો પણ હે મધુસૂદન (મધુદૈત્યને મારનારા) (દૈત્ય હોય તેને જ મરાય દેવ ને ધર્મનિષ્ઠને ન મરાય, (આ ભાવથી સંબોધન છે), ત્રણ લોકના રાજ્યને માટે પણ તેમને મારવા નથી ઈચ્છતો તો ભૂમિના રાજ્ય માટે તો કેમ મારી શકાય? ૩૪-૩૫

હે જનાર્દન (માયાનો નાશ કરનારા) (પાપીજનોને મારનારા),

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ॥ ३६
तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबान्धवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥ ३७
यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३८
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९
तद्वन्महात्मना ज्ञातं दीना भारतवासिनः ।
तान् राज्यधनलोभेन निघ्नन्ति क्रीतसेवकान ॥ ३०७
धनलोभमदाविष्टा गौरा पश्यन्ति नो हितम् ।
कथं तेऽतिप्रयत्नेन न मोक्तव्या मया क्वचित् ॥ ३०८

કૌરવોને મારી આપણને શો આનંદ આવવાનો છે? આ આતતાયી (અપરાધીઓ)ને મારીને આપણને પાપ જ મળશે. ૩૬

માટે આપણા પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવા યોગ્ય નથી. પોતાના માણસોને મારી સુખી શી રીતે થવાય? ૩૭

જોકે લોભથી મલિન ચિત્તવાળા એ કુળના નાશમાં રહેલા દોષ અને મિત્રના દ્રોહમાં રહેલા પાપને જોતા નથી. ૩૮

કુલક્ષયના દોષના જોનાર સમજનાર આપણે આ પાપથી પાછા વળવાનું કેમ ન સમજવું જોઇએ! ૩૯

તે પ્રમાણે મહાત્માએ જાણ્યું જે ભારતનિવાસી દીન હિન્દીઓને ધન રાજ્યના લોભથી વેચાતા રાખી ગુલામ બનાવી અગ્રેજો મારે છે (મરણ તુલ્ય નકામા બનાવે છે). ધન લોભ અને મદથી વિટાયેલા અંગ્રેજો તેમના હિતનો વિચાર નથી કરતા, પણ મારે તેમને પ્રયત્ન વડે કેમ ન છોડાવવા? ૩૦૭-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुलक्षयसमं चैतत्पातकं नो भवेत् खलु ।
शक्तिमद्भिस्ततः कार्या मुक्तिस्तेषां प्रयत्नतः ॥ ३०९

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ४०

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥ ४१

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ ४२

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥ ४३

જો હું (અમો) આફ્રિકાવાસી ધનસાધનવાળા હિન્દીઓ શક્તિશાળી છતાં બધી શકિતઓના ભોગે પણ આમને (ગિરમીટિયાઓને) ન છોડાવીએ તો અમને કુલક્ષય સમાન (શકિત છતાં પાસે રહી કુલક્ષય કરાવવા જેવું) પાપ લાગે. ૩૦૯

કુલક્ષય (કરવો અગર કરાવવો તે) થતાં સનાતન પરંપરાથી આવતા નભી રહેલા કુલધર્મો નાશ પામે ને ધર્મ નાશ પામે એટલે અધર્મ આખા કુલને વશ કરી લે છે. ૪૦

હે વાર્ષ્ણેય (યાદવ વૃષ્ણિ કુલમાં ઉત્પન્ન થયેલા) (ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલા કુલવાનને જ કુલધર્મનો વિનાશ દુઃખ કર હોય), હે અધર્મથી કુલ પરવશ થવાથી કુલની સ્ત્રીઓ ભ્રષ્ટ થાય છે. કૃષ્ણ (પાપથી બચાવનાર), સ્ત્રીઓ દુષ્ટ થતાં વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. ૪૧

આ વર્ણસંકરથી કુલનાશ કરનારાઓનો અને તેના કુલનો નરકમાં વાસ થાય છે, એમના પિતૃઓને પિંડદાન કોઈ કરતું નથી અને તે પતિત થાય છે; અધોગતિ પામે છે. ૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४४
तथा शक्तः स्वयं बुद्धया बलेनैव धनेन वा ।
दुःखमोक्षाय यः कुर्यात्प्रयत्नं देशवासिनाम् ॥ ३१०
धन्यं स्याज्जीवितं तस्य प्रमादश्च करोति यः ।
बन्धूनां दुःखमोक्षाय स कुलक्षयदोषभाक् ॥ ३११
विचारं तादृशं कृत्वा मनसा दृढनिश्चयः ।
ईश्वरप्रेरणायुक्तस्तदर्थागमनं च मे ॥ ३१२
इति ज्ञात्वा महात्माऽसौ क्रीतसेवकमुक्तये ।
राज्येन सह युद्धाय योजनां च विचारयन् ॥ ३१३
नातालीयहिन्दिसभास्थापनं मोहनोऽकरोत् ।
स्वनिर्वाहाय न द्रव्यं स्वीकृतं दत्तमाग्रहात् ॥ ३१४

વર્ણસંકરોએ કરેલા એ દોષોથી કુલ નાશ કરનારાઓના સનાતન (પરંપરાથી ચાલતા આવેલા) કુલધર્મો અને જાતિધર્મો ઊખડી જાય છે. ૪૩

અને જેના કુલધર્મો નાશ પામ્યા છે એવા મનુષ્યોનો હે જનાર્દન, નરકમાં કાયમ વાસ થાય છે એવું આપણે સાંભળ્યું છે. ૪૪

આ જ્ઞાનવાળા શ્રી મહાત્માએ વિચાર્યું જે ગમે તે પ્રકારે શક્તિ હોય તો બલ બુદ્ધિ ધન વડે પોતાના દેશવાસીઓની પીડાનો નાશ કરવા જે પ્રયત્ન કરે તેનું જીવન ધન્ય છે. અને જે પ્રમાદ પોતાના બન્ધુઓને છોડાવવા માટે કરે તેને કુલક્ષયનો દોષ લાગે. ૩૧૦–૩૧૧

આવો વિચાર કરી મનથી દૃઢ નિશ્ચયવાળા ઈશ્વરની પ્રેરણાવાળા શ્રી મહાત્માજી આ વેચાણ કરેલા સેવકો (ગિરમીટિયા) ને છોડાવવા રાજ્ય સાથે લડવાની યોજના વિચારવા લાગ્યા. ૩૧૨–૩૧૩

અને શ્રી મોહનદાસે ત્યાં નાતાલ હિન્દી સભા (નાતાલ ઇન્ડિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यौवनं पञ्चविंशत्या औद्धत्यं यच्छतीति सा ।
लोकोक्तिर्विपरीतात्र मोहने नरपुंगवे ॥ ३१५
तस्मिन्वयसि कामेऽर्थे देहे यशसि वैभवे ।
त्यक्त्वा मोहं पदस्थोऽयं मोहनस्तु महात्मनः ॥ ३१६
धाराशास्त्रीयवृत्तित्वं स्वीकृतं न्यायमन्दिरे ।
धाराशास्त्रीयवर्गस्य विरोधो द्वेषमूलकः ॥ ३१७
न्यायाधीशाज्ञया शान्तो लब्धं शासनपत्रकम् ।
स्वल्पग्रहणकार्येण प्रसिद्धिं लब्धवानयम् ॥ ३१८
दशसाहस्रहिन्दिस्वहस्ताक्षरसमन्वितम् ।
विज्ञप्तिपत्रं तत्रत्यधारासंसदि चार्पितम् ॥ ३१९
विलायते तथा चान्यत् प्रेषितं मन्त्रिमंडलम् ।
निर्णयस्त्वफलो जातो हिन्दिनां मतरोधकः ॥ ३२०

કોંગ્રેસ) નામની સંસ્થાનું સ્થાપન કર્યું. પોતાના નિર્વાહ માટે દ્રવ્ય ત્યાંના ગૃહસ્થોએ આપવા માંડયું તેનો આગ્રહ છતાં ઇન્કાર કર્યો. પચીસ વર્ષની જુવાની (પચીસી) મનુષ્યને ઉદ્ધત બનાવે છે આ કહેવત પુરુષશ્રેષ્ઠ મોહનમાં વિપરીત થઇ, કારણ આ ઉમરમાં તો કામમાં દેહમાં દ્રવ્યમાં-કીર્તિમાં વૈભવમાં-મોહ વધે, પણ તેનો ત્યાગ કરી આ મહાત્માના પદને લાયક બન્યા. ૩૧૪-૧૫-૧૬

ન્યાયમંદિરમાં (કોર્ટમાં) વકીલાત શરૂ કરી અને હિન્દીઓ કેસ આપે તેનો સ્વીકાર કર્યો. દ્વેષથી ત્યાંના વકીલોનો વિરોધ થયો, પણ ન્યાયાધીશ (મૅજિસ્ટ્રેટ)ની આજ્ઞાથી શાન્ત થયો. અને આજ્ઞાપત્ર મળ્યું (સણંદ મળી). ફી થોડી લેવાથી એકદમ પ્રસિદ્ધિ વકીલાતની થઇ. અને દશ હજાર હિન્દીઓની સહીવાળી અરજી (વિજ્ઞપ્તિપત્ર) ત્યાંની ધારાસભામાં આપી. ૩૧૭-૧૮-૧૯

વિલાયતમાં પાર્લામેન્ટમાં મોકલી, પણ હિન્દીઓને મતાધિકાર ન મળ્યો અને અરજીથી મત માટે નિષ્ફળતા મળી. ૩૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बालासुन्दरनामैको लेखादिक्रीतसेवकः ।
ताडितः स्वामिना यातो रुधिराक्तमुखस्तथा ॥ ३२१
दन्ताश्चोत्पाटितास्तस्य वदनं रुधिरावृतम् ।
दृष्ट्वा तं जनसेवार्थं धृतदेहो विषादवान् ॥ ३२२
गत्वा न्यायालयं तेन तं विमोच्याथ बन्धनात् ।
अन्यस्मै स्वामिने दत्तो बालासुन्दरनामकः ॥ ३२३
धाराभ्यासः कृतस्तत्र क्रीतसेवकबन्धनः ।
नीयन्ते हिन्दिनो देशाद्धनदानप्रलोभनात् ॥ ३२४
अङ्ग्रैजः स्वस्वसेवार्थं सेवकाः कृतबन्धनाः ।
वेतनं दीयते तेषां किन्तु ते क्रीतसेवकाः ॥ ३२५
नान्यत्कर्तुं समर्थास्ते कृतं तद्राजशासनम् ।
यदि सेवां विहायात्र स्थातव्यं तादृशैः क्वचित् ॥ ३२६

એટલામાં બાલાસુન્દરમ્ નામનો એક લેખસેવક (ગિરમીટિયો) તેના માલિકે મારવાથી મુખમાંથી રુધિર ટપકતું હતું તેવો અને બે દાંત પાડી નાંખ્યા છે તેવો લોહી ઝરતો હાથમાં ફેંટો લઈ ગાંધીજી પાસે તેમની ઑફિસે આવ્યો. જનસેવા માટે દેહધારી મહાપુરુષ ગાંધીજી તેને જોઇ ઉદાસ થયા. તેને લઇ કોર્ટમાં ગયા. મૅજિસ્ટ્રેટે કેસ ચલાવવા કહ્યું, પણ ગાંધીજીએ તેને બીજા માલીકને સોંપે તેવી માગણી કરી, કારણ તે પોતાની મેળે છૂટે તો ગિરિમીટિયો કેદમાં પડે, તેથી બીજો માલિક શોધી પેલા માલિકે કેસના ભયથી છૂટ આપી, અને તેને બીજાને ત્યાં મૂકયો. ૩૨૧-૨૨-૨૩

આથી ગિરમીટ કાયદાનો અભ્યાસ કર્યો, અને ધનના લોભે પાંચ વર્ષના કાયદાથી કરાર કરી હિન્દીઓને અંગ્રેજો ગુલામી માટે કરારથી લઇ જાય છે તે જાણ્યું. તેમને પગાર મળે, પણ તે વેચાતા રાખેલા નોકરો એટલે બીજું કાંઇ ન કરી શકે, તેવો કાયદો હતો. મુદત પૂરી થયે ફરી કરાર ન કરવો હોય તો તે દેશમાં રહી પણ ન શકે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पौण्डत्रयः करो देयः कुटुम्बे प्रतिमानुषम् ।
पञ्चविंशतिपौण्डानां पूर्वमासीत्करो महान् ॥ ३२७
संसतिर्मिलिता तत्र हिन्दुस्थानाधिकारिणः ।
एतावन्न्यायदौर्बल्यं विदेशीयाधिकारिणाम् ॥ ३२८
पशुविक्रयवद् दृष्ट्वा नियमं क्रीतमानवम् ।
पूर्णं कृत्वा तदभ्यासं महामन्थनवान्हृदि ॥ ३२९
जातः कर्तव्यतामूढो महात्मा मोहनस्तदा ।
प्रेरणां प्राप्तवाँश्चासौ कार्यार्थं ह्यन्तरात्मनः ॥ ३३०
षड्विंशतिसमाः श्रीमानात्मज्ञानरतोऽभवत् ।
सिद्धान्तानां महम्मदस्य जरथोस्तस्य सर्वतः ॥ ३३१
कृत्वाभ्यासं स्वात्मनिष्ठः सर्वधर्मसमन्वयान् ।
गीतासिद्धान्तधर्मं स्वं स्वचारित्र्ये न्यवेशयत् ॥ ३३२

છતાં રહે તો કુટુંબના દરેક માણસ દીઠ ત્રણ પૌન્ડ (હિન્દી ૪૫ રૂપિયાનો) કર ભરવો પડે. પહેલાં પચીશ પૌન્ડનો કર હતો. હિન્દુસ્તાનના અધિકારીઓએ તે અમલદારો અંગ્રેજ હોવાથી અન્યાયથી કરેલો પચીસ પૌંડનો કર ઘટાડી ત્રણ પૌંડનો કર કર્યો. ૩૨૪–૨૫–૨૬–૨૭

પશુની જેમ માણસ વેચનારા આ કાયદાને જોઇ તેનો પૂરો અભ્યાસ કરી હૃદયમંથન શરૂ કરી મહાત્માજી કર્તવ્યમૂઢ બની ગયા. અને આ છવીસ વર્ષના જુવાનને પ્રભુની અન્તરાત્મા દ્વારા પ્રેરણા મળી, અને અધ્યાત્મજ્ઞાનમાં પ્રીતિ થવાથી મહમ્મદના અને જરથોસ્તના સિદ્ધાન્તોનો અભ્યાસ કરી સર્વધર્મસમન્વય સાથે આત્મનિષ્ઠ બન્યા. અને તે બધા ધર્મના સિદ્ધાન્તને નિષ્પક્ષ પણે આવરી લેતા ગીતા-સિદ્ધાન્તને પોતાના આચરણમાં મૂક્યો. ૩૨૮·૨૯·૩૦·૩૧·૩૨

નાતાલવાસી હિન્દીઓને સભાના કાર્યમાં જોડી ત્રણ શિખામણો હિન્દી સભા માટે દીધી :

૧ આવક ખર્ચનો ચોખ્ખો હિસાબ રાખવો, કોઇપણ અંગત સ્વાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नातालवासिहिन्दस्थान् सभाकार्ये नियोज्य च ।
कार्यत्रयं कृतं तत्र त्वाद्यमायव्ययो सदा ॥ ३३३
स्पष्टता निर्विकारत्वं स्वामित्वं नैव कस्यचित् ।
द्वितीयं स्वविचाराणामन्यैर्विनिमयस्तथा ॥ ३३४
विज्ञप्तिपत्रयुग्मस्य प्रत्येकाङ्ग्रजसज्जनम् ।
हिन्दिनामधिकारार्थं प्राकट्यं स चकार हि ॥ ३३५
मांसाहारविरोधश्च व्याख्यातो मित्रबालकम् ।
हठस्त्यागे कृतस्तेन गृहिण्यास्तत्प्रियं न हि ॥ ३३६
विनयेन कृतस्त्यागस्तद्गृहस्य च तत्क्षणम् ।
ईश्वरं सर्वभूतेषु पश्यता हि महात्मना ॥ ३३७
मनुष्याणां मनुष्यैर्या गणना पशुतुल्यता ।
परपीडनजन्योऽयमानन्दः स्यान्नरस्य किम् ॥ ३३८

સભા નિમિત્તે ન સાધવો; કોઇનું માલિકીપણું નહિ.

૨ લોકસંસ્થા લોકદ્રવ્યથી જ ચાલે. માલિકીપણું ભાંગી પાડનાર છે માટે બધાઓએ વિચારની આપલે કરવા.

૩ પ્રત્યેક અંગ્રેજ માટે હિન્દીને ન્યાય આપવા ચોપાનિયું કાઢયું. આ કામ કરી દેશ જવા વિચાર કર્યો.

એક અંગ્રેજ બાઇના ઘરમાં તેના આગ્રહથી દર રવિવારે જવાની છૂટ હતી ત્યાં એક દિન બાલકને માંસાહારના દોષ સમજાવી મજાકમાં માંસ છોડવાનું કહ્યું. બાલકે માંસ ન ખાવા હઠ કરી. (આવો પ્રભાવ અને સત્ય હોવાથી બાલકો પણ અનુકૂળ થઇ જતા) ૩૩૩-૩૪-૩૫-૩૬

પણ તેની માતાએ બાલકને આવું સમજાવવાનો વિરોધ કર્યો એટલે તેના ઘરનો વિનયપૂર્વક તે જ ક્ષણે ત્યાગ કર્યો. ૩૩૭

પ્રાણી માત્રમાં ઈશ્વરને જોતા આ મહાપુરુષે મનુષ્યોએ મનુષ્યોને વેચાણ રાખીને પશુ જેવી ગણના કરી છે તેથી ખેદ કર્યો; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न ज्ञातं तद्विशुद्धेन हृदयेन महात्मनः ।
कृत्वाविक्लिन्नहृदयो निश्चयं मनसि स्वयम् ॥ ३३९
मानवानां मानवैश्च भवितव्या समानता ।
युद्धं तदर्थं कर्तव्यं व्यावसायिकबुद्धिमान् ॥ ३४०
अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥ ४५
यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणेहन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४६
एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ ४७
उपायं कर्तुमासीच्च शोकयुक्तं विचारवान् ।
महात्मापि तथा दृष्ट्वा दशां भारतवासिनाम् ॥ ३४१

બીજાને પીડા આપી માણસને આનંદ કેમ થતો હશે તે શુદ્ધ હૃદયના મહાત્માને છેક સુધી ન સમજાયુ. ખેદયુક્ત મનથી દૃઢ નિશ્ચય કર્યો કે માણસોએ માણસોની ગણતરી સમાન પણે કરવી જોઇએ; માણસ માત્રને સમાન હક્ક માણસ તરીકેના હોવા જોઇએ. આને માટે લડવું પડે તો લડવું. આવી વ્યાવસાયિક નિશ્ચયવાન બુદ્ધિ કરી. ૩૩૮-૩૯-૪૦

અરે ખેદની વાત છે કે રાજ્યસુખના લોભ માટે આપણે પોતાના માણસોને મારવા તૈયાર થયા છીએ. ૪૫

હું કંઈપણ બદલો નહિ વાળું છતાં હાથમાં હાથયાર લઈ નિઃશસ્ત્ર એવા મને ધૃતરાષ્ટ્રના પુત્રો રણમાં મારશે તો મારું તેથી કલ્યાણ થશે. એમ કહીને અર્જુન યુદ્ધમાં બાણ સાથે ધનુષ્યને (ફેંકી દઈ) છોડીને શોકમાં ડૂબેલો રથમાં બેસી ગયો. ૪૬

મહાત્માજી પણ ઉપરના અર્જુનના ચરિત્ર પ્રમાણે ભારતીયોની દશા જોઇ શોકયુક્ત થઈ તેનો ઉપાય શોધવા લાગ્યા. ૩૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आफ्रिकास्वगृहे दृष्टं दुष्कार्यं व्यभिचारजम् ।
प्रियमित्रस्य चारित्र्यप्रियोऽसौ मित्रमत्यजत् ॥ ३४२
जनाः कापट्यरहिता सत्याहिंसापरायणाः ।
नीतिमन्तो प्रेमवन्तो भवेयुर्निर्भयाः सदा ॥ ३४३
उपायः सर्वथा कार्यस्तादृशो बलवान्मया ।
सप्तविंशतिवर्षीयो विचारे निश्चितोऽभवत् ॥ ३४४
अहो बत महत्पापं नरेषु क्रियते नरैः ।
यद् द्रव्यसुखलोभेन पीड्यन्ते पशुवज्जनाः ॥ ३४५
भारते राजकीयानां सर्वेषां धीमतां नृणाम् ।
साहाय्यं सम्मतिश्चापि गृहीतव्येति निर्णयात् । ३४६
हिन्दिनां तां स्थितिं ज्ञात्वा निरोधार्थं दृढव्रतः ।
भारतं गमनायात्र स चक्रे चित्तनिश्चयम् ॥ ३४७
सेवाधर्मप्रीतिमतां त्यागिनां चाधिकारिणाम् ।
साहाय्येन विमोक्तव्या हिन्दिनः क्रीतसेवकाः ॥ ३४८

તેવામાં આફ્રિકામાં પોતાના જ ઘરમાં ચારિત્ર્યપ્રિય એવા આ મહાપુરુષે મિત્રનો વ્યભિચાર જોયો અને તુરત જ મિત્રનો ત્યાગ કર્યો. ૩૪૨

સત્ય અને અહિંસાપરાયણ, કપટ વિનાના, નીતિ અને પ્રેમપૂર્ણ મનુષ્યો સદાએ નિર્ભય હોય છે. ૩૪૩

સત્તાવીશ વર્ષના આ મહાપુરુષે (ત્રણ વર્ષ આફ્રિકામાં રહી હવે વધારે કુટુંબ સાથે રહેવું તેવો વિચાર કરી) 'મારે બલવાન ગિરિમીટિયાની મુક્તિનો ઉપાય કરવો' એમ ધારી નિશ્ચય કર્યોઃ અરે ખેદની વાત છે કે મનુષ્યો મનુષ્યોને દ્રવ્યલોભથી પશુ માફક ગણી જિંદગી ગળાવે છે. આ વિચાર કરી આ કાર્યને સારું ભારતના નેતાઓની અને અગ્રગણ્ય બુદ્ધિમાન પુરુષોની સહાય અને સલાહ લેવી અને હિન્દીઓને માટે ગમે તે ભોગે પણ લેખ કરારથી વેચાણ રાખવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[वियोगिनीवृत्तम्]

निजदुःखविमोहिताः सदा
मनुजा वा पशवो भवन्ति वा ।
परपीडनतस्तु दुःखिता
भुवि सन्तो विलसन्ति केवलाः ॥ ३४९

[पुष्पिताग्रावृत्तम्]

इति मनसि विषादवान्महात्मा
जनजनितस्वजनार्तिनाशनार्थम् ।
कृतपरिणतिदुःखसद्विचारः
प्रबलमना निजभारतं जगाम ॥ ३५०

કાયદો રદ કરાવવો. એવું દૃઢ મન કરી હિન્દીઓની સ્થિતિ જાણી સેવાધર્મમાં પ્રીતિવાળા ત્યાગશીલ અધિકારીઓની સહાયથી ગિરિમીટમાંથી તેઓને છોડાવવા આવો નિશ્ચય કરી ભારત જવાને તૈયારી કરી. ૩૪૪–૪૫–૪૬–૪૭–૪૮

પોતાના દુઃખથી મોહ પામેલા તો મનુષ્યો અને પશુઓ પણ હોય છે જ, પણ પારકા દુઃખે દુઃખી થનારા જગતમાં સંત પુરુષો જ વિરલ કેવળ વિલસે છે. ૩૪૯

મહાત્મા આ પ્રમાણે મનમાં વિચાર કરી, અંગ્રેજોથી હિન્દીઓને (પોતાના જનોને) ઉપજતી પીડાનો નાશ કરવા અને તેથી ઉપજનારા પરિણામનો વિચાર કરી બલવાન મને ભારત તરફ પધાર્યા. ૩૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[भुजङ्गप्रयातम्]

जनान्पीड्यमानानवेक्ष्य प्रसन्ना
नरास्तेऽधमा दुःखचिताश्च मध्याः ।
परेषां सुखाय स्वयं दुःखमग्नो
महात्माऽभवन्मोहनस्त्वेष एकः ॥ ३५१

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे कृष्णार्जुनसंवादे तदनुसारिण्यां सत्याग्रहसंहितायां गीताचारित्र्ये जनसेवाशास्त्रे आचार्यशिष्यसंवादे दीनस्वजनापमानजनितमानसदुःखे महात्मनो विषादयोगो नाम प्रथमोऽध्यायः ॥

મનુષ્યોને પીડા પામતા જોઈ પ્રસન્ન થનારા અધમ મનુષ્યો છે અને ચિત્તમાં દુઃખ કરી બેસી રહેનાર મધ્યમ નરો છે, પરાયા મનુષ્યોના સુખને માટે પોતે સદા દુઃખમાં ડૂબી રહેનાર એક જ મહાત્મા મોહનદાસ થયા. ૩૫૧

ઇતિશ્રી ભગવદ્ગીતા ઉપનિષદ્ બ્રહ્મવિદ્યાયોગશાસ્ત્રના કૃષ્ણાર્જુન સંવાદના ચારિત્ર્યરૂપ સત્યાગ્રહસંહિતાના આચાર્યશિષ્યસંવાદરૂપ ગીતાચારિત્ર્ય અને જનસેવાશાસ્ત્રમાં પહેલો અધ્યાય પૂરો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वितीयोऽध्यायः ।

शिष्य उवाच

अज्ञातदेशवासे यत्साहसं श्रीमहात्मनः ।
न तद्बुद्धिमतां कार्यं युद्धं यद् बलिभिः कृतम् ॥ १
क्षमा धर्मो हि वीराणां स्वीकृतो न महात्मना ।
१सर्वमीश्वरमेवार्प्य कथं न सहनं कृतम् ॥ २

आचाय उवाच

यत्कार्यं शक्तिसाध्यं स्यादीशाय न समर्पयेत् ।
ईश्वरः कर्मकर्तॄणां निष्क्रियाणां न ईश्वरः ॥ ३
प्रमादिनां न भगवान् नैवाश्रद्धावतां क्वचित् ।
प्रयत्नशीलपुरुषस्तत्साहाय्याधिकारवान् ॥ ४

બીજો અધ્યાય

શિષ્ય કહે છે (બોલ્યા) : અજાણ્યા દેશમાં વસેલા મહાત્માજીએ જે સાહસ કર્યું અને બળવાન અંગ્રેજો સાથે લડવા વિચાર કર્યો તે બુદ્ધિમાનનું કાર્ય નથી. હે ગુરુ, દુઃખ દેનારને ક્ષમા આપવી, દુઃખ સહન કરવું, આ ધર્મ સ્વીકારી બધું ભગવાનને સોંપવું તે અને સહન કરવું તેવું કેમ ન કર્યું ? ૧–૨

આચાર્ય કહેવા લાગ્યા : જે કાર્ય શક્તિથી બને તેવું હોય તે કાર્ય ભગવાનને ન સોંપવું. કાર્ય કરનારને પ્રેરણા આપનાર ભગવાન છે. નિષ્ક્રિય (કામ ન કરનાર) બેસી રહે તેનો ઈશ્વર નથી. (તેમ ઈશ્વર વચ્ચે પડે તો જગત માત્ર પ્રમાદી બની જાય.) પ્રમાદી જીવોનો પણ ભગવાન નથી તેમ અશ્રદ્ધાવાળાનો પણ નથી. પ્રયત્ન કરનાર પુરુષ જ પરિણામે ઈશ્વરની સહાયનો અધિકારી છે. ૩–૪

સંજય બોલ્યા : તે પ્રમાણે દયાથી ભરેલા આંખમાં આંસુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संजय उवाच

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १

श्रीभगवानुवाच

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २
क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३

अर्जुन उवाच

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४

ભરેલા વ્યાકુલ ચિત્તે ખેદ કરતા અર્જુન પ્રત્યે ભગવાન મધુ-સૂદન બોલ્યા. ૧

ભગવાન બોલ્યા : આવા વિષમ કાલમાં યુદ્ધની તૈયારીમાં સ્વર્ગને નાશ કરનારું; અનાર્ય લોકો જેવું અપયશ દેનારું દુઃખ હે અર્જુન, તને ક્યાંથી થયું? ૨

હે પાર્થ—સતીપુત્ર, તું બાયલો ન થા. આ તને ઘટતું નથી. હલકી હૃદયની નબળાઈ છોડી, તપસ્વી, ઊભો થા. ૩

અર્જુન બોલ્યા : હે, મધુસૂદન, ભીષ્મ પિતામહ, દ્રોણ ગુરુ મારે પૂજા કરવા લાયક છે, હે શત્રુનો નાશ કરનાર, તેમને હું શી રીત બાણો વડે યુદ્ધમાં સામો થાઉં? (મધુ દૈત્યને માર્યો. શત્રુને મારનાર સંબોધનથી જણાવ્યું જે હણવા લાયક દૈત્ય શત્રુ હોય, ગુરુ અને પૂજ્ય મારવા યોગ્ય ન હોય). ૪

હે મહાનુભાવ, ગુરુઓને માર્યા સિવાય ભિક્ષા માગી ખાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुञ्जीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५

न चैतद्विद्मः कतरन्नो गरीयो
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७

એ કલ્યાણકર છે. અર્થ અને કામને પૂરા પાડનાર ગુરુઓને મારી રુધિરથી ખરડાયેલા ભોગ શી રીતે ભોગવવા? ૫

અમો નથી જાણતા કે અમારામાં કોણ શ્રેષ્ઠ બળવાન છે? કદાચ અમો જીતીએ, કદાચ ન પણ જીતીએ, પણ જેમને મારી અમે જીવી શકીએ તેમ નથી, તે ધૃતરાષ્ટ્ર (કાકા)ના પુત્રો સામા ઊભા છે. ૬

કૃપણતાના દોષથી સ્વભાવ જેનો બગડયો છે તેવો ધર્મમાં મૂઢ ચિત્તવાળો હું આપને પૂછું છું કે જે નિશ્ચય કલ્યાણમાર્ગ હોય તે મને કહો. હું આપનો શિષ્ય આપને શરણે આવ્યો છું; મને યોગ્ય સલાહ આપો. ૭

શત્રુ વિનાનું અને ધન ધાન્યવાળું રાજ્ય અને ઈન્દ્રાદિ દેવતાનું સ્વામીપણું પામીને પણ ઇન્દ્રિયોને ચૂસી ખાનાર મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न हि प्रपश्यामि ममापनुद्याद्
यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८

संजय उवाच

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतपः ।
न योत्स्य इति गोविन्दमुक्त्वा तूर्णीं बभूव ह ॥ ९
तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥ १०

यथार्जुनं विषीदन्तं कृष्णः प्रेरितवान्स्वयम् ।
तथाऽन्तरात्माऽकथयन्मोहनं प्रेरणाबलात् ॥ ५
उद्धारः करणीयश्चेद् बन्धूनां सर्वथा त्वया ।
भारतीया बुद्धिमन्तो राजनीतिविशारदाः ॥ ६

શોકને નાશ કરે એવો ઉપાય હું જોતો નથી. ૮

સંજય બોલ્યા : એમ કહીને તે તપસ્વી ગુડાકેશ (જાગ્રત) અર્જુન, ઈન્દ્રિયસ્વામી નહિ યુદ્ધ કરું એમ ગોવિન્દને કહીને ચૂપ રહ્યો. (સંબોધન અન્વર્થ છે.) ૯

બંને સેનાઓ મધ્યે ખેદ પામેલા અર્જુનને હસતાં હોયને શું એમ ઈન્દ્રિયોના સ્વામી (કારણ કે ઈન્દ્રિયો ચલાવનાર ભગવાન છે) ભગવાન કહેવા લાગ્યા. ૧૦

જેમ શોક કરનાર અર્જુનને ભગવાન કૃષ્ણ જ્ઞાન આપી દોરવા લાગ્યા હતા તેમ અન્તરાત્મા પ્રેરણાબલથી શ્રી મોહનને પ્રેરણા દ્વારા કહેવા લાગ્યા કે તારે તારા બન્ધુઓનો ઉદ્ધાર સર્વ રીતે કરવો જ હોય તો બુદ્ધિમાન ભારતીય અગ્રેસરોને વિધિપૂર્વક ગિરમીટના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्रीतसेवकवृत्तान्तं कथयित्वा यथाविधि ।
स्वपक्षे स्थापनीयाः स्युस्ते त्वया स्वमनोबलात् ॥ ७
मा विषादं कुरु स्वल्पं त्वत्पक्षे परमेश्वरः ।
सत्यनीतिदयाऽहिंसापराणां विजयः सदा ॥ ८
इत्यन्तरात्मबलतो मनोमन्थनतत्परः ।
साहाय्यार्थं स्वबन्धूनां जायानयनहेतवे ॥ ९
महतां राजकीयानां सम्मत्या च सहायतः ।
स्वकार्यस्य च साफल्यं मत्वा निश्चयमात्मनः ॥ १०
स दीनदययाविष्टो हिन्दिदुःखाकुलान्तरः ।
दीनोद्धारप्रयत्नात्मा विषीदन्देशमागतः ॥ ११
नातालीयसभाकार्ये नियोज्यान्यं व्यवस्थितम् ।
नौकायां देशसेवार्थमन्यभाषीयशिक्षणम् ॥ १२
उर्दूभाषा तामिलस्य तामिला तेलगुस्तथा ।
भाषानां शिक्षणं जातं स्वीयकार्यस्य सिद्धये ॥ १३

કાયદાની વાત સમજાવી તારે પોતાના મનોબળથી પોતાના પક્ષમાં સ્થાપવા. ભાઈ! તું જરા પણ ખેદ ન કરીશ. તારા પક્ષમાં પરમેશ્વર છે. સત્ય-દયા અહિંસા નીતિમાં પરાયણ માનવોનો સદા વિજય જ થાય છે. ૫-૬-૭-૮

આ પ્રમાણેના અન્તરાત્માના પ્રેરણાબલથી મનોમંથન કરી, પોતાના બંધુઓની સહાય માટે અને સ્ત્રી પુત્રાદિકને લાવવા રાજકીય પુરુષોની સહાય-સંમતિથી પોતાનું કામ સફળ થશે એ નિશ્ચયથી દીનની દયાથી ભરેલા હિન્દીઓનું દુઃખ હૃદયમાં રાખી દીન (ગિરમીટિયા) હિન્દીઓના ઉદ્ધાર માટે ખેદયુક્ત થઇ સ્વદેશ વિદાય થયા. ૯-૧૦-૧૧

નાવમાં (સ્ટીમરમાં) દેશસેવા માટે બીજી (તામિલ ઉર્દૂ) દેશની ભાષા શીખવાની જરૂર હોવાથી તામિલ તેલગુ અને ઉર્દૂનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कलकत्तापुरं यातश्चतुर्विंशद्दिनैरयम ।
तथा मोहमयीं गन्तुं प्रयाणं त्वरया कृतम् ॥ १४
प्रयागक्षेत्रगमनाद् गतो यन्त्ररथस्तदा ।
पायोनियरपत्रस्याध्यक्षसंगमनं कृतम ॥ १५
स्वीकारः कारितस्तत्र न्याय्यलेखस्य मुद्रणे ।
नातालजातदुःखस्य बीजं क्षिप्तं स्वभारते ॥ १६
त्रिवेणीदर्शनं कृत्वा यातो मोहमयीं पुरीम् ।
ततो गत्वा राजकोटं पत्रं निष्कासितं महत् ॥ १७
हरिद्वर्णं च नातालहिन्दुवृत्तान्तसूचकम ।
प्रेषितं तच्च सर्वत्र सा सेवा बालकैः कृता ॥ १८
महामारीभयप्राप्ती राजकोटे समागता ।
स्वच्छतार्थं कृतो यत्नो गृहस्थेषु निरर्थकः ॥ १९

પોતાના કાર્યની સિદ્ધિ માટે અભ્યાસ કર્યો. ચોવીસ દિવસે સ્ટીમર કલકત્તા પહોંચી. તે જ દિવસે મુંબાઇ જવા પ્રયાણ શરૂ કર્યું. પ્રયાગ (અલ્હાબાદ) ગાડી રોકાઇ, ગામમાં ફરવા જતાં ગાડી ખોઈ તેથી રોકાવું પડયું. પાયોનિયર પત્રના અધિપતિને મળ્યા. અને પોતે ન્યાયસર લેખ લખશે તો પત્રના અધિપતિ તે જરૂર છાપશે એવો સ્વીકાર કરાવ્યો; આમ નાતાલમાં થયેલા દુઃખનું બીજ ભારતમાં રોપ્યું. ૧૨-૧૩-૧૪-૧૫-૧૬

ત્રિવેણી-દર્શન-સ્નાન કરી ત્યાંથી મુંબાઈ ગયા, ત્યાંથી રાજકોટ જઈ લીલા પૂંઠાનુ ચોપાનિયું પ્રકટ કર્યું. તેમાં આફ્રિકા નાતાલ પ્રાન્તની સ્થિતિ જણાવી. દશ હજાર નકલો છપાવી તે બધે મોકલી અને ટપાલની રવાના કરવાની બધી સેવા બાળકો પાસે લીધી. મુંબાઈમાં મરકી શરૂ થઈ અને રાજકોટ પણ તે આવી તેમાં સ્વચ્છતા માટે પ્રયત્ન કર્યો. (પણ ગરીબ લોકોમાં ફાવ્યા. તેમને ત્યાં જાજરૂ નહોતાં. તેમણે સ્વચ્છતા સારી રાખી સુધારા કર્યાં). ગૃહસ્થો મુત્સદ્દીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हीनदीनादिरथ्यासु स्वच्छतात्रावलोकिता ।
दीनेभ्योऽपि गृहस्था ये धर्मवत्ख्यातिमागताः ॥ २०
मलिनास्ते विशेषेण तदत्रैव सुनिश्चितम् ।
राजसेवा राजनिष्ठा कृताऽत्र प्रेमभावतः ॥ २१
भगवन्रक्ष राजानं तच्छत्रूंश्च विनाशय ।
अहिंसाधर्मयुक्तस्य गानं तद्धर्मनाशकम् ॥ २२
नातालहिन्दिदुःखानां महत्यासीन्मनोव्यथा ।
तदर्थं गतवान्सोऽयं पुनर्मोहमयीं पुरीम् ॥ २३
मुख्यन्यायाधिपं तत्र रानडे–उपनामकम् ।
महादेवं समागम्य बद्रुद्दीनगृहं गतः ॥ २४
सहानुभूतिं सम्प्राप्य संमत्या च तयोः पुनः ।
फिरोजशाहनामानं सिंहं मोहमयीपुरे ॥ २५

પ્રયાસ નકામો ગયો. હીનદીનની શેરીઓમાં સ્વચ્છતા સારી જોઈ. દીન કરતાં ગૃહસ્થો જે ધર્મનિષ્ઠની ખ્યાતિ પામ્યા છે. તે હીનદીન કરતાં વધારે મલિન છે એમ નિશ્ચય કર્યો, રાજકોટમાં પ્રેમથી રાજ-નિષ્ઠા રાખી રાજસેવા પણ કરી. ભગવાન અમારા રાજનું રક્ષણ કરો (God save the King), તેના શત્રુઓનો નાશ કરો, આ ગીત બાળકો પાસે ગવરાવ્યું, પણ અહિંસાધર્મીને તે ગાવું અહિંસા વિરુદ્ધ લાગ્યું. ૧૭–૧૮–૧૯–૨૦–૨૧

નાતાલવાસીના દુઃખની મનમાં પીડા તો હતી જ, તેથી મુંબાઇ રાજકોટના કામની વચમાં ગયા. હાઇકોર્ટજજ્જ મહાદેવ ગોવિન્દ રાનડેને મળ્યા. બેરિસ્ટર બદરૂદ્દીનને મળ્યા. તેમની આફ્રિકા માટે સહાનુભૂતિ–સમ્મતિ મેળવી. બેતાજ બાદશાહ મુંબાઇના સિંહ ફિરોજશાહ મહેતાને મળ્યા. ખૂબ પ્રેમથી મળવાથી તેમની (સર ફિરોજશાહની) સન્મુખ પોતાની મનોવ્યથા કહી. મુંબાઈ મોટી સભા ભરવી તેમાં આ બાબત (નાતાલના હિન્દી દુઃખની) જણાવવી તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रेम्णा तेन समागत्य कथिता स्वमनोऽन्यथा ।
वाच्छागांधी स्थितस्तत्र लब्धमाश्वासनं ततः ॥ २६
सभाऽत्र महती कार्या वर्णनीया मनोऽन्यथा ।
जानीयुर्देशबन्धूनां पीडामत्रत्यसज्जनाः ॥ २७

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पंडिताः ॥ ११
न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परं ॥ १२
देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३

પોતાના નાતાલવાસી દેશબન્ધુઓની પીડા અહીંના સજ્જનો જાણે તેમ તેમની સંમતિ મળી. ફિરોજશાહ મહેતા પાસે વાચ્છા ગાંધી બેઠા હતા તેમણે આશ્વાસન આપી આ પ્રમાણેની સભાની સંમતિ આપી. ૨૩–૨૪–૨૫–૨૬–૨૭

ભગવાને કહ્યું: અર્જુન, તું ન શોક કરવા લાયકનો શોક કરીને બુદ્ધિપૂર્વક વાતો કરે છે તે ઠીક નથી, કારણ પંડિતો પ્રાણ વિનાનાનો અગર જીવતાનો શોક કરતા નથી. ૧૧

કેમ કે હું-તું અને આ રાજાઓ પહેલાં કોઇ દિવસ નહોતા અગર આપણે ફરી ઉત્પન્ન થવાના જ નથી એવું કાંઈ નથી. (જન્મ મરણ પુનર્જન્મ ચાલુ છે). ૧૨

શરીરધારીને આ દેહમાં જેમ નાનપણ, જુવાની ને વૃદ્ધાવસ્થા આવે છે (શરીર નાનું, મોટું શિથિલ થાય છે) તેમ બીજા દેહની પ્રાપ્તિ પણ થાય છે. વીરપુરુષ જેમ નાનપણ-જુવાની જતાં મોહ પામતો નથી તેમ મરવાથી પણ મોહ પામતો નથી. ૧૩

આ રીતનું શ્રી ગીતાજ્ઞાન મનમાં સ્વીકારેલું તે ચારિત્ર્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्यादिवाक्यपर्यन्तमात्मज्ञानं विधाय च ।
चारित्र्ये स्थापयित्वापि सेवाधर्मं प्रयत्नतः ॥ २८
नीतिज्ञानवता चेत्थं सेवा स्वभगिनीपतेः ।
गृहं नीत्वा कृता तेन सोत्साहं स्वपरिश्रमात् ॥ २९
सेवायां यद्यनुत्साहः सा सेवा सेव्यदुःखदा ।
धनाशया प्रतिष्ठार्थं कृता चेन्न फलप्रदा ॥ ३०
निष्कामसेवया सेव्यान्तःस्थश्चात्मा प्रसीदति ।
देहे नष्टेऽपि सेव्यस्य भूयात्सेवाऽविनाशिनी ॥ ३१
ईदृश्या भगवान्प्रीतो मृतः स भगिनीपतिः ।
मरणानन्तरं शोकं त्यक्त्वा मोहमयीं गतः ॥ ३२

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ १४

ઉતારી મરણનો ભય અને સુખનો મોહ છોડી–નીતિ અને જ્ઞાનવાળા આ મહાપુરુષે પોતાના બનેવીની સેવા માંદગીમાં પરિશ્રમ લઈ ઉત્સાહ-પૂર્વક કરી. સેવામાં ઉત્સાહ ન હોય તો જેની સેવા કરીએ તેને દુઃખ (મનમાં પણ) થાય છે અને સેવા વેઠ જેવી લાગે છે, તેમજ ધનની આશાએ કે આબરૂ ખાતર તે કરીએ તે પણ કરનારને કે લેનારને જોઇએ તેવું સુખ ફલ આપતી નથી. નિષ્કામ ભાવથી ઉત્સાહપૂર્વક ફરજ સમજી કરેલી સેવાથી જેની સેવા કરીએ તે સેવ્યનો અન્તરાત્મા પ્રસન્ન થાય છે, કદાચ તેનો દેહ નાશ પામે (સેવ્ય મરણ પામે), પણ તે સેવા અવિનાશી બને છે, (કારણ તે તો પ્રેમથી પરમાત્મપ્રીત્યર્થ કરી લીધેલી હોઈ તે પ્રભુને પહોંચે છે, નાશવાન દેહ ભલે નાશ પામે, પણ તે સેવા અમર રહે છે.) આવી સેવાથી બનેવી જોકે ગુજરી ગયા, પણ ભગવાન પ્રસન્ન થયા અને તેથી–જનસેવામાર્ગના આ આચાર્ય બન્યા. મરણ પછી શોક ત્યાગ કરી મુંબાઈ ગયા. ૨૮–૩૨

હે કુંતીપુત્ર, ઇન્દ્રિયોના સ્પર્શ સંબંધો (વિકારો) તાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ १५
इत्यनेन स्वमनसि कृत्वा निर्णयमात्मनः ।
दुःखस्य सहनं कृत्वा मोक्तव्या हिन्दिनः सदा ॥ ३३
सभायां भाषणं कृत्वा मुद्रितस्यैव वाचनम् ।
हिन्दिदुःखे ज्ञानवन्तः कृता भारतवासिनः ॥ ३४
नातालहिन्दिनां दुःखं वर्णभेदादिसूचकम ।
क्रीतसेवकधारादिनाशः कार्यः परिश्रमात् ॥ ३५
फिरोजशाहनामासौ सुप्रसन्नोऽभवत्तदा ।
नातालहिन्दिनां मुक्तिः कर्तव्येति मतं ददौ ॥ ३६

ટાઢની પેઠે સુખ દુઃખ આપનારા, જનારા અને ફરી આવનારા છે. હે ભારત, તેને સહન કર. (આ સિવાય તેને અટકાવવાનો બીજો ઉપાય નથી.) ૧૪

હે પુરુષશ્રેષ્ઠ, સુખ દુ.ખમાં સમાન મનોવૃત્તિવાળા જે ધીર પુરુષને તે ઈન્દ્રિય સંબંધો પીડા કરતા નથી તે અમૃતપણાને (મોક્ષ પામવાને ઈશ્વરસંબંધને ભક્તિને) યોગ્ય ઠરે છે. ૧૫

આ વિચારોને ચારિત્ર્યમાં મૂકવા, મનમાં નિર્ણય કર્યો કે દુઃખ ગમે તેટલું સહન કરીને પણ રંગભેદથી હિન્દીઓને છોડાવવા. મુંબાઇ સભા ભરી તેમાં સર ફિરોજશાહના આગ્રહથી અગાઉ રાતોરાત લખેલું છપાયેલું ભાષણ–ગાંધીજીનું વાચ્છા ગાંધીએ વાંચ્યું. સર્વ ને સર ફિરોજશાહને પણ ખૂબ ગમ્યું. આમ ભારતવાસી અગ્રેસરોને નાતાલના હિન્દીઓના દુઃખમાં ભાગ લેતા કર્યા. ફિરોજશાહે પ્રસન્ન થઇને ગિરમીટ કાયદાનો નાશ કરવો અને હિન્દીઓને તે કરારમાંથી બચાવવા એ ધર્મ છે તેવો પોતાનો મત આપ્યો. ૩૩–૩૪–૩૫–૩૬

ભારતમાંથી બૅરિસ્ટર મિત્રો કરી તેમને નાતાલ લઇ જવાનો પ્રયાસ કર્યો. બેચાર તૈયાર થયા, પણ બહાનું કાઢી છટકી ગયા. તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वदुःखभागिनः सर्वान्कृत्वाऽत्रैव स्वभाषणात् ।
बारिष्टरपदानन्यान् हिन्दिसेवार्थनिश्चयान् ॥ ३७
साकं नयनकामोऽयं प्रयत्ने निष्फलोऽभवत् ।
गीतोपदेशचारित्र्यवतः सेवा सुखप्रदा ॥ ३८
पेस्तनो पारसीकश्च पादशाहावटंकितः ।
तेनोक्तं नैव गन्तव्यमाफ्रिकाविषयं त्वया ॥ ३९
स्थेयमत्र स्वदेशे च कार्यमत्र विशेषतः ।
स्वदेशकार्यं प्रथमं विदेशे गौणमुच्यते ॥ ४०
नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ १६
अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ १७

નિષ્ફળતા મળી. ગીતાના ઉપદેશયોગ્ય ચારિત્ર્યવાન આ પુરુષે સર્વ કરતાં સેવા એ જીવનનું મુખ્ય કાર્ય માન્યું. પેસ્તનજી પાદશાહ નામના પારસી ગૃહસ્થે તો તેમને જ (ગાંધીજીને જ) આફ્રિકા ન જતાં અહીં સ્વદેશમાં જ ઘણું કામ છે, તેને વળગી રહી કામે લાગી જવા વિનવણી કરી, સ્વદેશકાર્ય મુખ્ય છે, આફ્રિકાનું ગૌણ છે તેમ સમજાવ્યા. (આ સ્પષ્ટવકતાએ આફ્રિકા જવાની સલાહ આપવામાં મદદ કરવાની ના પાડી–પોતાનો ધર્મ બજાવ્યો ત્યારે ગાંધીજીએ લીધેલું કામ પાર પાડવાનો પોતાનો ધર્મ માન્યો.) ૩૭–૩૮–૩૯–૪૦

જે અસત્ છે, એટલે થયું જ નથી, તેની હસ્તી હોવાપણું નથી અને સત્ છે, તેનો અભાવ (ન હોવાપણું) નથી. આ બન્ને સત–અસત્ એનો નિર્ણય તત્ત્વજ્ઞાનીઓએ અનુભવ્યો છે. ૧૬

જે વડે આ દેખાતું સર્વજગત વીંટાયેલું (વ્યાપ્ત ભરેલું) છે તે અવિનાશી છે એમ જાણ. આ અવિનાશીનો નાશ કોઈ જ કરી શકે તેમ નથી. ૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्तन्वत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ १८
दृष्ट्वा सर्वेषु चात्मानमाफ्रिकाकार्यगौरवम् ।
स्वबुद्ध्या तत्समालोच्य गमने निर्णयः कृतः ॥ ४१
श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५
इति वाक्यं वदन्स्वेनारब्धं कार्यं विशेषतः ।
प्रथमं करणीयं तन्निश्चयो मनसि कृतः ॥ ४२
न तत्याज स्वीयकार्यं पुनः पुण्यपुरं गतः ।
बालो गाङ्गाधरिस्तत्र तिलको लोकमानवान् ॥ ४३
सिद्धान्तज्ञः स्वराज्यं यज्जन्मसिद्धं सदा नृणाम् ।
इत्येतत्सूत्रकर्ताऽयं गीताज्ञानमहोदधिः ॥ ४४

એ નિત્ય અને અવિનાશી અને અપ્રમેય (માપ ન કાઢી શકાય તેવા) આત્માના આ દેહો તો વિનાશી છે, નાશવાન છે; માટે હે અર્જુન, (નાશવાન દેહ સામું જોયા વિના) તું યુદ્ધ કર. ૧૮

આમ સર્વ જીવોમાં આત્માને જોઇને પોતાનું આફ્રિકાનું કામ ગૌરવ ભર્યું જાણી પોતાની બુદ્ધિથી તે કામ પ્રથમ માની આફ્રિકા જવાનો નિર્ણય કર્યો, કારણ કે સારી રીતે આચરેલા પરધર્મ કરતાં ઓછા ગુણવાળો પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે, એમ જાણી સ્વધર્મમાં મરવું શ્રેષ્ઠ છે, પરધર્મ ભયકર્તા છે, આ વાક્ય વારંવાર બોલતાં પોતાનું આરંભેલું કામ જે અપૂર્ણ મૂકીને આવ્યા છે તે પ્રથમ કરવું એવો નિશ્ચય મનમાં કર્યો અને પોતાનું કામ ત્યાગ ન કરતાં ફરી પૂના ગયા, ત્યાં લોકમાન્ય શ્રી બાલગંગાધર તિલકને મળ્યા. સિદ્ધાન્તને જાણનાર, ગીતાજ્ઞાનના અમૃતસમુદ્ર, સ્વરાજ્ય માનવનો જન્મસિદ્ધ હકક છે, આ સૂત્રના કર્તા અને પ્રવર્તક આ મહાપુરુષને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तं संगम्य महात्मासौ तत्संमत्या च तत्परः ।
गोपालकृष्णसंज्ञं तं "गोखले"-उपनामकम् ॥ ४५
तातं सुत इव प्रेम्णा संगम्याकथयद् व्यथाम् ।
भाण्डारकरनामानं रामकृष्णं महोदयम् ॥ ४६
राज्यक्षेत्रान्निवृत्तेन सभापतिपदं महत् ।
स्वीकृतं तद्धि विजयो कार्यस्यैष महात्मनः ॥ ४७
अध्यक्षत्वे तस्य कृता सभा यत्पुण्यवज्जनैः ।
पुण्ये पुरे त्यागवद्भिः सहकारो महात्मनः ॥ ४८
फिरोजशाहसिंहोऽसौ हिमालयसमो मतः ।
समुद्र इव बालोऽसौ लोकमान्यः स्मृतो हृदि ॥ ४९
गङ्गाजलसमः श्रीमान् गोपालकृष्ण इष्टदः ।
तस्यैव च सहाय्येन सभा जाता मनोरमा ॥ ५०
दत्तं गोपालकृष्णाय राजकीयगुरोः पदम् ।
न तथा मिलितः पूर्णो धर्माचार्यो मनःप्रियः ॥ ५१

ગાંધીજી મળી, તેમની સમ્મતિથી શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેને મળ્યા. આ બંનેની સલાહથી શ્રી રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરને મળ્યા. રાજકીય ક્ષેત્રથી નિવૃત્ત થયા છતાં તેમણે પ્રમુખપદ લેવા હા પાડી તે જ મહાત્માજીનો વિજય ગણાય. તેમના (શ્રી ભાંડારકરના) સભાપતિપદે પૂનામાં સભા મળી, વિદ્વાન અને ત્યાગશીલ પુરુષોની પૂનાના અગ્રેસરોની સભાએ મહાત્માજીને ખૂબ પ્રોત્સાહન-સહકાર આપ્યો. ફિરોજશાહ હિમાલય જેવા અને તિલક મહારાજ સમુદ્ર જેવા અને ગોખલે ગંગાજી જેવા મહાત્માજીને લાગ્યા. ૪૩-૪૯.

ગંગાજીમાં નવાય, ખોળામાં રમાય. તેમનું સ્થાન મહાત્માજીના હૃદયમાં કાયમ રહ્યું અને પોતાના રાજકીય ગુરુનું પદ ગોખલેને આપ્યું. રાજકીય ગુરુ ગોખલે મળ્યા તેવા ધર્મગુરુ મહાત્માજીને બીજા ન મળ્યા. વિદ્વાનો ત્યાગીઓ રાજનીતિકુશલ મુત્સદ્દીઓ એવા ઘણા અગ્રેસરો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्वांसस्त्यागिनस्तत्र राजनीतिविशारदाः ।
बहवः संमताश्चक्रुर्मोहनोत्साहवर्धनम् ॥ ५२
ततो मद्रासनगरे गतवान्मोहनः स्वयम् ।
बालासुन्दरकार्येण तत्रत्या बहुविस्मिताः ॥ ५३
संमानं बहुधा चक्रुः साहाय्यं च महात्मनः ।
कार्यं चकार बहुधा पिल्लायी परमेश्वरः ॥ ५४
हिन्दुपत्राधिपः श्रीमान् सुब्रह्मण्यो महाशयः ।
संगता बहवस्तत्र मद्रासीया महाशयाः ॥ ५५
सुब्रह्मण्यस्य मुख्यत्वे मद्रासे याऽभवत्सभा ।
समेत्य तैः सभायां यद्भाषणं च महात्मनः ॥ ५६
सावधानतया श्रुत्वा प्रोत्साहं प्रददुर्जनाः ।
बालासुन्दरकार्येण सेवायां श्रीमहात्मनः ॥ ५७
आश्चर्यचकिताः सर्वे तद्दुःखसमभागिनः ।
संख्यानां दशसाहस्रं हरिद्वर्णस्य मुद्रितम् ॥ ५८

એ આફ્રિકાના કામમાં ઉત્સાહ વધાર્યો. પૂનાથી મદ્રાસ ગયા, અને બાલાસુંદરના કિસ્સાથી ત્યાં તો ખૂબ જાણીતા હતા, કારણ દીનના રક્ષક હતા. એક ગરીબને માટે કટિબદ્ધ થયેલા અને લડવા તૈયાર થયેલા બૅરિસ્ટર જુવાન આ મહાપુરુષને જોઇ વિસ્મય પામેલા મદ્રાસીઓએ સન્માન અને સહાય ખૂબ કરી. ૫૦–૫૨

પીલાઈ પરમેશ્વર અને હિંદુ પત્રના અધિપતિ શ્રી સુબ્રહ્મણ્યમ્ મહાશયોએ–મદ્રાસી મહાશયોએ ગાંધીજીના કાર્યને વધાવી લીધું. ઘણા મદ્રાસીઓ સંમત થયા. સુબ્રહ્મણ્યમ્‌ના પ્રમુખપદે સભા મળી ત્યાં શ્રી ગાંધીજીના ભાષણને સાવધાનતાથી સાંભળી બાલાસુંદરના કામથી જાણીતા થયેલા મદ્રાસીઓ મહાત્માજીની સેવાથી આશ્ચર્યમુગ્ધ બન્યા, સભામાં દશ હજાર લીલાં ચોપાનિયાંની નકલો ખપી ગઇ, અને સર્વ આફ્રિકાના હિન્દીઓના સમદુઃખભાગી બન્યા. મદ્રાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पत्रस्य ग्रहणं चक्रुर्बहुधा सर्वतो जनाः ।
प्रेमवार्यभिषिक्तोऽयं मद्रासीयैर्महाजनैः ॥५९
कलकत्तापुरं यातः स्वीकृत्य प्रेमबन्धनम् ।
सुरेन्द्रनाथं तत्रत्यं प्यारीमोहनमेव च ॥६०
टागोरसंज्ञं संगम्य सभार्थं सत्परिश्रमम् ।
कृत्वापि निष्फलस्तत्र बङ्गवास्यधिपं गतः ॥६१
घण्टाद्वयं वृथा नीत्वा वार्तामात्रं च नालभत् ।
तदमृतबझाराख्यपत्रिकाधिपमागतः ॥६२
किञ्चिन्न कार्यसंजातं तेषां मोहवशास्थितेः ।
इंग्लीशमेनपत्रस्याधिपः सोण्डर्ससज्जनः ॥६३
आफ्रिकाहिन्दुकार्यस्य महत्त्वं तेन साधितम् ।
सभानियोजनात्पूर्वं विद्युत्संदेश आगतः ॥६४

ના સર્વ કોમના જનોએ મહાત્માજીને પ્રેમથી નવરાવ્યા. પ્રેમબંધનથી બંધાયેલા કલકત્તા આવ્યા. ૫૩–૫૪–૫૫–૫૬–૫૭–૫૮–૫૯

સુરેન્દ્રનાથ બેનરજીને મળ્યા. સભાને માટે પરિશ્રમ કર્યો. બંગ-વાસી પત્રના માલિકને મળવા ગયા. તેણે હદ વાળી. બે કલાક બેસાડી મૂકી મિથ્યા ગાળી, ખુલ્લી વાત સુધ્ધાં ન કરી (આપ પાછા જાઓ તેમાં જ સારું છે, એ જ જવાબ આપ્યો). અમૃતબજાર પત્રિકાના અધિપતિ પાસે ગયા. તેમની મોહવશ સ્થિતિથી કાંઇપણ કામ ન થયું. કોઇ ભમતારામ છે એમ માની લીધું). આ તે વખતની દેશી પત્રાધિપતિઓની દશા; ઈંગ્લિશમૅન પત્રના અધિપતિ સોંડર્સ નામના સજ્જન હતા તેમણે આફ્રિકાના પ્રશ્નનું મહત્ત્વ સાધ્યું; જ્યારે જરૂર પડે ત્યારે અગ્રલેખ સુધ્ધાં લખવા કબૂલ કર્યું. ૬૦–૬૧–૬૨

(તપાસ ખૂબ કરી અતિશયોક્તિનો અભાવ અને સત્યપરાયણતા એ મિ. સોંડર્સને ખૂબ ગમ્યાં. તેથી આકર્ષાયા. સભા ભરવા નક્કી થયું, પણ તે થાય તે પહેલાં તાર આવ્યો "જલદી આવો," તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अष्टाविंशत्तमे वर्षे दीनोद्धारसमुत्सुकः ।
विचार्यारब्धकार्यस्य गौरवं स्वमनःस्थितम् ॥ ६५

सकुटुंबो ययौ शीघ्रमाफ्रिकाविषयं पुनः ।
समुद्रे वायुजनितं जातं कष्टं तदा बहु ॥ ६६

नौका दोलायमानासीत्संभ्रान्ताः सर्वतो जनाः ।
निराशा जीवने जाता भयभीता विशेषतः ॥ ६७

ईश्वरस्मरणं चक्रुरुपदेशान्महात्मनः ।
दीना हीना महान्तश्च समानत्वेन संस्थिताः ॥ ४८

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ १९

न जायते म्रियते वा कदाचि
न्नायंभूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो–
न हन्यते हन्यमाने शरीरे ॥ २०

અઠ્ઠાવીશમા વર્ષે દીનના ઉદ્ધાર માટે ઉત્સાહી આ મહાપુરુષ આરંભેલા કર્મનું ગૌરવ મનમાં વિચારી કુટુંબ સાથે (દાદા અબ્દુલ્લાની માલિકીની સ્ટીમર કુર્લેંડમાં બે પુત્ર પત્ની અને બહેનના પુત્રને લઇ) આફ્રિકા દેશ રવાના થયા. રસ્તામાં વાયુના તોફાનથી સમુદ્રમાં ઉપાધિ થઈ. સ્ટીમર હાલકડોલક થવા લાગી. સર્વ ગભરાયાં. સ્ટીમર ડૂબશે તેમ લાગ્યું. જીવનની આશા છૂટી. બધા (બે સ્ટીમરો હતી જેમાં આઠસો ઉતારુઓ હિન્દી હતા, બધા જ ટ્રાન્સવાલ જતા હતા) ગભરાયા. મહાત્માજીએ ઉપદેશ કર્યો, ટૂંકું ભાષણ કર્યું. ગરીબ ગૃહસ્થ મોટા નાનાનો ભેદભાવ ભૂલી દીનહીન મહાન બધા સમાન ભાવે ઈશ્વરસ્મરણ કરવા લાગ્યા. ૬૩–૬૪–૬૫–૬૬–૬૭

જે આત્માને મારનારો અને મરનારો બે અગર એમાંથી એક પણ માને છે, તે બન્ને અજ્ઞાની છે. આત્મા કોઈને મારતો નથી, કોઈથી મરતો નથી. ૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥ २१

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥ २२

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २३

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २४

આત્મા જન્મતો નથી, મરતો નથી, મરીને ફરી જન્મતો નથી કે જન્મીને ફરી મરતો નથી. થયો નથી કે થવાનો નથી. નિત્ય-અજન્મા-નિરંતર રહેનારો સદા સમાન તેજસ્વી આ આત્મા સનાતન આરંભ અંતમાં એક જ છે અને શરીર નાશ પામતાં કે મારી નાખતાં તે હણાતો નથી. ૨૦

જે આ આત્માને ન જન્મતો, ન ઓછો થતો, ન વિનાશ પામતો એવો જાણે છે, હે અર્જુન, તે કોને (બીજા પાસે) મરાવે અગર કોને મારે? ૨૧

જેમ મનુષ્ય જૂનાં કપડાં છોડી બીજાં નવાં બદલે છે, તેમ આત્મા (જીવરૂપે) જૂનું શરીર છોડી બીજાં નવાં શરીરમાં પ્રવેશે છે. (દેહી જૂનાં શરીર છોડી નવાંને પામે છે). ૨૨

આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, જળ ડુબાવી શકતું નથી, વાયુ શોષી શકતો નથી. ૨૩

ન છેદી શકાય, ન બાળી શકાય, ન ભેદી શકાય કે શોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २५
अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥ २६
जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २७
इत्याद्यात्मवतां ध्येयं ध्यात्वाऽसौ निर्भयोऽभवत् ।
उपदेशं चकारान्यान् स्वजनान्समसंकटान् ॥ ६९
पत्रस्य देहरक्षार्थं भ्रातुर्गुर्जरभाषया ।
तथा प्रत्युत्तरं दत्तः कौशलाय महात्मना ॥ ७०

(સૂકવી) શકાય એવો નિત્ય સર્વમાં રહેલો સ્થિર, અચલ અને સનાતન (નિત્ય સમાનપણે રહેનાર) આત્મા છે. ૨૪

આ આત્મા સ્પષ્ટ જોઈ જાણી શકાય તેવો નથી, મનને અગમ્ય છે. વિકાર રહિત છે એટલે ફેરફાર કરી શકાય તેવો નથી. આ પ્રમાણેના એ આત્માને જાણીને તો તારે જરાપણ શોક કરવા યોગ્ય નથી. અથવા હે મહાબાહુ (મોટા હાથવાળા ભાગ્યશાળી હોય છે વળી મોટા હાથ એટલે બહુ શક્તિવાળા. શારીરિક શક્તિ છે, તેવી મનની શક્તિ રાખ એ સૂચન છે), કદાચ તું આ આત્માને દેહરૂપ માને એટલે નિત્ય જન્મનારો અને નિત્ય મરનારો માને તોપણ વાસ્તવિક રીતે શોક કરવો યોગ્ય નથી, કેમકે- ૨૫-૨૬

જન્મેલાનું મરણ નિશ્ચિત છે, અને મરેલાનો જન્મ અનિવાર્ય છે. માટે જે બદલી કે છોડી શકાય તેમ નથી તે માટે તારે શોક કરવો યોગ્ય નથી. ૨૭

આ પ્રમાણે આત્મજ્ઞાનીઓના ધ્યેયને સમજીને નાવમાં—સ્ટીમરમાં ભયંકર સ્થિતિ પ્રાપ્ત થતાં, પોતે નિર્ભય થઈ સમાન સંકટવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भवदाज्ञावशस्थोऽहं जातस्यैवात्मनः सदा ।
रक्षणं ज्ञानरूपेण करिष्ये बुद्धिपूर्वकम् ॥७१

महात्मनः प्रभावेण नौकायां सर्वसंगताः ।
भेदभावं परित्यज्य स्मरणे परमात्मनः ॥७२

संगताः स्युस्तदा शान्तं भयचिह्नं विनाशकृत् ।
अष्टादशदिनैर्यन्त्रनौका डरबनं गता ॥७२

शीतलाभयतस्तत्र स्थिता पश्चाह्निकं बहिः ।
विरोधोऽभूत्पुनस्तत्र गच्छ मोहन भारतम् ॥७३

कोलाहलं जनाश्चक्रुर्नागन्तव्यं त्वयाऽत्र वै ।
हिन्दिनां स्वातन्त्र्यभानं कर्तुं मोहन आगतः ॥७४

सेवकाभावतोऽस्माकं विलासो नाशमेष्यति ।
तेनासौ प्रेषितव्यश्चेद् स्वदेशं भारतं पुनः ॥७५

બીજાઓને ઉપદેશ કરવા લાગ્યા. (ઈશ્વરભજન કર્યું.) એક વખત તેમના મોટા ભાઈ ખુશાલચંદ (મગનભાઈ અને છગનલાલના પિતા) નો પત્ર આવ્યો કે જાત સાચવજો. આનો જવાબ મહાત્માજીએ આધ્યાત્મિક આપ્યો કે આપની આજ્ઞા પ્રમાણે જાત એવા આત્માને જ્ઞાનરૂપે બુદ્ધિપૂર્વક (આત્મા નિત્ય છે અને દેહ વિનાશી છે એવું જાણી) સાચવીશ. ૬૮–૬૯–૭૦

મહાત્માના (ભજનના) પ્રભાવથી નૌકામાં સર્વ સાથે મળી ભેદભાવ ભૂલી ઈશ્વરસ્મરણ કરવા લાગ્યાં. જ્યાં એકતાનપણે ભજન થયું ત્યાં ભયનું વાદળ વિખેરાયું, અને નૌકા (સ્ટીમર) ભયથી મુક્ત બની. તોફાન શાન્ત થયું. અઢાર દિવસે સ્ટીમર ડરબન આવી પહોંચી. શીતલા (બળિયા) ના ભયથી સ્ટીમરને પાંચ દિવસ બહાર કોરન્ટાઈનમાં રહેવું પડયું. તેવામાં (ગિરમીટ કાયદો રદ કરાવવાની ચળવળની ખબર ગઈ તેથી) વિરોધ ઊભો થયો. મનુષ્યો બંદરે પહોંચ્યા. ગાંધી, ભારત પાછો જા, તારે અહીં આવવામાં સાર નથી, તારે ન આવવું. આફ્રિકા વિરુદ્ધ પ્રચાર કરી (હિન્દીઓને સ્વાતંત્ર્યનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुखं गौरप्रजानां स्यात्स्वामित्वं सुस्थिरं भवेत् ।
नौकायाः स्वामिने दत्तं साम दानं भयं तथा ॥ ७६
यदासौ न प्रतिज्ञायाश्चालितः केनचिद्बलात् ।
द्वन्द्वयुद्धाय सज्जास्ते तदा जातास्तु पत्रिकाम् ॥ ७७
प्रेषयामासुरंग्रेजाः परावर्तस्व मोहन ।
नो चेत्त्वां नाशयिष्यामो मज्जयित्वाऽत्र सागरे ॥ ७८
प्रतिज्ञायां दृढश्चासीन्महात्मा तत्र निश्चयात् ।
मरणं शरणं ग्राह्यं परावृत्तिर्न रोचते ॥ ७९
अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २८

ભાન કરાવવા) તું આવ્યો છે. આપણને નોકરો નહિ મળે, વિલાસ નાશ પામશે. તેથી ગાંધીને ભારત પાછો મોકલી દેવો જોઇએ, જેથી ગોરાઓનાં સુખ અને માલિકીપણું કાયમ નભી રહે. નૌકા (સ્ટીમર)ના કેપ્ટનને સામ–દાન ભયથી દબાવ્યો. જ્યારે કોઈ પ્રકારે તે પ્રતિજ્ઞાથી ન ખસ્યો ત્યારે અંગ્રેજો સામા લડવા તૈયાર થયા, અને પત્રિકાઓ વહેંચી: "મોહન ગાંધી, પાછો જા" નહિ તો તને દરિયામાં ડુબાવીને કે ગમે તે રીતે મારી નાંખીશું. ૭૨–૭૮

પ્રતિજ્ઞામાં દઢ એવા મહાત્માએ નિશ્ચય કર્યો કે મરવું ખરું પણ ડરવું નહિ. તેથી પાછા વળવાનું કે બંદર ઉપર બેસી રહેવાનું ન ગમ્યું. ૭૯

હે ભારત! ભૂત એટલે સ્થાવર જંગમ પ્રાણીમાત્રની જન્મ પહેલાંની અને મરણ પછીની સ્થિતિ અસ્પષ્ટ છે, જોઇ કે સમજી શકાતી નથી. જે જણાય તે સ્પષ્ટ મધ્યમાં જ દેખાય છે, તો આવા (જેના પહેલાં શું અને પછી શું તે સમજાતું નથી, તેવા) દેહ માટે શોક શો? ૨૮

કોઈ આ આત્માને આશ્ચર્ય એટલે નવાઈ સરખો જુએ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चार्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ ३०

अनित्यत्वं च देहानां बुद्ध्वा नित्यत्वमात्मनः ।
दर्शितं क्षात्रधर्मेण कथ्यते परमात्मना ॥ ८०

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ ३१

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥ ३२

કોઈ નવાઈ રીત વર્ણવે છે, કોઈ આશ્ચર્યરૂપે વર્ણવાયેલો સાંભળે છે, છતાં સાંભળીને પણ તે બરોબર કોઈ યથાર્થ તેને સમજી શકતા નથી. ૨૯

દેહી (દેહને ચલાવનારો અંદર રહેલો આત્મા સર્વના દેહમાં હોવા છતાં અવધ્ય—ન મારી શકાય તેવો છે, માટે પણ બધાં પ્રાણી માટે તું શોક કરવા યોગ્ય નથી. ૩૦

અત્યાર સુધી બુદ્ધિથી આત્મા નિત્ય અને દેહ વિનાશી એમ ભગવાને કહ્યું, હવે ક્ષત્રિયધર્મની રીતે ભગવાન ઉપદેશ કરે છે. ૮૦

સ્વધર્મને જાણીને પણ તારે કંપવું ન જોઇએ, કારણ ધર્મ-યુક્ત યુદ્ધ કરતાં ક્ષત્રિયોને બીજો કલ્યાણમાર્ગ નથી. ૩૧

ખૂલેલું સ્વર્ગનું દ્વાર હોય તેમ ઈશ્વરની ઇચ્છાથી પ્રાપ્ત થયેલું આવું યુદ્ધ સુખી ક્ષત્રિયો જ મેળવી શકે છે. ૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ ३३
अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४
भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥ ३५
अवाच्यवादांश्च बहून्वदिष्यन्ति तवाहिताः ।
निन्दन्तस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥ ३६
हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ ३७

હવે તું જો આ ધર્મથી મળેલો સંગ્રામ નહિ કરે તો સ્વધર્મને અને કીર્તિને છોડીને પાપને વહોરી લઇશ. ૩૩

બધા માણસો ન ભૂલી શકાય તેવી તારી નિન્દા કરશે, અને માન પામેલાને અપકીર્તિ સાંભળવી એ મરવાથી પણ વધારે છે. ૩૪

મોટા મહારથી તને જ્ઞાનથી નહિ પણ ભયથી બીને રણથી પાછો વળેલો માનશે. જેને તું બહુ માનવાળો લાગે છે તેને મન હલકો પડી જઈશ. ૩૫

તારા શત્રુઓ તારે માટે નહિ કહી શકાય તેવા શબ્દો કહેશે, તારા સામર્થ્યની નિન્દા કરશે, આનાથી બીજું દુઃખ શું હોય ? ૩૬

મરીશ તો સ્વર્ગે જઈશ, જીવીશ તો રાજ્ય મળશે, પૃથ્વી ભોગવીશ, માટે હે કુન્તાસતાપુત્ર (સતીપુત્ર યુદ્ધથી ફરે તો માની કૂખ લાજે છે), યુદ્ધનો નિશ્ચય કરી ઊભો થા. ૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८
इति सर्वाणि वाक्यानि विचार्य निर्णयं गतः ।
स्वस्मै च कथितानीति मन्यमानोऽन्तरात्मना ॥ ८१
सांख्ययोग चरित्रे स्वे स्थापयित्वाऽत्र मोहनः ।
न परावर्तने शक्तश्चकारान्यान् दृढव्रतान् ॥ ८२
व्यावसायिकबुद्ध्या च स्थेयमत्र सदैव हि ।
मरिष्ये वा करिष्ये वा निश्चयात्मकबुद्धिमान् ॥ ८३
भोगैश्वर्यादिकं त्यक्त्वा गन्तव्यकृतनिश्चयः ।
पत्नीपुत्रान्प्रेषयित्वा रथेऽश्वकृतवाहने ॥ ८४
स्वयं च राजमार्गेण प्रविष्टो डर्बनं पुरम् ।
एस्कंबस्यैव संदेशः स्थेयं च गांधिनाधुना ॥ ८५

સુખ દુઃખ, લાભ અલાભ, જય પરાજય સમાન રાખીને યુદ્ધમાં જોડાઇ જા, તને બિલકુલ પાપ નહિ લાગે. ૩૮

આ સર્વ વાકયો પોતાની જાત માટે વિચારીને ઘટાડીને અન્તરાત્માથી માની, જાણે અંતરાત્માએ આ શબ્દો પોતાને જ કહ્યા છે તેમ માની, પોતાના ચારિત્ર્યમાં ગીતાના આ સાંખ્યયોગને ઘટાવી પોતે ભય પામવાનું પાછા વળવાનું માંડી વાળ્યું અને બીજાઓને પણ દૃઢ કર્યા. ૮૧-૮૨

વ્યાવસાયિક નિશ્ચયવાળી બુદ્ધિથી અહીં રહેવું જ એમ નિશ્ચયાત્મક બુદ્ધિથી મરીશ કે કામ કરીશ એ ધોરણે–ભોગ ઐશ્વર્ય છોડીને ગામમાં જવું જ એમ નિશ્ચય કરી, ઘોડાગાડીમાં પત્ની–પુત્રોને પારસી રુસ્તમજીને ત્યાં મોકલી પોતે રાજમાર્ગે ચાલતાં ડર્બનમાં પ્રવેશ કર્યો. જોકે વકીલ મિ. એસ્કંબનો સંદેશો હતો કે ગાંધીજીએ સ્ટીમર ઉપર રહેવું; રાત્રે અમો પોલીસની મદદથી લઇ જઇશું. પણ દૃઢ મનવાળા ગાંધીજી મિ. લોટન નામના મિત્ર વકીલ આવ્યા તેમના કહેવાથી તેમની સાથે રસ્તામાં ચાલતા નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राजदूतैस्तु नेष्यामस्तथाप्यत्र दृढव्रत: ।
लोटनेन समं यातो मार्गे कोलाहलोऽभवत् ॥ ८६

संगतास्तत्र बहवस्ताडने कृतनिश्चया: ।
मनुष्यनेयशकटी स्वीकृता लोटनेन सा ॥ ८७
भयं दत्त्वा जनैर्नीता दूरमेकोऽत्र मोहनः ।
ताडितो बहुभिर्नीचैर्गोरैः पादकरादिभिः ॥ ८८
भूम्यां पतनकालेऽत्र कृतो वातायनाश्रयः ।
हस्तप्रहारतश्चात्र व्याकुलो मोहनोऽभवत् ॥ ८९
'निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान्' ।
चकार सहनं दुःखं जनताडनसंभवम् ॥ ९०
हतः प्राप्स्यामि सन्मोक्षं जीवितो जनसेवया ।
कर्तव्यं पारयिष्यामि पूर्णमानुष्यलक्षणम् ॥ ९१
इति निश्चयवानत्र दुःखं ताडनसंभवम् ।
योगस्थः सर्वथा सेहे निःसंगः समभावनः ॥ ९२

લોકોએ ઓળખ્યા, બૂમો પાડી. ટોળું વધી ગયું. મારવાનો નિશ્ચય કરી, ગાંધી ગાંધી બૂમ પાડવા લાગ્યા. મિ. લોટને રિક્ષા મંગાવી, પણ લોકોએ ધમકાવી રિક્ષાવાળાને કાઢી મૂકયો. લોટનથી ગાંધીજીને જુદા પાડી નીચ અંગ્રેજ છોકરાઓ લાતો અને તમાચાનો માર મારવા લાગ્યા. તમ્મર આવ્યાં, જમીન ઉપર પડવાની તૈયારીમાં કોઇ મકાનની જાળીના શળિયા પકડી ઊભા રહ્યા. પથરાનો અને હાથ પગનો પ્રહાર થવાથી શ્રી મોહન ગભરાઈ ગયા. નિર્દ્વંદ્વ, સુખદુઃખની લાગણીથી પર, નિત્ય સત્ત્વગુણી ચિત્તવાળા, દુઃખનો પ્રતીકાર ન કરવાની ઇચ્છાવાળા શ્રી ગાંધીજીએ મનુષ્યનો માર ખાધો, દુઃખ સહન કર્યું. (આ અહિંસાની જડ રોપાઇ). જો જનસેવા કરતાં મરીશ તો (મનુષ્યોને પ્રભુઅંશ માનવાથી) મોક્ષ પામીશ; જીવીશ તો જનસેવાથી કર્તવ્યને પાર પાડીશ. એ જ પૂર્ણ મનુષ્યનું લક્ષણ છે. ઉપર પ્રમાણેના નિશ્ચયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्यायुक्तो यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥ ३९
नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४०
व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१
यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ ४२

મારતું દુઃખ યોગબુદ્ધિથી અસંગ અને સમાન ભાવનાએ સહન કર્યું. ૮૩–૯૨.

અર્જુન, આ તને સાંખ્યસિદ્ધાંત પ્રમાણે બુદ્ધિ કહી હવે યોગસિદ્ધાન્ત પ્રમાણે બુદ્ધિ સાંભળ, જે યોગ બુદ્ધિથી તું કર્મોના બંધનમાંથી છૂટીશ (કર્મ બંધને તોડી શકીશ). ૩૯

આ યોગબુદ્ધિમાં આરંભનો અનુક્રમનો નાશ નથી તેમ દોષ કે વિપરીત પરિણામ આવતું નથી, કારણ પહેલાં ન કરી માટે જ્યારે સૂઝે ત્યારે ન થાય એમ નથી, જ્યારે યોગબુદ્ધિ સૂઝે ત્યારે ફલદાયક છે. ૪૦

આ યોગ ધર્મનું થોડું પણ પાલન મહાન ભયમાંથી ઉગારે છે. વ્યવસાયરૂપ નિશ્ચયાત્મક બુદ્ધિ એક જ હોય છે, અને અ-વ્યવસાયીની બુદ્ધિઓ બહુ ભેદવાળી હોય છે. ૪૧

હે અર્જુન, અજ્ઞાની વેદવાદકુશળ (વેદિયાઢોર, વેદના સાચા અર્થ અનાસક્તિ ઈશ્વરપરાયણતા તે ન જાણનાર) આ વાણીને ફૂલરૂપ (ફલની આસક્તિમાં) માની કામનાથી ભરેલા સ્વર્ગમાં જવાની ઈચ્છાવાળા, ભોગ ઐશ્વર્ય તરફ લઈ જનારી જન્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ ४४
व्यवसायात्मिका बुद्धिर्योगिनो निश्चयात्मिका ।
बहुशाखा बुद्धयश्च गण्यन्ते वासना इति ॥ ९३
व्यावसायिकबुद्धेश्च दुःखं सोढुं क्षमस्य च ।
रक्षणं कृतवान् रामो निमित्तनापि निश्चयम् ॥ ९४
रक्षणाधिपभार्या तं दृष्ट्वा निकटमागता ।
तापाभावेऽपि च्छत्रेण रक्षितो मोहनस्तया ॥ ९५
हिन्दिना कथिते तत्रागतोऽसौ रक्षणाधिपः ।
सहैव नीत्वा यातोऽसौ महात्मानं च मोहनम् ॥ ९६

મરણનાં કર્મરૂપ ફલ આપનારી, આ વિના બીજું કંઈ નથી એમ વાણી બોલે છે. ૪૨

અનેક જાતજાતનાં ક્રિયાઓ અને કર્મકાંડોથી ભરેલી અને ભોગ અને ઐશ્વર્ય તરફ લઈ જનારી તે વાણી વડે ભોગ ઐશ્વર્યમાં આસક્તિવાળાનું ચિત્ત હરી લે છે, તેથી હણાયેલા ચિત્તવાળાને સમાધિમાં સ્વપ્ને પણ સ્થિર બુદ્ધિ આવતી નથી. ૪૩-૪૪

યોગીની (કર્મયોગીની મહાત્માની) વ્યવસાયરૂપ નિશ્ચયબુદ્ધિ એક જ હતી. બહુ ભેદવાળાની બુદ્ધિઓ વાસનારૂપ ગણાય છે. ૯૩

આ વિચારે સ્થિરબુદ્ધિવાળા અને દુઃખ સહન કરવા શક્તિમાન પુરુષનું કોઇપણ બહાને શ્રીરામ રક્ષણ કરે છે. તે પ્રમાણે જાળીના સળિયા પકડી ઊભેલા મહાત્માજીને રસ્તામાં જતી પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટની પત્નીએ જોયા, ઓળખ્યા. પાસે આવી તાપ ન છતાં છત્રી ઉઘાડી તે છત્રી અંદર મહાત્માજીને લઇ ચાલવા લાગી (લોકોને તે સ્ત્રીને બચાવી મારવાનું રહ્યું તેથી મારી ન શક્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अलेक्झान्डरनाम्ना च तत्रस्थानाग्रहः कृतः ।
स्वस्थानगमनायैव गतोऽयं रक्षकैः सह ॥ ९७
निश्चयात्मकबुद्ध्या च त्यक्त्वा भोगादिवाञ्छनाम् ।
कर्तव्यनिर्णयं कृत्वा स्थातुं च दृढनिश्चयः ॥ ९८
रुस्तमः पारसीकोऽयं मित्रं तस्य महात्मनः ।
तद्गृहे स्थितवानासीत्पत्नीपुत्रसमन्वितः ॥ ९९
गता नीचा जनास्तत्र कृतः कोलाहलो महान् ।
मोहनं देहि नः शीघ्रं निष्कासय गृहाद् बहिः ॥ १००
नो चेत्त्वां नाशयिष्यामः सागारधनपुत्रकम् ।
तत्राप्यागतवान्सोऽयं पुनश्च रक्षणाधिपः ॥ १०१
पश्चाद्द्वारेण गन्तव्यमन्यथा मरणं भवेत् ।
यदहंकारमाश्रित्य गुप्तस्त्वं न गमिष्यसि ॥ १०२
गृहदाहं स्वमित्रस्य करिष्यन्ति न संशयः ।
कथितं तस्य तच्छ्रुत्वा मित्रस्य श्रेयसे स्वयम् ॥ १२३
पश्चाद्द्वारेण निर्गत्य गतोऽयं 'रक्षिणो' गृहम् ।
मनोनिरोधनार्थाय लोकानां रक्षणाधिपः ॥ १०४

કોઈ હિન્દુએ પોલીસથાણે દોડતાં ખબર આપી તેથી સુપ્રિન્ટેન્ડેન્ટ મિ. અલેકઝાન્ડર ત્યાં આવી છાના ગુપ્ત વેશે મહાત્માજીને પોતાના સ્થાને—પોલીસથાણે રક્ષકો સાથે મોકલ્યા. ૯૪–૯૫–૯૬

યોગબુદ્ધિથી ત્યાં (ડર્બનમાં) રહેવા ભોગવિલાસ છોડી કર્તવ્યનિર્ણય કરી નિશ્ચય કર્યો. પત્ની પુત્ર સાથે જ્યારે મિ. રુસ્તમજી નામના પારસીના ઘરમાં હતા તે સમયે નીચ લોકોનું ટોળું ત્યાં ગયું. મોહન ગાંધી અમને આપો, નહિ તો તમારું ઘર બાળીશું, બધાંને મારીશું. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ ત્યાં ગયા અને સંદેશો મોકલ્યો કે જો અહંકારથી જેમ સ્ટીમર ઉપરથી ખુલ્લા આવ્યા તેમ કરશો અને ખાનગી નહિ જાઓ તો મિત્રના ઘરને બળાવશો ને જાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गानं चक्रे जनैः साकं तदाऽसौ निर्गतो बहिः ।
मारयित्वा क्षणादेव गांधिनं सहसा वयम् ॥ १०५
तिन्तिणीवृक्षशाखायां बन्धनैश्चरणद्वयम् ।
सुबद्ध्वाधोमुखस्थं च करिष्यामो न संशयः ॥ १०६
गीतगाने गतो गांधी निश्चित्य मनसि स्वयम् ।
नीत्वा गृहान्तरं कांश्चिद् दर्शयामास तद्गृहम् ॥ १०७
गतो गांधीति निश्चित्य गताः सर्वे विरोधिनः ।
रक्षितोऽयं कियत्कालं स्थित्वा तद्रक्षिणो गृहे ॥ १०८
शान्ते कोलाहले जातमाह्वानं न्यायमन्दिरात् ।
चेम्बर्लेनस्य संदेशादेस्कंबनिकटं गतः ॥ १०९
भवत्ताडनकर्तृणां शिक्षाद्य प्रबला भवेत् ।
एस्कंबवचनं श्रुत्वा कथितं तन्महात्मना ॥ ११०
शिक्षा नैव भवेदत्र कस्यचिन्मद्विरोधिनः ।
'अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च' ॥ १११

ખોશી. મિત્રના શ્રેયને માટે પાછલા બારણે છાનામાના ઉપર કહ્યા પ્રમાણે રક્ષકો સાથે પોલીસથાણે જઈ રહ્યા. તે સમયમાં લોકોનાં મન રોકવા માટે જ્યારે પાછલા બારણાથી ગાંધીજી બહાર નીકળ્યા તે વખતે પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ લોક પાસે ગવરાવતા હતા કે ગાંધીને આપણે મારીને સામે આંબલીના ઝાડ નીચે લટકાવીશું. ૯૮–૧૦૬.

આવા ગીતથી લોકોનું મન ગાનમાં મગ્ન હતું તે વખતે ગાંધીજી વેશ બદલી ગયા; કોઇને ખબર ન પડી. પછી કેટલાક પ્રતિનિધિઓને લઈ ઘર બતાવ્યું. ગાંધી ગયા તેમ જાણી શત્રુઓ વિખેરાયા. કોલાહલ શાંત થયા બાદ ચેમ્બલેન (લંડન પાર્લામેન્ટના પ્રધાનજી)ના સંદેશાથી ન્યાયમંદિર (કોર્ટ)થી તેડું આવ્યું. એસ્કંબ વકીલ પાસે ગયા. તેમણે કહ્યું, તમને મારનારને મોટી સજા થશે (કામ કોર્ટમાં ચલાવો), ત્યારે મહાત્માજીએ કહ્યું કે મને મારનાર કોઇને સજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हस्ताक्षरयुतं पत्रं लेखयित्वा स्वयं ददौ ।
वृद्धिं याता क्षमा कार्यात्प्रतिष्ठा तत्र हिन्दिनाम् ॥ ११२
त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ४५
यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके ।
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६
कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ ४७

કરાવવી નથી. સર્વના પ્રત્યે દ્વેષ રહિત અને મિત્ર, દયાળુ આ મહાપુરુષે પોતાની સહીથી તે લખી આપ્યું. અને ગાંધીજીની તેમજ હિન્દીઓની આ ક્ષમાકાર્યથી પ્રતિષ્ઠા વધી. ૧૦૭-૧૧૨

વેદો ત્રણ ગુણને બતાવનારા છે. પરમેશ્વર તેથી પર છે. હે અર્જુન, ત્રણ ગુણથી પર બન! ત્રણ ગુણોના વિકાર અને વિષયથી અલિપ્ત રહે; (સત્ત્વનો વિષય સુખ-જ્ઞાન, રજનો વિષય યશ પ્રીતિ, તમનો વિષય પ્રમાદ મોહ. એ બધા સુખદુઃખથી અલિપ્ત રહેનારો નિસ્ત્રૈગુણ્ય ઈશ્વર પાસે વસેલો ગણાય છે.) કંઈ પણ મેળવવાની ઇચ્છાથી પર (રહિત) આત્મપરાયણ બન. ૪૫

ચારે બાજુ પાણી ભરેલું હોય છતાં તરસ્યાને પીએ એટલા જ પાણીની જરૂર છે, તેમ જ્ઞાનથી ભરેલા વેદોમાં જ્ઞાનીને બ્રહ્મને ઓળખવું એટલી જ જરૂર છે. (બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ કહેવાય). ૪૬

તારો અધિકાર કર્મ કરવામાં છે તેમાંથી ઊપજતાં ફલોને વિશે તારો અધિકાર નથી (તે ઈશ્વરને હાથ છે તેમ રહેવા દઈ) તું કર્મના ફલને લેવાના હેતુરૂપ ન બન તેમજ ફલ ન મળે માટે કર્મ કરતાં અટકી ન જા; અકર્મી ન બન. ૪૭

આવા આત્મજ્ઞાનથી વિરોધી જનો પ્રત્યે વૈરનો ત્યાગ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्यात्मज्ञानवानेषस्त्यक्त्वा वैरं विरोधिषु ।
स्थितवानाफ्रिकादेशे नाताले नरपुंगवः ॥ ११३
अनित्यं स्वशरीरं च नित्य आत्मेति निश्चयात् ।
कर्तव्यनिष्ठः सततं समः स्वपरभेदयोः ॥ ११४
आनन्दस्तु सुखाद्भिन्नो विषयैर्नैव लभ्यते ।
ब्रह्मानन्दनिमग्नोऽभूत्फलवर्जितकर्मभिः ॥ ११५
स७प्ता५ङ्कव८सु१भूवर्षे जानेवारी त्रयोदशे ।
दिने ३त्रि५शरन९न्दै१के वर्षे मकरसंक्रमे ॥ ११६
अष्टाविंशतिवर्षीयः प्रविष्टो डर्बने पुरे ।
संक्रान्तिकरणेऽनेनारम्भमूलं विलोक्यते ॥ ११७
पत्राणामधिपास्तत्र समागत्याब्रुवंस्तदा ।
भारते निन्दिता गौरा आफ्रिकावासिनस्त्वया ॥ ११८
आनीता हिन्दिनः स्थातुमाफ्रिकाविषयं पुनः ।
तदर्थं जनरोषश्च तत्र प्रत्युत्तरं वद ॥ ११९

આ મહાપુરુષ આફ્રિકાના નાતાલ પ્રાંતમાં રહ્યા. ૧૧૩

શરીર અનિત્ય છે, આત્મા નિત્ય છે, આ નિશ્ચયે કર્તવ્યપરાયણ પોતાના અને પારકાનો ભેદ છોડી નિત્ય રહેવા લાગ્યા. આનન્દ એ સુખથી જુદી વસ્તુ છે, કારણ સુખ તો દુઃખથી વળગેલું છે. આનન્દ વિષયોથી મળતો નથી. માટે ફલ રહિત કર્મ વડે બ્રહ્મ–આનન્દમાં મગ્ન રહ્યા. ૧૧૪–૧૧૫

સંવત ૧૯૫૩ના પોષ માસમાં મકરસંક્રાન્તિને દહાડે તા. ૧૩ જાનેવારી ૧૮૯૭ ને દિને અઠ્ઠાવીસ વર્ષના આ મહાપુરુષે ડર્બનમાં પ્રવેશ કર્યો. ત્યાંથી ક્રાન્તિનું બીજ રોપાયું. જીવનમાં ક્રાન્તિનો આરંભ પોતા માટે અને દેશ માટે પણ થયો, તે અહીં સમજાય છે. છાપાના પ્રતિનિધિઓ ગાંધીજી પાસે આવાને પૂછવા લાગ્યા: હિન્દુસ્તાનમાં તમે આફ્રિકાવાસી અંગ્રેજોની નિન્દા ખૂબ કરી છે, અને નાતાલમાં નિવાસ માટે હિન્દુસ્તાનથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दर्शितं मोहनेनात्र स्वस्य मुद्रितभाषणम् ।
निःशंकास्तेऽथ संजाताः स्वपत्रेषु प्रकाशितम् ॥ १२०
निर्दोषो मोहनो गांधीत्यङ्ग्रेजा लज्जितास्ततः ।
प्रतीकाराभाववृत्त्या निर्वैरादिस्वभावतः ॥ १२१
शान्तः कोलाहलस्तत्र मनोद्वेषोविशेषतः ।
नेत्रानेनैव सर्वत्रोन्नतिं यास्यन्ति हिन्दिनः ॥ १२२
कार्यसंस्था समुत्पन्ना जातोऽत्र द्रव्यसंग्रहः ।
द्रव्यसंग्रहमूलानि दुःखानीत्येष निर्णयः ॥ १२७
स्वामिनस्ते भवन्त्यत्र ये द्रव्येष्वधिकारिणः ।
लोकसंस्था लोकदाननिर्भरा चेत्सुखावहा ॥ १२४
द्रव्यसंग्रह एवात्र रागद्वेषादिमूलकः ।
जलसंग्रहवद् द्रव्यसंग्रहोऽस्वच्छ एव हि ॥ १२५

એ સ્ટીમરો ભરી અહીં હિન્દીઓ લાવ્યા છો;—આ આરોપ માટે લોકોનો રોષ છે. આનો જવાબ આપો. મહાત્માજીએ સર ફીરોજશાહના કહેવાથી દરેક ભાષણો લખીને આપ્યાં હતાં, જેની છાપેલી નકલો પાસે હતી તે બતાવી. અને સ્ટીમરના ઉતારુઓને પોતે ઓળખતા પણ નહોતા, તે બધા ટ્રાન્સવાલ જવાના હતા, ત્યારે ખાત્રીથી છાપાના પ્રતિનિધિઓ નિઃશંક બન્યા અને પત્રોમાં છપાયું કે ગાંધીજી નિર્દોષ છે, આથી આક્ષેપ કરનારા અંગ્રેજો શરમાયા. નિર્વૈર સ્વભાવથી અને બદલો લેવાની અનિચ્છાથી મનનો રોષ બધાનો શાન્ત થયો અને કોલાહલ પણ શાન્ત થયો, અને આ નેતાથી હિન્દીઓની ઉન્નતિ થશે તેમ ખાત્રી થઇ. ૧૧૭–૧૮–૧૯–૨૦–૨૧–૧૨૨

કાર્યસંસ્થા "ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ" સ્થિર થઇ. તેમાં દ્રવ્યસંગ્રહ થયો. ૫૦૦૦ પૌંડ થયા, પણ નિર્ણય કર્યો કે દ્રવ્યસંગ્રહથી દુઃખ થાય છે. જે દ્રવ્યવાળી સંસ્થાના સંચાલકો હોય છે તેમાં માલિકી હક્ક પેશી જાય છે. સંસ્થા લોકની આવક પર નિર્ભર હોવી જોઇયે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोकप्रेमवती संस्था लोकवार्षिकदानतः ।
निर्वाहजनिता चेत्स्यात् स्थातुं शक्या न चान्यथा ॥ १२६

नित्यव्ययोपार्जनेन स्वापरिग्रहधर्मतः ।
निष्किञ्चनाऽत्र कोंग्रेससंस्था नीता फलप्रदा ॥ १२७
षड्वर्षीयं तु तद्युद्धं स्वाधिकारार्थमादृतम् ।
आश्वस्तनिकवृत्त्यापि तथैव पूर्णतां गतम् । १२८

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ४८
दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९

દ્રવ્યસંગ્રહ જેમ વધે તેમ રાગ દ્વેષનું મૂળ જામે છે અને પાણીની સિલક પ્રમાણે દ્રવ્યની સિલક પણ દિનપ્રતિદિન મલિન બને છે. લોકના પ્રેમવાળી સંસ્થા લોકો વાર્ષિક કે ઐચ્છિક નૈમિત્તિક દાન (લવાજમ) આપતા હોય તેથી નભવી જોઇએ, નહિતો બંધ થવી જોઇયે. નિત્યના આવક ખર્ચના ચોક્કસ હિસાબવાળી પોતાના અપરિગ્રહધર્મથી નિષ્કિંચન કોંગ્રેસ સંસ્થા ફલવાળી બનાવી. પોતાના અધિકારને માટે છેવટની સ્વતંત્રતાની લડત કોઇની પાસે આવતી કાલની માગણી વિના પૂર્ણ કરી. ૧૨૩-૨૪-૨૫-૨૬-૨૭-૧૨૮

હે ધનંજય (ધનની ચિન્તા વિનાના નિઃસ્પૃહને ધનંજય કહેવાય છે), યોગમાં સ્થિર થઈ સફલતા કે નિષ્ફલતામાં સમાન વૃત્તિવાળો બની કર્મ કર! સિદ્ધિ અસિદ્ધિમાં સમાનવૃત્તિ એ જ યોગ છે. ૪૮

મમત્વરૂપ બુદ્ધિયોગથી સકામ કર્મ ઘણું જ તુચ્છ છે માટે સમતા બુદ્ધિને શરણે રહે. ફલના હેતુએ કામ કરનારા-કૃપણ છે. (દયાપાત્ર છે), તેમને દીન બનવું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्मयोगव्रतस्थेन निश्चयात्मकसद्धिया ।
सेवाकार्यं समारब्धं लोककल्याणहेतवे ॥ १२९
बुद्धिमात्मपरां कृत्वा व्यवसायात्मिकामहो ।
बहुशाखाधियस्ता हि वासनात्वेन संमताः ॥ १३०
अत्रापि मोहवशतः केशवस्त्रादिसंस्कृतिः ।
पतिव्रतायाः पत्न्याश्च बालकानां विशेषतः ॥ १३१
अंग्रेजपारसीकादिवेशानुसारिणी कृता ।
भारते जनितानां स्वादार्यसंतानभावना ॥ १३२
संतोषदा न सा तेषां भोजनेऽपि विचित्रता ।
उपयोगो च शस्त्राणां भोजने हस्तवर्जनम् ॥ १३३
स्वीकृतस्तै बलात्काराराज्ञापालनतत्परैः ।
पश्चात्त्यक्तोऽथ सर्वैस्तैर्गते मोहे महात्मनः ॥ १३४

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ ५०

કર્મ યોગનું વ્રત લઈ બેઠેલા નિશ્ચય સદ્બુદ્ધિવાળા આ મહાત્માએ લોકકલ્યાણ હેતુથી આફ્રિકામાં સેવાકાર્યને આરંભ કર્યો. આત્મનિષ્ઠ બુદ્ધિ નિશ્ચયાત્મક કરી અને કાર્ય આરંભ્યું, કેમકે બહુ ભેદવાળી બુદ્ધિવાસનામાં પરિણામ પામે છે.

અહીં પણ મોહ વશ થઈ પતિવ્રતા પત્ની અને બાલકોનાં વસ્ત્રો વાળ વગેરેનો અંગ્રેજ અને પારસી પ્રમાણે ફેરફાર કર્યો. ભારતમાં જન્મેલાંને આર્ય સંતાનોની ભાવના હોય; તેથી આવી ટાપટીપ ન ગમી છતાં ભોજનમાં પણ હાથ છોડી છરી કાંટાનો વિચિત્ર ફેરફાર કરાવ્યો. ન ગમતાં છતાં તે લોકોએ આજ્ઞાપાલન ખાતર સ્વીકાર્યો પાછળથી મહાત્માનો મોહ ગયો એટલે તે બધાંએ એજ રીતે પડેલી ટેવ છોડાવવાથી છોડીને હળવાં બન્યાં. ૧૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ ५१
यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२
गीतावाक्यचरित्रेण त्यक्ताङ्ग्लजनसभ्यता ।
कारयित्वा तथात्यागं जायापुत्रादिभिः स्वयम् ॥ १३५
यादृशं ग्रहणे दुःखमङ्ग्रेजजनसंस्कृतेः ।
अभ्यासे च दृढे जाते त्यागे दुःखं च तादृशम् ॥ १३६
आङ्ग्लानां सभ्यता मोहे व्याप्ते सर्वत्र योजिता ।
निर्मोहो मोहनो जातो भारतीयो यथा पुरा ॥ १३७

સમબુદ્ધિયોગવાળો પુરુષ પાપ પુણ્યને ત્યજે છે તેમ તેને પાપ પુણ્યના ગુણદોષ સ્પર્શ કરતા નથી માટે તું સમતાયોગનો આશ્રય કર. બધાંજ કર્મોમાં સમાનતા એ કુશલતા છે. ૫૦

બુદ્ધિમાન પુરુષો કર્મથી ઉત્પન્ન થતા ફલને છોડી જન્મ મરણના બન્ધથી મુકત એવા ઉપદ્રવ વિનાના સ્થાન (મોક્ષ)ને પામે છે. જ્યારે તારી બુદ્ધિમોહરૂપ કાદવવાળા પાણીને પેલે પાર પહોંચશે ત્યારે સાંભળેલા અને સાંભળવા બાકી રહેલા જ્ઞાનમાં તને ઉદાસીનતા-અનાદર પ્રાપ્ત થશે. ૫૧-૫૨

ઉપરના ગીતાના વચનનો વિચાર જેમ જેમ કર્યો તેમ તેમ અંગ્રેજ મનુષ્યોની સભ્યતા-ટાપટીપ પોતે છોડી અને સ્ત્રી પુત્રો પાસે છોડાવી. અંગ્રેજી સાંસ્કૃતિક ટાપટીપને લેવામાં જેટલી મુસ્કેલી હિન્દી સ્વભાવ હોવાથી પડી તેટલી જ અભ્યાસ દૃઢ થવાથી છોડવામાં પણ પડી. મોહ હતો ત્યારે અંગ્રેજી સભ્યતા બધી જ જગાએ દાખલ કરી, હવે મોહન પ્રથમ પ્રમાણે મોહ જતાં ફરી શુદ્ધ ભારતીય આર્ય મોહન બન્યા. ૧૩૫-૩૬-૧૩૭

બાલકોના ભણતર માટે પણ અંગ્રેજી શાળાનો વિચાર કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिक्षणार्थं च बालानामाङ्ग्लशाला नियोजिता ।
सर्वहिन्दिप्रवेशोऽत्र निरुद्धो रङ्गभेदतः ॥ १३८
तेन शालां परित्यज्य गृहे बालकशिक्षणम् ।
आरब्धं समयाभावाद् यथायोग्यं न चाभवत् ॥ १३९
पुत्राणां शिक्षणं जातं शालाशुद्धं न चेत्तदा ।
तथापि मानवत्वे तु सूनवः श्रेष्ठतां गताः ॥ १४०
उपाधिसहितं ज्ञानं सर्वोपाधिसमन्वितम् ।
निरुपाधिकतज्ज्ञानमात्मशान्तिफलप्रदम् ॥ १४१

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३

शिष्य उवाच

कथं स्यादचला बुद्धिः कथं योगो भवेदहो ।
अनेककार्यकर्तुश्च चित्तमेकत्र न स्थिरम् ॥ १४२

પણ અંગ્રેજ વિદ્યાર્થીઓ સાથે રંગભેદથી દાખલ નહોતા કરતા. તેથી બધા હિન્દીઓનો હક્ક ન હોય ત્યાં છોકરાઓને ન મોકલતાં ઘરમાં જ શિક્ષણ આપ્યું, તેથી બરોબર સમયના અભાવે જો કે બાળકોને અંગ્રેજી શિક્ષણ ન મળ્યું, પણ માનવતા માટે સર્વ કરતાં અધિક બન્યા. ઉપાધિ (ડિગ્રી) વાળું જ્ઞાન બધે ઉપાધિ (પીડા) ભરેલું જ હોય છે. ઉપાધિ વિનાનું જ્ઞાન આત્માને સંતોષ આપે છે.

૧૩૮–૩૯–૪૦–૧૪૧

જુદું જુદું ઘણું સાંભળવાથી ડહોળાયલી તારી બુદ્ધિ વ્યગ્ર બનેલી જ્યારે સમાધિમાં સમાનતામાં સ્થિર થશે ત્યારે તું યોગને પામીશ. ૫૩

શિષ્ય બોલ્યા : ગુરુજી અનેક કામ કરનારનું ચિત્ત એક જગાએ શી રીતે સ્થિર થાય? તેથી બુદ્ધિ સ્થિર કેમ થાય અને યોગ કેમ સધાય તે અમને કહો. ૧૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आचार्य उवाच

शक्ता हि योगिनश्चित्तस्थैर्ये सत्कार्यतत्पराः ।
भवत्प्रश्नोऽर्जुनेनोक्तस्तच्छृणु प्रवदामि वः ॥ १४३

अर्जुन उवाच

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ ५४

प्रश्नस्यास्योत्तरं दत्तं चारित्र्येण महात्मना ।
सेवया समभावेन शृणुतादर्शसिद्धये ॥ १४४
ऊनत्रिंशद्वयस्केन युवावस्थापरेण च ।
आरब्धं देहदमनं रुग्णसेवादिधर्मतः ॥ १४५
धारा शास्त्रीय वृत्तिश्च बालशिक्षणमेव च ।
तथापि जनसेवाया वृत्तिर्जाता महात्मनः ॥ १४६

આચાર્ય બોલ્યા : યોગી પુરુષો સત્કાર્યોમાં તત્પર રહીને ચિત્તની સ્થિરતા કરી શકે છે. તમારો જ પ્રશ્ન અર્જુને પૂછયો હતો તે કહું તે સાંભળો.

અર્જુન બોલ્યા : હે કેશવ સ્થિર, બુદ્ધિવાળાની અને સમાધિમાં રહેલાની ભાષા (લક્ષણ) મને કહો; સ્થિર બુદ્ધિવાળો કેમ બોલે, કેમ બેસે, કેમ, ચાલે તે સર્વ કહો. ૫૪

આ પ્રશ્નનો ઉત્તર ભગવાને કહ્યો તે પ્રમાણે મહાત્માજીએ ચારિત્ર્યથી સેવા અને સમાન ભાવે બતાવી આપ્યો તે સાંભળો. ઓગણત્રીસ વર્ષના આ જુવાન પુરુષે રોગીઓની સેવા કરીને દેહ-દમન આરંભ્યું. વકીલાત કરતાં તેમને ન્યાય મળે. મન સમાધાન થાય, સત્ય રહે, અન્યાય ન થાય તે સંભાળપૂર્વક કરી. બાલકોને ઘેર ભણાવતાં છતાં મહાત્માજીને જનસેવાની–રોગીની સેવાની વૃત્તિ થઇ અને એક રક્તપીતિયો બીમાર ઘેર આવ્યો તેને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रक्तपित्ती यदा कश्चित्समायातस्तदन्तिकम् ।
भोजनादिप्रदानं च कृत्वा कुट्यां निवेशितः ॥ १४७
रक्तस्रावक्षालनं च तत्रौषधविलेपनम् ।
गृहमौषधशालाया आनीय कृतमात्मना ॥ १४८
प्रजहाति यदा कामान् सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञः तदोच्यते ॥ ५५
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६
धनोपार्जनविश्रान्तिस्वादवृत्तिभयानि च ।
रागद्वेषौ परित्यज्य देहमित्रेषु शत्रुषु ॥ १४९
सुखेष्वपि च दुःखेषु समानत्वेन संस्थितः ।
अन्तरात्मप्रसन्नत्वादानन्दं समवाप सः ॥ १५०

મુકામે રાખ્યો, તેને ખાવાનું, આપવું ઔષધ લગાવવું, રુધિર પરુ ધોવું, બધું જ દવાખાનેથી ઘેર લાવીને જાતે કર્યું ૧૪૪–૪૮

હે અર્જુન, જ્યારે માનવ મનની સર્વ અભિલાષાઓ છોડી આત્મા વડે આત્મામાં પ્રસન્ન રહે. (ઈશ્વર જેમ રાખે તેમ પ્રસન્ન રહે) ત્યારે જ સ્થિત બુદ્ધિવાળો (સ્થિત પ્રજ્ઞ) કહેવાય છે. દુઃખમાં જરાપણ ઉદ્વેગ ન કરતાં સુખની ઈચ્છા છોડી મોહ ભય અને ક્રોધને છોડી મૌનપણે રહેતો સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે. ૫૫–૫૬

ધન મેળવવાની ઇચ્છા પ્રમાદ સ્વાદવૃત્તિ ભય વગેરે ને છોડી શત્રુમિત્ર સુખદુઃખમાં સમાન વૃત્તિવાળા આ પુરુષ અન્તરાત્માની પ્રસન્નતાથી આનન્દ પામવા લાગ્યા. ૧૪૯–૧૫૦

બીજાના સંબંધથી થયેલો આનન્દ આનન્દ નથી, તે લૌકિક આનન્દ મોહ છે, દુઃખમાં પણ અકાર્ય કરવાનું ન સૂઝે તેથી થયેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्यसम्बन्धजनित आनन्दो लौकिकः स्मृतः ।
दुःखेष्वकार्यकरणादात्मसंतोषसंभवः ॥ १५१
आनन्दः कथ्यते सोऽय मन्यो मोहः स्मृतः सदा ।
अन्तर्जनित आनन्दो मोहश्चान्यसमुद्भवः ॥ १५२
यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७
इत्यादि स्थितबुद्धेश्च लक्षणानि प्रकाशयन् ।
सेवौषधालये लब्धा विना वेतनमेव हि ॥ १५३
प्रसूतिकाले भार्याया मनुष्याभावजं महद् ।
दुःखं धैर्येण सहनं कृत्वा सेवा स्वयंकृता ॥ १५४

જે આત્મસંતોષ તે આનન્દ કહેવાય. બીજાથી થયેલા આનન્દને મોહ કહે છે. આનન્દ અન્તરાત્માથી ઉત્પન્ન થાય ત્યારે મોહ બહારના સંયોગોથી થાય છે. ૧૫૧–૧૫૨

શુભ કે અશુભ મેળવવા છતાં બધી જગાએ જે સ્નેહ વિનાનો છે, કોઈના વખાણ કે દ્વેષ કરતો નથી તેની બુદ્ધિ સ્થિર છે. ૫૭

આ પ્રમાણે સ્થિતપ્રજ્ઞ સ્થિર બુદ્ધિનાં લક્ષણોને પ્રકાશ કરતા દવાખાનામાં વિના પગારે સેવાભાવે માંદાંઓની સેવા મેળવી. પત્નીના પ્રસૂતિસમયમાં કોઇ મનુષ્ય ન હોવા છતાં તે દુઃખ સહન કરી લે સેવા પણ જાતે કરી, બાળકોનું લાલન, પાલન, પોષણ, શિક્ષણ બધું જાતે કરી સેવાવૃત્તિ પ્રકાશ કરી. ૧૫૩–૫૪–૧૫૫

જેમ કાચબો બધાં અંગો ચારે બાજુથી સંકોચી શરીરમાં સમાવી દે છે તેમ બધી ઇન્દ્રિયોને વિષયોથી (જોવું સાંભળવું ચાખવું સૂંઘવું સ્પર્શ કરવો વગેરેથી) સમેટી લે સંમુખ છતાં તેને ગ્રહણ ન કરે) તેની બુદ્ધિ સ્થિર થઈ ગણાય. ૫૮

વિષયો એ જ સેવાધર્મના વિરોધી છે એમ જાણી બધા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लालनं पालनं चैव पोषणं शिक्षणं तथा ।
सर्वं काय स्वयं कृत्वा सेवावृत्तिः प्रकाशिता ॥ १५५

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८

विषया एव सेवाया धर्मस्यापि विरोधकाः ।
विषयेभ्यः स्वेन्द्रियाणि रुद्धान्यान्तरधर्मिणा ॥ १५६

विषया विनिवर्त्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ५९

निराहारः शक्त्यभावात्सेवां कर्तुं न शक्तिमान् ।
रसास्वादवतश्चापि सेवाकार्यं सुदुर्लभम् ॥ १५७

विषयाक्रान्तदेहानां रसास्वादेन भोजिनाम् ।
शरीरसेवने नित्यं समयस्य व्ययो भवेत् ॥ १५८

रसवृत्तिर्यदाऽन्यत्र लुब्धान्यस्मान्निवर्तते ।
निवर्तन्ते रसास्तस्य यदेश्वररसे मनः ॥ १५९

વિષયોથી આન્તર ધર્મના ભાનવાળા આ મહાપુરુષે ઇન્દ્રિયોને સમેટી લીધી. ૧૫૬

જે ખાતો નથી તેના બીજા વિષયો પાછા પડે છે. પણ એમાં રહેલો રસ જતો નથી, રસ તો આત્મસાક્ષાત્કારથી કે પ્રભુના સાક્ષાત્કારથી જ જાય છે. ૫૯

નિરાહાર રહે તેની શક્તિ ઓછી થવાથી સેવા ન કરી શકે અને જુદા જુદા રસના સ્વાદના લોભથી પણ સેવા કરવી દુર્લભ બને છે. વિષયથી આતુર દેહવાળા અને રસાસ્વાદથી જમનારાઓને શરીરની સેવામાં જ સમય ચાલ્યો જાય છે. રસવૃત્તિ જ એવી છે કે એક જગોએ ચોંટે તો જ બીજેથી નીકળે. માટે જેને ઇશ્વરસાક્ષાત્કારનો રસ લાગે છે તેના બીજા રસો નિવૃત્ત થાય છે. જેનું મન રસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भ्रान्तं मनोभवेत्तेषां न स्यात्सेवा सुखप्रदा ।
निस्वादभोजनं तस्मात्स्वीकृतं रसवर्जितम् ॥ १६०
यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ ६०
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१
कृता सेवाऽस्य जगतस्त्यागिभिर्ब्रह्मचारिभिः ।
इत्यादर्शव्रतानेन ब्रह्मचर्यविनिर्णयः ॥ १६१
कृतः स्वमनसि ध्यात्वा प्रतिज्ञापूर्वकं तदा ।
पात्नीसंगस्थितेनापि कृतं कार्यंतु भीष्मवत् ॥ १६२
ब्रह्मचर्यप्रभावस्तु राजचन्द्रोपदेशतः ।
ज्ञातपूर्वश्च दम्पत्योर्ग्लैडस्टेनस्य वार्तया ॥ १६३

(વિષયમાં) ભટકતું છે તેને સેવા સુખપ્રદ નથી લાગતી. માટે જ મહાત્માજીએ સ્વાદ વિનાનું રસરહિત ભોજન સ્વીકાર્યું. ૧૫૭–૬૦

હે કુન્તાપુત્ર, ઇન્દ્રિયો એવી મનને વલોવનારી છે કે વિદ્વાન અને ડાહ્યો પુરુષ પ્રયત્ન કરતાં છતાં તેનું મન બલાત્કારે હરણ કરે છે. તે બધી ઈન્દ્રિયોને નિયમમાં રાખી યોગીએ મારામાં તન્મય થઈ બેસી જવું જોઈએ જેની ઈન્દ્રિયો વશ છે તેની બુદ્ધિ સ્થિર છે. ૬૦–૬૧

પ્રથમ ઘણા ત્યાગી અને બ્રહ્મચારીઓએ આ જગતની સેવા કરી છે. આવા આદર્શવાળા શ્રીગાંધીજીએ બ્રહ્મચર્યનો નિર્ણય કર્યો. પોતાના મનમાં ધ્યાનપૂર્વક નિશ્ચય કરી પ્રતિજ્ઞાપૂર્વક પત્ની સંગે રહેતાં છતાં પણ ભીષ્મ પ્રમાણે કામ કર્યું. બ્રહ્મચર્ય પ્રભાવ રાયચંદભાઇના ઉપદેશથી અનુભવ્યો અને ગ્લેડસ્ટન નામનાં અંગ્રેજ દંપતીની વાત વિચારી જોઈ કે તેને નોકરો છતાં પતિની સેવા પત્નીએ પોતાની જાતે કરી તે વિષયાનન્દ માટે કરી, સેવા તરીકે નહિ. પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वदेहेन कृता पत्न्या सेवकेषु च सत्स्वपि ।
पत्युः सेवा न तत्प्रेम्णा विषयानन्दलब्धये ॥ १६४
सेवा स्नेहेन भवति दम्पत्योर्या परस्परम् ।
सेवाभावो न तत्रास्ति विषयेच्छाबलं स्मृतम् ॥ १६५
सेवायामथ भार्याया यादृशी प्रेमभावना ।
जनन्या वा भगिन्या श्च सजातीये न जायते ॥ १६६
ब्रह्मचर्यबलं तत्र भक्तस्य ज्ञानिनोऽपि च ।
सेवाकर्तुर्ब्रह्मचर्यं ज्ञानभक्ती त्रयं भवेत् ॥ २६७
तस्माज्ज्ञानाच्च भक्तेश्च सेवा श्रेष्टा मताधिका ।
ब्रह्मचर्यविहीनस्य सेवा भवति दुष्करा ॥ १६८
व्रतबद्धो ब्रह्मचारी स्वतन्त्रः सर्वतो मतः ।
वेदान्ते लोकपुत्रार्थरुचेस्त्यागः प्रयोजितः ॥ १६९

પત્નીની પરસ્પર દેહસેવામાં વિષયબલ ગ્લેડસ્ટનને હતું. સેવા જોકે સ્નેહથી દંપતી પરસ્પર કરતાં હતાં પણ તેમાં સેવાભાવ ન હતો. જો સ્ત્રી સેવામાં વિષયબલ ન હોય ને સેવાભાવ હોય તો જેવો પ્રેમભાવ પત્નીની સેવામાં હોય છે તેવો સ્નેહ માતાની બહેનની કે સજાતીય સેવામાં એટલે સ્ત્રીને સ્ત્રીની અને પુરુષને પુરુષની સેવામાં કેમ હોતો નથી. વિજાતીય સેવા પ્રિય સજાતીય કરતાં હોય તો તે જરૂર વિષયબલથી હોય છે. સેવામાં ભક્ત અને જ્ઞાનીને બ્રહ્મચર્યબલ હોય તો જ સેવા થાય. આવી સેવા કરનારને બ્રહ્મચર્ય જ્ઞાન અને ભક્તિ ત્રણેયનો લાભ મળે છે. માટે જ્ઞાન અને ભક્તિ કરતાં પણ સેવા શ્રેષ્ઠ છે. સેવાવાળાંજ જ્ઞાનભક્તિ દીપે છે. બ્રહ્મચર્ય રહિત હોય તેને સેવા દુઃખકર લાગે છે. ૧૬૧–૬૨–૬૩–૬૪–૬૫–૬૬–૬૭–૬૮

વ્રતબદ્ધ બ્રહ્મચારી સર્વસ્વતંત્ર છે. વેદાન્તશાસ્ત્રમાં લોકપ્રતિષ્ઠા, ધનની પુત્રની રુચિનો ત્યાગ કહ્યો છે. તે ત્યાગ જો બ્રહ્મચર્યપૂર્વક કર્યો હોય તો આત્મજ્ઞાનરૂપ ઉત્તમ ફલ આપે છે. ઈશ્વર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कृतश्चेद् ब्रह्मचर्येण स्वात्मज्ञानफलप्रदः ।
ईश्वरप्राप्तये श्रेष्ठं ब्रह्मचर्यं हि साधनम् ॥ १७०
स्थितप्रज्ञः सदा जातो योगिनां प्रवरो व्रती ।
सपत्नीकोऽपि संसारी जातो विषयवर्जितः ॥ १७१
तपस्विनां ब्रह्मचर्यं भवेदेकान्तवासिनाम् ।
सेवार्थं स्वीकृतं संघे ब्रह्मचर्यं मनस्विना ॥ १७२
ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ ६२
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३
तस्मात्स्मृत्वा सर्वनाशमूलं विषयवासना ।
ज्ञाताऽशक्तिश्च सेवायां विषयाविष्टचेतसाम् ॥ १७३

પ્રાપ્તિને માટે બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે. (નામ-બ્રહ્મ-ચર્ય એટલે ઈશ્વરની તપાસ એ અન્વર્થ છે. સ્થિતપ્રજ્ઞ એવા મહાત્મા યોગીઓમાં શ્રેષ્ઠ વ્રતવાળા સંસારી ગૃહસ્થ છતાં મધ્યવય પહેલાં જ સપત્નીક છતાં વિષયરહિત બન્યા. અને જે એકાન્તવાસી તપસ્વીઓનું દુષ્કર સાધન બ્રહ્મચર્ય તે આ બેઉ સ્ત્રીપુરૂષે ગૃહાસ્થાશ્રમમાં સેવા માટે સ્વીકાર્યું. ૧૬૯-૭૦-૭૧-૧૭૨

વિષયનું ધ્યાન કરનારને તેમાં સંગ થાય છે. સંગથી કામ થાય છે અને કામથી ક્રોધ થાય છે. ક્રોધથી મોહ થાય છે. મોહથી સ્મૃતિમાં (સ્મરણ-શક્તિમાં) ભ્રાન્તિ એટલે મૂઢપણું આવે છે. તેથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી-જ્ઞાન-નાશથી તે નાશ પામે છે એટલે જીવતો છતાં મરેલા માફક ભમે છે. ૬૧-૬૩

આ પ્રમાણે વિષયવાસના સર્વનાશનું મૂલ છે એમ યાદ કરી અને વિષય માટે આસક્ત ચિત્તવાળાની સેવામાં અશક્તિ છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एकान्तवासिनां भूयादशक्यं जनसेवनम् ।
सदा संगवतां सेवा संघे शक्तिः कलौ युगे ॥ १७४
संघशक्तौ भवेद् दोषः सत्तालोभो भवेद्यदा ।
अनर्थोऽत्र महांस्तद्वन्नारीणां संगतौ भवेत् ॥ १७५
यथा नारीकृता सेवा संगोऽपि रोचते नृणाम् ।
न तथा पुरुषाणां च राजचन्द्रोपदेशतः ॥ १७६
तथ्यं वाक्यं गृहीत्वा तद्यथा भार्या भवेत्प्रिया ।
भगिनी जननी पुत्री न स्याद्विषयिणां नृणाम् ॥ १७७
सेवायाः प्रतिकाराय यशोर्थे वासनापि चेत् ।
संगे न भवतीत्येवं सा सेवा स्यान्निरर्थका ॥ १७८
इत्येतैः सुविचारैश्च ब्रह्मचर्यप्रतिज्ञया ।
कृता सेवा च निष्कामा प्रतिकारविवर्जिता ॥ १७९

વિચારી એકાન્ત વાસીને જનસેવા કરવાનું અશક્ત બને, કારણ સંગવાળા માણસ વચ્ચે રહેનાર હોય તે જ સેવા કરી શકે, કારણ કલિયુગમાં સંઘબળમાં જ શક્તિ છે, એ વિચારી સાથે સંઘબળમાં એક જ દોષ છે કે જો સત્તાનો માનનો લોભ થાય તો સેવા ન થઇ શકે તેમ જ સ્ત્રીઓની સંગતિમાં અનર્થ થવા સંભવ હોય છે, કારણ પુરુષોને સ્ત્રીના હાથની સેવા અગર સ્ત્રીની સેવા કરવાની જેટલી પ્રિય હોય તેટલી પુરુષની નથી પ્રિય હોતી. આવો રાયચંદભાઇનો ઉપદેશ હતો તેથી તે સાચો ઉપદેશ સ્વીકારી વિષયી જનોને જેટલી પત્ની પ્રિય હોય તેટલી મા કે બહેન સ્ત્રી છતાં નથી, સાથે સેવાને બદલે ધનની વાસના હોય તો તે સંગથી કરેલી સેવા નિરર્થક છે. આ બધો વિચાર કરી બ્રહ્મચર્યવ્રત પ્રતિજ્ઞાપૂર્વક લઈ બદલાની આશા વિનાની નિષ્કામ સેવા કરી. ૧૭૩–૭૪–૭૫ ૭૬–૭૭–૭૮–૧૭૯

મનને ઈન્દ્રિયોને વશ રાખી રાગ દ્વેષ રહિત ઇન્દ્રિયો વડે વિષયોને સેવતો એટલે ઈન્દ્રિયોના (જોવું સાંભળવું સૂંઘવું બોલવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रागद्वेषवियुक्तैस्तु विषयानीन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ ६४
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५
नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ ६६
इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ ६७
तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८

ખાવું સ્પર્શ કરવો વગેરે) વ્યવહાર ચલાવતો છતાં પ્રસન્નતાને મેળવે છે. નિર્વિકાર પ્રસાદ એટલે પ્રસન્નતા આવી એટલે એનાં બધાં દુઃખોનો નાશ થાય છે. પ્રસન્ન ચિત્તવાળાની જ બુદ્ધિ સ્થિર થાય છે. જે યોગી નથી, ઉપર પ્રમાણેના સમભાવ રહિત છે તેને બુદ્ધિ નથી, જ્ઞાન નથી, વિવેક નથી, અને આ યોગ વિનાનો છે તેને સાચી ભાવના નથી, ભક્તિ નથી, અને ભાવના કે ભક્તિ વિનાનાને શાન્તિ નથી. અશાન્તને સુખ ક્યાંથીયે નથી. ઈન્દ્રિયો વિષયો પ્રત્યે વિકારો પ્રત્યે ભટકે છે તેની પાછળ મન જાય છે. અને તે મન વાયુ જેમ સમુદ્રમાં નાવને તાણે તેમ તેની બુદ્ધિને તાણી જાય છે માટે હે મહાબાહો, જેની ઇન્દ્રિયો ચારેબાજુથી વિષયોમાંથી વિકારોમાંથી નાકળી વશ થયેલી હોય તેની જ બુદ્ધિ સ્થિર થાય છે. સર્વ પ્રાણી માત્રની જે રાત્રિ છે તેમાં સંયમી પુરુષ જાગે છે. જ્યાં પ્રાણી માત્ર જાગતાં હોય છે ત્યાં જોતા ઉઘાડી આંખ છતાં તે મુનિની તે રાત્રી છે. અર્થાત જે પ્રાણીમાત્રની રાત્રિ એટલે ઈશ્વરસ્મરણ કે જ્યાં પ્રાણીમાત્ર અવધાન વિનાના છે ત્યાં સંયમી સાવધાન જાગતો છે. જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९
उपोषणं फलाहारो ब्रह्मचर्यस्य साधनम् ।
पयःपानं स्वादहीनं भोजनं मध्यमं स्मृतम् ॥ १८०
एतद्योगस्य मूलं यद् ब्रह्मचर्यबलस्थितम् ।
आत्माधीनमनाः सोऽयं चित्ताधीनेन्द्रियो नरः ॥ १८१
त्रिंशत्पञ्चवयस्कानां विषयेच्छा यदोत्कटा ।
ब्रह्मचर्यं गृहीतं तत् सभार्येण महात्मना ॥ १८२
श्रवणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥ १८३
एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः ।
अष्टाङ्गमैथुनाभावे ब्रह्मचर्यं परं भवेत् ॥ १८४

વ્યવહારમાં સંસારમાં વિષયોમાં પ્રાણીમાત્ર જાગતાં સાવધાન છે ત્યાં સંયમી જોતો જ્ઞાનયુક્ત છતાં તેની રાત્રિ છે, અનવધાન છે. આમ પશ્યતઃ એ પદ બહુ સૂચક છે. જે ઊંઘે તો તે જોતો ન હોય; માટે આ અર્થ જ એટલે પ્રાણીઓની સાવધાનતા ત્યાં સંસારમાં અનવધાન, ઊંઘતો, અને પ્રાણી બેદરકાર ત્યાં ઈશ્વર ભણી જાગતો સંયમી હોય છે. ૬૪-૬૫-૬૬-૬૭-૬૮-૬૯

ઉપવાસ અને પાકેલાં ફળોનો આહાર એ બ્રહ્મચર્યનું ઉત્તમ સાધન છે. દૂધ અને સ્વાદહીન ભોજન એ મધ્યમ સાધન છે. આ પ્રમાણે યોગનું મૂલ જે બ્રહ્મચર્ય બળમાં રહેલું છે તે સમજી આત્માને વશ મન રાખી મનને વશ ઇન્દ્રિયો રાખી ત્રીશ પાંત્રીશ વર્ષની ઉમ્મર કે જ્યાં વિષયની ઇચ્છા પ્રબલ છે તેવા સમયમાં મહાત્માએ પત્ની સાથે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાપૂર્વક લીધું. ૧૮૦-૮૧-૧૮૨

૧ સ્ત્રીઓનું શ્રવણ કરવું, ૨ મુખથી બીજા સમીપ તેની વાત કરવી, ૩ તેની સાથે હાંસી કરવી, ૪ વિષયેચ્છાપૂર્વક સામું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्षीरमुन्मादकं ज्ञातं सात्त्विकानि फलानि च ।
कष्टसाध्यं च पयसाऽसाध्यं मिष्टान्नभोजनैः ॥ १८५
वनपक्वफलाहार आज्यक्षीरादिवृत्तिकः ।
विषयस्मरणं त्यक्त्वा ब्रह्मचर्यपरायणः ॥ १८६
उपवासे विलासश्चेत्फलाहारे विरोधकः ।
उपवासी तदन्तेऽन्नस्वादचिन्तनतत्परः ॥ १८७
मिथ्याचारी भवेदेष स्वादवृत्त्या व्रतेन वै ।
विचार्यैतद्विचारोऽपि त्यक्तः स्वादादिचिन्तने ॥ १८८
भिन्नत्वमिन्द्रियार्थानां स्वच्छन्दे वाथ संयमे ।
एकः शृणोति गीतानि तथान्यो भजनानि च ॥ १८९

જોવું, ૫ એકાન્તમાં વાત કરવી, ૬ વિષયનો વિચાર કરવો, ૭ સ્થાન શોધી નિશ્ચય કરવો, ૮ વિષય ભોગવવા કાર્યનિવૃત્તિ થવી, આ પ્રમાણે મૈથુનનાં આઠ લક્ષણ શાસ્ત્રમાં છે. તે આઠેનો ત્યાગ થાય તો બ્રહ્મચર્ય બની રહે છે. દૂધ પણ મનને ઉન્માદ આપનારું છે. તે જાણી બ્રહ્મચર્યને માટે સાત્ત્વિક ફળો જ સારાં છે તે સ્વીકાર્યાં. દૂધ પીવાથી બ્રહ્મચર્ય કષ્ટસાધ્ય એટલે પરાણે સાધ્ય બને છે અને મિષ્ટાન્ન ભોજનથી અસાધ્ય બને છે. ૧૮૩–૮૪–૧૮૫

આ બધું સમજી વનનાં પાકાં ફળોના આહાર, બકરીનું દૂધ વગેરેથી વૃત્તિ ચલાવી વિષયનું સ્મરણ છોડી બ્રહ્મચર્યપરાયણ થયા. ઉપવાસમાં ફલાહારમાં પણ વિલાસ હોય અને સ્વાદવૃત્તિ હોય તો બ્રહ્મચર્યનો વિરોધ થાય છે, કારણ ઉપવાસમાં સ્વાદના વિચારથી છેવટે ઉપવાસ અન્તે સ્વાદ વળગે છે. ૧૮૬–૧૮૭

સ્વાદવૃત્તિ પૂર્વક વ્રતથી પણ એ બ્રહ્મચારી મિથ્યાચારી બને છે. આ વિચારથી સ્વાદના સ્મરણનો વિચાર પણ છોડયો. ૧૮૮

સ્વચ્છન્દમાં અને સંયમમાં ઇન્દ્રિયો અને ઇન્દ્રિય સંબંધોના જુદા જુદા પ્રકાર છે. એક કાનને આનન્દ આપવા ગાયનો સાંભળે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एकः पश्यति नाट्यानि द्वितीयो देवदर्शनम् ।
जागर्त्येको विलासैश्चापरः स्मृत्या हरेरहो ॥ १९०
भुङ्क्ते स्वादेन विविधं प्राणवृत्त्यै तथापरः ।
तस्मा त्संयमिनो रात्रिर्दिवसोऽसौ विलासिनः ॥ १९१
निद्रिताः प्राणिनो यत्र स्मरणं परमात्मनः ।
ध्यानं च कुरुते नित्यमेकान्ते निशि संयमी ॥ १९२
संपूर्णं ब्रह्मचर्यं चेत् संपूर्णं ब्रह्मदर्शनम् ।
विचारेण विकारः स्यान्निर्विकारमनःस्थितौ ॥ १९३
विचारशुद्ध्या ध्यानेऽस्मिन्निरतः परमात्मनः ।
सत्याहिंसाब्रह्मचर्यव्रतस्थो मोहनोऽभवत् ॥ १९४

ત્યારે સંયમી ભજનો ઈશ્વરસ્તુતિ સાંભળે છે, એક આંખને આનન્દ માટે નાટક જુએ છે, ત્યારે બીજો દેવદર્શન કરે છે. એક નાચ ગાન વગેરે વિલાસોથી જાગરણ કરે છે, ત્યારે બીજા ભગવાનના સ્મરણથી ભજન પ્રાર્થનાથી જાગે છે. એક જીભના સ્વાદે વિવિધ વાનીઓનું ભોજન કરે છે, બીજો પ્રાણવૃત્તિ ટકાવવા જીવન નભાવવા સ્વાદ વિના ખાય છે. આ પ્રમાણે સંયમીની રાત્રિ છે તે વિલાસીનો દિવસ (અને વિલાસીની રાત્રિ તે સંયમીનો દિવસ છે), કેમકે જ્યારે પ્રાણીઓ રાત્રે ઊંઘતાં હોય ત્યારે આ સયમી જાગી પરમાત્માનું સ્મરણ કરે છે; એકાન્તમાં સંયમ સાધી ધ્યાન ધરે છે. ૧૮૯-૯૦-૯૧-૧૯૨

સંપૂર્ણ બ્રહ્મચર્ય હોય તો જ સંપૂર્ણ બ્રહ્મદર્શન થાય છે. વિચારો જ વિકારનું મૂળ છે. મનની સ્થિતિ વિકાર વિનાની થાય ત્યારે વિચારશુદ્ધિથી ધ્યાન ધરે તો પરમાત્માના ધ્યાનમાં સ્થિર થવાય છે. આ પ્રમાણે સત્ય અહિંસા અને સંપૂર્ણ બ્રહ્મચર્યથી શ્રીમોહન પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન થયા. ૧૯૩-૧૯૪

કામ થાય ત્યાં કામની અપૂર્ણતા રહે તો ક્રોધ તુરત થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कामे सति भवेत्क्रोधः सद्यः कामाद्यपूरणात् ।
पूर्णे लोभः सुखे मोहस्तस्मात्कामं परित्यजेत् ॥ १९५
संसारविस्मृतिं कृत्वाऽऽसक्तिं च परमात्मनि ।
योगिनो भोगिनस्तद्वद्विस्मृतिं परमात्मनः ॥ १९६
विस्मृतिः स्वप्रपञ्चस्य विरुद्धं स्यात्परस्परम् ।
त्यक्त्वा भोगं कर्मयोगी महात्मा मोहनोऽभवत् ॥ १९७
चतुर्थाश्रमपर्यन्तं प्रतीक्षा भोगवर्जने ।
वृद्धत्वं करुणापात्रं भवेत्तेषां प्रकुर्वताम् ॥ १९८
कामैः परवशं चित्तमशक्तं त्यागकर्मणि ।
आत्मज्ञानमलभ्यं स्याज्जीवनं बालवद् भवेत् ॥ १९९

અને કામ પૂર્ણ થાય તો લોભ અને મોહ વધે છે; માટે કામનો ત્યાગ કરવો અને કામજનક વિચારોનો ત્યાગ કરવો. ૧૯૫

યોગીઓ સંસારને ભૂલીને પરમાત્મામાં આસક્તિ વધારે છે તેમ જ ભોગીઓ પરમાત્માને ભૂલી સંસારમાં આસક્તિ વધારે છે અને પ્રપંચ વધારતા રહે છે. આ પ્રમાણે યોગ અને ભોગની સ્થિતિ પરસ્પર વિરુદ્ધ હોવા છતાં આ શ્રીમોહન સંસારી છતાં ભોગનો ત્યાગ કરી કર્મયોગી બન્યા. ૧૯૬-૧૯૭

જે લોકો ચોથી અવસ્થા ચોથા આશ્રમ સુધી સંન્યાસ સુધી ભોગ છોડવાની વાટ જુએ છે તે સંન્યાસી થાય છતાં તેમની વૃદ્ધાવસ્થા દયાજનક બને છે. કામનાઓથી પરવશ થયેલું ચિત્ત જેમ જેમ ઉમર જાય તેમ તેમ કામત્યાગ ભોગત્યાગમાં અશક્ત બને છે. તેમને આત્મજ્ઞાન દુર્લભ છે, એટલું જ નહિ, પણ વૃદ્ધાવસ્થા સુધી ભોગ છોડવાની વાટ જુએ તો વૃદ્ધાવસ્થા બાળક જેવી પરવશ ઓશિયાળી બની જાય છે. ૧૯૮-૧૯૯

સંપૂર્ણ ભરેલો છતાં અનેક નદીઓનું જળ ચોમાસામાં આવે છતાં સમુદ્ર સ્થિર રહિ મર્યાદા છોડી છલકાતો નથી તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी ॥ ७०
सेवायज्ञे संयमाग्नौ हुत्वा कामादिवासनाः ।
स्वीयपारक्यभेदं च त्यक्त्वा शान्तिमवाप सः ॥ २००
विहाय कामान्यः सर्वान् पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ ७१
कामान्निमग्नांस्तान्कृत्वा सर्वान्मनसि सागरे ।
भिन्नं सर्वमनुष्येभ्यो देहं विस्मृत्य चात्मनः ॥ २०१
भ्रात्रेयभार्यया सुता कन्या तच्चित्तशान्तये ।
पत्रमाश्वसनार्थाय लिखितंयन्महात्मना ॥ २०२

બધી કામનાઓ જેના ચિત્તમાં પ્રવેશી ચિત્તમાં સમાઈ જાય છે બહેકાવતી નથી તેજ શાન્તિ પામે છે કામનાઓ પૂરી કરવા વાળો શાન્તિ પામતો નથી. ૭૦

એ પ્રમાણે સેવારૂપ જ્ઞાનમાં સંયમરૂપ ભડભડતા અગ્નિમાં કામનાઓને હોમી પોતાના પારકાના ભેદ ત્યાગ કરી એમણે શાંતિ મેળવી. ૨૦૦

સર્વ કામનાઓને છોડી જે પુરૂષ નિસ્પૃહ કામની ઈચ્છા વિનાનો મમત્વ અને અહંકાર વિનાનો ફરે છે તે શાન્તિ પામે છે ૭૧

મનરૂપ સાગરમાં સર્વ કામનાઓને ડુબાવી સર્વ બીજા મનુષ્યો કરતાં દીન દુઃખી કરતાં પોતાનું શરીર જુદું છે તે પણ ભૂલી ગયા (આવા જ મનુષ્યો દુઃખીના દુઃખમાં તદ્રુપ થાય, પોતાનું જુદાપણું ભૂલે તો જ ભાગ લઈ સેવા કરી શકે). ભત્રીજાની પત્નીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुत्रीजन्मप्रसन्नोऽहं तदसत्यं न संशयः ।
अप्रसन्नस्तद्विचारे पापं हिंसोद्भवं भवेत् ॥ २०३
समचित्तवता स्थेयमौदासीन्येन सर्वदा ।
स्थितप्रज्ञस्य चिह्नानि प्रत्यक्षाणि महात्मनि ॥ २०४
एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ ७२

(वसन्ततिलका वृत्तम्)

सत्यप्रयोगपरिशीलनशुद्धकर्मा
जित्वा स्वचित्तरसनाजननेन्द्रियाणि ।
पूज्यः पिताऽस्य जगतो निजभारतस्य
सेवां चकार जनताजगदीश्वरस्य ॥ २०५

છોકરી જન્મી તેને છોકરાની આશા હતી તેથી આશ્વાસનપત્ર લખ્યો કે—૨૦૧-૨૦૨

તને છોકરી જન્મી તેથી પ્રસન્ન થયો છું એમ લખું તો તે અસત્ય છે અને અપ્રસન્ન થયો ખેદ થયો તેવું લખું તો તે ભેદભાવ અને માનસિક હિંસા છે. તેથી પાપ લાગે માટે કંઈ લખતો નથી. તું આશ્વાસન મેળવજે. સમાન ચિત્ત વૃત્તિવાળાએ તો સારામાં ખુશ ન થવું, ખોટામાં ખેદ ન કરવો, ઉદાસીન વૃત્તિએ રહેવું, આથી મહાત્મામાં સ્થિતપ્રજ્ઞનાં ચિહ્ન પ્રત્યક્ષ જોઈ શકાય છે. ૨૦૩-૨૦૪

હે અર્જુન પૃથાનાપુત્ર આ બ્રાહ્મી એટલે પ્રભુને ઓળખનારની સ્થિતિ છે. તે સ્થિતિ પામ્યા પછી મોહ વળગતો નથી. મરણકાલે આવી સ્થિતિ થાય તો તે બ્રહ્મનિર્વાણ મોક્ષ પામેછે

સત્યના પ્રયોગોના અનુભવથી શુદ્ધ કર્મવાળા શ્રીમહાત્માજી પોતાનું મન-જીભ અને જનન ઈન્દ્રિયને જીતી આ જગતના પૂજ્ય પિતારૂપ પોતાના ભારતની જનતારૂપ જગદીશ્વરની સેવા કરવા લાગ્યા. ૨૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(शिखरिणी वृत्तम्)

विना सेवायज्ञं भवति न शुभं जीवनफलं
विना त्यागं सेवा परिणमति कामप्रतिकृतौ ।
विना ज्ञानं त्यागः क्षणिक इव रागः परिणतौ
विना ध्यानं ज्ञानं भवति चरितार्थं न सफलम् ॥ २०६

(इन्द्रवंशा वृत्तम्)

ध्यानस्य मूलं परमात्मनः कृपा
मूलं कृपाया मनुजेषु दर्शनम् ।
आचार्य एष प्रथमो धरातले
सेवाध्वरस्यात्मनि बद्धवासनः ॥ २०७

સેવાયજ્ઞ વિના જીવનનું શુભ ફલ મળી શકતું નથી ત્યાગ વિના સેવા કરે છે તો કામનાઓની તૃપ્તિમાં તે પરિણામ પામે છે. જ્ઞાન વિના ત્યાગ કરે છે તો તે ક્ષણિક બની પરિણામે રાગનું રૂપ પકડે છે અને ઈશ્વરના ધ્યાન વિનાનું જ્ઞાન ચારિત્ર્ય ઘડતરમાં કામ લાગતું નથી. ૨૦૬

ધ્યાનનું મૂળ પરમાત્માની કૃપા છે. (કૃપા વિના ધ્યાન થઈ શકતું નથી.) કૃપાનું મૂળ મનુષ્ય માત્રમાં ઈશ્વરનું દર્શન કરવું તે છે. માનવ માત્ર ઈશ્વરના અંશ છે તેમ જાણ્યા અને અનુભવ્યા વિના ઈશ્વરકૃપા મળતી નથી. આવા શુદ્ધ ચારિત્ર્યથી આ બધા વિનોક્તિ અલંકારમાં વર્ણવેલા ગુણોને ધારણ કરનાર આ મહાપુરૂષ પોતાના આત્મામાં (આત્મ દર્શનમાં) બધી વાસનાઓને બાંધી (દરેક ઇન્દ્રિયની વાસના આત્મદર્શન માટે જ રાખી, આત્મદર્શનમાં સમાવી) આ પૃથ્વીમાં પ્રથમ માનવસેવારૂપ યજ્ઞના આરંભ કરતા અને આ જન સેવાયજ્ઞના પ્રયોગથી શરૂ થતા સેવાયજ્ઞના આચાર્ય બન્યા. ૨૦૭

ઇતિશ્રી ભગવદ્દગીતા ઉપનિષદ્ યોગશાસ્ત્ર બ્રહ્મવિદ્યામાં કૃષ્ણાર્જુન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे कृष्णार्जुनसंवादे......तदनुसारि सत्याग्रहसंहितायां गीताचारित्र्ये जनसेवाशास्त्रे आचार्यशिष्यसंवादे भोगत्यागब्रह्मचर्यपालनरूपसेवापरसांख्ययोगो नाम गीतानुसारी द्वितीयोऽध्यायः ॥

સંવાદમાં તેના અનુસાર સત્યાગ્રહસંહિતામાં ગીતાચારિત્ર્ય અને જનસેવાશાસ્ત્રમાં આચાર્ય શિષ્ય સંવાદમાં ભોગત્યાગબ્રહ્મચર્યપાલનરૂપ સેવાપરાયણ સાંખ્યયોગ નામનો બીજો અધ્યાય પૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तृतीयोऽध्यायः

शिष्य उवाच

ज्ञानमात्मस्थितेः प्राप्य निर्विकारां मनःस्थितिम् ।
कृत्वासाध्यं जगत्प्रेम सेवायाः किं प्रयोजनम् ॥ १

आचार्य उवाच

सेवामार्गो ज्ञानमार्गाद्भिन्न इत्यज्ञकल्पना ।
सांख्यं ज्ञानात्मकं योगो सेवामार्गः क्रियात्मकः ॥ २
अर्जुनेन यथा पृष्टं पूर्वं भगवते त्विदम् ।
तथात्र भवतः प्रश्नो भिन्नत्वे ज्ञानकर्मणोः ॥ ३

अर्जुन उवाच

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ १

અધ્યાય ત્રીજો

શિષ્ય બોલ્યા–આત્મસ્થિતિનું જ્ઞાન પામીને નિર્વિકાર મનની સ્થિતિ થયા પછી જગત તરફ વિશ્વપ્રેમ સાધ્ય કર્યો તો પછી મહાત્માજીને સેવાનું શું પ્રયોજન હતું ? ૧

આચાર્ય બોલ્યા—સેવામાર્ગ અને જ્ઞાનમાર્ગ અગર પ્રેમમાર્ગ જુદા છે તે અજ્ઞાનીની કલ્પના છે. સાંખ્યના નિયમ પ્રમાણે માનવોમાં ઈશ્વરાંશનો પ્રત્યક્ષ ભાવ થવો એ જ્ઞાન છે અને એ જ્ઞાનને ક્રિયામાં ઉતારવું એ સેવામાર્ગ છે. જ્ઞાન અને કર્મના જુદાપણા માટે જેવો અર્જુનનો પ્રશ્ન હતો તેવો તમારો પ્રશ્ન છે તો સાંભળો. ૨–૩

અર્જુન બોલ્યા : હે જનાર્દન, માયા નાશ કરનાર કૃષ્ણ, કર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २

आचार्य उवाच

भवताऽपि तथा पृष्टं भिन्नं ज्ञानं च कर्म च ॥
संन्यासे व्यवहारे च जगतीह विलोक्यते ॥ ४

श्रीभगवानुवाच

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३
सेवामार्गं ज्ञानमार्गमेकं पश्यन्ति पण्डिताः ।
व्यर्थाऽज्ञानात्मिका सेवा व्यर्थं ज्ञानं च निष्क्रियम् ॥ ५

કરતાં બુદ્ધિ જ્ઞાન તમારે અધિક માન્ય હોય તો હે કેશવ, બ્રહ્માદિ દેવોના અધિપતિ આપ અથવા તમે મને, આ ઘોર કર્મ (યુદ્ધ કરી આમને મારવા)માં કયાં જોડો છો ? ૧

મિશ્ર સંદિગ્ધ વચનો વડે મારી બુદ્ધિને જાણે ભ્રમ મોહ પમાડો છો, શંકાશીલ બનાવો છો, માટે નિશ્ચયપૂર્વક એક કહો જેથી હું કલ્યાણ પામું ! ૨

આચાર્ય કહે છે—તમો પણ ઉપર પ્રમાણે પૂછો છો કે વ્યવહારમાં અને ત્યાગમાં જ્ઞાન અને કર્મ જુદાં જુદાં આ જગતમાં દેખાય છે ૪

ભગવાન બોલ્યા : હે પાપરહિત અર્જુન, લોકને વિશે મેં બે પ્રકારની અવસ્થાઓ પહેલાં કહી છે; જ્ઞાનયોગથી સાંખ્યોની એટલે જ્ઞાનીઓની અને કર્મયોગથી યોગીઓની (જ્ઞાનને ક્રિયામાં ઉતારનારાઓની. ૩

બુદ્ધિમાન પુરુષો જ્ઞાનમાર્ગને (મનુષ્યોને ઈશ્વરરૂપે જોવાના પ્રકારને) અને સેવામાર્ગ તે રૂપે તેમની સેવા કરવાના પ્રકારને એક જ જાણે છે, કારણ કે અજ્ઞાનથી કરેલી સેવા મિથ્યા છે અને ક્રિયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ज्ञानमार्गो जीवमात्रेष्वीश्वरांशस्य निश्चयः ।
जीवसेवा भवेद्भक्तिरीश्वरस्य न संशयः ॥ ६
न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥ ४
सत्कर्म ये न कुर्वन्ति तेषां दुष्कर्मणि स्थितिः ।
तस्माज्ज्ञानवता सेवा सदा कार्या हरेः प्रिया ॥ ७
स्वाश्रयो यः सदा स्वस्य कार्येषु कुशलो नरः ।
सेवां कर्तुं समर्थः स्याज्ज्ञानवैराग्यभक्तिमान् ॥ ८
शरीरमोहयुक्तस्य भोजनाच्छादनेष्वपि ।
विलासिनः सदा सेवा दुःशक्या स्यान्न संशयः ॥ ९

ન ઉતારેલું જ્ઞાન મિથ્યા છે (મનુષ્યોને દીનહીન હલકા માની કરેલી સેવા બરોબર નથી તેમ ઇશ્વરના બાલકો જાણી સેવા ન કરવી એ જ્ઞાન પણ યોગ્ય નથી.) ૫

જીવ માત્રને વિશે ભગવાનનો અંશ છે એમ જાણવું એ જ્ઞાન-માર્ગ છે અને જીવસેવા માનવસેવા એ જ નિશ્ચય પ્રભુસેવા છે. ૬

કર્મનો આરંભજ ન કરવો તેથી કંઇ મનુષ્ય નિષ્કામ બની જતો નથી તેમજ કર્મનો ત્યાગ કરવાથી સિદ્ધિ મોક્ષ મેળવતો નથી. ૪

રીત એ છે જે જે સારું પવિત્ર યોગ્ય કર્મ કરતા નથી તેમને અજાણી રીતે દુષ્કર્મ કરવું જ પડે છે (કદાચ કર્મના ભાન વિના દુષ્કર્મ તરફ ઘસડાય છે;) માટે જ જ્ઞાનીએ ભગવાનને પ્રિય એવી જનસેવા કરવી; જે પોતાના કામ માટે સ્વાશ્રયી રહી દરેક કાર્યમાં કુશલ પુરુષ હોય અને જ્ઞાન વૈરાગ્ય અને ભકિતવાળો હોય તે જ માનવ જનસેવા અગર પ્રભુસેવા કરવાને સમર્થ અધિકારી છે. શરીરના મોહવાળા અને પહેરવામાં ખાવામાં શોખીન વિલાસી પુરુષને સેવા અશકય નહિતો દુઃશકય (કઠણ) જરૂર પડે છે; આમ ધારીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति ध्यात्वा ज्ञानकर्मयोगाभ्यासवता सदा ।
न्यायवादिपदस्थत्वे सरलं जीवनं कृतम् ॥ १०
परावलम्बनं त्यक्त्वा वस्त्राणां क्षालनं तथा ।
क्षौरकार्यं स्वयं कृत्वा त्यक्तौ रजकनापितौ ॥ ११

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म तथा प्रकृतिजैर्गुणैः ॥ ५

तद्वन्न्यायालयाद् गेहमागत्य गृहकार्यजम् ।
भारं स्वशिरसि क्षिप्त्वा स्वाश्रये सुस्थिरोऽभवत् ॥ १२
कण्ठे स्वक्षालितं बद्ध्वा पट्टं न्यायालयं गतः ।
विनोदकारणं जातं मित्राणां सत्यवाक्यतः ॥ १३
रानडे-सत्प्रसादेन गोखले—निकटस्थितम् ।
उपवस्त्रं क्षालयित्वा क्षालने निपुणोऽभवत् ॥ १४

કર્મ અને યોગના અભ્યાસવાળા બારિસ્ટર થયેલા આ સુધરેલા પુરુષે પણ પોતાનું જીવન ખાનપાન અને પહેરવા ઓઢવામાં બહુ જ સરળ બનાવ્યું. પરાયો આધાર છોડીને હજામત કરવી અને કપડાં ધોવાં તેમાં સ્વાશ્રયી બની હજામ અને ધોબીની પરાધીનતા છોડી. ૭–૮–૯–૧૦–૧૧

કોઈપણ માણસ ઘડીવાર પણ કર્મ કર્યા વિના રહેતો નથી. પ્રકૃતિ (માયા)થી ઉત્પન્ન થયેલા ગુણો પરવશ થયેલા દરેક માણસ પાસે કર્મ કરાવે છે. ૫

એ પ્રમાણે કોર્ટથી ઘેર આવી ઘરનાં બધા કામકાજનો ભાર પોતાને માથે લઇ સ્વાશ્રયમાં દરેક રીતે ગાંધીજી સ્થિર થયા. ગળે પોતાનો ધોયેલો પટો (નેકટાઈ કોલર) બાંધી કોર્ટમાં ગયા. તેમાંથી હાર ખરતો હોવાથી બરોબર ન હોવાથી મિત્રોએ પૂછ્યું. જાતે ધોયું ને સત્ય બોલવાથી મિત્રોના હાંસીપાત્ર બન્યા. મહાદેવ ગોવિન્દ રાનડેએ શ્રીગોખલેને પોતાનો પ્રસાદી ઊતરેલો રેશમી ખેસ આપ્યો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ ६
यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७
मिथ्याचारं तथासक्तिं फलाशायां विहाय सः ।
कर्तव्यबुद्ध्या सततं सेवाकार्यं चकार हि ॥ १५
क्षालनस्य विधिं ज्ञात्वा पुस्तकेन कलामपि ।
साधनानि समानीय शस्त्राणि क्षौरकर्मणः ॥ १६

તે ઓઢી શ્રીગોખલે આફ્રિકા આવ્યા તેને સફાઈબંધ ધોઇ અસ્ત્રી કરી ગોખલેની શાબાશી મેળવી એટલા ધીમે ધીમે ધોવાના કામમાં કુશળ સ્વાશ્રયી બન્યા. ૧૨-૧૩-૧૪

જે મનથી વિષયોનું સ્મરણ કરે છે અને બાહ્ય ઇન્દ્રિયોને રોકે છે તે મૂઢ મિથ્યાચારી છે, જેમકે જીભ બંધ રાખી કોઇને ગાળ દે, આંખ બંધ કરી નાટક વગેરેનું ચિન્તન કરે તે મિથ્યાચાર છે. શરીરને ઇન્દ્રિયોને રોકી સાથે મનને તેમાં ન જવાના નિયમમાં એક વિચારથી રોકવું જ જોઈએ. આ બધું અભ્યાસ ને પ્રયત્ન બંન્નેથી બને છે. જે ઇન્દ્રિયોને મનથી નિયમમાં રાખી માત્ર કર્મેન્દ્રિયોથી હાથ પગ-વાણી-પાયુ-ઉપસ્થ વડે કર્મ કરે છે તે અસક્ત આસક્તિ દોષ વિનાનો બને છે.

જેમકે મનથી નિયમિત રહી કાન સાંભળે તો ગાયન વખાણ નહિ, પણ ઈશ્વરભજન, ઉપદેશ સાંભળે, આંખ જુએ તો વિલાસી મનોરંજન નહિ, પણ ઈશ્વરદર્શન, આવી રીતે અનાસક્ત કર્મયોગ આરંભે તો કર્મયોગી ગણાય. મહાત્મા મિથ્યાચાર અને ફલની આશામાં પ્રીતિ છોડી કર્તવ્યબુદ્ધિ માની સેવાકાર્ય નિયમિત હંમેશાં કરતા હતા. સ્વાશ્રયી બનવા માટે હજામતનાં તમામ સાધન હથિયારો ખરીદી લીધાં. હાથે હજામત કરી વાળ કાપી કોર્ટમાં ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्षौरं कृत्वा स्वयं यातो न्यायालयमयं महान् ।
यथायथं न निपुणः केशच्छेदनकर्मणि ॥ १७
मूषकैः कर्तिताः केशा हास्यं मित्रैस्तदा कृतम् ।
स्वावलम्बनमाहात्म्यं सारल्यं जीवने तथा ॥ १८
कथितं नावबुद्धं तैः स्वपराश्रयवृत्तिभिः ।
हिन्दनां हृद्गतं दुःखं गौरैश्च न्यायवादिभिः ॥ १९
गौराणां नापितानां च रजकानां विशेषतः ।
अपमानं तदा प्राप्तं स्वाश्रयत्वेन मार्जितम् ॥ २०
बीजं स्वाश्रयवृक्षस्य रोपितं यन्महात्मना ।
तस्मिन्नवसरे जातो महन्मूलः शुभाङ्कुरः ॥ २१
फलितः सिञ्चनैर्वृक्षः पुष्पपल्लवसंयुतः ।
भविष्ये तद्रसो मिष्टः पीतो भारतवासिभिः ॥ २२

બાલ કાપવામાં કુશળતા ન હોવાથી બરાબર ન કપાયા એટલે તારા વાળને ઉંદરો કરડી ગયા કે શું. વગેરે મિત્રોએ હાંસી કરી આનો જવાબ આપ્યો કે આ હાંસી થાય છે, પણ સ્વાશ્રયનો પાઠ અને જીવનની સરળતા શીખ્યો છું. પણ આ જવાબ પરાધીન વૃત્તિઓવાળા તે મિત્રોએ સાંભળ્યો જ નહિ, કારણ કે ગોરા હજામો અને ધોબીઓ હિન્દીઓનાં કપડાં નહોતા ધોતા કે હજામત નહોતા કરતા. આ હિન્દીઓનું હૃદયદુઃખ તે ગોરા લોકો શું જાણે? એટલે વાત ન સાંભળી. આમ ગોરા હજામ અને ધોબીઓએ કરેલું અપમાન આ હિન્દી બારિસ્ટરે સ્વાશ્રયપણાથી ધોઈ નાંખ્યું. ૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦

સ્વાશ્રયનું આ બીજ પરદેશમાં મહાત્માજીએ રોપ્યું. સારા અવસરે તેમાંથી મહામૂલ્ય નવાંકુર ફૂટયા અને ભારતમાં આવ્યા પછી તેનું સિંચન કર્યું, તે ફૂલ ને ડાળી પાંદડાંવાળું મહાન વૃક્ષ દ્રાક્ષ જેવા ફળનું બન્યું, અને ભવિષ્યમાં તેનો મીઠો રસ, અરે તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ज्ञानेन्द्रियाणि मनसा नियम्य स्वस्य मोहनः ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तस्तच्चकार हि ॥ ૨૩

नियतं कुरु कर्म त्वं कर्मज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिध्येदकर्मणः ॥ ८

इत्युत्साहवतानेन राजसेवा कृता स्वयम् ।
धर्मं मत्वा तु सा सेवा सेवकोत्साहवर्धिनी ॥ २४

तद्वद्बोयरयुद्धे च गत्वा मित्रसमन्वितः ।
युद्धक्षतिमतां सेवां चकारौषधलेपनम् ॥ २५

अंग्रेजानां मतं स्वार्थे कुशलाः सर्वहिन्दिनः ।
परार्थसेवाकार्येषु भवेयुर्न रताः क्वचित् ॥ २६

तदसत्यमिति स्वस्य सेवाकार्याद्विशेषतः ।
ज्ञापितं गौरवर्णेभ्यः स्वमाहात्म्यं महात्मना ॥ २७

અખૂટ મીઠો રસમય ઝરો ભારતવાસીઓને, અરે જગતને પીવા મૂકી ગયા. મોહન પોતાની જ્ઞાનેન્દ્રિયોને મનથી નિયમમાં રાખી કર્મેન્દ્રિયો થી આસક્તિ વિના સેવારૂપ કર્મયોગ કરવા લાગ્યા. ૨૧–૨૨–૨૩

હે અર્જુન, નિર્યમિત કર્મ કર. કર્મ વિના રહેવું તેના કરતાં શુદ્ધ કર્મ કરવું તે શ્રેષ્ઠ છે. કર્મ વિનાના પુરુષની શરીરયાત્રા પણ બરોબર નભાં શકતી નથી. શરીરવ્યાપાર પણ અકર્મીનો બરોબર ન ચાલે. (અહીં ભગવાન નિયમિત કર્મની સદા માટે ભલામણ કરે છે.) ૮

આવા ઉત્સાહભર્યા શ્રીગાંધીજીએ પોતે રાજસેવા પણ સ્વીકારી અને પોતાની મિત્રમંડલી સાથે બોયર યુદ્ધમાં જઇને ઘાયલ સૈનિકોની સેવા કરી. ઔષધ લગાવવું ઘા ધોવા વગેરે કાર્ય કર્યું અને તેથી અંગ્રેજોનું માનવું હતું કે હિન્દીઓ સ્વાર્થી છે, પરાર્થ સેવા કરવામાં પ્રીતિવાળા નથી એ, ખોટું છે—એમ પોતાના વિશેષ સેવાકાર્યથી આ માન્યતા ખોટી છે એમ પુરવાર કરી બતાવ્યું. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रजाभिरधिकारार्थं कर्तव्यश्चेद् दृढाग्रहः ।
राज्यस्य रक्षणार्थं तु श्रमः कर्तव्य एव हि ॥ २८
यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचार ॥ ९
एकत्रिंशद्वयाः श्रीमानधिकारार्थमात्मनः ।
रुग्णानां सैनिकानां चाकरोत्सेवां स्वसंगिभिः ॥ २९
यदा ह्यंग्रेजराज्यस्य प्रजात्वेनाधिकारिणः ।
गौरा इव वयं तर्हि सेवायां स्यात्समानता ॥ ३०
युद्धे साहाय्यकरणमहिंसाधर्मिणः सदा ।
अयोग्यमिति धर्मार्थं रुग्णसेवा कृता स्वयम् ॥ ३१

અંગ્રેજોને પોતાનું માહાત્મ્ય સેવાપરાયણુતા બતાવી જે અંગ્રેજોને કબૂલ કરવું પડયું. ૨૪–૨૫–૨૬–૨૭

સિદ્ધાન્ત એ બતાવ્યો કે પ્રજાઓએ અધિકારો મેળવવા જો આગ્રહ કરવાનો હોય તો રાજ્યના રક્ષણુ માટે પરિશ્રમ કરવો જ પડે. ૨૮

યજ્ઞ માટે એટલે પરોપકાર માટે પ્રભુપ્રીતિ માટે કરેલાં કર્મો સિવાયનાં બધાં કર્મો લોકને બંધનકર્તા છે. માટે હે કુંતાપુત્ર, સંગને છોડી તું યજ્ઞ (પરોપકાર જનસેવા ઈશ્વરપ્રીતિ) માટે કર્મ કર. ૯

એકત્રીશ વર્ષના શ્રીગાંધીજી પોતાના અધિકાર માટે રોગી ઘાયલ સૈનિકોની સેવા પોતાના સંગીઓ મિત્રો સાથે કરવા લાગ્યા. જણાવ્યું કે જો બ્રિટિશ રાજ્યની પ્રજા તરીકે ગોરાઓ જેટલા જ અમો હક્કદાર છીએ એવું હિન્દીઓને કહેવું હોય તો સેવામાં પણ ગોરાઓની સમાનતાએ રહેવું જોઇયે.

યુદ્ધમાં શસ્ત્રથી સહાય કરવી એ અહિંસાવ્રતવાળાને અયોગ્ય અને ધર્મરહિત છે એવું જાણી ઘાયલની સેવા પોતે કરી. ૨૯–૩૦–૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १०
देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ११
असंगोऽयं फलाशायाः चकार जनसेवनम् ।
ईश्वरार्पणबुद्ध्या हि फलाशात्याजनादपि ॥ ३२
जनानां क्रियते सेवा स्वार्थं विषयवासनाम् ।
विहाय भावयुक्तेन यज्ञः सोऽयं न चापरः ॥ ३३
इति न्यायवतानेन याचयित्वा स्वयं कृता ।
सेवा बोयरयुद्धे च पीडितानां विशेषतः ॥ ३४
एस्कंबस्यापि संमत्या लोटनस्य मतेन च ।
विज्ञप्तिपत्रदाने स्वसेवार्थं लब्धमुत्तरम् ॥ ३५

યજ્ઞ સાથે પ્રજા ઉત્પન્ન કરી પહેલાં વિધાતા બ્રહ્માએ પ્રજાઓને કહ્યું જે આ યજ્ઞથી તમે વંશવૃદ્ધિ કરો, એ તમને ઇચ્છેલાં ફલ આપનાર થાઓ. (યજ્ઞ પરોપકાર ઈશ્વર પ્રીત્યર્થ કર્મ તમો દેવતાઓની ભાવના કરો (પોષો, સંભાળો) તે દેવતાઓ તમોને સંભાળશે. (પોષશે, પાળશે) આમ પરસ્પર પોષણભાવનાથી તમો બન્ને પરમ કલ્યાણ પામશો. ૧૦-૧૧

અસંગ એવા આ મનુષ્ય બુદ્ધિથી ફળની આશાથી સેવા કરતા ન હતા, પણ ઈશ્વરને અર્પણ કરવાની બુદ્ધિથી ફલાશા છોડી સેવા કરતા હતા. ૩૨

પોતાને માટે કામનાની અને વિષયની વાસનાઓ છોડીને ભાવપૂર્વક જનોની સેવા થાય એ જ પરમ યજ્ઞ છે બીજો નથી આ ન્યાયથી આ મહાપુરુષે બોઅર યુદ્ધમાં માગીને સેવા કરી. મિ. એસ્કંબ ગોરા વકીલ અને મિ. લોટન (વકીલ)ની સંમતિથી પોતાની સેવા આપવા માટેની અરજી પેશ કરી. સવિનય ઉત્તર મળ્યો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विनयेन भवत्सेवोपकारकरणी भवेत् ।
अभावादुपयोगस्य न्यक्कारः क्रियतेऽधुना ॥ ३६
निःस्वार्थयज्ञसेवाया आग्रहस्तु पुनः कृतः ।
आङ्गलवैद्येन बूथेन स्वीकृतिः कारितात्र तैः ॥ ३७
बूथदत्तोत्साहवता हिन्दिनां मण्डलं कृतम् ।
एकादशशता यूनश्चत्वारिंशत्सुनायकाः ॥ ३८
नराः संघे समागम्य सेवाकार्यै व्यवस्थिताः ।
पीडितानां व्रणवतां रुधिरक्षालनादिकम् ॥ ३९
रणक्षेत्राद् बहिर्देशं नयनं स्वीकृतं च तैः ।
औषधादिप्रयोगैश्च कृता सेवा स्वबन्धुवत् ॥ ४०
विंशतिक्रोशपर्यन्तं गमनं तद्दिने दिने ।
वहनं दोलिकायां च पीडितानां तथा कृतम् ॥ ४१

તમારી સેવા જરૂર ઉપકાર કરનારી છે, પણ હાલમાં જરૂર ન હોવાથી ના કહેવી પડે છે. આથી નિરાશ ન થતાં બદલો લીધા વિના (પગાર વિના) નિઃસ્વાર્થ સેવાનો ફરી આગ્રહ કરતી અરજી કરી. આ કામ ડૉ. બૂથને સોંપાયું, અને મિ. બૂથ ડૉક્ટરે તેમની સેવાનો સ્વીકાર કરાવ્યો. ૩૩–૩૪–૩૫–૩૬–૩૭

ડૉ. બૂથનો આપેલો ઉત્સાહ આવવાથી હિન્દીઓનું મંડલ બનાવ્યું. અગિયારસો અને ચાળીશ તેમના નાયકો સાથે સમૂહથી આવી આ હિન્દીઓએ વ્યવસ્થાપૂર્વક સેવા કરી. ઘાયલના ઘા ધોવા, રુધિર વગેરે સાફ કરવું, દવા લગાવવી અને સૈનિકોને યુદ્ધના મેદાનથી ઊંચકી બહાર લઇ જવા અને દવા કરવી, આ બધી સેવા મંડલી સાથે સ્વીકારી અને તેના નાયક ગાંધીજીએ ઔષધ વગેરેથી પોતાના ભાઇઓ માફક સેવા કરી. વીસ વીસ કોસ સુધી ઘાયલને ખભે લઇ જવું, ઝોળામાં લઈ જવું, આ બધું જ કાર્ય ઉત્સાહપૂર્વક કર્યું. ૩૮–૩૯–૪૦–૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥ १२
देवास्तेनाम्बरस्थाः स्युर्मानवा एव देवताः ।
शिक्षितं तन्मनुष्याणां देहेऽन्तःप्रभुदर्शनम् ॥ ४२
यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ १३
आतपश्रमयुक्तानां तृषितानां च टोमिनाम् ।
पाययित्वा जलं पूर्वमन्येषां तदनु स्वयम् ॥ ४३

આ દેવતાઓ યજ્ઞથી સંતુષ્ટ થયેલા તમને ઈચ્છેલા ભોગ આપશે. તેમણે આપેલા ભોગોને અન્ન ઘૃત ઈત્યાદિ વસ્તુઓને તેમને આપ્યા સિવાય જે ભોગવે છે તે અવશ્ય ચોર છે. ૧૨

(મનુષ્ય માત્રની ઇન્દ્રિયોના માલિક બધાને માટે એક જ દેવ છે. જેમ આંખનો માલિક સૂર્ય, જીભનો વરુણ વગેરે, તેથી વસ્તુઓ પોતે ન વાપરતાં બીજાઓને નિઃસ્વાર્થ વૃત્તિથી આપીએ તો તેથી ઇન્દ્રિયમાં રહેલા દેવો પ્રસન્ન થાય છે. આથી બદલાની આશા વિના બીજાં પ્રાણીઓને અંન્ન વગેરે આપવું તે યજ્ઞ છે.) આ દેવતાઓ આકાશમાં છે એમ ન જાણવું, માનવોના અંગમાં તે રહે છે, માટે માનવો એ જ દેવો છે. તે પોતાના ચારિત્ર્યથી મનુષ્યના દેહમાં પ્રભુની ભાવના અને દર્શન જનમાત્રને શીખવ્યું. ૪૨

યજ્ઞથી પરોપકાર વૃત્તિએ બીજાને ખવરાવેલું અન્ન તેથી બચેલા અન્નને ખાનાર સજ્જનો સર્વ પાપોથી મુક્ત બને છે. જે પાપીઓ પોતાને માટે રાંધે છે ને ખાય છે તે પાપ જમે છે. બીજા માનવની સેવા કરી નિઃસ્વાર્થ વૃત્તિએ અન્ન આપ્યા સિવાય ખાવાનો માનવનો ધર્મ નથી. આને અતિથિધર્મ કહે છે. આંગણે આવેલાને ભૂખ્યો રાખી જરૂર પાપ જમે છે. ૧૩

બોઅર યુદ્ધમાં તાપમાં તપેલા અને થાકેલા ટોમી-અંગ્રેજ લોકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पीतं जलं तदा सर्वैः प्रेमबद्धान्तरैस्तदा ।
हिन्दिभिष्टोमिभिस्तत्र खिस्तिभिर्युद्धसेवकैः ॥ ४४
स्वीकृतो नायकत्वेऽयं महात्मा नियमस्थितः ।
सेवायज्ञो जगत्प्रेम्णो मूलमित्येष निर्णयः ॥ ४५
अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ १४
कर्म ब्रह्मोद्भवं विधि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५
लोकसेवामहायज्ञः श्रमसाध्यः सदैव हि ।
स्वार्थहोमो धनत्याग आचार्यस्य तथर्त्विजाम् ॥ ४६

પાણી પાયા પછી સાથીઓને પાયું, છેવટે પોતે પીધું. ૪૩

આ પ્રમાણે યુદ્ધમાં ઘાયલની સેવામાં રોકાયેલા પરસ્પર પ્રેમથી રહેતા હિન્દિઓ ટોમીઓ અને ક્રિશ્ચિયનો સાથે જ પાણી પણ બીજાઓને આપ્યા પછી મહાત્મા અને સંગીઓ પીતા હતા. નિયમમાં કટિબદ્ધ એવા ગાંધીજીને બધાએ પ્રેમથી નાયક બનાવ્યા. સેવાયજ્ઞમાં નાયક બનવાનું પણ સુખકર નથી. હુકમ ચલાવવાનો નથી, પણ મહેનત વધારે અને ખાનપાન છેલ્લું. આ રીતે સેવાયજ્ઞ એ જગત ઉપરના પ્રેમનું મૂળ છે તે નિશ્ચય થયો. ૪૪–૪૫

અન્નથી પ્રાણીઓ જન્મે છે, વરસાદથી અન્ન પાકે છે, યજ્ઞથી વરસાદ થાય છે, યજ્ઞ કર્મથી થાય છે. ૧૪

કર્મ બ્રહ્મથી (વેદથી પ્રકૃતિથી) ઉત્પન્ન થાય છે. વેદ પ્રકૃતિ બ્રહ્મ અક્ષર બ્રહ્મથી ઉત્પન્ન થાય છે. માટે સર્વ વસ્તુમાં રહેલું બ્રહ્મ યજ્ઞમાં રહેલું છે એમ નિશ્ચય જાણ. ૧૫

લોકસેવારૂપ મહાયજ્ઞ શ્રમથી જ સદા બને છે. તેમાં સ્વાર્થનો હોમ અને ધનનો આહુતિ–ત્યાગ કરવો પડે છે. આચાર્ય અને ઋત્વિજો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्येषु यज्ञकार्येषु लौकिके वैदिके तथा ।
मिष्टान्नभोजनं होमो घृतस्य द्रव्यदक्षिणाः ॥ ४७
सेवायज्ञे द्रव्यहानि र्दण्डो नीरस भोजनम् ।
काराग्रहनिवासः स्यादाचार्यर्त्विजदक्षिणाः ॥ ४८
आध्यात्मिकतपःसाध्यप्राणपूर्णाहुतिप्रदः ।
दुःखत्यागश्रमैः पूर्ण आरब्धोऽलौकिकोऽध्वरः ॥ ४९
षड्सप्ताहात्मको यातः सार्धमासेन पूर्णताम् ।
समाप्तिमगमत्सोऽयं रुग्णसेवामहामखः ॥ ५०
अंग्रेजैर्वर्णिता ख्यातिर्हिन्दिनां प्रेमतस्तदा ।
गानं कृतं हिन्दिनो हि राजकर्माधिकारिणः ॥ ५१
दत्तानि स्वर्णपत्राणि बूलराख्याधिकारिणा ।
पुस्तके वर्णिता सेवा राजनिष्ठाऽत्र हिन्दिनाम् ॥ ५२

ને સ્વાર્થ હોમ ધનત્યાગ કરવો પડે છે. બીજા યજ્ઞોમાં તો ઘીનો હોમ અગ્નિને અને મિષ્ટાન્ન ભોજન અને દ્રવ્યરૂપ દક્ષિણા આચાર્ય અને ઋત્વિજો હોમના બ્રાહ્મણો વગેરેને મળે છે ત્યારે સેવાયજ્ઞમાં તો દ્રવ્યની હાનિ અને રાજ્યનો દંડ દ્રવ્યત્યાગ સ્વાદ વિનાનું નીરસ ભોજન, કદાચ જેલનિવાસ વગેરે આચાર્ય અને ઋત્વિજોને દક્ષિણા (મળે છે) મળી રહે છે. ૪૬–૪૭–૪૮

આધ્યાત્મિક જ્ઞાન અને તપથી સાધ્ય આ મહાયજ્ઞ છે. અને એમાં કદાચ પૂર્ણાહુતિ પ્રાણની પણ આપવી પડે છે. દુઃખ ત્યાગ અને શ્રમથી ભરેલો આવો કઠણ અલૌકિક સેવાયજ્ઞ આફ્રિકામાં આત્મસંતોષને માટે આ મહાત્માએ આરંભ્યો. અને એ છ અઠવાડિયા એટલે દોઢ માસે આ યુદ્ધના ઘાયલ કેદીઓની સેવારૂપ યજ્ઞ પૂરો થયો. ૪૯–૫૦

અંગ્રેજોએ હિન્દીઓની ખ્યાતિ વર્ણવી. પ્રેમથી હિન્દીઓના ગુણગાન કર્યાં. બૂલર નામના અધિકારીએ રાજ કર્મધિકારી પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ १६

परंपराप्रचलितः सेवायज्ञः सनातनः ।
समाविष्टो यदा स्वार्थे धर्महानिः परा मता ॥ ५३

विहाय परमार्थं तं जनसेवात्मकं मखम् ।
कामात्मा स्वार्थसंलग्नो वृथा भस्त्रेव जीवति ॥ ५४

अग्निवर्षामये क्षेत्रे गमनं सखिभिः सह ।
त्यक्त्वा स्पृहां जीवने स्वे कार्यं लोकोत्तरं कृतम् ॥ ५५

સુખીઓને ચાંદ અપાવ્યા અને હિન્દીઓની રાજનિષ્ઠાના લેખો લખ્યા. અને હિન્દીઓ સામ્રાજ્યના વારસ છે એવાં ગીતો ગવાયાં. ૫૧–૫૨

આ પ્રમાણે ચાલતુ આવેલું ચક્રને જે અનુસરતો નથી તેનું જીવન પાપમય છે. એ ઈન્દ્રિયોને આરામ આપનાર વિલાસી છે. તેનું જીવન વ્યર્થ છે. તે જીવી કાંઈ જ કરી શકતો નથી મિથ્યા જીવે છે.

પરંપરાથી માણસે માણસની સેવા કરવી જ જોઈએ તે પ્રમાણે ચાલતો સેવા યજ્ઞ સનાતન છે, અને સ્વાર્થમાં ખપાવીએ તો ધર્મની હાનિ થાય છે. આવા પરમાર્થરૂપ જનસેવા રૂપ મહાયજ્ઞ જો કામનાઓ વાળો સ્વાર્થી મનુષ્ય ધન માન કે વિલાસ માટે યોજે છે, તેનું જીવન લુહારની ધમણ જેવું શ્વાસોશ્વાસ લેતાં છતાં મરેલા જીવ જેવું છે. જ્યાં અગ્નિની વૃષ્ટિ થાય એટલે તોપના ગોળાઓ ધડાધડ છૂટે છે તે જગાએ મિત્રો સાથે જીવવાની પણ દરકાર છોડી વારંવાર જઈ મહાત્માજીએ લોકોત્તર કાર્ય કર્યું. ૫૩–૫૪–૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ १७

निर्दोषास्ते भवेयुर्ये पूर्वद्वेषपरायणाः ।
प्रशंसकाः प्रेमवन्तो राजकर्माधिकारिणः ॥ ५६

रोबर्ट्सनस्य पुत्रोऽपि लेफ्टनन्टो मृतो युधि ।
आतपे तच्छवं नीत्वा संस्कारो हिन्दिभिः कृतः ॥ ५७

साम्राज्यस्य प्रजात्वेन हिन्दिनः समभागिनः ।
अधिकारेषु काव्यानि गीतान्यत्राधिकारिभिः ॥ ५८

परोपकारिणश्चैते सर्वत्र ख्यातिमागताः ।
हिन्दिनां वर्णिता सेवा राजभक्तिश्च सुस्थिरा ॥ ५९

જે આત્મામાં રમણ કરનાર પ્રીતિ કરનાર છે આત્મપ્રાપ્તિ કે આત્મજ્ઞાનથી જ તૃપ્ત થનારો છે અને આત્માને (પોતાના પ્રભુને) ઓળખવામાં જ જેને પૂર્ણ સંતોષ છે તેને કંઈ કાર્ય બાકી નથી. ૧૭

આ ગાંધીજી જેવા આત્મનિષ્ઠ પુરુષે કરેલી સેવાથી જે પહેલાં તેમના તરફ દ્વેષ રાખતા હતા તે નિર્દોષ થયા અને એવા દ્વેષવાળા રાજ્યના અમલદારો પણ હવે પ્રેમવાળા અને વખાણ કરતા થયા. રોબર્ટ્સનનો પુત્ર લેફ્ટન્ટ રોબર્ટ્સન યુદ્ધમાં મરણ પામ્યો તેના શબને લઈ હિન્દીઓએ ખરા તાપમાં સંસ્કાર કર્યા ત્યારે જ હિન્દીઓ બ્રિટિશ સામ્રાજ્યના સમાન હકકદાર છે એવા કાવ્યો અધિકારીઓએ ગવરાવ્યાં અને પરોપકારી હિન્દીઓ છે એની ખ્યાતિ પામ્યા. તેમની સેવા અને રાજ્યભક્તિ સ્થિર ગણાઇ. ૫૬–૫૭–૫૮–૫૯

પોતાના સાથે રહેલાઓ બીજાઓને પહેલાં ખવડાવી પાણી પિવરાવી પછી પોતે ખાવું પીવું આ સનાતન ધર્મ હિન્દીઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पाययित्वा भोजयित्वा जनानन्यान् स्वसंगिनः ।
पश्चात् स्वयं तु भोक्तव्यमेष धर्मः सनातनः ॥ ६०
बोयराख्ये महायुद्धे रुग्णसेवादिधर्मिणा ।
शिक्षितं तच्च सर्वेषां यज्ञकर्म महात्मना ॥ ६१
नैव तस्य कृतेनार्थो नाकृतेनेहकश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थ व्यपाश्रयः ॥ १८
तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन् कम परमाप्नोति पूरुषः ॥ १९
आसक्तिरहितः सोऽयं बाह्याभ्यन्तरशुद्धये ।
सत्याहिंसाव्रती नित्यमाचारे स्वच्छताप्रियः ॥ ६२
मलिना हिन्दिनः सर्वे कलङ्कंहिन्दवासिनाम् ।
मोहनस्तद्विचारेण तन्मार्जनकृतश्रमः ॥ ६३

મુખ્ય લક્ષણ છે. બોર યુદ્ધમાં ઘવાયેલાઓની સેવા કરતા મહાત્માજીએ આ યજ્ઞકાર્ય સંગીઓને શિખવ્યું. ૬૦–૬૧

આવા આત્મનિષ્ઠ (બધા માનવોમાં પોતાની જાત પ્રમાણે દુઃખ ને અનુભવતા) પુરુષને વધારે કરવાથી કંઇ અર્થ નથી. ન કરે તો ઓછું કરે તો કાંઈ હાનિ નથી. સર્વ પ્રાણીઓમાં આવા પુરુષને કાંઈ પણ અંગત સ્વાર્થ સાધવાનો હોતો નથી–અગર સ્વાર્થનો નાશ થતો નથી. માટે આસકિત (મોહ) છોડીને કર્તવ્ય કર્મને નિરંતર કર્યા કર! આસકિત છોડી કર્મ કરનાર પરમ પુરુષને મળે છે, મોક્ષ પામે છે. ૧૮–૧૯

(જ્ઞાનમાર્ગથી) (ભક્તિમાર્ગથી) ઈશ્વરનો સાક્ષાત્કાર અનુભવે છે. આસકિતરહિત (મોહરહિત) આ મહાત્મા બહારની (શરીરની) અને અંદરની (મનની) શુદ્ધિને માટે સત્ય અહિંસા બ્રહ્મચર્યના વ્રતવાળા, આચારમાં સ્વચ્છતા જેને બહુ જ પ્રિય છે એવા મોહને હિન્દીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २०
यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
सयत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१
महामारीप्रसङ्गेन जनानां रोगमुक्तये ।
स्वच्छताशिक्षणार्थाय स्वमण्डलसमन्वितः ॥ ६४
प्रययौ लोकसंस्कारायोपदेशेन सेवया ।
शुद्ध्यर्थं देहगेहान्तं डर्बने च प्रतिगृहम् ॥ ६५
न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२

મેલા છે ગંદા છે એવા કલંકને પોતાના ચારિત્ર્ય અને ઉપદેશથી ધોવાનો પરિશ્રમ કર્યો. ૬૨–૬૩

જનક વગેરે આત્મજ્ઞાની રાજાઓ (પુરુષો) કર્મ વડે જ સિદ્ધિને પામ્યા છે, માટે લોકસંગ્રહ (લોકોને શીખવવાનું) જોતાં પણ તારે કર્મ કરવાં જોઈએ. ૨૦

ઉત્તમ પુરુષો (જગત અને સમાજમાં મોટા ગણાતા પુરુષો) જે કામ કરે છે તેનું બીજા માણસો અનુકરણ કરે છે; તે જેને પ્રમાણરૂપ ગણે છે તેને જ બીજા માણસો અનુસરે છે. ૨૧

આ પ્રમાણે લોકસંગ્રહ માટે ગાંધીજી જ્યારે મરકી ફાટી નીકળી ત્યારે મનુષ્યોને મરકીના ભોગથી બચાવવા સ્વચ્છતા શીખવવા માટે પોતાની મંડલી સાથે ઉપદેશથી અને સેવાથી લોકોનાં શરીર અને ઘરની ચોખ્ખાઈ માટે ડર્બનમાં ઘેર ઘેર નીકળ્યા (અને સ્વચ્છતાનો પાઠ આપ્યો). ૬૪–૬૫

હે અર્જુન, મારે ત્રણ લોકમાં કંઇ પણ કાર્ય (બાકી) નથી, કંઈ પણ નથી મળ્યું એમ નથી કે કાંઈ મેળવવાનું નથી, છતાં હુ કામમાં પ્રવૃત્ત રહું છું. ૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दृश्यन्ते विभुकार्याणि सूर्यचन्द्रादिभिः सदा ।
अशरीरः कथं कुर्यादिति शंका निरर्थका ॥ ६६
अपाणिपादो जवनो ग्रहीतेति श्रुतेर्मता ।
तदसङ्गो ह्यलिप्तश्च यन्त्रवत्कर्म मानवः ॥ ६७
करोति नियतस्तस्य मोक्ष एव न संशयः ।
यथेश्वरस्तथा सोऽयं निर्मलः परमः शुचिः ॥ ६८
इति वाक्यानुसारेण स्वाज्ञया स्वान्तरात्मनः ।
निःस्वार्थश्चाप्यनासक्तो विज्ञप्तिं प्रतिमानवम् ॥ ६९
चकार कृपया युक्तो विनयेन सदाग्रहात् ।
अपमानं क्वचिज्जातमनिच्छा नयपूर्विका ॥ ७०
राजपक्षे यथा लोकैः साहाय्यं दत्तमादरात् ।
तथा ते न स्वधर्मेषु स्वच्छतायां कृतादराः ॥ ७१

પરમાત્માનાં કાર્યો સૂર્ય ચંદ્ર વગેરેથી સદા જણાય છે. એ નિરાકાર પ્રભુ શરીર વિનાના કામ શી રીતે કરતા હશે. એ શંકા હાથ પગ વિનાનો છતાં જોરથી દોડે છે અને પકડે છે" એ શ્રુતિથી નિરર્થક છે, માટે મનુષ્યો પણ ઈશ્વર પ્રમાણે વિરક્ત અને અલિપ્ત રહી યંત્ર પ્રમાણે કામ કરે તો તેનો નિશ્ચય મોક્ષ થાય છે અને જેવો ઈશ્વર છે તેવો તે સદા નિર્મલ અને પવિત્ર રહે છે.

આ વચન પ્રમાણે પોતાના અન્તરાત્માની આજ્ઞાથી મોહ અને આસક્તિ છોડી નિઃસ્વાર્થ રીતે દરેક ઘેર મનુષ્યોને સ્વચ્છતા માટે વિનંતિ કરી દયાળુ એવા આ પુરુષે આગ્રહપૂર્વક વિનયથી લોકોને સમજાવ્યા છતાં કોઈએ અપમાન કર્યું, કોઈએ વિનયપૂર્વક અનાદર કર્યો. રાજ્યની બાબતમાં જેવો લોકોએ આદરપૂર્વક સાથ આપ્યો તેટલો અને તેવો સ્વચ્છતાની બાબતમાં પોતાના સુખ અને ધર્મને માટે સાથ ન આપ્યો. ૬૭-૬૭-૬૮-૬૯-૭૦-૭૧

જો હું જરાપણ અસાવધાન રહ્યા સિવાય કે આળસ કર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदि ह्ययं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ २३

सेवाकार्ये न सेव्यस्य स्पृहा स्यात्सेवकस्य हि ।
धैर्येणैव भवेत्कार्यं नम्रतात्यागवृत्तिभिः ॥ ७२
शुद्ध्यर्थं शुद्धिकर्तुस्तु स्वार्थस्येव भवेत्स्पृहा ।
तदा सामाजिकं कार्यं भवेदेव न चान्यथा ॥ ७३
अपमानाद्विरक्तश्चेन्नाकरिष्यत्परिश्रमम् ।
महात्मा तत्र कार्यं च नाभविष्यद्यथायथम् ॥ ७४

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४

સિવાય કર્મમાં પ્રવૃત્ત ન રહું તો હે અર્જુન, લોકો તરત સર્વ રીતે મારા માર્ગનું અનુકરણ કરે. ૨૩

(લોકસ્વભાવ એવો છે કે મહાપુરુષના સારા ગુણોનું અનુકરણ કરતાં થોભે, પણ આળસ વગેરેનું તુરત જ અનુકરણ કરવા મંડી પડે કારણ તેમાં સરળતા મળે છે સારા ગુણોનું અનુકરણ કરતાં વિચારને, હેતુ શોધે પણ દુર્ગુણો માટેનો વિચાર પણ કરવા ન રહે). સેવાના કામમાં જેની સેવા કરવી છે તે સેવ્યની ઇચ્છા જોવી પડતી નથી, પણ તેને અનુકૂળ થવામાં સેવા કરનારની ઇચ્છા અને ઉત્સાહની જરૂર છે, એથી સેવા કરનારને ધીરજથી નમ્રતાથી અને ત્યાગવૃત્તિથી પોતાનું કામ સરળ બનાવી શકાય છે. સ્વચ્છતા લોકોને શીખવવા માટે તો શુદ્ધિ કરનારની જ જાણે ગરજ કે સ્વાર્થ હોય તેમ સ્પૃહા રાખવી પડે છે. ત્યારે જ સામાજિક કાર્ય બને છે, નહિ તો રખડી પડે છે. જો અપમાનથી સ્વચ્છતાના કામમાં વિરકત થઈ કામ ન કર્યું હોત તો કામ ખરેખર ન થયું હોત. ૭૨-૭૩-૭૪

હું જો કર્મ ન કરું તો આ બધા લોક નાશ પામે અને હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तद्वद्विचारितं तत्र स्वचित्तं तन्महात्मना ।
विरक्ते मयि नश्येयुर्मालिन्येनात्र हिन्दिनः ॥ ७५
विरोधस्यापमानस्य देहहानेस्तथा क्वचित् ।
परिणामं विचार्यैषः समाजस्याग्रणीर्भवेत् ॥ ७६
सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५
लोकसंग्रहकार्येऽपि नासक्तिर्यशसः शुभा ।
जनकल्याणकार्येषु ह्यनासक्तो विशिष्यते ॥ ७७
कर्ता यत्र जनानां च श्रेयः पश्यति सर्वथा ।
दुःखं तत्र सदारम्भे लोकः पश्यति निश्चयम ॥ ७८

સંકર ભેળસળ અવ્યવસ્થાનો કરનારો બનું અને આ પ્રજાનો નાશ કરનારો થાઉં. ૨૪

આ વિચાર પોતાના ચિત્તમાં મહાત્માએ કરી લીધો અને આ લોકોના અપમાન કે અનાદરથી હું જો રોકાઈશ તો મલિનતાથી મરકી વધશે અને હિન્દીઓ બધા નાશ પામશે, જેથી વિરોધ, અપમાન અને દેહના નાશનું પણ પરિણામ વિચાર્યા વિના જે કાર્ય કરે છે તે જ સમાજનો આગેવાન બને છે. ૭૫–૭૬

હે ભારત, કર્મમાં મોહ રાખી અજ્ઞાની લોકો કર્મ કરે છે (પોતે તેના યશ કે લાભના ભાગીદાર થવા માગે છે), પણ જ્ઞાની પુરુષો આસક્તિ છોડીને લોકોના સંગ્રહ માટે એટલે લોકના આદર્શ અને કલ્યાણ માટે જ કર્મ કરે છે. ૨૫

લોકકલ્યાણ કાર્યમાં જે કીર્તિ કે પ્રતિષ્ઠા વધે લોકો વખાણે તેનો મોહ છોડી જનકલ્યાણનો વિચાર કરનાર હોય તે જ શ્રેષ્ઠ છે. ૭૭

લોક કલ્યાણ અર્થે કાર્ય કરનાર જે કામમાં બધી રીતે લોકોનું કલ્યાણ જુએ છે તે કાર્યમાં લોકો તો આરંભે પોતાને દુઃખ અને ઉપાધિ છે એમ જ જુએ છે. (કારણ આવો દષ્ટિભેદ લોક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ २६
लोकमानसवेत्तायं निष्कामः परमार्थकृत् ।
कारयामास तत्कार्यं प्रेम्णा :धैर्येण हिन्दिभिः ॥ ७९
मलापकर्षकार्येषु सालसा हिन्दिनस्तदा ।
गृहाङ्गणस्वच्छतार्थं सावधानाः कृतास्ततः ॥ ८०
प्रशंसापात्रमेतद्धि जातं राज्याधिकारिणाम् ।
राजपक्षे यथा तद्वत्स्वकार्ये मोहनो दृढः ॥ ८१

સ્વાભાવમાં છે. તે પરિણામ દ્રષ્ટિ વિનાના હોય તેથી **यत्तदग्रेविष-मिव** એ નિયમ પ્રમાણે પરિણામે લાભકર્તા કામ પહેલાં વિષ જેવું લાગે છે.) ૭૮–૭૯

વિદ્વાન અને જ્ઞાની પુરુષે અજ્ઞાનીઓ ઉત્સાહ પૂર્વક મોહ રાખી કર્મ કરતા હોય તે ગમે તેવુ હોય પણ તેમની બુદ્ધિને ચલિત તેમાંથી ન કરવી (કારણ તેથી તે કામ છોડી દઈ નિષ્ક્રિય બને છે). ૨૬

પણ જ્ઞાનીએ સમાનતા રાખી તેમના દેખતાં મૌનપણે યોગ્ય કાર્ય કરી બતાવવું ને તેમને પાઠ આપવો. (એટલે એ લોકો પોતાના દોષ સમજી બરોબર કરવા માંડશે).

લોકોના મનને ઓળખનાર નિ:સ્વાર્થ કર્મ કરનાર આ મહા-પુરુષે કંટાળ્યા વિના પ્રેમથી ધીરજથી ઉપદેશથી સ્વચ્છતાનું કામ હિંદીઓને સમજાવી ગંદકીના સંકટવાળા આળસુઓ એવા હિન્દી-ઓને પોતાનાં ઘર અને આંગણાં સાવધાનપણે સ્વચ્છ રાખતા બનાવ્યા (કર્યા). ૮૦

રાજ્યાધિકારીઓએ પણ મહાત્માનાં વખાણ કર્યાં. જેમ રાજ્ય-ના કામમાં મોહન નિશ્ચય બળવાન હતા તેમ પોતાના અને સમાજના દરેક કામમાં નિશ્ચય બળવાળા વિચારપૂર્વક હતા. ૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

व्ययेऽपि कृपणा नित्यं परदेशनिवासिनः ।
शरीरश्रमकार्येऽपि गृहस्थाः सर्वदालसाः ॥ ८२

महात्मना प्रयत्नेन विनयेन च सेवया ।
धैर्येण स्ववशं नीत्वा कृताः शुद्धास्तु हिन्दिनः ॥ ८३

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७

रोगोपद्रवशान्त्यां तु पुरशुद्ध्यधिकारिणः ।
प्रयत्नः सफलः स्वानाममन्तयनातिमोहिताः ॥ ८४

लोकानां सहकारश्चेन्न प्राप्तः स्यात्कदापि हि ।
शुद्धताकार्यसाफल्यं न स्याज्ज्ञातं महात्मना ॥ ८५

પરદેશમાં રહેતા (દ્રવ્ય માટે પરદેશ સેવતા) પૈસાની બાબતમાં કૃપણ હોય છે ત્યારે ગૃહસ્થે (મૂડીવાળાઓ) શરીરની મહેનત હોય ત્યાં પાછા પડે છે. મહાત્મા ગાંધીએ સેવાથી વિનયને ધીરજથી પરિશ્રમ લઈને આમાં ફેરફાર કરાવ્યો. કૃપણોને ઉદાર બનાવ્યા અને ગૃહસ્થોને શરીરમહેનત કરતા કર્યાં. આમ હિન્દીઓને પોતાને વશ કરી શુદ્ધ અને સાદા કર્યાં. ૮૨–૮૩

જગતનાં બધાં કામ પ્રકૃતિ (માયા) ના ગુણો કરે છે, પણ અહંકારથી મૂઢ બનેલો પુરુષ હું કરું છું તેમ માને છે. ૨૭

જેમ અગ્નિ પાણી અને અન્નના સંયોગ વિના રંધાય નહિ પણ અગ્નિની સહાયથી રાંધવા છતાં રસોઈ મેં કરી તેમ માણસ માને છે. તેમ મરકી શાન્ત પડી. તેમાં મ્યુનિસિપલ અધિકારીઓ પોતાના પ્રયત્નની સફળતા મોહથી માનવા લાગ્યા, પણ લોકોનો સહકાર અને મહાત્માનો પરિશ્રમ ન હોત તો તે સફળ ન થાત એમ મહાત્માએ માન્યું. ૮૪ ૮૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ २८

इत्यत्र कीर्तिपात्रस्य मता लोकास्तु भागिनः ।
परिश्रमं स्वयं कृत्वा तदनासक्तिलक्षणम् ॥ ८६

प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ॥ २९

मूढानां तु फलासक्तिः पोषिता चाधिकारिणाम् ।
अज्ञानिनोऽप्यहंकारात्कर्तारो नैव चालिताः ॥ ८७

सर्वेभ्यो विश्वदेशेभ्यो निर्धनो भारतः सदा ।
[૭]सप्ता[૯]ङ्क व[૮]सुच[૧]न्द्रस्थे वर्षे[૯]ऽङ्कां[૯]ङ्का[૮]ष्ट
[૧]भूमिते ॥ ८८

પણ હે મહાબાહો, તત્ત્વજ્ઞાની પુરુષ ગુણ અને કર્મના ભાગનાં રહસ્યને સમજનાર ગુણો ગુણોમાં રહી તેનું કામ કરે છે એમ સમજી ગુણોમાં (અહંકારથી મોહ પામી) જોડાતો નથી કે મોહ પામતો નથી. ૨૮

આ પ્રમાણે આ મરકી વિનાશ માટે સ્વચ્છતાના કામમાં જે યશ મળ્યો તેમાં સંગીઓ સરકાર અને બીજા ભાગીદાર બન્યા. પરિશ્રમ મહાત્મા ગાંધીએ કર્યો, યશ સંગીઓ અને લોકોને અપાવ્યો એ જ અનાસકિતનું લક્ષણ છે. ૮૬

પ્રકૃતિ માયાના ગુણમાં મોહ પામેલા પુરુષો તે ત્રણ ગુણોનાં કામો જેવાં કે વિચાર મનન હાસ્ય-કીર્તિ-પ્રીતિ-પ્રમાદ નિદ્રા ઈત્યાદિમાં આસક્ત રહે છે. (ત્રણ ગુણોનાં કાર્યો સત્તરમા અધ્યાયમાં કહેશે.) આવાં ગુણકાર્યોમાં આસક્ત પૂરું નહિ સમજનારા મંદબુદ્ધિ માણસોને જ્ઞાનીએ પોતાના કામમાંથી ચલાયમાન કરવા નહિ, જેમ કરે તેમ કરવા દેવું. ૨૯

આ બધાં શ્રીકૃષ્ણનાં ગીતાવાકયોના સાચાપણાને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आङ्ग्ले वर्षे सुदुष्कालो भारते सहसा स्थितः ।
साहाय्यमर्थविषये कार्यं भारतवासिनाम् ॥ ८९

देहस्थं परमात्मानं ज्ञात्वा जीवं तदंशजम् ।
सेवकः स्वामिनं सर्वं चार्पयित्वा सुखी भवेत् ॥ ९०

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्धस्व विगतज्वरः ॥ ३०

ચારિત્ર્યથી બતાવતા શ્રીગાંધીજી સત્ય અહિંસા ઇત્યાદિ વ્રતથી વિવિધ પ્રકારના લોકોની સેવા કરવા લાગ્યા.

(ઉપર્યુક્ત શ્લોકના વાકય પ્રમાણે વિવિધ લોકોના વિવિધ વર્તનને જાણતાં છતાં શ્રીગાંધીજી ચલાવી લેતા અને પ્રેમથી ચારિત્ર્યથી તેમના જીવનમાં ફેરફાર સમય આવે કરાવતા).

આ પ્રમાણે મૂઢ મ્યુનિસિપલ રાજ્યાધિકારીઓની ફલની આસક્તિ પોષી અને અહંકારથી કાર્યકર્તા અજ્ઞાનીઓને ન રોકયા. (પોતે અલગ રહીને સેવાભાવે કાર્ય કર્યું.) જગતના બધા દેશો કરતાં ભારત પ્રથમથી જ નિર્ધન છે તેમાં વળી સને ૧૮૯૭માં પ્રથમ દુકાળ પડયો અને ૧૮૯૯માં બીજો દુકાળ પડયો એટલે ભારત દુષ્કાળ ફંડમાં અમુક રકમ દક્ષિણ આફ્રિકાથી મોકલવી તેવો વિચાર શ્રીગાંધીજીને થયો. ૮૭ ૮૮ ૮૯

આધ્યાત્મિક ચિત્તવૃત્તિ રાખી તે વડે બધાં કર્મો મને અર્પણ કરી આશા અને મમત્વ છોડી મોહ રાગ વિનાનો બની યુદ્ધ કર. દેહમાં રહેલા પરમાત્માને ઓળખી જીવ તેનો અંશ પોતે છે એમ જાણી સેવક સ્વામીની ઓથે રહે તેમ તેને બધું અર્પણ કરી સુખી થાય તેજ ઉત્તમ છે (આ શ્લોકનો એ ભાવ અક્ષરશઃ શ્રીવલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તને મળતો છે). ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तथाशां ममतां चापि त्यक्त्वान्तस्तापमादरात् ।
विश्वासेनेश्वरस्यामुं कार्यभारं पदाब्जयोः ॥ ९१
संस्थाप्य श्रीहरिं स्मृत्वा भारतार्थं प्रयत्नतः ।
द्रव्यादानाय विज्ञप्तिं चकारांग्रेजहिन्दिनः ॥ ९२
सफलो मोहनः शुद्धो द्रव्योपार्जनकर्मणि ।
भारतं प्रेषितं द्रव्यमौदार्येण महात्मना ॥ ९३
सत्यामृतफलो वृक्ष आश्रितश्चेद्यदा यदा ।
अत्यन्तफलदाता स्यान्मूलाधो रत्नदायकः ॥ ९४

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥ ३१

ઉપર પ્રમાણે આશા મળતાં અને અન્તરના તાપને ચિન્તાને છોડીને ઇશ્વરના વિશ્વાસે બધો જ કાર્યભાર તેના ચરણકમળમાં સોંપી શ્રી હરિનું સ્મરણ કરતાં ભારત માટે દુકાળફાળો એકઠો કરવામાં શુદ્ધ કાર્ય પ્રમાણે શ્રી ગાંધીજી મોહનદાસ સફળ થયા. ઉદારતાથી બધું દ્રવ્ય મહાત્માજીએ ભારત મોકલ્યું. દ્રવ્ય આપવા અંગ્રેજો અને હિન્દીઓને વિજ્ઞપ્તિ કરી અને અંગ્રજોએ પણ દ્રવ્ય આપ્યું. સત્યરૂપી વૃક્ષ અમૃત ફળને આપનારું છે, તેનો જ્યારે જ્યારે આશ્રય લેવાય ત્યારે ત્યારે અત્યન્ત અમૃત ફળો આપે છે અને તે સમુદ્રમાં જેમ ઊંડા ઉતરીએ તેમ તેમ રત્ન મળે છે. ૯૦-૯૧-૯૨-૯૩-૯૪.

પણ જે મનુષ્યો શ્રદ્ધાપૂર્વક અને દ્વેષને છોડીને મારા અભિપ્રાયને અનુસરે છે તેઓ પણ બધાં કર્મોના બંધનમાંથી છૂટી જાય છે. ૩૧

શ્રીકૃષ્ણનાં આ વચનોના સત્યપણાને ચારિત્ર્યથી બતાવતા શ્રીગાંધીજીએ અહિંસા અને સત્ય વ્રત વડે જનસેવા સાધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्यतां कृष्णवाक्यानां स्वचारित्र्येण दर्शयन् ।
सत्याहिंसाव्रतेनैव साधितं जनसेवनम् ॥ ९५
विस्मृत्य देहसौख्यं च स्त्रीपुत्रधनसंचयम् ।
विश्वबन्धुत्वधर्मेण सेवास्य जगतः कृता ॥ ९६
ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढास्तान्विद्धि नष्टानचेतसः ॥ ३२
सेवायज्ञस्य माहात्म्यं पुरा कृष्णेन दर्शितम् ।
स्वचारित्र्येण जगते दर्शितं तन्महात्मना ॥ ९७
सर्वधर्मैतिहासेषु धर्मशास्त्रेषु हिन्दुनाम् ।
जीवसेवासमं नास्ति सत्कार्यं धर्मसंमतम् ॥ ९८
विरुद्धाचारचरिता भगवद्वाक्यतस्तु ये ।
जाता जनिष्यमाणा ये जायमानाश्च मानवाः ॥ ९९
मूढाः कल्याणरहिता अज्ञानतमसि स्थिताः ।
भविष्यन्ति त्वभद्रास्ते सदा निष्फल जीवनाः ॥ १००

દેહના સુખને સ્ત્રી પુત્રાદિકને અને ધન એકઠું કરવાનું પણ ભૂલીને વિશ્વબંધુપણાના ધર્મ વડે આ જગતની સેવા કરી. ૯૫-૯૬

જે મારા ઉપર પ્રમાણેના મતનો દોષ જાણીને જો દ્વેષ કરી મારા અભિપ્રાયને અનુસરતા નથી તે બધા જ્ઞાનમાં મૂઢ છે અને હે અર્જુન, તું તે બધી રીતે નાશ પામેલા અને ચિત્તરહિત છે એમ જાણ. ૩૨

સેવાયજ્ઞનું માહાત્મ્ય શ્રીકૃષ્ણે અર્જુનને પહેલાં બતાવ્યું હતું તે પોતાના ચારિત્ર્યથી મહાત્માજીએ જગતને બતાવ્યું. ૯૭

સર્વ ધર્મના ગ્રંથોમાં, ઇતિહાસમાં, અને હિન્દુઓનાં ધર્મ-શાસ્ત્રોમાં જીવસેવા સમાન ધર્મને માન્ય એવું બીજુ સત્કાર્ય નથી. ભગવાનના વાકયથી વિરુદ્ધ આચાર અને ચારિત્ર્યવાળા એવા ઉત્પન્ન થયેલા ઉત્પન્ન થતા કે ઉત્પન્ન થનારા જે મનુષ્યો છે તે અજ્ઞાનરૂપી અંધકારમાં ફસાયેલા મૂળ કલ્યાણ વિનાના અને અભદ્ર અમંગળરૂપ નિષ્ફલ જીવનવાળા (સમજવા) થશે. ૯૮-૯૯-૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥ ३३
स्वभावः प्रकृतिप्राप्तो दुःशक्यः स्यान्नियन्त्रितुम्।
स्वभावविजयः शौर्यं तस्माच्छास्त्रेषु निश्चितम् ॥ १०१
प्रयत्नेनैव मनुजः सर्वं कर्तुं च शक्नुयात् ।
भूत्वा स्वभावविजयी भार्यापुत्रास्तथा कृताः ॥ १०२
चत्वारः कार्यकर्तारो जाताः शिष्टा सुशिक्षिताः ।
कार्यभारं तेषु मुक्त्वा स्वदेशगमनोत्सुकः ॥ १०३
अनुमत्यर्थमाप्तानां प्रयाणं याचितं तदा ।
ते सर्वे संगिनः प्रेम्णा पुनरागमनाय च ॥ १०४

જ્ઞાની પણ પોતાના સ્વભાવ પ્રમાણે જ ચેષ્ટા કરે છે. મનુષ્ય માત્ર પોતપોતાના સ્વભાવ (પ્રકૃતિ) ને અનુસરે છે તેમાં નિગ્રહ એટલે બલાત્કાર અથવા સંયમ શુ કરે? ૩૩

સ્વભાવ જે બંધાયો હોય તેને ફેરવવો કે કબજે લેવો કઠણ છે. માટે જ શાસ્ત્રોમાં સ્વભાવનો વિજય કરવો (સ્વભાવને કાબૂમાં રાખવો, સ્વભાવના કાબૂમાં આપણે ન આવવું) તેને શૂરાપણુ કહે છે. પ્રયત્નથી માણુસ બધું જ કરવાને શક્તિમાન બને છે (માટે જ મનના સ્વભાવને કાબૂમાં રાખવો. આત્માનો સ્વભાવ ઊંચે જવાનો છે. જેથી સ્વભાવ વિજય કરવો તેમ આગલા શ્લોકમાં ભગવાન કહે છે.) ઉપર પ્રમાણે પોતાના સ્વભાવ ને જીતી સ્ત્રી પુત્રાદિક ને પણ (પડેલી આદત ને છોડાવી તેનુ નામ સ્વભાવ વિજય) તેવાં કર્યાં. કોંગ્રેસ (નાતાલ ઇન્ડિયન કોંગ્રેસ)ના પ્રચારનિભાવ માટે ચાર સુશિક્ષિત શિષ્ટ પુરુષોને તૈયાર કરી કાર્યભાર તેમને સોંપી સ્વદેશ (ભારત) જવાની ઇચ્છા કરી. આપ્ત અને મિત્રમંડળની (કોમની) જવાને માટે રજા માગી સર્વ સંબંધીઓએ બોલાવીએ ત્યારે અગર વર્ષ પછી જરૂર પાછા આવવું એમ વચન લઈ પ્રેમથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गृहीत्वा वचनं ददुः प्रयाणेऽनुमतिं जनाः ।
बद्धः प्रेम्णा संमतोऽभूद्दपक्वसूत्रतन्तुना ॥ १०५
इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥ ३४
यथा जिह्वारसत्यागाच्छ्रवणं गानवर्जनात् ।
कृत्वा च कारयामास स्वजनेन्द्रियसंयमम् ॥ १०६
गमने हिन्दिभिस्तत्र सभा नातालवासिभिः ।
संमानकारिणी प्रेम्णा योजिता डर्बने पुरे ॥ १०७
उपायनानि रत्नानां स्वर्णस्याभरणानि च ।
पञ्चाशत्स्वर्णमुद्राणां प्राप्तो हारस्तु गुम्फितः ॥ १०८

જવાની રજા આપી. સંબંધીઓ અને કોમના પ્રેમથી કાચા તાંતણે બંધાયેલા પાછા આવવા સંમત થયા. ૧૦૧-૨-૩-૧૦૪

ઇન્દ્રિયો ને ઈન્દ્રિય સંબંધો (પોતાના વિષયો) માટે રાગ દ્વેષ રહેલા જ છે. તેમને વશ ન થતાં સાવચેત રહેવું, કેમ કે તે વિષયો માણસને જેમ રસ્તામાં જતાં લૂટારા મળે તેવા છે. ૩૪

જેમકે જીભ ને સ્વાદવાળા પદાર્થોમાં રાગ-પ્રેમ છે અને અસ્વાદમાં દ્વેષ છે. આંખને નૃત્યાદિ જોવામાં રાગ છે, આત્મ-દર્શન કે પ્રભુદર્શનમાં તેવો નથી. કાનને ગીત સાંભળ્યામાં રાગ છે ઉપદેશ પોતાની નિન્દા સાંભળવામાં દ્વેષ છે તો જીભને સ્વાદ-ત્યાગથી, આંખને નૃત્યાદિ જોવાના ત્યાગથી, કાનને લોક ગાયન સાંભળવાના ત્યાગથી, જનનેન્દ્રિયને વિષયભોગવિચાર માત્ર ત્યાગ-થી ગાંધીજી એ (મહાત્માજી એ) વશ કરી તેને વશ મન ન થવા દીધું. ભારત જવાનું થતાં નાતાલવાસી હિન્દીઓએ સન્માન-કારિણી સભા ડર્બનમાં પ્રેમથી ગોઠવી તેમાં સોના ચાંદી ઉપરાંત હીરા મોતી રત્નના અલંકારો ઘડિયાળો વગેરેની બહુ ભેટ મળી. પચાસ ગીનીનો સોને ગૂંથેલો સોનાનો હાર મળ્યો. આ બધી ભેટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गृहीत्वा स्वगृहं यातो रात्रिर्नीता प्रजागरे ।
ग्राह्याग्राह्यविचारेणाऽभवत्स विकलो यथा ॥ १०९
सेवायाः प्रतिकाराय लब्धं द्रव्यं न चान्यथा ।
अग्राह्यं यद्धि निष्कामसेवाकर्तुः सदा भवेत् ॥ ११०
श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५
सेवां कृत्वा यदा मूल्यं काङ्क्षते सेवकः स्वयम् ।
अयाचितं स्वीकुरुते सा सेवा कामनायुता ॥ १११
ईश्वरार्पणबुद्ध्या सा कृता न स्यात्कदाचन ।
तथोपायनहारादि द्रव्यं त्यक्तं महात्मना ॥ ११२
पत्न्यास्त्यागो ह्यशक्यः स्वात्कामिन्याः
कामनाबलात् ।
स्वपक्षे बालकान्नीत्वा तैः स्वमाता वशीकृता ॥ ११३

લઇ ઘેર આવી તેનુ શુકરવું તે વિચારમાં ઉજાગરો કરી આખી રાત આંટા મારી મારી તે લેવું કે ન લેવું એમ ગાંડા માણસ માફક મનમાં ભાંજગડ કરી. ૧૦૫–૬–૭–૮–૧૦૯

સારી રીતે પાળી શકાય સાધી શકાય તેવા પરાયા ધર્મ કરતાં પોતાનો ધર્મ ગુણ વિનાનો પણ શ્રેષ્ઠ છે. પોતાના ધર્મ-માં મરવું સારું પણ પારકો ધર્મ ભય ઉપજાવનારો છે. ૩૫

સેવક સેવા કરતો હોય તેને જે મળે તે ભેટ લેવી તે સેવાના વેચાણના પૈસા જેવી છે માટે મળેલી ભેટો સેવાના બદલામાં જ મળી ગણાય. નિષ્કામ (સ્વાર્થ વિના) સેવા કરનારને તે ભેટો સદાયે ન લઈ શકાય. સેવા કરનાર સેવા કરી તેના બદલામાં દ્રવ્ય લેવા ઇચ્છે, અગર વિના માગ્યે મળે તે પણ સ્વીકારે, તો તે સેવા કામનાવાળી થઇ ગણાય; ૧૧૦–૧૧૧ તે ઇશ્વરને અર્પણ કરવાની પ્રભુપ્રીત્યર્થ કરેલી સેવા ન ગણાય. મહાત્માજીએ જેમ ભેટનુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सेवायाः शिक्षणं लब्धं बालकैर्यत्समातृकैः ।
सारल्यं जीवने तेषां मोहः स्याद् द्रव्यसंचयात् ॥ ११४
घटीयन्त्रं स्वर्णमयं हाराश्च रत्नमुद्रिकाः ।
उपयोगः कथं कार्यस्तै सेवार्पितजीवनैः ॥ ११५
विचार्य निश्चयं कृत्वा द्रव्यत्यागो महात्मना ।
पत्न्यै च कथितं सर्वं निश्चितं मनसा निशि ॥ ११६
अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः । ३६
विचारितं तदा चित्ते त्वशक्यं सर्वथा भवेत् ।
समाधानं धर्मपत्न्याः कामयुक्तस्वभावतः ॥ ११७
कुमारैः कथितं तत्र नोपयोगो कदापि नः ।
सेवामूल्योपायनानां मातरं पितरं तथा ॥ ११८

દ્રવ્ય અને ઘરેણાં ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો, તેમ સ્ત્રીના સ્વાભાવિક કામનાબળથી કસ્તૂરબાને તે ત્યાગ અશકય થાય તેમ હતું. ગાંધીજીએ પોતાના પક્ષમાં બાળકોને લઈ તેમની મારફત માતાને વિનયથી સમજાવી અને માતા અને બાલકોએ આથી સાચું સેવાનું શિક્ષણ લીધું. તેમના જીવનમાં સરળતા હતી તેથી દ્રવ્ય લેતાં મોહ થાય અને સોનાની ઘડિયાળો હારો અને હીરાની વીંટીઓનો ઉપયોગ સેવા માટે જીવન અર્પનાર તે બધામાં કોણ કરે? આ બધો વિચાર કરી ભેટનાં ઘરેણાં અને દ્રવ્યનો ત્યાગ કરવો તેમ મહાત્માજીએ રાત્રે નિશ્ચય જ કર્યો. ૧૧૨-૧૩-૧૪ ૧૫-૧૧૬

હે યાદવપતિ, ઇચ્છા ન હોય છતાં મનુષ્ય કોની પ્રેરણાથી બલાત્કારે જોડાતો હોય તેમ પાપ કરે છે? ૩૬

આ વિચાર ચિત્તમાં કરી કામયુકત સ્વભાવથી ગૃહિણીને અશકય થશે તેમ જાણી બાળકોને સમજાવ્યા. તેમણે માતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काम एषः क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥ ३७

बालकैर्निःस्पृहैस्त्यागे तत्र मात्रा निवेदिता ।
स्वीकृतं न तदा मात्रा बालानां कथितं पितुः ॥ ११९
वधूभिर्धारणीयानि स्वोद्वाहे भूषणानि च ।
प्रेम्णा दत्तानि तन्मह्यं नैव त्यक्ष्ये कदाचन ॥ १२०
प्रार्थना साश्रुनयना त्यक्ता पत्नीकृतापि सा ।
कामेन चार्थलोभेन ह्यजेयो मनुजांवरः ॥ १२१

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् । ३८

અને પિતાને કહ્યું જે અમારે ભેટનાં ઘરેણાંના દ્રવ્યનો ઉપયોગ નથી. ૧૧૭–૧૧૮

ભગવાન બોલ્યા : (બલાત્કાર ઇચ્છા વિના માનવને પાપમાં જોડતો એ રજોગુણથી મોહથી ઉત્પન્ન થયેલો કામ છે. ક્રોધ છે તે બહુ ખાનાર છે. તેનુ પેટ ગમે તેટલું મળે પણ ભરાતું નથી. પાપી પણ બહુ છે. તે તારો શત્રુ છે, એમ જાણ કે ખરા શત્રુ કામ ક્રોધ છે ૩૭

બાળકોએ દ્રવ્યની ઘરેણાંની ઇચ્છા છોડી માતાને વિનંતિ કરી તે માતાએ ન માની. તેમણે કહ્યું જે છોકરાં શું સમજે; તે પરણશે, તેમની વહુઓ એ દાગીના પહેરશે અને વિવાહમાં પલ્લા (સ્ત્રીધન) તરીકે અપાશે. પ્રેમથી લોકોએ આપેલાંનો ત્યાગ નહિ કરું. આ પત્નીએ આંખમાં આંસુ લાવી પ્રાર્થના કરી છતાં પણ આ માનવશિરોમણિ કામનાથી કે દ્રવ્યના લોભથી જીતી શકાયા નહિ, અજેય રહ્યા. ૧૧૯–૨૦–૧૨૧

ધૂમાડો જેમ અગ્નિને ઢાંકે છે, મેલ આયનાને ઢાંકે છે. ગર્ભનું બાલક જેમ ઓળથી ઢંકાય છે, તેમ કામ ક્રોધથી જ્ઞાન અને મન ઢંકાયેલું રહે છે. ૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ ३९
ये द्रव्यकामनालुब्धा सेवां कृत्वा प्रतिष्ठया ।
मुग्धास्ते सर्वदा न स्युः सेवायज्ञाधिकारिणः ॥ १२४
समाधानं धर्मपत्न्याः पुत्राणामपि सर्वथा ।
विनयेनोपदेशेन कृत्वा संतोषमाप्तवान् ॥ १२५
इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञान मावृत्य देहिनम् ॥ ४०
इन्द्रियेषु यदा कामो व्याप्तश्चेन्मलिनं मनः ।
विवेको मन्दतां याति ज्ञानं नश्यति सर्वदा ॥ १२८
इन्द्रियाणां विशुद्ध्यर्थमात्मजानां तथात्मनः ।
निर्मोहलोभमनसां सेवा भवति सिद्धिदा ॥ १२५

જ્ઞાનીઓના નિત્ય વરી, અને કોઈ પણ રીતે પૂરો ન કરી શકાય એવા આ કામરૂપી અગ્નિથી જ્ઞાન સદા ઢંકાયેલું રહે છે. ૩૯

જે ધનની ઇચ્છામાં લલચાયેલા છે અને સેવા કરી કીર્તિ મળવાથી મોહ પામેલા છે, તે સેવારૂપી યજ્ઞને માટે સદાયે અધિકારી નથી. પુત્રોનું અને ધર્મપત્નીનું પોતે કામ છોડેલો હોવાથી ઉપદેશ અને વિનયથી સમાધાન કરી સંતોષ પામ્યા. ૧૨૨-૧૨૩

કામનું અધિષ્ઠાન (રહેવાનુ ઠેકાણું) ઇન્દ્રિયો મન અને બુદ્ધિ છે (જ્ઞાન પણ તેમાં જ રહે છે), એટલે આ કામ બહેકેલી ઇન્દ્રિયો મન અને બુદ્ધિ થી જ્ઞાનને ઢાંકી દે છે અને દેહીને (જીવને) મૂર્છા માં નાંખી દે છે. ૪૦

ઇન્દ્રિયોમાં કામ વ્યાપે તો મન મલિન થાય છે, વિવેક મંદ પડે છે અને સદાને માટે જ્ઞાન નાશ પામે છે. પોતાની તથા બાળકોની ઇન્દ્રિયો-મનની શુદ્ધિને માટે લોભ અને મોહ રહિત મનવાળાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विचार्यैतद्धनं सर्वं हारादीनामपि स्वयम् ।
रक्षणाय प्रदत्तं तदापत्कालार्थमेत्र हि ॥ १२६
विचारेणैव कार्येण सफलं जीवनं कृतम् ।
आत्मतृप्त्या ह्यनासक्त्या नातालद्रव्यसंचयम् ॥ १२७
लोकोपायनलब्धं तल्लोकसेवार्थमेव च ।
रुस्तमादिगृहस्थेभ्यो दत्तं तत्र महात्मना ॥ १२८
लोकसेवाप्रवृत्तस्य स्वार्थोपायनवर्जनम् ।
तद्बुद्ध्यैत्र कृतस्तत्र द्रव्यन्यासो महात्मना ॥ १२९

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१

इतीन्द्रियाणां सर्वार्थान् संयम्यात्मनि बुद्धिमान् ।
स्वजनानां तथा मोहं निवार्य वचनामृतैः ॥ १३०

સેવા સફળ થાય છે. આ વિચાર દૃઢ કરી બાળકો ને પત્નીને સમજાવી હાર વગેરે સર્વ ધનનું ટ્રસ્ટ કરી કોંગ્રેસને આપત્તિમાં ઉપયોગ માટે આપી, આત્મતૃપ્તિ અને અનાસક્તિથી નાતાલના લોકોએ આપેલું ભેટનું દ્રવ્ય લોકસેવા માટે રહેવું જોઈએ એ નિશ્ચયથી રુસ્તમજી વગેરે ગૃહસ્થોને ટ્રસ્ટી બનાવી દ્રવ્યનો ત્યાગ એક લોકસેવામાં પરોવાયેલાનો આવશ્યક ધર્મ છે, એ બુદ્ધિથી જ મહાત્માજીએ દ્રવ્યવ્યવસ્થા કરી. ૧૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૧૨૯

માટે જ હે અર્જુન, તું પહેલાં ઇન્દ્રિયોને નિયમમાં રાખી હે ભરત શ્રેષ્ઠ, જ્ઞાન વિજ્ઞાનના નાશ કરનાર પાપી કામનો ત્યાગ કર. ૪૧

એ પ્રમાણે ઇન્દ્રિયોના સર્વ વિષયોને બુદ્ધિમાન શ્રીગાંધીજી આત્મામાં નિયમિત કરી સંયમથી વશ કરી વચનામૃતોથી સ્વજનોનો મોહ છોડાવ્યો. મર્મને ભેદનારાં જે પત્નીના વચનરૂપ બાણો હતાં તે સહન કરી ને ક્રોધ ન કરતાં વિનય અને નમ્રતાથી પત્ની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वाग्बाणा धर्मपत्न्या ये तीक्ष्णा मर्मतुदास्तथा ।
सहित्वा तत्समाधानं नम्रताविनयादिभिः ॥ १३१
हठाग्रहेणापि कृत्वा गृहिण्याः स्वानुकूलताम् ।
बालानां दृढचित्तत्वात्तत्याज भूषणानि हि ॥ १३२
अद्यावधि भूषणानि न्यासभूतानि सन्ति हि ।
वृद्धिंगतानि लोकानां सेवार्थं स्थापितानि च ॥ १३३
पश्चात्तापो नैव जातो सभार्यस्य कदाचन ।
लोभमोहपरित्यागधर्मः पत्न्यापि रक्षितः ॥ १३४
इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ४२
वशीकृत्य स्वेन्द्रियाणि मोहत्यागादि संयमात् ।
मनः शान्तं निर्विकारं निवृत्तं वासनादिभिः ॥ १३५

તું સમાધાન કર્યું. આગ્રહ અને હઠથી પણ પત્નીને (કસ્તૂરબાને) પોતાને અનુકૂલ બનાવી દઢ મનવાળા બાલકો હોવાથી આભૂષણ ત્યાગ કરાવ્યાં. આજ સુધી તે થાપણ મૂકેલું દ્રવ્ય આભૂષણો છે. લોકોની સેવા માટે મૂકેલું તે દ્રવ્ય વધ્યું છે. શ્રીગાંધીજીને અને શ્રીકસ્તૂરબાને પણ છેવટ સુધી તે કામ માટે પશ્ચાતાપ નથી થયો. પાછળથી યોગ્ય જ કર્યું એમ શ્રીકસ્તૂરબા પણ સમજ્યાં. આ રીતે શ્રી મહાત્માએ લોભ મોહનો ત્યાગ કરી પત્ની પુત્રો પાસે પણ કરાવી પોતાના ત્યાગ ધર્મનું રક્ષણ કર્યું. ૧૩૦–૩૪

ઈન્દ્રિયો લોકમાં જણાતા દેખાતા પદાર્થોથી પર છે સૂક્ષ્મ (ઝીણી) છે. ઇન્દ્રિયોથી મન બહુ સૂક્ષ્મ છે તેથી બુદ્ધિ બહુ સૂક્ષ્મ છે અને બુદ્ધિથી આત્મા સૂક્ષ્મ છે.

ઇન્દ્રિયોને પોતે વશ કરી મોહના ત્યાગ અને સંયમથી નિર્વિકાર અને શાન્ત મન વાસનાથી રહિત કર્યું. (ઇન્દ્રિયો વશ રાખનારથી જ કામ જીતી શકાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निर्विकारं मनो यस्य समस्तो वासनाक्षयः ।
तत्त्वज्ञानं ब्रह्मभावो जीवन्मुक्तः स एव हि ॥ १३६
एतादृक्पथ आरूढो मोहनो महदाशयः ।
युवाऽपि त्यागिनां श्रेष्ठो द्वात्रिंशद्वयसा समः ॥ १३७
मनो जित्वा स्वमित्राणां नातालस्थितहिन्दिनाम् ।
कार्यस्य सद्व्यवस्थाभि स्वदेशगमनोत्सुकः ॥ १३८
वाग्बद्धो मित्रवर्गेण पुनरागमनाय च ।
स[७]प्ते[५]षु[९]नवभू[१]वर्षे प्रयातो भारतीं भुवम् ॥ १३९
[१]चन्द्रा[०]भ्र[९]नव[१]भू वर्ष आङ्ग्ले पत्नीसुतान्वितः ।
प्रययौ भारतं देशं सेवार्थं सर्वहिन्दिनाम् ॥ १४२

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मान मात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ४३

વિકારના સ્પર્શ વિનાનું નિર્વિકાર જેનુ મન છે, અને બધી વાસનાઓ (કામનાઓ ઈચ્છાઓ) નો નાશ જેનો થયો છે, તેને તત્ત્વજ્ઞાન થાય છે, અને તે જ પુરુષ જીવન્મુક્ત છે. જીવતો છતાં મોક્ષને પામેલો ગણાય છે.)

મહાન અન્તઃકરણ અને આશયવાળા મોહન આજીવન્મુક્તના માર્ગે ચઢેલા બત્રીશ વર્ષના યુવાન વયે મોટા ત્યાગીઓથી પણ શ્રેષ્ઠ ગણાયા. ૧૫૩–૩૭

નાતાલમાં રહેતા પોતાના મિત્ર બધી કોમના બધા હિન્દીઓના મનને જીતીને કાર્યની સારી એવી વ્યવસ્થા કરી. પોતાના દેશ જવાની ઇચ્છા કરી.

મિત્રોની પાસે ફરી આવવાના વચને બંધાઇને ૧૯૫૭ વિક્રમ સંવતમાં ભારત આવવા નીકળ્યા. સને ૧૯૦૧ અંગ્રેજી વર્ષમાં પુત્રો અને પત્નીને લઈ સર્વ હિન્દીઓની સેવા માટે ભારત તરફ પ્રયાણ કર્યું. ૧૩૮–૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कामो दुःखप्रदो द्रव्यस्यैव नान्यस्य तादृशः ।
द्रव्यतृष्णा तु सर्वासां जनयित्री सदापदाम् ॥ १४१
तृष्णाबद्धजनो ज्ञातः सर्वदा पशुभिः समः ।
इतिवाक्येन चान्यायो पशूनामपि जायते ॥ १४२
पशवो धनतृष्णाभिर्मुक्तास्तद्वन्न मानवाः ।
पशूनां हि परं भाग्यं यन्न खादन्ति ते तृणम् ॥ १४३
स्वबुद्धया तत्समालोच्य न्यासीकृत धनस्य च ।
रक्षणार्थं सभां कृत्वा कार्यं तद्वशगं कृतम् ॥ १४४
विक्रयस्य निमित्तेन भूषणानां पुनः पुनः ।
द्रव्यप्राप्तिर्भवत्येव कार्यकाले त्वसंशयम् ॥ १४५

એ પ્રમાણે બુદ્ધિથી પણ પરમ (સૂક્ષ્મ) એવા આત્માને જાણીને પોતે જ પોતાના મનને આત્મજ્ઞાન વડે વશ કરી. હે મહાબાહો, મહાન શક્તિવાળા અર્જુન, એ ન જિતાય એવા કામરૂપ શત્રુનો સંહાર કર !

બધાં કરતાં દ્રવ્યની આતુરતા ઇચ્છા એ વધારે દુઃખદાયી છે તેવી બીજાની નથી. ધનની તૃષ્ણા એ બધી આપત્તિઓને ઉત્પન્ન કરનારી છે. તૃષ્ણાથી બંધાયેલો માણસ દોરડે બાંધેલા પશુ જેવો છે. આથી તૃષ્ણાવાળા માનવને પશુની ઉપમા અપીએ તો તેથી પશુને અન્યાય થાય છે, કેમકે પશુઓ પણ ધનની તૃષ્ણાથી મુક્ત છે, પણ માનવો તેવા નથી. (ઈશ્વર પશુને પોષે છે તે જોતાં છતાં પણ માનવને ઇશ્વર તરફ વિશ્વાસ નથી.) છતાં તૃષ્ણાવાળા માનવો ઘાસ ખાતા નથી એ જ પશુનું સદ્ભાગ્ય છે. (નહિ તો તેમને ઘાસ પણ માણસ ન આપત).

પોતાની બુદ્ધિથી આ બધું સમજી વિચારી કોંગ્રેસ માટે થાપણ રૂપ મૂકેલા ધનની સભા ભરી વ્યવસ્થા કરી બધું કાર્ય અને માલકી તે સભાને સોંપી ઘરેણાં વેચવાના બહાને સમયસર કામ પડતાં દ્રવ્ય એકઠું કર્યું છે અને કરાય છે. ૧૪૧–૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोकसेवकचारित्र्यं सुविशुद्धं तदा भवेत् ।
स्वार्थलाभोपायनादिलोभैर्न मलिनं यदा ॥ १४६
रागद्वेषौ परित्यज्य लोककार्यं विधाय च ।
प्रेमभावाश्रुपातेनाभिषिक्तः सर्वहिन्दिभिः ॥ १४७
सेवाधर्मः स्वधर्मो हि विधर्माद्धनसंचयात् ।
श्रेयानिति स्वमित्रेभ्यः शिक्षां दत्वा स्ववर्तनात् ॥ १४८
सत्याहिंसास्वशस्त्राभ्यां जित्वा कामं महारिपुम् ।
जगाम जनसेवार्थे स्वदेशं प्रेमसंयुतः ॥ १४९
स्वर्णदेशमाफ्रिकाख्यं धनस्य संचयेच्छया ।
गच्छन्ति बहवो याता गमिष्यन्ति तथापरे ॥ १५०

સ્વાર્થ લાભ માન પ્રતિષ્ઠા અને ભેટ વગેરેના લાભથી જ્યારે જરા પણ મન મલિન ન થાય ત્યારે જ લોક સેવકનું ચારિત્ર્ય શુદ્ધ જણાય છે. (થાય છે.) રાગદ્વેષને છોડીને લોક કલ્યાણ કાર્ય કરીને જતા શ્રી મહાત્માજીને સર્વ હિન્દીઓએ પ્રેમના આંસુથી નવરાવ્યા. ૧૪૬–૧૪૭

સેવાધર્મ એ માનવનો સ્વધર્મ છે, કારણ તે દૈવીધર્મ છે. અને ધન સંચય એ માનવને પરધર્મ અથવા વિધર્મ છે, કારણ તે આસુરી ધર્મ છે. એમ પોતાના મિત્રોને ઉપદેશથી અને આખા જગતને ચારિત્ર્યથી શિખામણ આપીને સત્ય અને અહિંસારૂપ બે પોતાના શસ્ત્રોથી કામ (લોભ ક્રોધ) રૂપ શત્રુને જીતીને પ્રેમયુક્ત મહાત્મા જન સેવા માટે પોતાના ભારત દેશ ગયા. આફ્રિકા સોનાનો દેશ છે કે જ્યાં ધન એકઠું કરવા ઘણા પરદેશીઓ પ્રથમથી જ આવે છે. ઘણા પહેલાં આવ્યા આવે છે અને હજુ ઘણા આવશે; તેવા દેશમાં સર્વ સાધનોથી ભરેલું ઘર વૈભવ પ્રતિષ્ઠા અને વકીલાતના ધંધાથી મળતું અઢળક ધનની આવક છોડી દરેક સેવા માટે–દીનના ઉદ્ધારમાં તત્પર આ મહાપુરુષ જતાં જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वसाधनसंपन्नं गृहं त्यक्त्वाथ वैभवम् ।
न्यायवादिप्रवृत्तौ च प्राप्तमर्थागमं तथा ॥ १५१
विहाय लोकसेवार्थं दीनोद्धारपरायणः ।
समर्प्य कनकं प्राप्तं रिक्तहस्तो जगाम सः ॥ १५२

(मन्दाक्रान्ता वृत्तम्)

सेवायज्ञे भवति सफलं जीवनं मानवानां
द्रव्यत्यागः परिणतिसुखो लोककल्याणकार्ये ।
दृष्टान्तेन स्वजनसुहृदां लोभमोहौ निवार्य
प्राप्तो भार्यातनुजसहितो मोहनो मोहमय्याम् ॥ १५३

इतिश्री भ. गी. उ. ब्र. यो. कृ. तदनुसारि गीताचारित्र्ये जनसेवाशास्त्रे आचार्यशिष्यसंवादे उपायनप्राप्त स्वर्णालंकार-द्रव्यत्यागपूर्वकसेवाकर्मरूपकर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥

સહજમાં ભેટ મળેલું પણ અઢળક સુવર્ણ એ સુવર્ણ દેશને જ સોંપી સાહસથી ખાલી હાથે પોતાના દેશ પાછા આવ્યા. ૧૪૧–૫૨

સેવાનાયજ્ઞમાં મનુષ્યનું જીવન સફળ થાય છે, લોકકલ્યાણ માટે આપેલું ધન પરિણામે બહુ જ સુખ આપે છે, એમ પોતાના ચારિત્ર્યથી અને દષ્ટાંતથા સ્વજનો મિત્રોના પણ લોભ અને મોહનો નાશ કરી શ્રી મોહનદાસ પત્ની અને પુત્રો સાથે મોહમયી–મુંબાઇમાં પધાર્યા. –૧૫૩

ઇતિ શ્રી ભગવદ્ગીતા ઉપનિષદ જ્ઞાન બ્રહ્મવિદ્યા યોગશાસ્ત્રે કૃષ્ણાર્જુન-સંવાદ અનુસાર આચાર્યશિષ્યસંવાદ–રૂપ સત્યાગ્રહસંહિતા ગીતાચારિત્ર્યમાં સેવાશાસ્ત્રમાં ભેટ મળેલા સોનાના અલંકાર અને દ્રવ્યના ત્યાગપૂર્વક સેવાકર્મરૂપ કર્મયોગ નામનો ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. મૂળથી ચોથો અધ્યાય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

३२,१०९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar